ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર ‘ગુજરાત ટુડે’ દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૪૫ |
| પાઉન્ડ | ૧૦૪.૬૦ |
| યુરો | ૮૯.૩૩ |
| સઉદી રિયાલ | ૨૨.૨૫ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૪,૭૬૫ |
| ચાંદી (૧ કિલો) | ૮૪,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૭૧ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતામાં સુપ્રીમ કોર્ટના આદેશથી મમતા બેનરજી સરકારને રાહત

# શિક્ષક ભરતી કેસમાં બંગાળના અધિકારીઓ સામે CBI તપાસ પર સુપ્રીમની રોક

### ૨૪,૦૦૦ શિક્ષકોની ભરતી રદ કરવાનો આદેશ આપવામાં હાઈકોર્ટે મનસ્વી રીતે નિર્ણય લીધો હતો, કોઈપણ લેખિત સોગંદનામા અને કબૂલાત વિના જ CBI તપાસનો આદેશ આપ્યો હતો : પશ્ચિમ બંગાળ સરકારની સુપ્રીમમાં રજૂઆત

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૯

સુપ્રીમ કોર્ટે સોમવારે મમતા બેનરજી સરકારને રાહત આપતા શિક્ષકોની ભરતી કૌભાંડ કેસમાં પશ્ચિમ બંગાળ સરકારના અધિકારીઓ સામે સીબીઆઈ તપાસ પર રોક લગાવી દીધી છે. કલકત્તા હાઈકોર્ટે રાજ્ય સંચાલિત અને અનુદાનિત શાળાઓમાં ૨૪,૦૦૦ શિક્ષકો અને બિન-શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂકો રદ કર્યા પછી સરકારે ટોચની અદાલતનો સંપર્ક કર્યો જેમાં ભરતી પ્રક્રિયાને



ગેરકાયદેસર ગણાવાઈ હતી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે જણાવ્યું હતું કે, ‘‘અમે તે દિશામાં રોક લગાવી રહ્યા છીએ જે કહે છે કે સીબીઆઈ રાજ્ય સરકારના અધિકારીઓ સામે વધુ તપાસ હાથ ધરશે.’’ ૨૬ એપ્રિલે હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ શાળા સેવા આયોગ (WBSCC) દ્વારા રચાયેલ શાળા શિક્ષકો માટેની સમગ્ર ૨૦૧૬ ભરતી પેનલને રદ કરી હતી. ખંડપીઠે સીબીઆઈને આ મામલે વધુ તપાસ હાથ ધરવા અને ત્રણ મહિનામાં રિપોર્ટ સોંપવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે એમ પણ કહ્યું કે, જો જરૂરી હોય તો સીબીઆઈ આ કેસમાં સામેલ લોકોની કસ્ટડીમાં પૂછપરછ કરી શકે છે.

હાઈકોર્ટના આદેશના બે દિવસ પછી તૃણમૂલ કોંગ્રેસ સરકારે આ ચુકાદાને પડકારીને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. મમતા સરકારે આરોપ મૂક્યો હતો કે હાઈકોર્ટે મૌખિક કબૂલાતના આધારે અને રેકોર્ડ પર કોઈ એફિડેવિટની ગેરહાજરીમાં સરકારને કોઈ જરૂરી વ્યવસ્થા કરવા માટે પૂરતો સમય આપ્યા વિના મનસ્વી રીતે નિમણૂકો તેમજ સમગ્ર પસંદગી પ્રક્રિયાને રદ કરી દીધી હતી. હાઈકોર્ટે WBSSCને લોકસભા ચૂંટણીના પરિણામોની જાહેરાતના પખવાડિયાની અંદર નવી નિમણૂક પ્રક્રિયા શરૂ કરવા જણાવ્યું હતું. સરકારે તેને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે આયોજિત ભરતી પ્રવેશ પરીક્ષાની ૨૩ લાખ જેટલી OMR શીટ (ટેસ્ટ પેપર)નું પુનઃમૂલ્યાંકન કરવાનો આદેશ પણ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટ આ મામલે ૬ મેના રોજ સુનાવણી કરશે. સીબીઆઈએ રાજ્યના પૂર્વ શિક્ષણમંત્રી પાર્થ ચેટરજી અને ડબ્લ્યુબીએસએસસીમાં હોદ્દા ધરાવતા કેટલાક અધિકારીઓની ધરપકડ કરી છે જ્યારે કથિત કૌભાંડ થયું હતું.

CELEBRATING EXCELLENCE 33 years GT

# અમેરિકી મીડિયાએ ગુરપતવંતસિંહ પન્નુનની હત્યા માટે હિટ ટીમને હાયર કરનારા રૉ ઓફિસરના નામનો ખુલાસો કર્યો

### ભારતીય ઈન્ટેલિજન્સ એજન્સી રૉના અધિકારી વિક્રમ યાદવે ખાલિસ્તાની આતંકી ગુરપતવંતસિંહ પન્નુનની હત્યા માટે હિટ ટીમ હાયર કરી હતી તેવો વોશિંગ્ટન પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે




(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંતસિંહ પન્નુન પર હુમલાના ષડ્યંત્રમાં અમેરિકન મીડિયાએ ફરીવાર ભારત પર આંગળી ચીંધી છે. અમેરિકાની ધરતી પર ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંતસિંહ પન્નુન પર હુમલાનું કાવતરૂં ઘડવામાં આવ્યું હતું. રિપોર્ટ અનુસાર, વિક્રમ યાદવે પન્નુન વિશે વિગતો મોકલી હતી, જેમાં તેનું ન્યૂયોર્ક એડ્રેસ પણ સામેલ હતું. વોશિંગ્ટન પોસ્ટે દાવો કર્યો છે કે, સ્ટેટ ડિપાર્ટમેન્ટે તેના લેખનો જવાબ આપવાનો ઈનકાર કર્યો છે. નવેમ્બર ૨૦૨૨માં ફાઈનાન્સિયલ ટાઈમ્સના અહેવાલમાં જણાવાયું હતું કે, યુએસએ પન્નુનની હત્યાના કાવતરાને નિષ્ફળ બનાવ્યો હતો. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, નવી દિલ્હી પન્નુનને ખતમ કરવા માટે ‘ષડ્યંત્રમાં સંડોવાયેલું’ હોવાની ચિંતા પર યુએસએ ભારત સરકારને ‘ચેતવણી’ જારી કરી હતી. ભારતે યુએસના આરોપોને સખત રીતે નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે, પન્નુનની હત્યાનું કથિત કાવતરૂં ‘સરકારી નીતિની વિરુદ્ધ’ હતું. ત્યારપછી મેનહટન કોર્ટમાં આરોપ દાખલ કરવામાં આવ્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, નિખિલ ગુપ્તા નામના વ્યક્તિએ યુએસ અને કેનેડાની બેવડી નાગરિકતા ધરાવતા પન્નુનની હત્યા કરવાની યોજનામાં ભારત સરકારના અધિકારી સાથે સાંઠગાંઠ કરી હતી. આરોપમાં ‘CC-1’ નામની અજાણી વ્યક્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેણે ભારતમાંથી પન્નુનની હત્યાનું કાવતરૂં ઘડ્યું હતું. આરોપો જણાવે છે કે, તેણે મે ૨૦૨૩માં પન્નુનની હત્યાનું કાવતરૂં ઘડવા નિખિલ ગુપ્તાની ભરતી કરી હતી.

EM વોટર પ્રુફીંગ સ્પેશ્યાલિસ્ટ
હવે લો લેખિત ગેરંટી
ધાબાનું લિકેજ અને ભેજનું કામ કરાવો ૧૦ વર્ષની ગેરંટી સાથે અને ૧૦-૧૫ વર્ષ સુધી ધાબાના લીકેજ થી છુટકારો મેળવો.
WATERPROOFING
● ધાબાનું લિકેજ ● ટાંકીનું લીકેજ ● દિવાલમાં ભેજ ● લુણ ● ક્ષાર
● શેડ-ફેક્ટરીમાં પતરા ઠંડા રાખવા માટે સ્પે. કંપનીનું કેમીકલ
● નેટવાળુ પણ વોટર પ્રુફીંગ કરવામાં આવશે.
બ્રાઈટ મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ
Web.: www.brightmagicitalian.com
અમદાવાદ-બરોડા : 9879506068, 9377998717, 9724502156

# કોંગ્રેસ ધર્મના આધારે અનામતની યોજના બનાવી રહી છે હું આવું નહીં થવા દઉં : કર્ણાટકની રેલીમાં પીએમ મોદી

(એજન્સી) તા.૨૯

કર્ણાટકમાં એક ચૂંટણી રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ સામે જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ ધર્મના આધારે અનામત આપવાની યોજના બનાવી રહી છે. જોકે હું આવું થવા નહીં દઉં. કોંગ્રેસ વોટ બેંકની રાજનીતિ કરવા માટે આવા વાયદા કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્ણાટકના બાગલકોટમાં જનસભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે, ‘કર્ણાટકમાં કોંગ્રેસ ખંડણી ગેંગ ચલાવી રહી છે. ટેન્કર માફિયાઓ પાણી માટે પૈસા વસૂલી રહ્યા છે અને તેનું કમિશન કોંગ્રેસના લોકો સુધી પણ પહોંચી રહ્યું છે.’ કોંગ્રેસ પર પ્રહારો કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ‘કોંગ્રેસ ૨જી કૌભાંડ જેવું લાખો કરોડનું કૌભાંડ કરવાના સપના જોઈ રહી છે. સાતમીએ કર્ણાટકને લૂંટનારને સજા થવી જોઈએ કે નહીં ? ૨૦૨૪ની ચૂંટણી ભારતનું ભવિષ્ય નક્કી કરશે. આ ચૂંટણીઓનો ઉદ્દેશ્ય વિકસિત ભારત, આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવાનો અને દેશને વિશ્વની ત્રીજુ સૌથી મોટું અર્થતંત્રમાં બદલવાનો છે.’

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે, ‘છેલ્લા ૧૦ વર્ષમાં મોદીએ દરેક વર્ગની ચિંતા કરી છે જેને કોંગ્રેસે દુઃખી જીવન જીવવા માટે મજબૂર કર્યા હતા. આજે કોંગ્રેસ એક જ વારમાં ગરીબી હટાવવાનો દાવો કરે છે, પરંતુ તેમની ૬૦ વર્ષની સરકાર, તેમની ઘણી પેઢીઓનું કામ સાક્ષી છે કે વંચિત વર્ગ પ્રત્યે તેમની માનસિકતા કેવી રહી છે ? આ દેશમાં કરોડો પરિવારો જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી વંચિત હતા. તેમના દુઃખની કોંગ્રેસ અને તેમના સાથી પક્ષોને કોઈ ચિંતા નહોતી.’

### ADR રિપોર્ટમાં થયો ચોંકાવનારો ખુલાસો

# ગુજરાતમાં ભાજપના ૨૬ પૈકી ૨૪ ઉમેદવાર કરોડપતિ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં ઉમેદવારોને લઈને ADR રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. એડીઆરના રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં ભાજપના ૨૬ ઉમેદવારમાંથી ૪ ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે જ્યારે કોંગ્રેસના ૨૩ ઉમેદવારમાંથી ૬ ઉમેદવારોનો ગુનાહિત ઈતિહાસ છે.રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં ભાજપના ૨૬ પૈકી ૨૪ ઉમેદવાર કરોડપતિ છે. ગુજરાતમાં કોંગ્રેસના ૨૩ પૈકી ૨૧ ઉમેદવાર કરોડપતિ છે. ગુજરાતમા સૌથી વધુ આવક અને સંપત્તિ ધરાવતા ઉમેદવાર ભાજપના ઉમેદવાર પૂનમ માડમ છે તેમની પાસે ૧૪૭ કરોડની સંપતિ છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ પાસે ૬૫ જ્યારે સી.આર.પાટીલ પાસે ૩૯ કરોડની સંપતિ છે. લોકસભાની ૨૦૨૪ ચૂંટણીના ત્રીજા તબક્કાનું ૭ મે રોજ મતદાન થવાનું છે. તે અગાઉ ADR દ્વારા ચૂંટણી લડતા ઉમેદવારોના શિક્ષણ,સંપતિ અને ગુનાહિત ઈતિહાસ અંગેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પ્રત્યેક ચૂંટણી દરમિયાન એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ એટલે ADR દ્વારા દેશમાં ત્રીજા તબક્કામાં ચૂંટણી લડી રહેલા ૧૩૫૨ ઉમેદવારોની સંપત્તિ, શિક્ષણ અને ગુનાહિત ઈતિહાસનું વિશ્લેષણ કર્યું હતું જેમાં ગુજરાતની ૨૬ બેઠકના કુલ ૨૬૬ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

### ગુજરાતમાં કોંગ્રેસના ૨૩ પૈકી ૨૧ ઉમેદવાર કરોડપતિ છે : ૬૩૯ ઉમેદવારોનો અભ્યાસ ધો.૫થી ૧૨ સુધીનો

ત્રીજા તબક્કાના ઉમેદવારોમાંથી ૬૩૯ ઉમેદવારોનો અભ્યાસ ધોરણ ૫ થી ૧૨ સુધીનો છે. ૫૯૧ ઉમેદવારો ગ્રેજ્યુએટ અથવા તેનાથી વધુ અભ્યાસ કરેલો છે. ૪૪ ઉમેદવારોએ ડિપ્લોમા સુધીનું શિક્ષણ મેળવ્યું છે. જેમાંથી ગુજરાતમાં ૧૫૨ ઉમેદવારમાંથી ૫ થી ૧૨ ધોરણનું શિક્ષણ મેળવ્યું છે. જ્યારે સાત ઉમેદવારો અશિક્ષિત છે. ત્રીજા તબક્કામાં ચૂંટણી લડનારા ઉમેદવારોના ગુનાહિત ઈતિહાસ અંગે નજર કરીએ તો કોંગ્રેસના ૬૮ ઉમેદવાર માંથી ૨૬ ઉમેદવાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે જ્યારે ભાજપના ૮૨ ઉમેદવારમાંથી ૨૨ ઉમેદવાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

ગુજરાતની વાત કરીએ તો ભાજપના ૨૬ પૈકી ચાર ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જ્યારે કોંગ્રેસના ૨૩ માંથી ૬ ઉમેદવાર ઉમેદવારો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. ગુજરાતમાં ઉમેદવારોના ગુનાહિત ઈતિહાસની વાત કરીએ તો ઈન્ડિયા ગઠબંધનનાં ઉમેદવાર ચૈતર વસાવા પર ૧૩ કેસ, અનંત પટેલ પર ૪ કેસ, હીરાભાઈ જોટવા પર ૨ કેસ હિંમતસિંહ પટેલ પર ૨ કેસ, ચંદનજી ઠાકોર વિરુદ્ધ એક કેસ, સુખરામ રાઠવા વિરુદ્ધ એક કેસ અને ગેનીબેન ઠાકોર સામે એક કેસ નોંધાયેલો છે. ભાજપના નેતા અમિત શાહ વિરુદ્ધ ત્રણ કેસ, રાજેશ ચુડાસમા પર એક કેસ, જશુભાઈ રાઠવા વિરુદ્ધ એક કેસ, અને છોટુ વસાવાના પુત્ર દિલીપ વસાવા પર એક કેસ નોંધાયેલો છે. શિક્ષણ અને ગુનાહિત ઈતિહાસ બાદ સંપતિ અંગે પણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગુજરાતના કોંગ્રેસના નેતા કરતા ભાજપના નેતાની સંપત્તિ વધુ છે. કોગ્રેસના ૬૮ પૈકી ૬૦ ઉમેદવારો કરોડપતિ છે જ્યારે ભાજપના ૮૨ પૈકી ૭૭ ઉમેદવાર કરોડપતિ છે. ગુજરાત ભાજપના ૨૬ પૈકી ૨૪ ઉમેદવાર કરોડપતિ છે જ્યારે કોંગ્રેસના ૨૩ પૈકી ૨૧ ઉમેદવાર કરોડપતિ છે. ગુજરાતમાં સૌથી વધારે આવક અને મિલકત ધરાવતો ઉમેદવારોમાં ભાજપના ૩ ઉમેદવારનો સમાવેશ છે. ભાજપના પૂનમ માંડમ ૧૪૭ કરોડ,અમિત શાહ ૬૫ કરોડ,સી આર પાટીલ ૩૯ કરોડ રૂપિયાની સંપત્તિના માલિક છે. જ્યારે સૌથી ઓછી આવક અને મિલકત ધરાવતા ત્રણ ઉમેદવારમાં બીએસપીના રેખાભાઈ હરસિંગ ચૌધરી, કોંગ્રેસના નિલેશ વસાઈકર અને અન્ય એક અપક્ષ ઉમેદવારનો સમાવેશ થાય છે.

### ક્યા બાત હૈ ?!

**તમેય ખરા છો ! સરકાર કહે છે કે તમારા પર મૂકાયેલા તમામ આરોપો પાયાવિહોણા છે છતાં તમારા માન્યામાં નથી આવતું ?**



- જામી




**The Growth Story Continues, Soaring New Heights**

Highest Ever Revenue | Highest Ever PAT | 39+ Lakh MTs $CO_2$ Emission Saved | Third Group Company Listed on BSE

The global community is turning its attention to India to achieve ambitious milestones, aiming to install renewable energy projects totalling 500 GW by 2030 and achieve Net-Zero emissions by 2070.

KP Group is progressing towards a **'Clean Bharat, Green Bharat'** by aiming to install **10 GW** of **renewable energy projects by 2030.** By **FY24**, the group has already **installed over 1.2 GW** of renewable energy projects and has **additional green energy projects totalling over 2.6 GW**. As on 25th April 2024, the group has successfully **saved over 39 lakh metric tons of $CO_2$ emissions**. Dr. Faruk G. Patel, CMD of KP Group, remains **committed and confident** in achieving these goals by 2030.

Additionally, the group achieved notable milestones such as listing its third company, KP Green Engineering, on the SME platform of BSE, marking the **largest SME IPO in India to date**. The company is also expanding its production capacity significantly with a **new plant in Matar, Bharuch**, increasing annual production from **53,000 metric tons** to **2,94,000 metric tons**.

As the group believes in giving back to the society, the CSR arm of KP Group has benefitted 1.25+ Crore lives till date across education, health, environment protection, and other humanitarian activities.

3.4+ GW RENEWABLE PORTFOLIO TILL FY24 | 1.8+ GW WIND PORTFOLIO TILL FY24 | 1.3+ GW SOLAR PORTFOLIO TILL FY24 | 334+ MW HYBRID PORTFOLIO TILL FY24

**KP GROUP**

| (₹ IN MILLION) | FY24 | FY23 | GROWTH |
|---|---|---|---|
| REVENUE | 18,683.30 | 12,042.15 | 55.1% |
| PAT | 2,553.67 | 1,656.60 | 54.2% |

**KPI GREEN ENERGY LIMITED**
NSE & BSE Listed Company

| (₹ IN MILLION) | FY24 | FY23 | GROWTH |
|---|---|---|---|
| REVENUE | 10,308.20 | 6,470.35 | 59.3% |
| PAT | 1,616.57 | 1,096.30 | 47.5% |

**KP ENERGY LIMITED**
BSE Listed Company

| (₹ IN MILLION) | FY24 | FY23 | GROWTH |
|---|---|---|---|
| REVENUE | 4,855.40 | 4,423.90 | 9.8% |
| PAT | 583.20 | 439.10 | 32.8% |

**KP GREEN ENGINEERING LIMITED**
BSE Listed Company (Formerly known as K P Buildcon Pvt. Ltd.)

| (₹ IN MILLION) | FY24 | FY23 | GROWTH |
|---|---|---|---|
| REVENUE | 3519.7 | 1147.9 | 206.6% |
| PAT | 353.9 | 121.2 | 192.0% |

Great Place To Work Certified
'KP House', Near KP Circle, Opp. Ishwar Farm Junction BRTS, Canal Road, Bhatar, Surat - 395017 Gujarat, India.
0261 2244757 | info@kpgroup.co | www.kpgroup.co
/kp-group-companies | /kp_group._ | /KPGroupofcompanies | /kpgroupgujarat | kpgroupgujarat
For full result, visit our website www.kpgroup.co or scan QR Code

# પૂર્વ મુસ્લિમો પર શરિયા કાનૂન લાગુ ન કરવામાં આવે તેવી ઘોષણાની માંગ કરતી અરજી પર વિચાર કરવા સુપ્રીમ કોર્ટ સંમત

**પૂર્વ મુસ્લિમો માટે શરિયત કાયદામાંથી મુક્તિની માંગ કરતી રિટ અરજી પર સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરી હતી, કેરળના સફિયા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં બિનસાંપ્રદાયિક કાયદા લાગુ કરવાની દલીલ કરવામાં આવી છે, અદાલતે હાલના કાયદાઓના વિરોધાભાસી અર્થઘટન પર ચર્ચા કરી હતી, અરજદારનો પડકાર ધાર્મિક અસમર્થતા હોવા છતાં નાગરિક અધિકારો મેળવવાનો છે, આ કેસ ધર્મના મૂળભૂત અધિકાર વિશે નિર્ણાયક પ્રશ્નો ઊભા કરે છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે સોમવારે એક રિટ પિટિશનની સુનાવણી કરતી વખતે નોટિસ જારી કરી હતી જેમાં એવી ઘોષણા કરવાની માંગ કરવામાં આવી હતી કે જે વ્યક્તિ મુસ્લિમ જન્મે છે, પરંતુ આસ્તિક નથી, તેના પર શરિયત કાયદા લાગુ થવા જોઈએ નહીં. સંપૂર્ણ ચર્ચા કર્યા પછી, ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બેન્ચે આ અરજી પર નોટિસ જારી કરી હતી, અને તેને "મહત્વનો મુદ્દો" ગણાવ્યો હતો.

ખંડપીઠે કહ્યું હતું કે ભારતીય ઉત્તરાધિકાર કાયદો મુસ્લિમ ધર્મમાં જન્મેલા વ્યક્તિઓને બિનસાંપ્રદાયિક કાયદાનો લાભ લેવા માટે પ્રતિબંધિત કરે છે, ભલે તેઓ શરિયત



કાયદાની કલમ ૩ હેઠળ ઔપચારિક રીતે જાહેર કરે કે તેઓ હવે ઈસ્લામિક કાયદાનું પાલન કરવા માંગતા નથી. વધુમાં, ખંડપીઠે ભારતના એટર્ની જનરલને કાયદા અધિકારીની નિમણૂક કરવા કહ્યું જે આ બાબતે કોર્ટને મદદ કરી શકે. આ કેસની આગામી સુનાવણી જુલાઈ ૨૦૨૪ના બીજા સપ્તાહમાં થવાની છે.

આ રિટ પિટિશન કેરળની મહિલા સફિયા પીએમ દ્વારા દાખલ કરવામાં આવી છે, જે આ પ્રદેશમાં ભૂતપૂર્વ મુસ્લિમોનું પ્રતિનિધિત્વ કરતા સંગઠનના જનરલ સેક્રેટરી છે. તેણીની અરજીમાં, સફિયાએ એવી ઘોષણા માટે હિમાયત કરી છે જેમાં જણાવ્યું છે કે જે વ્યક્તિઓ મુસ્લિમ પર્સનલ લોનું પાલન ન કરવાનું પસંદ કરે છે તેમની પાસે રાષ્ટ્રના બિનસાંપ્રદાયિક કાયદાઓનો વિકલ્પ હોવો જોઈએ, ખાસ કરીને ૧૯૨૫ના ભારતીય ઉત્તરાધિકાર અધિનિયમ, અને વસિયતનામા ઉત્તરાધિકાર જેવા કાયદાઓ. CJI એ કહ્યું કે, તમારે આ ઘોષણાની જરૂર નથી. કારણ કે શરિયત એક્ટની કલમ ૩ કહે છે કે જ્યાં સુધી તમે કોઈ ઘોષણા નહીં કરો ત્યાં સુધી તમને દત્તક અને વારસાની બાબતમાં પર્સનલ લોની જોગવાઈઓ લાગુ થશે નહીં. તેથી જો તમે ઘોષણા ન કરો, અને તમારા પિતા ઘોષણા કરતા નથી, તો તેઓ પર વ્યક્તિગત કાયદા લાગુ થઈ શકે નહીં. જો કે, બેન્ચે સફિયાના વકીલ એડવોકેટ પ્રશાંત પદ્મનાભન સાથે સંમતિ આપી હતી. કોર્ટે કહ્યું કે, તેમાં સમસ્યા હોય તેવું લાગે છે. ઘોષણા વિના, એક અંતર રહે છે કારણ કે બિનસાંપ્રદાયિક કાયદો આપમેળે લાગુ થતો નથી. શરૂઆતમાં, અમે આ અરજીના સ્વરૂપ વિશે અચોક્કસ હતા. જો કે, હવે અમે તેનો અભ્યાસ કર્યો છે, અને એવું લાગે છે કે અમે નોટિસ જારી કરીને આગળ વધીશું.

આ અરજીમાં સુપ્રીમ કોર્ટના સબરીમાલાના ચુકાદાને ટાંકીને જણાવ્યું હતું કે ભારતના બંધારણની કલમ ૨૫ હેઠળના ધર્મના મૂળભૂત અધિકારમાં માનવા કે ન માનવાની સ્વતંત્રતાનો સમાવેશ થવો જોઈએ. તે દલીલ કરે છે કે, મહત્વ ધરાવતા આ અધિકાર માટે, જે વ્યક્તિઓ તેમના ધર્મને છોડવાનું પસંદ કરે છે તેમને વારસા અથવા અન્ય નોંધપાત્ર નાગરિક અધિકારોની બાબતોમાં કોઈ અયોગ્યતાનો સામનો કરવો પડવો ન જોઈએ. અરજીમાં કહ્યું છે કે, આ અરજદાર, એક મુસ્લિમ પરિવારમાં જન્મેલી એક મહિલા છે જે ધર્મનું આચરણ ન કરતા મુસ્લિમ પિતા સાથે રહે છે જેમણે ઔપચારિક રીતે ધર્મનો ત્યાગ કર્યો નથી, તે તેના મૂળભૂત નાગરિક અધિકારોની સુરક્ષામાં એક અનન્ય પડકારનો સામનો કરી રહી છે. સફિયા એવી ઘોષણા ઈચ્છે છે કે તે મુસ્લિમ પર્સનલ લો (શરિયત) એપ્લિકેશન એક્ટ, ૧૯૩૭ની કલમ ૨ અથવા ૩ માં દર્શાવેલ કોઈપણ બાબતો માટે મુસ્લિમ પર્સનલ લોને આધીન રહેશે નહીં. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે આ કાયદામાં સ્પષ્ટ અંતર દર્શાવે છે જેને ન્યાયિક અર્થઘટન દ્વારા ઉકેલી શકાય છે. હાલમાં, જો અરજદાર સત્તાવાર રીતે કોઈપણ સત્તાધિકારી પાસેથી બિન-ધર્મ, બિન-જાતિ પ્રમાણપત્ર પ્રાપ્ત કરે, તો પણ તેણી દેશના બિનસાંપ્રદાયિક કાયદાઓ, ખાસ કરીને ભારતીય ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૨૫ લાગુ થશે નહીં. આમ, કલમ ૨૫ હેઠળ અરજદારના મૂળભૂત અધિકારો રાજ્ય તરફથી આવા રક્ષણના અભાવને કારણે નિરર્થક બની જાય છે.

## કર્ણાટક : 'સેક્સ સ્કેન્ડલ'માં પ્રજ્વલ રેવન્નાની સંડોવણી હોવા છતાં ભાજપે તેનું સમર્થન કર્યું

**કેટલાક એવા વીડિયો સામે આવ્યા છે જેમાં કથિત રીતે રેવન્ના મહિલાઓને સેક્સ માટે દબાણ કરતા અને તેના ફોન પર કૃત્યો રેકોર્ડ કરતા જોવા મળે છે**

(એજન્સી) તા.૨૯

કર્ણાટક રાજ્યમાં એક વિવાદ સર્જાયો છે, જેમાં JD(S)ના સાંસદ અને NDA ઉમેદવાર પ્રજ્વલ રેવન્ના સામેલ છે અને તેમની વિરુદ્ધ જાતીય શોષણના ગંભીર આરોપો થયા છે અને તેમના વાંધાજનક વીડિયો પ્રસારિત થયા છે.

JD(S)ના વડા અને પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડાના પૌત્ર રેવન્ના એક અગ્રણી રાજકીય પરિવારમાંથી આવે છે. તેમના પિતા, એચ.ડી. રેવન્ના, હાલમાં હસનમાં હોલેનરસીપુર મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા ધારાસભ્ય છે. JD(S)એ કર્ણાટકની હાસન લોકસભા સીટ પરથી પ્રજ્વલ રેવન્નાને ફરી મેદાનમાં ઉતાર્યા છે. કેટલાક એવા વીડિયો સામે આવ્યા છે જેમાં કથિત રીતે રેવન્ના મહિલાઓને સેક્સ માટે દબાણ કરતા અને તેના ફોન પર કૃત્યો રેકોર્ડ કરતા દર્શાવવામાં આવ્યા છે.

કર્ણાટક મહિલા દૌર્જન્ય વિરોધી વેદિક નામના એક મહિલા અધિકાર જૂથે કર્ણાટક રાજ્ય મહિલા આયોગમાં ફરિયાદ નોંધાવી હતી કે, આ વીડિયોએ અનેક મહિલાઓના જીવનને જોખમમાં મૂકી દીધું છે અને તેમની ગરિમાને નુકસાન પહોંચાડ્યું છે. કર્ણાટકના મહિલા અને બાળ વિકાસ મંત્રી લક્ષ્મી હેબ્બાલકરે પણ JD(S) સાંસદ પ્રજ્વલ રેવન્ના સામેના આરોપોની સખત નિંદા કરી છે અને આ કૌભાંડને દેશ અને વિશ્વમાં 'અભૂતપૂર્વ' ગણાવ્યું છે. મીડિયાને સંબોધતા હેબ્બલકરે કહ્યું કે, આવી ઘટના આપણા દેશમાં અને દુનિયામાં ક્યારેય બની નથી. પ્રજ્વલ રેવન્ના હાસનમાંથી JD(S)ના સાંસદ છે અને આ આરોપો અત્યંત ગંભીર છે. જો કે, વધુ આશ્ચર્યજનક બાબત એ છે કે, રાજ્યમાં ભાજપના ટોચના નેતાઓની પણ કથિત સંડોવણી છે. અહેવાલો અનુસાર, ભાજપ જે રેવન્નાની JD(S) પાર્ટી સાથે ગઠબંધનમાં છે, તેને લોકસભા ચૂંટણી પહેલા જ તેમના પરના આરોપો વિશે જાણ હતી. તેમ છતાં ભાજપે રેવન્ના માટે પ્રચાર ચાલુ રાખ્યો છે અને તેમને ચૂંટણી લડવાની મંજૂરી આપી છે. ૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બીજેપી નેતા દેવરાજ



ગૌડા દ્વારા બીજેપી કર્ણાટક અધ્યક્ષને લખેલો એક પત્ર પણ સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. આ પત્રમાં બીજેપીના પ્રદેશ પ્રમુખને એક પેન ડ્રાઈવ વિશે માહિતી આપવામાં આવી હતી જેમાં પ્રજ્વલ રેવન્નાના ઘણા વીડિયો હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેરાએ ભાજપ પર પ્રહાર કરતાં પૂછ્યું, ભાજપ આવું બધુ જાણતું હોવા છતાં પણ ગઠબંધન સાથે કેમ આગળ વધ્યું ? પેનડ્રાઈવમાં રેકોર્ડ કરાયેલા સીરિયલ રેપના વીડિયો પર કેમ કોઈ કાર્યવાહી ન થઈ? પ્રજ્વલ વિશ્વના સૌથી મોટા અને સૌથી ઘૃણાસ્પદ જાતીય શોષણ કરનાર છે તે જાણતા હોવા છતાં મોદીએ શા માટે તેમના માટે પ્રચાર કર્યો અને સ્ટેજ શેર કર્યો ? પ્રજ્વલ રેવન્નાને જર્મની ભાગી જવા માટે કોણે મદદ કરી ? આજે વડાપ્રધાન કેમ ચૂપ છે ?

ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ના કાર્યકારી પ્રમુખ કે.ટી. રામારાવ (KTR)એ પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, સાંસદ પ્રજ્વલ રેવન્ના દ્વારા આવા જાતીય શોષણના સમાચારથી આઘાત અને વ્યથિત છું. આ વ્યક્તિને કેવી રીતે દેશ છોડવા દેવામાં આવ્યો ? જો કેન્દ્ર સરકાર તેઓના ભાગવામાં સામેલ ન હોય તો તેમને કાયદાના આરોપોનો સામનો કરવા માટે તેને ભારત પરત લાવો. મણિપુરમાં મહિલાઓની સતામણી સામે આંખ આડા કાન કરવા, બિલ્કીસ બાનોના બળાત્કારીઓને મુક્ત કરવા, બ્રિજભૂષણ સિંહ પર કુસ્તીબાજોના આરોપોની અવગણના અને હવે આ કૌભાંડ શરમજનક છે ! નાયબ મુખ્યપ્રધાન ડી.કે. શિવકુમારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના પ્રદેશ અધ્યક્ષ બી.વાય. વિજયેન્દ્ર અને કર્ણાટકમાં ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓ આરોપોનો જવાબ આપવા અને તેમનું વલણ સ્પષ્ટ કરવાની માંગ કરી છે. કોંગ્રેસે રેવન્ના સામે કોઈ કાર્યવાહી ન કરીને ભાજપ આ કૌભાંડમાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો છે. કર્ણાટક સરકારે આ આરોપોની તપાસ માટે વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું કે, સરકાર આ મુદ્દાની તપાસ કરશે અને યોગ્ય પગલાં લેશે.

બીજી તરફ રેવન્નાએ આરોપોને નકારી કાઢ્યા છે. તેણે દાવો કર્યો હતો કે, આ વીડિયો ડોક્ટરેડ છે. તેણે એવી ફરિયાદ પણ નોંધાવી છે કે, આ વીડિયો તેમની છબીને કલંકિત કરવા અને મતદારોના મનને ઝેર પેદા કરા માટે પ્રસારિત કરવામાં આવી રહ્યો છે. આ કૌભાંડ બીજેપી-જેડીએસ ગઠબંધન અને કર્ણાટકમાં આવનારી લોકસભા ચૂંટણી પર નોંધપાત્ર અસર કરે તેવી સંભાવના છે. જાતિય શોષણના આ ગંભીર આરોપો પર રાજકીય પક્ષો અને નેતાઓ કેવો જવાબ આપે છે તેના પર જનતા નજર રાખી રહી છે.

## ૨,૯૭૬ સેક્સ વીડિયો, સંભવિત 'બ્રહ્માસ્ત્ર' : ભાજપના નેતાએ પાર્ટીને JD(S) સાંસદ વિશે અગાઉથી ચેતવણી આપી હતી

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૯

જનતા દળ (સેક્યુલર)ના સાંસદ પ્રજ્વલ રેવન્ના સાથે સંકળાયેલા 'અશ્લીલ વીડિયો' કૌભાંડ વચ્ચે કર્ણાટક ભાજપના એક નેતા દ્વારા લખાયેલો એક પત્ર બહાર આવ્યો છે જેમાં તેમણે રાજ્યના પાર્ટી અધ્યક્ષને કહ્યું હતું કે, તેની પાસે મહિલાઓ સાથે જાતિય સતામણીની લગભગ ૩૦૦૦ વીડિયો ધરાવતી પેન ડ્રાઈવ છે. તેમણે કહ્યું કે, જે ફૂટેજનો ઉપયોગ રેવન્ના દ્વારા કથિત રીતે મહિલાઓને બ્લેકમેઈલ કરવા માટે કરાયો હતો તે રાજ્યમાં BJP-JD(S) ગઠબંધન માટે 'મોટો ફટકો' સાબિત થઈ શકે છે. ૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ભાજપના પ્રદેશ અધ્યક્ષ બી.વાય. વિજયેન્દ્રને લખેલા તેમના પત્રમાં ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીના હોલેનરસીપુરાના ઉમેદવાર દેવરાજે ગૌડાએ જણાવ્યું હતું કે, 'પક્ષ સાથે ગઠબંધનમાં રહેલા જેડીએસના એનડીએ ઉમેદવાર પ્રજ્વલ રેવન્ના સહિત એચ.ડી. દેવગૌડા પરિવારના ઘણા નેતાઓ સામે ગંભીર આરોપો છે. દેવરાજે ગૌડાએ જણાવ્યું હતું કે, પેન ડ્રાઈવમાં કુલ ૨૯૭૬ વીડિયો હતા અને ફૂટેજમાં દર્શાવવામાં આવેલી કેટલીક મહિલાઓ સરકારી અધિકારીઓ હતી. વીડિયો 'ત્યારબાદ તેમને જાતીય પ્રવૃતિઓમાં જોડાવાનું ચાલુ રાખવા માટે બ્લેકમેઈલ કરવા માટે ઉપયોગમાં લેવાતા હતા.' ભાજપ નેતાએ વધુમાં દાવો કર્યો હતો કે, આ વીડિયો અને ફોટા ધરાવતી બીજી પેન ડ્રાઈવ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ સુધી પહોંચી છે. દેવરાજે ગૌડાએ પત્રમાં કહ્યું કે, 'જો આપણે JD(S) સાથે જોડાણ કરીએ અને જો આપણે હાસનમાં JD(S)ના ઉમેદવારને લોકસભા ચૂંટણી માટે નોમિનેટ કરીએ તો આ વીડિયોનો ઉપયોગ બળાત્કારીના પરિવાર સાથે સંબંધના 'બ્રહ્માસ્ત્ર' તરીકે થઈ શકે છે અને અમે કલંકિત થઈ જઈશું. આ રાષ્ટ્રીય સ્તરે અમારી પાર્ટીની છબી માટે એક મોટો ફટકો હશે.' JD(S) સપ્ટેમ્બર ૨૦૨૩માં એનડીએમાં જોડાઈ હતી. કુંદકુરે જણાવ્યું કે, 'છેલ્લા કેટલાક દિવસોમાં જાતીય કૃત્યો દર્શાવતા વીડિયો રાજ્યભરમાં પ્રસારિત કરવામાં આવી રહ્યા છે જેના કારણે પાર્ટી માટે ભારે શરમની વાત છે. એવું લાગે છે કે, તે પ્રજ્વલ રેવન્ના છે કારણ કે, તે વીડિયોના કેટલાક ભાગોમાં જોવા મળ્યો હતો. શરૂઆતમાં એવું લાગે છે કે, તે આરોપી છે તેથી હું તમને વિનંતી કરૂં છું કે તેને તરત જ પાર્ટીમાંથી હાંકી કાઢો.' સૂત્રોના જણાવ્યા અનુસાર રેવન્ના બેંગ્લુરૂથી રવિવારે ફ્રેન્કફર્ટ જવા રવાના થઈ ગયો હતો. સોમવારે કોંગ્રેસના નેતા પવન ખેરાએ દેવરાજે ગૌડાનો પત્ર ટ્વિટ કર્યો અને કહ્યું કે, ફરિયાદ હોવા છતાં ભાજપ શા માટે 'હજુ પણ જેડીએસ સાથે ગઠબંધન સાથે આગળ વધે છે.' તેમણે એવો સવાલ પણ ઉઠાવ્યો હતો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કૌભાંડ પર કેમ ચૂપ છે. આ કૌભાંડ પર પ્રતિક્રિયા આપતા શિવસેના (ઉદ્ધવ)ના નેતા પ્રિયંકા ચતુર્વેદીએ સોમવારે ટ્વિટ કર્યું હતું કે, પ્રજ્વલ રેવન્નાની 'ઉમેદવારીને રદ કરવાની જરૂર છે અને તેના મતવિસ્તાર માટે નવેસરથી ચૂંટણીઓ યોજવી જોઈએ.' તેમણે ઉમેર્યું કે, 'તેમને કાયદાનો સામનો કરવા માટે જર્મનીથી પાછા લાવવાની જરૂર છે. તે આ મહિલાઓ માટે ન્યાયનો ભાગ હશે.' રવિવારે રાત્રે એક અલગ ટ્વિટમાં ચતુર્વેદીએ કહ્યું હતું કે, તેઓ રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ રેખા શર્મા અને કેન્દ્રીય મંત્રીઓ સ્મૃતિ ઈરાની અને અમિત શાહના 'મૌનથી આઘાત પામ્યા છે.' તેમણે પૂછ્યું કે, 'હું તેમના પરિવારના નેટવર્કમાં પણ જવા માંગતી નથી પરંતુ એક વર્તમાન સાંસદ અને ભાજપના સહયોગી તરીકે તેઓએ હજી સુધી સંબંધો કેમ તોડ્યા નથી.'

## કર્ણાટકના સાંસદ અને પિતા વિરૂદ્ધ ઘરઘાટી દ્વારા જાતીય સતામણીનો કેસ

(એજન્સી) બેંગ્લુરૂ, તા. ૨૯

કેટલાક અશ્લીલ વીડિયો પર કથિત રૂપે તેની સાથે સંકળાયેલા કૌભાંડમાં તેના ઘરે કામ કરતી એક મહિલા દ્વારા જાતીય સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો છે પોલીસે જણાવ્યું હતું. ૪૭ વર્ષીય મહિલાએ પ્રજ્વલના પિતા હોલેનરસીપુરના ધારાસભ્ય એચડી રેવન્નાનું પણ આરોપી તરીકે નામ આપ્યું હતું. પોતાની ફરિયાદમાં મહિલાએ દાવો કર્યો છે કે એચડી રેવન્ના અને પ્રજ્વલ તેમના ઘરમાં મહિલા કર્મચારીઓનું યૌન શોષણ કરતા હતા. ફરિયાદીએ કહ્યું કે, ''ઘરમાં કામમાં જોડાયાના ચાર મહિના પછી રેવન્ના મને તેના રૂમમાં બોલાવતો હતો. ઘરમાં છ મહિલા કામદારો હતી અને બધાએ કહ્યું કે જ્યારે પ્રજ્વલ રેવન્ના ઘરે આવતો ત્યારે તેઓ ડરી જતા હતા. ઘરના પુરૂષ કામદારોએ પણ મહિલા કાર્યકરોને સાવચેત રહેવા ચેતવણી આપી હતી.'' તેણે ઉમેર્યું કે, ''જ્યારે પણ (HD) રેવન્નાની પત્ની ત્યાં ન હોય ત્યારે તે મહિલાઓને સ્ટોર રૂમમાં બોલાવતો હતો અને ફળ આપતા સમયે તેમને સ્પર્શ કરતો હતો. તે સાડીની પિન કાઢી નાખતો હતો અને મહિલાઓ સાથે જાતીય શોષણ કરતો હતો.'' મહિલાએ એવો પણ દાવો કર્યો હતો કે પ્રજ્વલ રેવન્નાએ તેની પુત્રી સાથે ફ્લર્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો જેણે બાદમાં તેનો નંબર બ્લોક કરી દીધો હતો. મહિલાની ફરિયાદના આધારે પોલીસે આઈપીસીની કલમ ૩૫૪A, ૩૫૪D, ૫૦૬ અને ૫૦૯ હેઠળ કેસ નોંધ્યો છે.

## JD(S) સેક્સ સ્કેન્ડલના કેન્દ્રમાં રહેલા સાંસદ પ્રજ્વલ રેવન્નાને હાંકી કાઢે તેવી શક્યતા : સૂત્રો

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૯

જનતા દળ(સેક્યુલર) પક્ષના સાંસદ પ્રજ્વલ રેવન્નાને હાંકી કાઢે તેવી શક્યતા છે, જેમની પર અનેક મહિલાઓ પર જાતીય શોષણનો આરોપ છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે, ૩૦ એપ્રિલ સવારે ૧૦ વાગ્યે કર્ણાટકના હુબલીમાં નિર્ધારિત જેડીએસ કોર કમિટીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. પ્રજ્વલ રેવન્ના એ કર્ણાટકની હાસન લોકસભા સીટ પરથી ભાજપ-JD(S) ગઠબંધનના ઉમેદવાર છે જે ૨૬ એપ્રિલે બીજા તબક્કામાં મતદાનમાં ઉમેદવાર હતા. તાજેતરમાં પ્રજ્વલ રેવન્ના સેંકડો મહિલાઓના જાતીય શોષણમાં સંડોવાયેલા દર્શાવતા કેટલાક કથિત વીડિયો સામે આવ્યા છે અને સોશિયલ મીડિયા પર વ્યાપકપણે પ્રસારિત થઈ રહ્યા છે. કર્ણાટકમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના બે દિવસ પહેલા જ આ સ્પષ્ટ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. જેડીએસના સાંસદ હાસન લોકસભા સીટ પરથી બીજી ટર્મ માટે ઈચ્છી રહ્યા છે. ૩૩ વર્ષીય પ્રજ્વલ રેવન્ના એચ.ડી. રેવન્નાનો પુત્ર છે જેઓ ધારાસભ્ય અને પૂર્વ મંત્રી છે તેમજ એચ.ડી. દેવગૌડાના મોટા પુત્ર છે. દેવગૌડા પૂર્વ વડાપ્રધાન અને જેડીએસના વડા છે. દરમિયાન કર્ણાટક JD(S)ના પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી એચ.ડી. કુમારસ્વામીએ જણાવ્યું હતું કે, તેમના ભત્રીજા પ્રજ્વલ રેવન્ના સામે જાતીય શોષણના આરોપો અંગે બચાવ કરવાનો કોઈ પ્રશ્ન જ નથી અને જો વિશેષ તપાસ ટીમની તપાસ સાબિત થશે તો પક્ષ નિશંકપણે 'નિર્દય પગલાં' લેશે. કુમારસ્વામીએ કહ્યું કે, 'એસઆઈટીની રચના કરવામાં આવી છે જો તપાસમાં ગુનો સાબિત થાય તો જે પણ સામેલ છે તેને સજા ભોગવવી પડશે. જેણે ખોટું કર્યું છે તેણે જમીનના કાયદા મુજબ સજા ભોગવવી પડશે. અમે પક્ષ તરફથી નિર્દયી કાર્યવાહી કરીશું પણ તેમનો બચાવ કરવાનો કોઈ પ્રશ્ન નથી.'

## ત્રીજા તબક્કા પહેલાં મતદાન અંગે જાગૃતિ લાવવા માટે ગુજરાતમાં મતદાન સંસ્થાનો ડ્રોન શૉ

**નોંધનીય છે કે, ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ૭ મેના રોજ ત્રીજા તબક્કામાં મતદાન થશે જેમાં ૧૨ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૧૩૫૧ ઉમેદવારો ચૂંટણી લડશે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

લોકસભા ચૂંટણી ૨૦૨૪નો ત્રીજો તબક્કો નજીક આવતા ભારતના ચૂંટણી પંચે રવિવારે ગુજરાતના અમદાવાદ શહેરમાં મતદાન અંગે જાગૃતિ લાવવા માટે ડ્રોન શૉનું આયોજન કર્યું હતું. આ ડ્રોન દ્વારા 'લોકસભા', 'ઈલેક્શન ૨૪'ની પેટર્ન અને અનેક રંગો સાથે આકાશમાં ચમકતો ગુજરાતનો નકશો બનાવ્યો હતો. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, 'આમાં મધ્યપ્રદેશના ૨૯-બેતુલ (ST) PCમાં મુલતવી રાખવામાં આવેલ મતદાન માટે ૮ ઉમેદવારોનો સમાવેશ થાય છે. વધુમાં ગુજરાતમાં સુરત PCના એક ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા છે. તમામ ૧૨ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તા.૨૨ એપ્રિલ, ૨૦૨૪ હતી.'

**ત્રીજા તબક્કાનું જ્યાં મતદાન થવાનું છે તે રાજ્યો અને મતવિસ્તારો**

- **આસામ :-** ધુબરી, કોકરાઝાર, બરપેટા, ગૌહાટી
- **બિહાર :-** ઝાંઝરપુર, સુપૌલ, અરરિયા, મધેપુરા, ખાગરિયા
- **છત્તીસગઢ :-** સરગુજા, રાયગઢ, જાંજગીર-ચંપા, કોરબા, બિલાસપુર, દુર્ગ, રાયપુર
- **ગોવા :-** ઉત્તર ગોવા, દક્ષિણ ગોવા
- **ગુજરાત :-** કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જામનગર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, બારડોલી, સુરત, નવસારી, વલસાડ
- **કર્ણાટક :-** ચિક્કોડી, બેલગામ, બાગલકોટ, બીજાપુર, ગુલબર્ગા, રાયચુર, બિદર, કોપ્પલ, બેલ્લારી, હાવેરી, ધારવાડ, ઉત્તરા કન્નડ, દાવંગેરે, શિમોગા
- **મધ્યપ્રદેશ :-** ભીંડ, ભોપાલ, ગુના, ગ્વાલિયર, મોરેના, રાજગઢ, સાગર, વિદિશા
- **મહારાષ્ટ્ર :-** બારામતી, રાયગઢ, ઉસ્માનાબાદ, લાતુર (SC), સોલાપુર (SC), માધા, સાંગલી, સતારા, રત્નાગીરી-સિંધુદુર્ગ, કોલ્હાપુર, હાટકનાંગલે
- **ઉત્તરપ્રદેશ :-** સંભલ, હાથરસ, આગ્રા (SC), ફતેહપુર સીકરી, ફિરોઝાબાદ, મૈનપુરી, એટાહ, બુદૌન, આઓનલા, બરેલી
- **પશ્ચિમ બંગાળ :-** માલદહા ઉત્તર, માલદહા દક્ષિણ, જંગીપુર, મુર્શિદાબાદ
- **દાદરા અને નગર હવેલી/દમણ અને દીવ :-** દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ
- **જમ્મુ અને કાશ્મીર :-** અનંતનાગ-રાજૌરી

## દેશ છોડી ભાગી ગયેલા જેડી(એસ) નેતા પ્રજ્વલ રેવન્નાના સેક્સ સ્કેન્ડલ કેસની તપાસ માટે કર્ણાટક સરકારે SIT રચી

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૯

મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની આગેવાની હેઠળની કર્ણાટક કોંગ્રેસ સરકારે હાસનના જેડી(એસ) સાંસદ અને એચડી દેવગૌડાના પૌત્ર પ્રજ્વલ રેવન્નાની સેક્સ સ્કેન્ડલમાં કથિત સંડોવણીની તપાસ માટે વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ની રચના કરી હતી. રેવન્નાએ કથિત રીતે હજારો મહિલાઓનું જાતીય શોષણ કર્યું હતું અને તેના સેલફોન પર વિડિયો શૂટ કર્યા હતા અને તેની પેનડ્રાઈવ નિર્ધારિત રીતે પ્રસારિત કરવામાં આવી હતી. એસઆઈટીની સ્થાપનાની પુષ્ટિ કરતાં કર્ણાટકના ગૃહમંત્રી ડૉ.જી. પરમેશ્વરાએ કૌભાંડની નિષ્પક્ષ તપાસનું વચન આપ્યું હતું. તેમણે કહ્યું કે, ''એકવાર કેસ એક ટોચના પોલીસ અધિકારીની આગેવાની હેઠળની એસઆઈટીને સોંપવામાં આવે તે પછી તે નક્કી કરશે કે શું પગલાં લેવા જોઈએ. જો તે સાચું હશે કે આરોપી દેશ છોડીને ભાગી ગયો છે તો એઆઈટી તેને પરત લાવવા અંગે પગલાં લેશે. અમે તપાસમાં હસ્તક્ષેપ કરીશું નહીં, કારણ કે તે એસઆઈટીનું નેતૃત્વ વરિષ્ઠ અધિકારી કરશે.'' રાજ્ય સરકાર દ્વારા રચાયેલી ત્રણ સભ્યોની એસઆઈટીનું નેતૃત્વ આઈપીએસ અધિકારી વિજય કુમાર સિંહ કરશે. ડીજી સીઆઈડી સુમન ડી પેન્નેકર અને આઈપીએસ અધિકારી સીમા લાટકર ટીમના સભ્યો હશે. જેડી(એસ)ના નેતાઓએ કાર્યવાહી કરવાની હાકલ કરી છે. દરમિયાન પ્રજ્વલના કાકા એચડી કુમારસ્વામી અને કોર કમિટીના અધ્યક્ષ જીટી દેવગૌડા સહિત ટોચના JD(S) નેતાઓએ રેવન્નાનો બચાવ કર્યો ન હતો અને કહ્યું હતું કે દોષિતોને સજા થવી જોઈએ. એચડી કુમારસ્વામીએ કહ્યું કે, ''સરકારે આ સંદર્ભે એસઆઈટી તપાસનો આદેશ આપ્યો છે. એસઆઈટી તપાસમાંથી તથ્યો બહાર આવવા દો. જેણે પણ આ જમીનનો કાયદો તોડીને ખોટું કર્યું છે, જેમણે મીઠું ખાધું છે તેમણે પાણી પીવું જોઈએ. આ સંદર્ભે કોઈને માફ કરવાનો કોઈ પ્રશ્ન નથી, હું તપાસ અહેવાલ સંપૂર્ણ રીતે બહાર આવ્યા પછી વાત કરીશ.'' એસઆઈટી તપાસને આવકારતા જીટી દેવગૌડાએ કહ્યું કે જો એસઆઈટી તપાસમાં રેવન્ના દોષી ઠરશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. દરમિયાન, પ્રજ્વલ અને તેના પિતા અને પૂર્વ મંત્રી એચડી રેવન્ના વિરૂદ્ધ રવિવારે જાતીય સતામણી અને પીછો કરવાનો કેસ નોંધવામાં આવ્યો હતો. તેમના રસોઈયાની ફરિયાદના આધારે હાસનના હોલેનરસીપુર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. ફરિયાદીએ કહ્યું કે તે રેવન્નાની પત્ની ભવાનીનો સંબંધી છે. તેણીએ આક્ષેપ કર્યો હતો કે તેણીએ કામ કરવાનું શરૂ કર્યું તેના ચાર મહિના પછી રેવન્ના તેણીને જાતીય સતામણી કરતો હતો અને તેનો પુત્ર પ્રજ્વલ તેની પુત્રીને વિડિયો કોલ કરતો હતો અને તેની સાથે ''અભદ્ર વાતચીત'' કરતો હતો. તેણીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે તેણીના તેમજ તેના પરિવારના અન્ય સભ્યોના જીવને ખતરો છે.

## UPSC પ્રારંભિક પરીક્ષાઓની સાથે અથડામણથી બચવા માટે UGC નેટને ૧૮ જૂન સુધી સ્થગિત કરવામાં આવી

(એજન્સી) તા.૨૯

યુજીસીના અધ્યક્ષ જગદેશ કુમારે ૨૯ એપ્રિલે જાહેરાત કરી કે યુપીએસસી પ્રારંભિક પરીક્ષાની સાથે અથડામણથી બચવા માટે રાષ્ટ્રીય પાત્રતા પરીક્ષાને ફરી નક્કી કરવામાં આવી છે અને હવે ૧૮ જુને આયોજીત કરવામાં આવશે. પહેલા આ પરીક્ષા ૧૬ જુને આયોજીત થવાની હતી. કુમારે જણાવ્યું કે રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી અને યુજીસીએ યુપીએસસી પ્રિલિમ્સની સાથે પરીક્ષાની અથડામણ વિશે ઉમેદવારો પાસેથી મળેલા ફીડબેકના કારણે યુજીસી નેટને ૧૬ જૂનથી ૧૮ જૂન ૨૦૨૪એ સ્થળાંતરિત કરવાનો નિર્ણય લીધો છે. એનટીએ ઓએમઆરમાં યુજીસીનેટ આયોજીત કરશે. યુજીસી નેટ ભારતીય યુનિવર્સિટીઓ અને કોલેજોમાં જુનિયર રિસર્ચ ફેલોશીપના પુરસ્કાર અને સહાયક પ્રોફેસર તરીકે નિમણૂક સહાયક પ્રોફેસર તરીકે નિમણૂક અને પીએચડીમાં પ્રવેશ અને માત્ર પીએચડીમાં પ્રવેશ માટે ભારતીય નાગરિકોની પાત્રતા નિર્ધારીત કરવા માટે એક પરીક્ષા છે.

## શું PM મોદી હજુ પણ મૌન રહેશે : પ્રિયંકા ગાંધીએ દેવગૌડાના પૌત્રના 'સેક્સ સ્કેન્ડલ' અંગે ભાજપની ઝાટકણી કાઢી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

કોંગ્રેસે સોમવારે જેડી(એસ)ના સુપ્રીમો એચ.ડી. દેવગૌડાના પૌત્રને સંડોવતા કથિત સેક્સ સ્કેન્ડલ પર ભાજપ પર પ્રહાર કર્યો હતો અને પાર્ટીના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ પૂછ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ બાબતે હજુ પણ મૌન રહેશે. વિરોધ પક્ષે એ પણ પૂછ્યું કે ભાજપ શા માટે જેડીએસ સાથે તેના ગઠબંધન પર આગળ વધી રહ્યું છે જ્યારે ભાજપના એક નેતાએ પાર્ટીના કર્ણાટક એકમના પ્રમુખને પત્ર લખ્યો હતો જેમાં 'પ્રજ્વલ રેવન્નાના સ્લીઝ વીડિયો'થી ભરેલી પેન ડ્રાઈવની હાજરીનો પર્દાફાશ કર્યો હતો. પૂર્વ વડાપ્રધાન દેવગૌડાના પુત્ર એચ.ડી. રેવન્ના અને પૌત્ર અને હાસન સાંસદ પ્રજ્વલ રેવન્ના વિરુદ્ધ રવિવારે જાતીય સતામણી અને પીછો કરવાનો કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસ તેમના રસોઈયાની ફરિયાદ પર નોંધવામાં આવ્યો હતો જેણે આરોપ લગાવ્યો હતો કે, તેણીએ તેમના માટે કામ કરવાનું શરૂ કર્યું તેના ચાર મહિના પછી રેવન્ના તેણીને જાતીય સતામણી કરતી હતી અને પ્રજ્વલ તેની પુત્રીને વીડિયો કોલ્સ કરતો હતો અને તેની સાથે 'અભદ્ર વાતચીત' કરતો હતો. એક્સ પર હિન્દીમાં એક પોસ્ટમાં પ્રિયંકા ગાંધીએ કહ્યું, જે નેતા સાથે પીએમ તેમના ખભા પર હાથ મૂકીને ફોટો પડાવે છે. તે નેતા કે જેના માટે પીએમએ ૧૦ દિવસ પહેલા પ્રચાર કર્યો હતો. પીએમએ સ્ટેજ પર તેમની પ્રશંસા કરી હતી. કર્ણાટક તેમનો નેતા દેશમાંથી ફરાર છે. કોંગ્રેસ મહાસચિવે જણાવ્યું કે, 'તેના ઘૃણાસ્પદ અપરાધો વિશે સાંભળીને જ હૃદય હચમચી જાય છે. આનાથી સેંકડો મહિલાઓની જિંદગી બરબાદ થઈ ગઈ. મોદીજી, શું તમે હજુ પણ ચૂપ રહેશો ?' કોંગ્રેસના મીડિયા અને પ્રચાર વિભાગના વડા પવન ખેરાએ ગયા વર્ષે ૮ ડિસેમ્બરે કર્ણાટક બીજેપી અધ્યક્ષને ભાજપના નેતા દેવરાજ ગૌડા દ્વારા લખાયેલ પત્ર X પર શેર કર્યો હતો. તેમણે કહ્યું કે, પત્રમાં 'પ્રજ્વલ રેવન્નાના સ્લીઝ વીડિયો'થી ભરેલી પેન ડ્રાઈવની હાજરીનો પર્દાફાશ થયો છે. ખેડાએ જણાવ્યું કે, 'ભાજપ હજુ પણ ગઠબંધન કેમ આગળ વધ્યું ? સીરિયલ રેપના વીડિયો રેકોર્ડ કરીને પેન-ડ્રાઈવમાં રાખવામાં આવ્યા તેના પર શા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નહીં ? શા માટે વડાપ્રધાને પ્રજ્વલ રેવન્ના માટે પ્રચાર કર્યો અને સ્ટેજ શેર કર્યું તે જાણતા હોવા છતાં કે પ્રજ્વલ રેવન્ના છે. વિશ્વના સૌથી મોટા અને સૌથી અસ્પષ્ટ સેક્સ શોષણનો કિંગપિન છે ?' પ્રજ્વલ રેવન્નાને જર્મની ભાગી જવા માટે કોણે મદદ કરી હતી તેમ તેમણે પૂછ્યું હતું. ખરાએ જણાવ્યું કે, 'પીએમ ચૂપ કેમ છે ?' આ કેસમાં ફરિયાદીએ કહ્યું છે કે, તે રેવન્નાની પત્ની ભવાનીની સંબંધી છે. તેણીએ આરોપ લગાવ્યો છે કે, તેના તેમજ તેના પરિવારના અન્ય સભ્યોના જીવને ખતરો છે.

## 'વીડિયો ક્લિપ ચાર-પાંચ વર્ષ જૂની' : કર્ણાટકના સાંસદ પ્રજ્વલ રેવન્નાના જાતીય શોષણના કેસમાં પિતાનો દાવો

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૯

કર્ણાટકમાં જેડીએસ સાંસદ પ્રજ્વલ રેવન્નાના કથિત રીતે અનેક મહિલાઓ સાથે 'અનેક અશ્લીલ વીડિયો'ની તપાસ માટે કર્ણાટક સરકારે અધિક ડીજીપી કક્ષાના અધિકારીના નેતૃત્વમાં એક વિશેષ તપાસ દળ (એસઆઈટી)ની રચના કરી છે. હવે આ મામલે તેમના પિતાનો ખુલાસો સામે આવ્યો છે. આરોપી સાંસદના પિતાનો દાવો છે કે, મારા દીકરા સામે જે આરોપો લગાવવામાં આવી રહ્યા છે તે તદ્દન ખોટા છે. તેમણે દાવો કર્યો હતો કે, જે વીડિયો વાયરલ કરવામાં આવી રહ્યા છે તે ચારથી પાંચ વર્ષ જૂના છે. તેમણે દાવો કર્યો હતો કે, જે વીડિયો વાયરલ કરવામાં આવી રહ્યા છે તેની સાથે ચેડાં કરવામાં આવ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે, મારા દીકરાને ફસાવી દેવા માટે આ કાવતરૂં ઘડવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ મામલે એક પીડિત મહિલાએ જેડીએસના સાંસદ તથા તેમના પિતા સામે ફરિયાદ દાખલ કરાવી હતી.

પ્રજ્વલ રેવન્ના પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડાના પૌત્ર છે. રેવન્ના હાસન સીટથી ફરી મેદાનમાં છે. રેવન્ના એચ.ડી. રેવન્નાના પુત્ર છે, જે હાલ હોલેનારસીપુરથી ધારાસભ્ય છે. કર્ણાટક પોલીસે સરકારને જણાવ્યું કે, પ્રજ્વલ રેવન્ના કાલે જ ભારતથી જર્મની જવા રવાના થયા છે. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ એક નિવેદનમાં કહ્યું, 'હાસન જિલ્લામાં અશ્લીલ વીડિયો શેર કરાઈ રહ્યા છે, એવું પ્રતીત થઈ રહ્યું છે કે, મહિલાઓ સામે ગુના થયા છે.'

# કર્ણાટકના મનરેગા શ્રમિકોને તેમની મજૂરી મોદી સરકાર ક્યારે ચૂકવશે ? કોંગ્રેસનો સવાલ



(એજન્સી) તા.૨૯

કર્ણાટકમાં મુખ્ય મુદ્દાઓ પર મોદી સરકાર પર હુમલો કરતા કોંગ્રેસે સોમવારે નિર્ણાયક બાગલકોટ-કુડાચી રેલ્વે લાઇન પ્રોજેક્ટમાં "વિલંબ" પર સવાલ ઉઠાવ્યા અને એ પણ પૂછ્યું કે તે રાજ્યમાં મનરેગા કામદારોને તેમનું વેતન ક્યારે ચૂકવશે.

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કર્ણાટકના બાગલકોટમાં તેમની રેલી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રશ્નો પૂછ્યા હતા. જયરામ રમેશે સવાલ પૂછ્યા હતા કે મોદી સરકાર ઉપરોક્ત રેલ્વે લાઈન આપવામાં નિષ્ફળ કેમ રહી. ઉપરી ભદ્રા અને મહાદયી પ્રોજેક્ટ ને રોકવાના કેમ પ્રયાસો કરી રહી છે. મોદી સરકાર એ જણાવે કે તે મનરેગાના શ્રમિકોના પૈસા ક્યારે આપશે.

મોદી સરકારને તેના જુમલાઓ યાદ અપાવતા રમેશે જણાવ્યું હતું કે દક્ષિણ-પશ્ચિમ રેલ્વેની બાગલકોટ-કુડાચી લાઇન હવે આઠ વર્ષથી વધુ વિલંબિત છે. આજ સુધીમાં, ૧૪૨ કિમી લાઇનમાંથી માત્ર ૩૩ ટકા અથવા ૪૬ કિમી પૂર્ણ થઈ છે, એમ તેમણે જણાવ્યું હતું.

રમેશે દાવો કર્યો હતો કે, "મૂળ રીતે ૨૦૧૦-૧૧માં રૂા. ૯૮૬ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવ્યો હતો, આ પ્રોજેક્ટની કિંમત હવે વધીને રૂા. ૧,૬૪૯ કરોડ થઈ ગઈ છે. મૂળરૂપે આ પ્રોજેક્ટ માર્ચ ૨૦૧૬માં પૂરો થવાનો હતો, પરંતુ હવે આ પ્રોજેક્ટનું શેડ્યૂલ છે. ૨૦૨૭માં પૂર્ણ થયું." હું પૂર્ણ થઈશ."

તેમણે કહ્યું કે કર્ણાટક સરકાર પ્રોજેક્ટ માટે મફત જમીન પ્રદાન કરે છે અને બાંધકામ ખર્ચમાં ૫૦ ટકા યોગદાન આપે છે, તેમ છતાં મોદી સરકાર પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં "નિષ્ફળ" રહી છે. જયરામ રમેશે કહ્યું, "આ મહત્વપૂર્ણ રેલ પ્રોજેક્ટમાં ૧૧ વર્ષનો વિલંબ કેમ થઈ રહ્યો છે ? શું મોદી સરકારની અસમર્થતા કે તેની કર્ણાટક વિરોધી વૃત્તિઓ જવાબદાર છે ?"

### ન્યુઝ G પોઈન્ટ

**૨૦૨૩ના બજેટમાં રૂા. ૨૦૦ કરોડ તાલિબાનને મદદ પહોંચાડી પરંતુ દેશના વિરોધ પક્ષ શાષિત રાજ્યોને ઠેંગો !**

# કોંગ્રેસના ન્યાયપત્ર વિશે ખોટું બોલતી વખતે મોદી જોસેફ ગોબેલ્સ પાસેથી પ્રેરણા મેળવે છે : જયરામ રમેશનો વડાપ્રધાન પર પ્રહાર



(એજન્સી) તા.૨૯

કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર લોકસભા ચૂંટણી માટે પાર્ટીના ન્યાયપત્ર વિશે વાત કરતી વખતે નાઝી પ્રચાર મંત્રી જોસેફ ગોબેલ્સ પાસેથી પ્રેરણા લેવાનો આરોપ લગાવ્યો હતો. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, સંપૂર્ણ રાજકીય વિજ્ઞાનમાં એમએ કરનાર નરેન્દ્ર મોદીએ ચોક્કસપણે જોસેફ ગોબેલ્સને પ્રચારના મૂલ્ય પર પુસ્તકો વાંચ્યા હશે અને તેમની પાસેથી પ્રેરણા લીધી હશે. તેમણે નોંધ્યું હતું કે ગોબેલ્સે કહ્યું હતું કે જો તમે મહા જૂઠું બોલો છો અને તેને પુનરાવર્તન કરવાનું ચાલુ રાખો છો, તો લોકો આખરે તેના પર વિશ્વાસ કરશે. રમેશે કહ્યું કે તેણે ૧૯૪૧માં એમ પણ લખ્યું હતું કે અંગ્રેજોએ સિદ્ધાંતને અનુસરે છે કે જ્યારે કોઈ જૂઠું બોલે છે, ત્યારે તેણે મહા જૂઠ બોલવું જોઈએ અને તેને વળગી રહેવું જોઈએ. ઉલ્લેખનીય છે કે, ગોબેલ્સ જર્મન શાસક એડોલ્ફ હિટલરના પ્રચાર મંત્રી હતા. કોંગ્રેસના નેતાએ આરોપ લગાવ્યો કે, એક ટીવી ચેનલને તેમના તાજેતરના ઈન્ટરવ્યુમાં વડાપ્રધાને ફરીથી કોંગ્રેસના ન્યાયપત્ર વિશે નિર્લજ્જતાપૂર્વક જૂઠું બોલ્યું છે. તે ફરી એકવાર સાબિત કરે છે કે મોદીનું સૂત્ર હંમેશા 'અસત્યમેવ જયતે' રહ્યું છે. જ્યારે પણ તે બોલે છે ત્યારે તેઓ સત્યની હત્યા કરે છે. કોંગ્રેસે વડાપ્રધાન પર હુમલો કરવા માટે આ હિન્દી કહેવતનો ઉપયોગ કર્યો હતો, "જૂઠ બોલે કૌવા કાટે" અને આરોપ લગાવ્યો કે તેઓ વારસાગત કરના મુદ્દા પર સંપૂર્ણ રીતે પારદર્શક છે. કોંગ્રેસના ન્યાયપત્રમાં વારસાગત કરનો પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ ઉલ્લેખ નથી. કોંગ્રેસના નેતાએ દાવો કર્યો હતો કે ૨૦૧૭ અને ૨૦૧૯ની વચ્ચે મોદી સરકારે આ પ્રસ્તાવ પર ગંભીરતાથી વિચાર કર્યો હતો, તેમના નાણામંત્રીએ પણ જાહેરમાં તેની પ્રશંસા કરી હતી. હવે તેમના ટોચના આર્થિક સલાહકારોમાંના એકે કહ્યું છે કે તેઓ આવક વિતરણ સર્વેક્ષણની તરફેણમાં છે પરંતુ ચૂંટણી પછી !

### જોસેફ ગોબેલ્સ કોણ ?

ગોબેલ્સની કેબિનેટમાં નિમણૂક કરવામાં આવી હતી, તેઓ સત્તાવાર રીતે જાહેર જ્ઞાન અને પ્રચારના નવા બનાવેલા રીક મંત્રાલયના વડા બન્યા હતા. તેઓ એડોલ્ફ હિટલરના સૌથી નજીકના અને સૌથી વધુ સમર્પિત અનુયાયીઓ પૈકી એક હતા, જેઓ જાહેરમાં બોલવામાં તેમની કુશળતા માટે જાણીતા હતા. તેમણે હોલોકોસ્ટમાં યહૂદીઓના સંહાર સહિત તેમની વિરૂદ્ધ કઠોર ભેદભાવની હિમાયત કરી હતી. હિટલરની જેમ, ગોબેલ્સે અરીસાની સામે જાહેરમાં બોલવાની કુશળતાનો અભ્યાસ કર્યો હતો. ગોબેલ્સ સામાન્ય રીતે પૂર્વ-આયોજિત અને કોરિયોગ્રાફ્ડ હાવભાવનો ઉપયોગ કરીને તેમના ભાષણોનું અગાઉથી જ ઝીણવટપૂર્વક આયોજન કરતા હતા, પરંતુ તેઓ તેમના શ્રોતાઓ સાથે સારો સંબંધ બનાવવા માટે તેમની પ્રસ્તુતિને સુધારીને અનુકૂલિત કરવામાં પણ સક્ષમ હતા.

# વારંવાર નફરત ફેલાવતી ગુનેગાર રાધા સેમવાલ ધોનીએ મુસ્લિમ શાકભાજી વિક્રેતાને હેરાન કર્યા

## રાધા સેમવાલ ધોની જે મુસ્લિમો અને ખ્રિસ્તીઓને હેરાન કરવા માટે કુખ્યાત છે તે ફરી એકવાર મુસ્લિમ દ્વારા ચલાવવામાં આવતી શાકભાજીની દુકાનની બહાર યુવાનોના જૂથ સાથે આવી હતી

(એજન્સી) તા.૨૯

ઉત્તરાખંડમાં એક મુસ્લિમ ફળ વિક્રેતાને તેની દુકાનનું નામ લક્ષ્મી રાખવાના બહાના હેઠળ હેરાન કરવામાં આવ્યો હતો. આ ઘટના ધરમપુર ચોક, દેહરાદૂન, ઉત્તરાખંડ ખાતે બની હતી. અત્યંત કટ્ટર હિન્દુ નેતા રાધા સેમવાલ ધોનીએ આ વિક્રેતાની દુકાનની બહાર ભેગા થયેલા લોકોના જૂથનું નેતૃત્વ કર્યું હતું. કથિત રીતે તેની સાથેના માણસો દુકાનનું બેનર ઉતારતા અને દુકાનના ફળ ઉપાડતા જોઈ શકાય છે. સેમવાલ વારંવાર પુરૂષોને તેમના નામ પૂછતી હતી અને આ દુકાન કોની છે તે પૂછતા જોઈ શકાય છે, તે પૂછે છે કે, 'આ દુકાન કોની છે, શું તે હિન્દુની છે ?' અને પછી કહે છે કે, જો તમે મુસ્લિમ છો તો તમે તમારી દુકાન તમારા પોતાના નામ પર રાખો. જો કોઈ તમારી દુકાને આવશે તો નામ જોઈને આવશે. વિક્રેતાએ દાવો કર્યો છે કે, દુકાનનું નામ લક્ષ્મી એટલે રાખ્યું હતું કારણ કે, તેઓએ હિંદુ મકાનમાલિક પાસેથી દુકાન ભાડે લીધી હતી. જૂન ૨૦૨૩માં પણ રાધા સેમવાલ ધોનીએ ફેસબૂક પર લાઈવ સ્ટ્રીમમાં મુસ્લિમ વેપારીઓને નિશાન બનાવ્યા હતા. આ લાઈવ સ્ટ્રીમમાં તેણીએ ચાની ચૂસકી લેતા ત્રણ પુરૂષોને તેમના નામ અને મૂળ સ્થાન વિશે પૂછ્યું હતું. ત્યારબાદ તેણીએ તેમને તેમના ઓળખ દસ્તાવેજો બતાવવાનું કહ્યું હતું. તેણી તેમની પાસેથી તેમના દસ્તાવેજો છીનવી લે છે અને કેમેરા પર બતાવે છે, તેણી ભાડાનું પ્રમાણપત્ર પણ માંગે છે અને તે દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો કે, આ માણસોએ સ્થાનિક લોકો પાસેથી પૈસાની રકમ માટે રહેવાની જગ્યાઓ ભાડે આપીને તેમના ગામોમાં 'આક્રમણ' કર્યું હતું અને જણાવ્યું હતું કે, હવે મારે તેમની સામે ફરિયાદ કરવી પડશે, નહીં તો આપણે તેમની બહુ-બેટીને તેમની સાથે મોકલવી પડશે.



તેણીએ તેના મૂળ સ્થાન વિશે જૂઠું બોલવાનો આરોપ મૂકીને તેમાંથી એક માણસને બહાર કાઢ્યો હતો. તેણીએ તે જોવાની માંગ કરી કે તે શું વેચે છે અને જ્યારે તેણે સમજાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે રાધાએ તેને ધમકી આપી કે, જો તું મારી સામે જૂઠું બોલશે તો હું તને આ કિનારેથી ધકેલી દઈશ. પોતાને 'સનતની' ગણાવતી સેમવાલના ઈન્સ્ટાગ્રામ પેજ પર ૩૧,૦૦૦થી વધુ ફોલોઅર્સ છે. તેણી પોતાને 'ઉત્તરાખંડના રક્ષક કહે છે જે દેવતાઓની ભૂમિ છે.' ધોની તેની ફેસબૂક પ્રોફાઈલ પર લઘુમતીઓ સાથેના તેના મુકાબલાના વીડિયો ગર્વથી શેર કરે છે. તેણીની રણનીતિમાં નાનાપાયે મુસ્લિમ વેપારીઓ, ખાસ કરીને હેકરોને નિશાન બનાવવાનો સમાવેશ થાય છે. વધુમાં તેણીએ વીડિયો અપલોડ કર્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, સમગ્ર ઉત્તરાખંડમાં મઝાર (મુસ્લિમ ધર્મસ્થાનો) ગેરકાયદેસર છે અને સરકારી જમીનો પર અતિક્રમણ કર્યું છે. દેશમાં હિંદુઓ પર હુમલા થઈ રહ્યા છે.

સબરંગ ઈન્ડિયાએ ગયા વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૩માં ઉત્તરાખંડના દેહરાદૂનના ઝાજરા જિલ્લામાં ત્રણ ખ્રિસ્તીઓ સાથે મૌખિક અને શારીરિક શોષણ દર્શાવતા સોશિયલ મીડિયા પર એક વિચલિત વીડિયો વિશે અહેવાલ આપ્યો હતો. આ વીડિયોમાં હિન્દુત્વ જૂથના નેતા રાધા સેમવાલ ધોની પણ છે, તે ખ્રિસ્તીઓ સાથે મૌખિક રીતે દુર્વ્યવહાર કરે છે અને શારીરિક રીતે હુમલો કરે છે, તેમના પર લોકોનું બળજબરીથી ધર્માંતરણ કરવાનો આરોપ મૂકે છે. આ વીડિયોમાં ધોની યુવાનોને મારતા જોઈ શકાય છે. પોલીસ પણ ખ્રિસ્તીઓના જૂથની પૂછપરછ કરતી હોય તેવું લાગે છે કારણ કે, સેમવાલ અધિકારીઓને કહે છે કે, આ ખ્રિસ્તીઓને પોલીસ સ્ટેશન લઈ જવાની જરૂર છે. વધુમાં તેણીએ એમ પણ જણાવ્યું હતું કે, તે પુરૂષોને સ્ટેશન પર લઈ જવા માટે પોલીસનો પણ સાથ આપશે અને પુરાવા માટે તેમના મોબાઈલ ફોન પણ સબમિટ કરશે. ધ ક્વિન્ટના એક અહેવાલ મુજબ તેણીએ ભાજપ પર 'યોગ્ય કામ ન કરવા'નો આરોપ લગાવ્યો છે. તેણીએ હિંદુ ડેરી ખેડૂતો પર પણ હુમલો કર્યો છે અને તેમના પર પણ ગોહત્યાનો આરોપ લગાવ્યો છે અને તે કહે છે કે, આ જુઓ, હિંદુઓ હવે ગાયોને મારવા લઈ જઈ રહ્યા છે. આ અફઘાનિસ્તાન નથી.

### જિલ્લા રામબનની તમામ શાળાઓ બંધ રહેશે

# કાશ્મીરમાં ભારે વરસાદ વચ્ચે ભૂસ્ખલન

## જ્યાં સુધી હવામાન સુધરે અને રસ્તો સાફ ન થાય ત્યાં સુધી લોકોને NH-44 પર મુસાફરી કરવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે

(એજન્સી) શ્રીનગર, તા.૨૯

મેદાની વિસ્તારોમાં આકરી ગરમી વચ્ચે પહાડોમાં ભારે વરસાદ ચાલુ છે. હવે વરસાદે સામાન્ય જનજીવન ખોરવ્યું છે. ભારે વરસાદને કારણે અનેક જગ્યાએ ભૂસ્ખલન થયું છે. જેના કારણે કિશ્તવાડ વિસ્તારમાં જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે.જ્યાં સુધી હવામાનમાં સુધારો ન થાય અને રસ્તો સાફ ન થાય ત્યાં સુધી લોકોને NH-44 પર મુસાફરી કરવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલી સૂચનાઓ મુજબ, વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે ખરાબ હવામાન અને ભારે વરસાદને કારણે આજે, ૨૯ એપ્રિલ, જિલ્લા રામબનની તમામ શાળાઓ બંધ રહેશે. જો કે પરીક્ષા રદ કરવામાં આવશે નહીં.રામબન જિલ્લામાં ઘણી જગ્યાએ ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને પથ્થરો પડવાને કારણે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે બ્લોક થઈ ગયો હતો. ખરાબ હવામાનને કારણે જિલ્લાની તમામ શાળાઓ બંધ રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે પણ સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે અને મધ્યમ વરસાદ પડશે.સ્કાયમેટ અનુસાર, પશ્ચિમ હિમાલયમાં ૨૯ એપ્રિલ સુધી હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની સંભાવના છે, સાથે જ કેટલીક જગ્યાએ ભારે વરસાદની સંભાવના છે. જો કે આ પછી પણ હળવો વરસાદ ચાલુ રહેશે.



# IAS અધિકારી બનવા ચોથા પ્રયત્નમાં મહિલાએ UPSC પરીક્ષા પાસ કરી, તેનો અખિલ ભારતીય ક્રમાંક ૧૭ હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

એવું કહેવાય છે કે જો વ્યક્તિ તેના નિર્ણય પર અડગ હોય અને સફળ થવા માંગતી હોય તો કોઈ પણ તેને તેના માર્ગ પર ચાલતા અટકાવી શકતું નથી. પછી ભલે તે તેનો ઉછેર, શૈક્ષણિક ઈતિહાસ અથવા સંસાધનો અને આસપાસના લોકો હોય. અહીં આપણે ઉત્તરાખંડના ઋષિકેશના નમામી બંસલ વિશે વાત કરી રહ્યા છીએ. નમામીના ઘરમાં નાગરિક સેવાઓમાં કારકિર્દી બનાવવા માટે અનન્ય વાતાવરણ અથવા પ્રેરણા ન હતી; જો કે, તેણે સતત તેના શિક્ષણને ગંભીરતાથી લીધુ. તેણે શાળામાં હંમેશા સારો દેખાવ કર્યો હતો, લગભગ દરેક



વિષયમાં સારા ગ્રેડ મેળવ્યા હતા. તેવી જ રીતે સિવિલ સર્વિસમાં પ્રવેશવાના ત્રણ નિષ્ફળ પ્રયત્નો પછી પણ તેણે ક્યારેય હાર માની નહીં અને ચોથા પ્રયત્નમાં અખિલ ભારતીય ક્રમાંક ૧૭ સાથે UPSC પરીક્ષા પાસ કરી. નમામીએ પ્રારંભિક શાળાકીય શિક્ષણ મેળવ્યું હતું અને તેનો જન્મ ઋષિકેશમાં થયો હતો. ત્યારબાદ તેણે દિલ્હીની લેડી શ્રી રામ કોલેજમાંથી સ્નાતક પૂર્ણ કર્યુ, જ્યાં તેણે અર્થશાસ્ત્રમાં સન્માનની ડિગ્રી મેળવી. સ્નાતક થયા પછી તેણે થોડો સમય કામ કર્યું અને પછી અજાણ્યા કારણોસર તેણે UPSCની તૈયારી શરૂ કરી. નમામીની UPSC સફર મુશ્કેલ હતી અને સફળ થવામાં તેને ઘણાં વર્ષો લાગ્યાં, પરંતુ તેણે ક્યારેય હાર માની નહીં. આખરે તેના ચોથા પ્રયત્નમાં IAS પદ માટે તે પસંદગી પામી.

# એક મહિલા જેના પિતાને તેણીને IAS અધિકારી બનાવવાની મહત્ત્વાકાંક્ષા હતી દિવસમાં ૧૧ કલાક અભ્યાસ કરી UPSC પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

પૂર્વી નંદાની IRS અધિકારી બનવાની સફર એક સફળતાની પ્રેરણાદાયી વાર્તા છે જે ઘણાંને પ્રેરણા આપે છે. ઉદયપુરની રહેવાસી પૂર્વીએ નેશનલ લો યુનિવર્સિટીમાંથી સ્નાતકની પદવી મેળવી અને પ્રતિષ્ઠિત સિવિલ સર્વિસ પરીક્ષામાં સ્થાન મેળવ્યું. તેને IAS અધિકારી તરીકે જોવાના તેના પિતાના સ્વપ્નએ તેને UPSC પરીક્ષાની તૈયારી કરવા પ્રેરિત કરી. ઘણા મહત્ત્વાકાંક્ષી UPSC ઉમેદવારો કોચિંગ ક્લાસ પસંદ કરે છે, પૂર્વીએ એક અલગ રસ્તો પસંદ કર્યો. તે સ્વતંત્ર અભ્યાસમાં વિશ્વાસ કરતી હતી અને પરીક્ષાની તૈયારી માટે દરરોજ ૧૦થી ૧૧ કલાક ફાળવતી હતી. તે પાછલાં વર્ષોના પ્રશ્નપત્રો ઉકેલતી, જેણે તેને પરીક્ષાની પદ્ધતિ સમજવામાં અને તેના જ્ઞાન



આધારને સુધારવામાં મદદ કરી. ૨૦૨૦ની UPSC પરીક્ષામાં પૂર્વીએ અખિલ ભારતીય ક્રમાંક ૨૨૪ મેળવ્યો ત્યારે તેના નિશ્ચય અને મહેનતનું ફળ મળ્યું. જો કે તેણે IAS અધિકારી બનવાનું પોતાનું લક્ષ્ય હાંસલ કર્યું ન હતું, તેમ છતાં તેની સફળતા પ્રશંસનીય હતી. પૂર્વીએ હાલમાં IRSમાં જોડાવાનું નક્કી કર્યુ પરંતુ જ્યાં સુધી તે IAS અધિકારી નહીં બની ત્યાં સુધી તૈયારી કરવાનું ચાલુ રાખ્યું અને તેને આવકવેરા વિભાગમાં સહાયક કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવી. પૂર્વીની વાર્તા એવા લોકો માટે પ્રેરણારૂપ છે જેઓ માને છે કે UPSC પરીક્ષા પાસ કરવાનો એકમાત્ર રસ્તો કોચિંગ ક્લાસ છે. તેની સફળતા સાબિત કરે છે કે યોગ્ય માનસિકતા અને અભિગમ સાથે કોઈપણ વ્યક્તિ તેના લક્ષ્યોને પ્રાપ્ત કરી શકે છે. પૂર્વીએ એક પુસ્તક પણ લખ્યું છે, બીહાઈન્ડ ધ સીનઃ ધ અનટોલ્ડ સ્ટોરીઝ ઓફ UPSC એસ્પિરન્ટ્સ, જે UPSC ઉમેદવારો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોની સમજ આપે છે.

# ભારતીય પ્રતિભાશાળી વ્યક્તિ જે IIT, IIM, IIIT, NITમાંથી નથી, તેમને જંગી પગાર પેકેજ સાથે જોબ ઓફર કરવામાં આવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

૨૦૨૧માં બેંગલુરૂની PES યુનિવર્સિટીમાંથી કોમ્પ્યુટર સાયન્સ સ્નાતકને યુ.એસ સ્થિત કોર્પોરેશન કન્ફ્લુઅન્ટ તરફથી પ્રભાવશાળી નોકરીની ઓફર મળી. કોમ્પ્યુટર સાયન્સ ટેક્નોલોજીની ડિગ્રી સાથે એન્જિનિયરિંગ સ્નાતક સારંગ રવિન્દ્રનને ૧.૫ કરોડ રૂપિયાની જોબ ઓફર કરવામાં આવી હતી. સારંગના મોટા ભાઈ અને તેમનો પરિવાર બાંધકામ કામદારો હતા, તેથી તેઓ બંને સોફ્ટવેર ડેવલપમેન્ટમાં ઊંડો રસ ધરાવતા હતા. સારંગે તેના અભ્યાસમાં અસાધારણ રીતે સારો દેખાવ કર્યો હોવા છતાં, તે, તેનો પરિવાર અને PES યુનિવર્સિટી વહીવટીતંત્ર નોકરીની ઓફરથી આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

સારંગ રવિન્દ્રન અનુસાર, તેને પ્રથમ ચાર મહિનામાં એક પણ નોકરીની ઓફર



મળી નહોતી. ડેક્કન હેરાલ્ડ દ્વારા સારંગને કહેતા નોંધવામાં આવ્યું હતું કે, પહેલી ઓફર નવેમ્બરમાં આવી અને જ્યાં હું ઈન્ટર્નિંગ કરી રહ્યો હતો તે કંપનીને મેં જાણ કરી. કંપનીએ ઝડપથી ઈન્ટરવ્યુની વ્યવસ્થા કરી અને તરત જ મને નોકરીએ રાખ્યો. સારંગ રવિન્દ્રને કુમારનની શાળામાં પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ પૂરો કર્યા પછી જયનગરની RV PU કૉલેજમાં તેનું II PUC પૂર્ણ કર્યું. સારંગે દાવો કર્યો હતો કે, પ્લેસમેન્ટનું વર્ચ્યુઅલ સ્વરૂપ પડકારજનક હતું કારણ કે તેને રોગચાળા દરમિયાન તેનું પ્લેસમેન્ટ મળ્યું હતું.

જેમ જેમ ઈન્ટરવ્યુ વર્ચ્યુઅલ રીતે લેવામાં આવ્યા હતા, વધુ લોકો પ્લેસમેન્ટ સત્રોમાં હાજરી આપતા. ભૌતિક પ્લેસમેન્ટની તુલનામાં કેમેરાને જોઈને પેનલ સાથે વાતચીત કરવી વધુ મુશ્કેલ હતું. તેણે કહ્યું, સોફ્ટવેર એન્જિનિયર હોવા ઉપરાંત, સારંગ રવિન્દ્રન તબલા વાદક પણ છે. જો સોફ્ટવેર એન્જિનિયર ન હોત તો હું તબલા કલાકાર હોત. મારી દાદી શાસ્ત્રીય ગાયિકા અને અખિલ ભારતીય રેડિયોમાં કલાકાર હતી.

# IIT, IIMમાં ભણેલી મહિલાએ પ્રથમ પ્રયત્નમાં UPSC પાસ કરવા માટે આકર્ષક નોકરી છોડી, IPS પછી IAS બની, તેનો અખિલ ભારતીય ક્રમાંક ૬૮ હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

ભારતમાં સૌથી અઘરી પરીક્ષાઓમાં UPSC, ત્યારબાદ IIT માટે જેઈઈ અને IIM માટે CATનો સમાવેશ થાય છે અને એક અસાધારણ વ્યક્તિ છે જેણે આ ત્રણેય પરીક્ષા પાસ કરી છે અને હવે IAS અધિકારી તરીકે કામ કરે છે. આપણે વાત કરી રહ્યા છીએ હરિયાણાના રેવાડીની IAS અધિકારી દિવ્યા મિત્તલની. તેણે પ્રતિષ્ઠિત IIT દિલ્હીમાંથી એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી હતી. પછી તેણે IIM બેંગ્લોરમાંથી MBA કર્યું. ત્યારબાદ તેને લંડનમાં ઉચ્ચ પગારની નોકરી મળી. જો કે, તેણે તેના UPSC સ્વપ્નને સાકાર કરવા માટે તે નોકરી છોડી દીધી અને તેના પતિ



ગગનદીપ સિંહ સાથે ભારત આવી ગઈ. તેણે કોચિંગ વગર પ્રથમ પ્રયત્નમાં UPSC પાસ કરી અને IPS બની. ત્યારબાદ બીજા પ્રયત્નમાં તેણે ૨૦૧૨ UPSC CSEમાં અખિલ ભારતીય ક્રમાંક ૬૮ મેળવી અને અંતે IAS બની. અગાઉ ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ (DM) તરીકે પોસ્ટ કરવામાં આવી હતી, દિવ્યા હાલમાં સંત કબીર નગર જિલ્લાની DM છે. તેના પતિ ગગનદીપ સિંહે પણ UPSC પાસ કર્યું છે અને કાનપુરમાં IAS તરીકે સેવા આપી રહ્યા છે. ઉમેદવારોને તેમની સલાહમાં દિવ્યાએ શૈક્ષણિક ધ્યેયો હાંસલ કરવામાં ધ્યાન અને નિશ્ચયના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો. તેણે ઉમેદવારોને તેમના ફોનના ઉપયોગ અને એપ્લિકેશનની ટેવને ઓછો ઉપયોગ કરવા વિનંતી કરી.

### સુરતના કોંગ્રેસના નેતા અસલમ સાયકલવાલાએ મુખ્ય ચૂંટણી કમિશનરને કરી રજૂઆત

# કોંગ્રેસના મેનિફેસ્ટોની મુસ્લિમોના સંદર્ભમાં ખોટી રજૂઆત અને આચારસંહિતાના ઉલ્લંઘન બદલ સી.આર. પાટીલ સામે તત્કાલ પગલાં લો

### પાટીલનું ભાષણ બે જૂથ અને ધર્મો વચ્ચે દુશ્મનાવટ અને વિસંગતતા ઊભી કરી ભાજપના વોટને સુરક્ષિત કરવા માટે છે

અમદાવાદ, તા.૨૯

નવસારી લોકસભાના ભાજપના ઉમેદવાર અને ગુજરાતના અધ્યક્ષ સી.આર. પાટીલ સામે કોંગ્રેસના મેનિફેસ્ટોની ખોટી રજૂઆત સાથે ભાષણ આપવા બદલ અને કોંગ્રેસ મુસ્લિમોને મિલકતો આપશે તેવું કહેવા બદલ તેમજ આદર્શ આચારસંહિતાનું ઉલ્લંઘન કરી ધર્મના આધારે મત માગવા માટે તાત્કાલિક પગલાં લેવા સુરતના કોંગ્રેસના નેતા અસલમ સાયકલવાલાએ મુખ્ય ચૂંટણી કમિશનરને રજૂઆત કરી છે. સુરતના કોંગ્રેસના નેતા અસલમ સાયકલવાલાએ મુખ્ય ચૂંટણી કમિશનરને રજૂઆત કરી છે કે ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના દિયોદર ખાતે યોજાયેલી રેલીમાં સી.આર. પાટીલે પોતાના ભાષણમાં કહ્યું છે કે કોંગ્રેસ મેનિફેસ્ટોમાં કહે છે કે કોંગ્રેસ પાર્ટી મુસ્લિમોને મિલકતો આપશે. સી.આર. પાટીલ દ્વારા આપવામાં આવેલ આ ભાષણ તદ્દન ખોટું અને બનાવટી છે. કોંગ્રેસ પાર્ટીના આખા મેનિફેસ્ટોમાં મુસ્લિમ શબ્દનો કોઈ ઉલ્લેખ નથી. ઉપરાંત તેમણે મુસ્લિમોને ઘૂસણખોર ગણાવ્યા હતા. આ ભાષણ ખતરનાક છે અને મુસ્લિમો પર સીધો હુમલો છે. ઉપરાંત તે બંધારણનું સન્માન કાયદાનું પાલન કરતા ભારતીય નાગરિકો તેમજ ભારતના મુસ્લિમ સમુદાયના લોકોની લાગણીઓને ઠેસ પહોંચાડે છે. સી.આર. પાટીલ દ્વારા આપવામાં આવેલ ભાષણ માત્ર તે બે જૂથો અને ધર્મો વચ્ચે દુશ્મનાવટ અને વિસંગતતા ઉભી કરીને તેમના વોટને સુરક્ષિત કરવા માટે છે. તદુપરાંત, મુસ્લિમ સમુદાયને બદનામ કરવા માટે આ વકતવ્ય આપવામાં આવ્યું હતું આજકાલ માત્ર તેમના ધર્મના આધારે સમગ્ર મુસ્લિમ સમુદાયને બદનામ કરવાનો એક ટ્રેન્ડ બની ગયો છે. આવા ભાષણો અને કૃત્યો સામે પગલાં લેવા જોઈએ. ઉપરોક્ત ભાષણ લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ હેઠળ પ્રતિબંધિત છે, લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમની ૯૫૧ ની કલમ ૧૨૩ (૩) સ્પષ્ટપણે જણાવે છે કે, કોઈપણ પક્ષ કે ઉમેદવાર અથવા ઉમેદવારના એજન્ટને ધર્મ, જાતિ, સમુદાય અથવા ભાષાના આધારે મત માટે અપીલ કરવાની મંજૂરી નથી. સી.આર. પાટિલનું ભાષણ સ્પષ્ટપણે કહે છે કે ભારતના બધા મુસ્લિમો 'ઘૂસણખોરો' છે. તેથી, સી.આર. પાટિલે સ્પષ્ટ રીતે ૧૯૫૧ની જોગવાઈ (૧૨૩ (૩))નું ઉલ્લંઘન કર્યું છે. ઉપરાંત, સી. આર. પાટીલે આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યું છે જે સ્પષ્ટપણે કહે છે કે કોઈપણ પક્ષ કે ઉમેદવાર એવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ થશે નહીં જે હાલના મતભેદોને વધારી શકે અથવા પરસ્પર દ્વેષ પેદા કરી શકે અથવા વિવિધ જાતિઓ અને સમુદાયો વચ્ચે તણાવ પેદા કરી શકે.

વધુમાં, ભારતીય બંધારણની પ્રસ્તાવના સ્પષ્ટપણે જણાવે છે કે "અમે ભારતના લોકો", તેમાં તમામ લોકોનો સમાવેશ થાય છે જેમ કે હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ, જૈન, શીખ વગેરે આમ અમે મુસ્લિમ લોકો ઘૂસણખોર નથી. ભારતના બંધારણે દેશના તમામ નાગરિકોને સમાન અધિકારો આપ્યા છે. તેથી મુસ્લિમ આસ્થાનું પાલન કરતા લોકો ઘૂસણખોર નથી અને દેશમાં રહેતા તમામ લોકોની જેમ સમાન અધિકાર ધરાવે છે. સી. આર. પાટીલે આપેલું ભાષણ સ્પષ્ટપણે મુસ્લિમ સમુદાય વિરુદ્ધ અને ભારતીય બંધારણની ભાવના વિરુદ્ધ હતું. પાટિલ પણ ભારતીય બંધારણની નજરમાં ભારતના નાગરિક છે અને ભારતીય બંધારણ જણાવે છે કે તમામ લોકો કાયદાની નજરમાં એક છે. ઉપરાંત, ભારત કાયદાના નિયમનું પાલન કરે છે તેમ જણાવી આ અંગે તત્કાલ કાર્યવાહી કરવા માંગ કરી છે.

## ચૂંટણી પંચ સમક્ષ કરાઈ વિવિધ માગણીઓ

### મુસ્લિમોને ઘૂસણખોર કહી અપમાન કરવા બદલ પાટીલને જાહેરમાં માફી માંગવા દિશા નિર્દેશ આપો

૧. સી.આર. પાટીલ વિરુદ્ધ કલમ ૧૨૩ (૩) ૮૧૩A તેમજ આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘન બદલ ભારતીય ચૂંટણી પંચ તરફથી નોટિસ જારી કરવી આવશ્યક છે.

૨. સી.આર. પાટીલ વિરુદ્ધ કલમ ૧૨૩ (૩) ૮૧૩A અને MCC માર્ગદર્શિકાના ઉલ્લંઘન બદલ ૧૦ દિવસો સુધી પ્રચાર કરવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

૩. ચૂંટણી પંચે સી.આર. પાટીલને મુસ્લિમોનું અપમાન કરવા અને તેઓને ઘૂષણખોરો કહેવા બદલ અને દેશમાં અરાજકતા ફેલાય તેવું બોલવા બદલ નાગરિકોની જાહેર માફી માંગવા માટે દિશાનિર્દેશો આપવા જોઈએ.

૪. ચૂંટણી પંચે દેશમાં અરાજકતા ફેલાવવા અને લોકોની ધાર્મિક લાગણીઓનું અપમાન કરવા બદલ પક્ષોને આ પ્રકારના શબ્દોનો ઉપયોગ કરતાં રોકવા માટે દિશાનિર્દેશો આપવા જોઈએ.

૫. રાજ્યના DGPને ઈન્ડિયન પિનલ કોડના સેક્શન ૧૫૩A, ૨૯૫A, ૨૯૮ મુજબ નરેન્દ્ર મોદી વિરુદ્ધ FIR દાખલ કરવા માટે આદેશ આપવો જોઈએ, કારણ કે સી.આર. પાટીલ દ્વારા આપવામાં આવેલ ભાષણ એ સ્પષ્ટ રીતે હેટ સ્પીચનો કેસ છે જેના માટે સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં આવા કેસોમાં સુઓમોટો કેસ દાખલ કરવાનો આદેશ આપ્યો છે.

૬.IPCના સેક્શન ૪૯૯ મુજબ અયોગ્ય રીતે અને ખાસ કરીને ખોટા આક્ષેપો દ્વારા એક પક્ષને બદનામ કરવા માટે સી.આર. પાટીલ વિરુદ્ધ બદનક્ષીનો કેસ નોંધવા માટે આદેશ આપવા જોઈએ.

# અમરેલી : ચાલુ એસ.ટી. બસમાં મહિલા કન્ડક્ટરનો વીડિયો ઉતારનાર આવારા શખ્સને ૧૮૧ અભયમ ટીમે પાઠ ભણાવ્યો

અમરેલી, તા.૨૯

અમરેલીમાં એસ.ટીના મહિલા કંડેક્ટરે ૧૮૧માં કોલ કરી જણાવેલ કે તેઓ રાજુલા-રાજકોટ રૂટની બસમાં અમરેલી બસ સ્ટેશનમાં આવી રહ્યાં છે. તેઓને બસમાં એક આવરા શખ્સ પંજવણી કરે છે, જેથી તાત્કાલિક મદદની જરૂર છે, આથી આ માહિતી મળતાની સાથે જ તુરંત જ અમરેલી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમના કાઉન્સેલર હીના પરમાર, જીઆરડી કાજલબેન પરમાર તથા પાયલોટ જગદીશભાઈ મોરે સ્થળ પર પહોંચીને આ પીડિતા સાથે વાતચીત કરી સાંત્વના આપી પરામર્શ કરતા તેઓએ જણાવેલ કે તેઓ એક મહિલા કંડેક્ટર તરીકે ફરજ બજાવે છે, તેઓ બસમાં ટિકિટ કાપતા હતા તે દરમ્યાન એક આવારા વ્યક્તિ દ્વારા તેઓના છુપાઈ ફોટા તથા વીડિયો ઉતારવામાં આવ્યા હતા ત્યારબાદ મહિલાનું ધ્યાન પડતા તે શખ્સને જાણ થતા ડિલીટ કરવાનું કહેતા તે વ્યક્તિ દ્વારા અપશબ્દો બોલી ગેરવર્તન કરવામાં આવેલ હતું. જેથી ૧૮૧ ટીમ દ્વારા આ આવારા વ્યક્તિનો ફોન તપાસ કરતા હકીકતમાં મહિલા કંડેક્ટરના ફોટો તથા વિડિયો જોવા મળ્યા હતા જેથી ટીમ દ્વારા તે વ્યક્તિને કડક શબ્દોમાં કાયદાકીય માહિતી આપી કાયદાનું ભાન કરાવ્યું હતું. આથી તે વ્યક્તિ દ્વારા મહિલા પાસે માફી માંગી હતી પરંતુ આ પીડિત મહિલા કંડક્ટર દ્વારા જણાવેલ કે તેઓને તે વ્યક્તિને સબક શિખાડવો છે, જેથી અન્ય કોઈ મહિલા સાથે આવું વર્તન ના કરે તેમજ બનાવ ના બને જેથી ૧૮૧ અભયમ ટીમ દ્વારા આ મહિલાને અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં લઈ જઈને આ બનાવ અંગે ત્યાં સ્ટેશનમાં જાણ કરી તેમજ મહિલાના ઈચ્છા મુજબ પોલીસ સ્ટેશનમાં અરજી કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આમ, ૧૮૧ ટીમ દ્વારા આવારાગીરી કરતા વ્યક્તિને કાયદાના પાઠ ભણાવી પ્રશસનીય કામગીરી કરવામાં આવી હતી.

# મિત્રના લગ્નમાં હાજરી આપી પરત ફરતો યુવક રાણિયા ગામ પાસે બાઈક સાથે ગટરમાં ખાબકતાં મોતને ભેટ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના ભાદરવા સાકરદા રોડ ઉપર રાણિયા ગામ પાસે વહેલી સવારે રહસ્યમય અકસ્માતમાં ભાદરવા ગામના યુવાનનું અકસ્માતમાં કરૂણ મોત નિપજ્યું હતું. પોલીસે યુવાનનો મૃતદેહ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે. તે સાથે અકસ્માતના બનાવનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ શરૂ કરી છે. આ બનાવે ભાદરવા ગામ સહિત આસપાસના ગામોમાં ચકચાર જગાવી મૂકી છે.



મળેલી માહિતી પ્રમાણે સાવલી તાલુકાના ભાદરવા ગામમાં રહેતો ૧૯ વર્ષીય મયુરસિંહ મહેન્દ્રસિંહ ભૂમેલા મંજુસર જીઆઈડીસીમાં ખાનગી કંપનીમાં નોકરી કરે છે. મયુરસિંહ વડોદરા નજીક આવેલા શેરખી ગામમાં મોડી સાંજે મિત્રના લગ્નમાં ગયો હતો. મિત્રના લગ્નમાં હાજરી આપીને વહેલી સવારે પરત ભાદરવા ફરી રહ્યો હતો. દરમિયાન ભાદરવા અને સાકરદા ગામની વચ્ચે આવેલ રાણિયા ગામ પાસેની ગટરમાં પોતાના બાઈક સાથે પટકાયો હતો. જેમાં તેનું સ્થળ પર કરુણ મોત નીપજ્યું હતું.

આજે સવારે આ રોડ પરથી પસાર થઈ રહેલા વ્યક્તિએ બનાવની જાણ ભાદરવા પોલીસને કરતા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને લાશનો કબજો લઈ સ્થળ ઉપરથી મળેલી મોટર સાઈકલના નંબરના આધારે લાશની ઓળખ કરવા માટે તપાસ શરૂ કરી હતી. દરમિયાન રહસ્યમય અકસ્માતમાં મોતને ભેટેલ યુવાન ભાદરવા ગામનો મયુરસિંહ ભૂમેલા હોવાનું બહાર આવ્યું હતું.

દરમિયાન ભાદરવા પોલીસે બનાવની જાણ તેના પરિવારજનોને કરતા પરિવારજનો પણ દોડી આવ્યા હતા. પરિવાર મયુરસિંહની લાશ જોતા પરિવાર સ્તબ્ધ થઈ ગયું હતું. આ બનાવને પગલે મયુરસિંહના ગામમાં રહેતા મિત્રો, શુભેચ્છકો તેમજ કુટુંબીજનો પણ દોડી આવ્યા હતા. મયુરસિંહના મોતથી પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા હતા. પરિવારજનોના હૈયાફાટ રૂદને ગામમાં સન્નાટો પાથરી દીધો હતો.

# વડોદરાના દરજીપુરા પાંજરાપોળની જમીન પર ભાજપના કોર્પોરેટરના કબજાનો દાવો કોર્ટે ફગાવ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

પાંજરાપોળની પાછળ જમીન ખરીદ્યા બાદ કોર્પોરેટર રાજેશ દલસુખ પ્રજાપતિએ પાંજરાપોળની જમીનમાંથી રસ્તો કાઢવાના વિવાદમાં પાંજરાપોળની જમીન પર ભાજપના કોર્પોરેટરનો કબજાનો દાવો કોર્ટે ફગાવી દીધો છે. કેસની વિગત એવી છે કે દરજીપુરામાં વડોદરા પાંજરાપોળની ૧,૪૦૦ એકરથી વધુ જમીન આવેલી છે, જ્યાં સેંકડોની સંખ્યામાં પશુઓની દેખભાળ રાખવામા આવી રહી છે. આ જમીન ઉપર હાલમાં પણ અનેક ગણોતિયાઓનો કબજો છે. દરમિયાન, પાંજરાપોળની જમીનની પાછળ જ વડોદરાના ગોરવા વિસ્તારના ભાજપાના કોર્પોરેટર રાજેશ દલસુખ પ્રજાપતિએ જમીન ખરીદી હતી. પોતાની જમીનમાં આવવા-જવા માટે રાજેશ પ્રજાપતિએ પાંજરાપોળની જમીનમાંથી રસ્તો કાઢ્યો હતો અને ફેન્સિંગ કરીને ઝાંપો પણ મૂકી દીધો હતો. આ મામલે પાંજરાપોળના ટ્રસ્ટીઓએ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો, જેમાં પોતાની જમીનમાં આવવા-જવા માટે પાંજરાપોળની જમીનમાંથી રસ્તો કાઢ્યો છે તે કાયદેસર છે અને નકશા પ્રમાણે છે તેવો દાવો રાજેશ પ્રજાપતિએ કર્યો હતો. જો કે પાંજરાપોળના ટ્રસ્ટીઓએ જૂના નકશાઓ કોર્ટ સમક્ષ લાવીને સાબિત કરી આપ્યું હતું કે રાજેશ પ્રજાપતિની જમીનમાં આવવા જવા માટે નાળિયો રસ્તો છે, નહી કે પાંજરાપોળની જમીનમાંથી. આ તથ્યને ધ્યાનમાં રાખીને કોર્ટે પાંજરાપોળની તરફેણમાં ચુકાદો આપીને રાજેશ પ્રજાપતિનો દાવો ફગાવી દીધો છે.

# અમરેલી જિલ્લામાં મતદાન જાગૃતિ અર્થે 'રન ફોર વોટ' કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા.૨૯

અમરેલી લોકસભા બેઠક પર આગામી તા.૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન પ્રક્રિયા યોજાશે. જિલ્લામાં ગત લોકસભાની ચૂંટણી કરતાં વધુ મતદાન થાય તેવા હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી પંચના સઘન અભિયાન અંતર્ગત મતદાન જાગૃત્તિ દોડ (રન ફોર વોટ)નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના સુચારૂં આયોજન માટે ખર્ચ અને ટર્ન આઉટ ઈમ્પિલિમેન્ટેશન પ્લાન (TIP) નોડલ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા કક્ષાનો સૂચિત કાર્યક્રમ આગામી તા.૪ મે, ૨૦૨૪ના રોજ શનિવારે સાંજે ૬.૦૦ કલાકથી ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાનમાં યોજવા માટે તૈયારીઓ હાથ ધરવામાં આવશે. ખર્ચ અને ટર્ન આઉટ ઈમ્પિલિમેન્ટેશન પ્લાન (TIP) નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીએ કહ્યુ કે, ચૂંટણી પંચના દિશા નિર્દેશ મુજબ મતદાર જાગૃત્તિલક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. રન ફોર વોટ એ કાર્યક્રમમાં શહેરના મુખ્ય માર્ગો પરથી દોડ પસાર થશે. પ્રાંત અધિકારીઓ દ્વારા સંબંધિત તાલુકા અને તે વિસ્તારમાં સમાવિષ્ટ નગરપાલિકાઓને આ કાર્યક્રમના આયોજન અંગે માર્ગદર્શન આપશે. તાલુકા કક્ષાએ તાલુકા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા આ દોડનું આયોજન કરવામાં આવશે. આ દોડમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મચારીઓ, નાગરિકો, સ્વૈચ્છિક સંગઠનો, વેપારી મંડળો, મહિલાઓ, યુવાનો સહિતના જોડાશે. આ બેઠકમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, આદર્શ આચારસંહિતા સમિતિના નોડલ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, ધારી પ્રાંત અધિકારી, બગસરા પ્રાંત અધિકારી સહિતના વિવિધ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### લોકસભા ચૂંટણીનો પ્રચાર કરવા ગયેલ

# ભાજપના ઉમેદવારને ઊભરાતી ગટરથી ત્રાહિમામ્ સ્થાનિક દંપતીની રજૂઆત

### જો કે દંપતીની રજૂઆતની ભાજપના ઉમેદવાર પર કોઈ અસર જોવા મળી ન હતી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

લોકસભાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો દ્વારા પ્રચારનું જોર વધારી દેવામાં આવ્યું છે. ગત મોડી સાંજે વડોદરામાં પોતાના પ્રચારમાં નીકળેલા ભાજપના ઉમેદવારને ગટરની સમસ્યાથી ત્રાહિમામ દંપતીની રજૂઆતનો સામનો કરવાનો વખત આવ્યો હતો. સ્થાનિક અગ્રણીઓને કહ્યું કે, પાંચ વર્ષથી આ ગટર ઉભરાય છે. ઘણી રજૂઆતો કરી પણ કોઈ સાંભળતું નથી. આનું કાઈક કરાવો ને...!!



વાડી વિસ્તારમાં પ્રચારમાં નીકળેલા ભાજપના ઉમેદવારને સ્થાનિક દંપતીએ ઊભરાતી ગટર બતાવી રજૂઆત કરી હતી તે વેળાની તસવીર (તસવીર : અતિક શેખ, વડોદરા)

વડોદરા લોકસભાના ભાજપના ઉમેદવાર હેમાંગ જોશી ગત મોડી સાંજે વાડી વિસ્તારમાં પ્રચાર માટે ગયા હતા. આ દરમિયાન તેઓને ડ્રેનેજ લાઈનની સમસ્યાથી ત્રાસી ગયેલા પરિવારની ફરિયાદ સાંભળવાનો વારો આવ્યો હતો. દંપતીએ હેમાંગ જોશીને રજૂઆત કરી હતી કે, છેલ્લા ૫ વર્ષથી ડ્રેનેજ લાઈન ઉભરાવાની સમસ્યા છે. સ્થાનિક આગ્રણીઓને અને કાઉન્સિલરોને અનેક વખત રજૂઆતો કરવા છતાં સમસ્યાનો ઉકેલ આવતો નથી. આનું કાઈક કરાવો ને. જોકે, પરિવારની રજૂઆતની ઉમેદવાર ઉપર કોઈ અસર જોવા મળી નહોતી.

ઉલ્લેખનીય છે કે, વડોદરા કોર્પોરેશનમાં છેલ્લા ૨૫ વર્ષ ઉપરાંતથી સત્તા ભોગવી રહેલા ભાજપના શાસકો દ્વારા શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ આપવામાં નિષ્ફળ ગયા છે. ચૂંટણી આવે ત્યારે જ વિસ્તારોમાં દેખા દેતા સ્થાનિક કાઉન્સિલરો અને જે તે ચૂંટણીના ઉમેદવારોને પાણી, ડ્રેનેજ લાઈન, રસ્તા જેવી જીવન જરૂરી સુવિધાઓ માટે રજૂઆતો સાંભણવાનો વખત આવે છે. વિસ્તારના લોકો પણ ચૂંટણીનો મોકો જોઈને પોતાની રજૂઆતો કરી દે છે. અનેક વિસ્તારોમાં તો પાણી-રસ્તા સહિતની સમસ્યાઓને લઈને લોકોએ ચૂંટણી બહિષ્કાર પણ કરેલો છે. ત્યારે મોડી સાંજે વાડી વિસ્તારમાં ભાજપ ઉમેદવારને ડ્રેનેજ જેવી સમસ્યા અંગે પરિવારજનો દ્વારા રજૂઆત કરવામાં આવતા વડોદરા કોર્પોરેશનની સ્માર્ટ સિટીની પોલ ખૂલી ગઈ છે.

# પાલેજના ગ્રામજનોને જાહેરમાં ગટરોમાં કચરો નહીં નાંખવા પંચાયતની ચેતવણી

પાલેજ, તા.૨૯

પાલેજ ગ્રામ પંચાયતના ઉપ સરપંચ શબ્બીર પઠાણે પાલેજ વિસ્તારમાં ગંદા પાણીના નિકાલની ગટરોની સફાઈ કામગીરી હાથ ધરતાં ગટર લાઈનમાં જે કાદવ કચરો અને કપડાંના જુનાં ગાભા નીકળે છે તે તમામ જવાબદારી જેતે વિસ્તારનાં રહીશોની ગણાવી છે. જે સ્ટ્રીટમાં જાહેર માર્ગો ઉપર ગટરના ઢાંકણા ના હોય તો પંચાયતને જાણ કરવા અને ખાસ કરીને ગટરમાં કચરો ના નાખવા અપીલ કરી છે. જો તમે કચરો ગટરોમાં નાખશો તો તમારા સ્ટ્રીટમાં ગટરનું પાણી બહાર આવશે અને ગંદવાળું થશે જેથી ગટર આપણા રસ્તા લાઈટોની કાળજીપૂર્વક ઉપયોગ કરવા સાફ સફાઈનું ધ્યાન રાખવા તાકીદ કરી છે. પાલેજ ગ્રામ પંચાયત દ્વારા ૧૫માં નાણાં પંચ નીમંજૂર થયેલી ગ્રાન્ટમાંથી સ્વીપર મશીન સફાઈ કામગીરી માટે ખરીદી કરવાનું નક્કી કર્યું છે. ઉપરાંત અનેક વિસ્તારોમાં પાણી નિકાલની ગટરો પેવર બ્લોકો બેસાડવાનું પણ કામોની મંજૂર કર્યાનું યાદીમાં જણાવ્યું છે.



(તસવીર : ઐયુબ મોદી, પાલેજ)

### માળિયાહાટીના ભંડુરી નજીક

# હાઈવેની વચ્ચે વાહનો પાર્ક કરી બર્થ-ડે ઊજવનાર ૬ શખ્સો સામે ગુનો દાખલ

જૂનાગઢ, તા.૨૯

માળિયાહાટીના તાલુકાના ભંડુરી નજીક હાઈવે ઉપર જાહેરમાં બર્થ-ડેની ઉજવણી કરનાર વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર તાજેતરમાં સોશિયલ મીડિયા ઉપર ભંડુરી નજીક હાઈવેની વચ્ચે કાર તથા બાઈક પાર્ક કરી બર્થ-ડેની ઉજવણી કરતો વીડિયો વાયરલ થયો હતો. પોલીસે આ અંગે તપાસ શરૂ કરી હતી. જેમાં ૬ શખ્સો સામેલ હોવાનું સામે આવતા પોલીસે આ મામલે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વધુ વિગત મુજબ, તાજેતરમાં માળિયાહાટીના તાલુકાના ભંડુરી નજીક આવેલા ઓવરબ્રિજ ઉપર પાંચ-છ યુવાનો કાર અને બાઈકને હાઈવેની વચ્ચે પાર્ક કરી બોનેટ ઉપર પાંચ કેક રાખી આતશબાજી થાય તેવા ફટાકડા ફોડી બર્થ-ડે ઊજવતા હોવાનો વીડિયો વાયરલ થયો હતો. માળિયાહાટીના પોલીસે આ વાયરલ વીડિયો અંગે તપાસ કરતા કાર ઉપર ભંડુરીનો મિત્ર મકવાણા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે તેના ઘરે જઈ પૂછપરછ કરતા તેણે વીડિયોમાં જોવા મળતા યુવાનો પોતાના મિત્રો હોવાનું અને ત્યાં કારના બોનેટ ઉપર કેક રાખી ફટાકડા ફોડી બર્થ-ડે સેલિબ્રેટ કરવા ખેંચતાણ કરી હાઈવે ઉપર લઈ ગયા હતા અને ત્યાં કારના બોનેટ ઉપર કેક રાખી ફટાકડા ફોડી બર્થ-ડે ઉજવ્યાનું જણાવ્યું હતું. મિત્ર મકવાણાએ આ વીડિયોમાં કેશોદનો દિવ્યેશ ભરડા, રાજકોટનો ઓમ ગઢવી, ભંડુરીનો વિજય કોળી, રવિ ઉર્ફે બાદશાહ, ગોતાણાના સાગર ચુડાસમા અને કેશોદનો એઝાઝ ગામેતી હોવાનું જણાવ્યું હતું. આ અંગે માળિયાહાટીનાના હેડકોન્સ્ટેબલ એન.એમ. ધ્રાંગડે ફરિયાદ કરતા પોલીસે આ યુવાનો સામે આઈપીસી ૩૩૬ અને ૧૪૪ મુજબ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# મૂળીના સાગધ્રા ગામે માટી ભરવા મુદ્દે એક જ જ્ઞાતિના બે જૂથ વચ્ચે મારામારી

### સામસામે મારામારીમાં છ લોકોને ઈજા

સુરેન્દ્રનગર, તા.૨૯

મૂળી તાલુકાનાં સાગધ્રા ગામે પડતર જમીનમાંથી માટીભરવા બાબતે એક જ જ્ઞાતિનાં ૨ પરિવાર વચ્ચે મારામારી સર્જાઇ હતી. જેમાં સામસામી મારામારીમાં ૬ જેટલા લોકોને ઈજાઓ પહોંચી છે. જ્યારે એકને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. મૂળીનાં સાગધ્રા ગામે સામસામી ફરિયાદ નોંધાઇ છે. જેમાં પ્રથમ બનાવમાં જનકભાઇ સવશીભાઇ ઝેઝરિયાએ ફરિયાદ નોંધાવી છે કે સાગધ્રા ગામે નદી કાંઠે પડતર જમીનમાંથી ખેતરમાં માટીની જરૂરિયાત હોય જેથી માટી ભરતા હતા. ત્યારે ગામનાં મેપાભાઇ ગગજીભાઇ ડાભી તેમજ તેમના પત્ની રંજનબેન ઉર્ફે ધોરીબેન ડાભી તેમના દીકરા રામજીભાઇ ડાભી, રમેશભાઇ ડાભી આવી આ જગ્યા તમારા બાપની નથી અહીંથી માટી ભરશો નહીં તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી. ધારીયા, પાઇપ, લાકડી વડે હુમલો કરી જનકભાઇ તેમજ તેમના દીકરા રણજીતને ધારિયાનો ઘા મારી ઈજાઓ પહોંચાડાઇ હતી. જ્યારે સામે પક્ષે મેપાભાઇ ગગજીભાઇ ડાભીએ ફરિયાદ નોંધાવી કે પોતાના ખેતરની બાજુમાંથી ગામના જ જનકભાઇ ઝેઝરિયા, રમેશભાઇ ઝેઝરિયા, રણજીતભાઇ ઝેઝરિયા તેમજ રાયધનભાઇ ઝેઝરિયા લોડર વડે માટી ભરતા હતા. જેથી ખેતરને નુકસાન થવાની બીકે માટી ન ભરશો તેમ કહેતા આ ચારેય શખસો લાકડી તેમજ પાવડાનાં હાથા વડે તૂટી પડી ઈજાઓ પહોંચાડાતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ટ્રેક્ટર અને મોટરસાઇકલમાં તોડફોડ કરી નુકસાન કર્યા અંગે બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધાવી છે.

# બ્રિટનથી પરત આવેલા પુરૂષનું અજાણ્યા વાહનની ટક્કરે મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૯

વર્ષોથી બ્રિટન ખાતે રહેતા પુરૂષ છેલ્લા કેટલા સમયથી વડોદરા ખાતે રહેવા માટે આવ્યા હતા. બે દિવસ પૂર્વે રાત્રી દરમિયાન કામ અર્થે એકટીવા પર જઈ રહ્યા હતા તે દરમિયાન અન્ય વાહન ચાલકે તેમની સાથે અકસ્માત સર્જતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેના કારણે તેઓને સારવાર અર્થે થયા સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જયાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. બ્રિટનથી પરત આવેલા પટેલ જયેશભાઈના પત્ની અને બાળકો હાલ બ્રિટનમાં જ રહેતા હતા જયારે પોતે એકલા વડોદરા ખાતે રહેવા માટે આવ્યા હતા. તેઓ હાલ માંજલપુર વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા હતા. ગત તા.૨૬ એપ્રિલના રોજ રાત્રિના ૧૧:૦૦ વાગે તેઓ કામ અર્થે પોતાની એકટીવા પર સવાર થઈને જઈ રહ્યા હતા તે દરમિયાન કોઈ અજાણ્યા વાહન ચાલકે તેમની સાથે એક્સિડન્ટ કરીને તેમને ગંભીર રીતે ઈજાગ્રત કરતા તેઓને સારવાર અર્થે તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત નીપજતા તેમના ભાઈ દ્વારા માંજલપુર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવીને કાયદેસરના પગલાં લેવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી.

અન્ય એક અરજદારે પણ તાત્કાલિક સુનાવણીની રજૂઆત કરતા કરી અરજી

# ક્ષત્રિય સમાજ દ્વારા પો.કમિ.ના જાહેરનામાને પડકારતી અરજી અંગે આવતીકાલે સુનાવણી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૯

ગાંધીનગરથી રાજપૂત અગ્રણી અર્જુનસિંહ ગોહિલે ગુજરાત હાઈકોર્ટમાં ૧૯ એપ્રિલે અરજી દાખલ કરી હતી. જે ૨૨ એપ્રિલે રજિસ્ટર્ડ થઈ હતી અને ૨૩ એપ્રિલે સિંગલ જજની બેન્ચ સમક્ષ રજૂ થઈ હતી. સુનાવણીમાં બેન્ચે રજિસ્ટ્રીને સૂચન કર્યું હતું કે, આ મેટરને યોગ્ય બેન્ચ સમક્ષ મૂકવામાં આવે. હવે રજિસ્ટ્રી દ્વારા ૧ મેના રોજ આ મેટર તે જ બેન્ચ સમક્ષ પરત મૂકવામાં આવી છે.અરજદારના એડવોકેટે ૨૩ એપ્રિલે જણાવ્યું હતું કે, તેમની પાસે ફક્ત ૧૫ દિવસનો સમય છે. ત્યારબાદ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી યોજાશે, જોકે, કોર્ટે કહ્યું હતું

## હાઈકોર્ટનો કટાક્ષ : કોર્ટ લોકસભાની ચૂંટણી રોકી શકે નહીં

કે, ૧૫ દિવસ હોય કે એક દિવસ યોગ્ય બેન્ચ જ આ મેટર સાંભળશે.

ત્યારે આજે ચીફ જજની બેન્ચ સમક્ષ અન્ય એક વ્યક્તિએ રજૂઆત કરી હતી કે, તેને પણ અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા ૧૬ એપ્રિલના રોજ CRPCની કલમ ૧૪૪ અંતર્ગત બહાર પડાયેલા જાહેરનામાને પડકાર્યું છે. આ બાબત લોકશાહી, ચૂંટણી અને વાણી સ્વતંત્રના અધિકારને લગતી છે. આ સંદર્ભે તેમને હાઈકોર્ટમાં ૨૬ એપ્રિલે જાહેર હિતની અરજી દાખલ કરી છે. જેની ઉપર તાત્કાલિક સુનાવણી હાથ ધરવામાં આવે. આ સંદર્ભે કોર્ટે કહ્યું હતું કે, પોલીસ કમિશનરના જાહેરનામાંથી લોકોના ફરવાના વોટ આપવાના કે અન્ય કોઈ હકો છીનવાઈ જતા નથી. કોર્ટમાં ભાષણ આપવું જોઈએ નહીં. કોર્ટે એક પદ્ધતિ અપનાવી છે જે મુજબ નવો કેસ ફાઈલ થયાને ચોથા દિવસે બોર્ડ ઉપર આવે છે. તે પ્રમાણે તમારો કેસ પણ બોર્ડ ઉપર આવશે. કોર્ટે કટાક્ષમાં કહ્યું હતું કે, કોર્ટ લોકસભાની ચૂંટણી રોકી શકે નહીં.

અગાઉ રાજપૂત સમાજના એડવોકેટે હાઈકોર્ટમાં ચીફ જજની બેન્ચ સમક્ષ રજૂઆત કરી હતી. જેમાં વકીલે જણાવ્યું હતું કે, આ મેટર ૧૬ મેના રોજ સુનાવણી માટે બતાવે છે. પરંતુ ચૂંટણી યોજાઈ ગયા બાદ આ અરજીનો કોઈ મતલબ રહેતો નથી. કોર્ટે અરજદારના વકીલને રજિસ્ટ્રી ઉપર આક્ષેપ ના કરવા જણાવ્યું હતું. કોર્ટે જણાવ્યું હતું કે, આ તારીખ સિસ્ટમ જનરેટેડ છે. રજિસ્ટ્રી તારીખ આપતી નથી. તમારે તાત્કાલિક સુનાવણી માટે અરજી ફાઈલ કરવી જોઈએ. અરજદારે સોમવારે સુનાવણીની માંગણી કરી હતી. કોર્ટે કહ્યું હતું કે, કોમ્પ્યુટર સિસ્ટમ નથી સમજત્તી કે તમારી મેટર અર્જન્ટ છે. જેથી જ્યુડીશિયરી આ સિસ્ટમને સુધારે છે.

ક્ષત્રિયો દ્વારા ભાજપના કાર્યક્રમોમાં વિરોધ પ્રદર્શન સતત જારી

# ભાજપના પૂનમ માડમની સભા-રેલીમાં ધસી આવેલા ક્ષત્રિયોએ કર્યો હોબાળો !

## કાળા વાવટા ફરકાવી ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે વિરોધ કરતા અટકાયત કરાઈ

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૯

ક્ષત્રિય સમાજ વિશેના પુરૂષોત્તમ રૂપાલાના નિવેદનના કારણે સમગ્ર ક્ષત્રિય સમાજમાં ભયંકર રોષ ફાટી નીકળ્યો છે. ભાજપની નેતાગીરીના અનેક પ્રયત્નો છતાં આ વિવાદ સમવાનું નામ લેતો નથી. ઊલટાનો વિવાદ વકરતો જાય છે. ખાસ કરીને જામનગરમાં સતત વિરોધ કરવામાં આવી રહ્યો છે, જામજોધપુર કાલાવડ નવાગામ ઘેડ બાદ ગતરોજ ધ્રોલમાં પૂનમબેનના રોડ શો અને સભામાં ક્ષત્રિયોએ વિરોધ કર્યો હતો. ધ્રોલમાં તો સભા સ્થળે ક્ષત્રિય યુવાનો ઘૂસી ગયા હતા અને 'રૂપાલા' હાય હાયના નારા લગાવ્યા હતા. તેમજ પૂનમબેનની રેલીમાં પણ ક્ષત્રિય યુવાનો ધસી આવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેથી પોલીસે ૧૦૦થી વધુ યુવાનોની અટકાયત કરી હતી. ગતરોજ સમગ્ર ધ્રોલ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હતું.



જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમનો રોડ શો અને સભા યોજાઈ હતી. આ રોડ શો દરમિયાન ધ્રોલના નગરના નાકા પાસે ક્ષત્રિય સમાજના લોકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો, તેમ છતાં ક્ષત્રિય સમાજના યુવકો સભા સ્થળે અને રેલીમાં ઘૂસી આવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ક્ષત્રિય યુવાનો ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમની ગાડી સુધી પણ ધસી આવ્યા હતા. આ રોડ શો દરમિયાન જામનગરના જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, ગ્રામ્ય ડીવાયએસપી દેવધા, શહેર ડીવાયએસપી જે.વી ઝાલા, સહિત એલસીબી પોલીસ અને એસ ઓ જી ની ટીમો ચુસ્ત બંદોબસ્તમાં ગોઠવાયેલી હતી છતાં ક્ષત્રિય યુવાનો દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ક્ષત્રિયો યુવાનો દ્વારા ઉગ્ર સૂત્રોચાર કરવામાં આવ્યા હતા. 'ભાજપ હાય હાય', 'રૂપાલા હાય હાય', 'પૂનમબેન હાય હાય'ના નારા લગાવ્યા હતા. નગર નાકા ખાતે પૂનમબેન માડમ દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા અને ધ્રોલમાં અન્ય પ્રતિમાને ફૂલહાર કરવામાં આવ્યા હતા ત્યારે પણ ક્ષત્રિય સમાજના લોકો દ્વારા પૂનમબેન માડમે જે ફૂલહાર કર્યા હતા તેને તોડી નાખવામાં આવ્યા હતા અને ત્યારબાદ ક્ષત્રિય સમાજના લોકો દ્વારા ધ્રોલ ઠાકોર સાહેબની પ્રતિમાને દૂધથી અભિષેક કર્યો હતો. ધ્રોલ ખાતે ભાજપની જાહેર સભા યોજાઈ રહી હતી, તે દરમિયાન ક્ષત્રિય સમાજના યુવાનો દ્વારા સભામાં ધસી આવીને પણ ઉગ્ર સૂત્રોચાર સાથે કાળા વાવટા ફરકાવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ધ્રોલ ખાતે પૂનમબેન માડમની જાહેર સભા યોજવામાં આવી હતી, જેમાં કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ, જામનગર જિલ્લા ભાજપ પ્રમુખ રમેશ મુંગરા અને ધ્રોલ સંગઠનના તમામ હોદ્દેદારો સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલાં નવાગામ ઘેડ અને કાલાવડમાં ભાજપ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. નવાગામ ઘેડમાં તો ક્ષત્રિયાણીઓ રણચંડી બની હોય એવું જોવા મળ્યું હતું. ભાજપનાં બેનર પણ તોડી નાખ્યાં હતાં તેમજ ખુરસીઓ ઉલાળવામાં આવી હતી.

પોલીસ જ સુરક્ષિત નથી તો પબ્લિકની સુરક્ષાનું શું ?

# શહેરના ભરચક વિસ્તારના પોલીસ સ્ટેશન નજીક દારૂડિયાએ હથિયાર બતાવી પોલીસને ધમકાવી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૯

અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશનની બહાર જ દારૂડિયો હથિયાર બતાવી પોલીસને ધમકાવતો હોવાની ઘટના સામે આવી છે. શહેરના ભરચક વિસ્તારમાં આવેલા પોલીસ સ્ટેશનની બહાર એક દારૂડિયો હાથમાં હથિયાર લઈને આવ્યો હતો. દારૂડિયાએ દારૂના નશામાં હથિયાર બતાવી હોમગાર્ડને ધમકાવ્યા હતા. જોકે, આ તમાશો પોલીસ જોતી રહી અને કશું જ કર્યા વિના ચાલતી પકડી હતી. આ સમગ્ર ઘટના વીડિયોમાં કેદ થઈ છે.

દારૂડિયો હથિયાર લઈને પોલીસ સ્ટેશન આવી હોમગાર્ડના જવાનને ધમકાવી હથિયાર બતાવે છે. પછી ત્યાંથી જતો રહે છે. આ સમગ્ર વાત સામે આવ્યા બાદ હવે સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટરે જણાવ્યું છે કે, હાલ અમે ૧૩૫ હેઠળ જાહેરનામા ભંગની કાયદેસરની કાર્યવાહી કરી છે અને અગાઉ આ વ્યક્તિ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. હવે તે અમારા લોકઅપમાં છે, બીજી તરફ આ ઘટના બન્યાની વાત વીડિયો મારફતે વાઈરલ થઈ છે, એટલે હવે સ્થાનિક પોલીસને કોઈ કાઢતું જ ન હોય અને સવારના ભરચક વિસ્તારમાં આવું બને તે શરમજનક સ્થિતિ જ કહેવાય. ત્યારે આ પોલીસ આપણું રક્ષણ કઈ રીતે કરે ? તેવી લોકચર્ચાઓ થવા લાગી છે.

કાલુપુર પોલીસ સ્ટેશન આસપાસ નાની-નાની પોળ અને વેપાર રોજગાર ચાલે છે. અહીંયા ભરચક વિસ્તાર હોવાના કારણે વાહન પાર્ક કરવું પણ મુશ્કેલ છે. ત્યારે આ પોલીસ સ્ટેશન પાસે કોઈ દારૂ પીધેલો હથિયાર લઈને આવ્યો હતો. તેણે હોમગાર્ડના જવાનને હથિયાર બતાવીને ધમકાવ્યો હતો. એટલું જ નહીં આ દારૂડિયાને જોઈને હોમગાર્ડ જવાન પણ આઘાપાછા થઈ ગયા હતા. જ્યારે પોલીસ સ્ટેશનમાંથી પણ કોઈ જાંબાઝ પોલીસકર્મી બહાર આવ્યો ન હતો અને થોડીકવારમાં જ દારૂડિયો ત્યાંથી જતો રહે છે. આ અંગે કાલુપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું કે, આ ઘટનાના અમે આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને તેની સામે કલમ ૧૩૫ મુજબ જાહેરનામા ભંગ હેઠળ કાર્યવાહી કરી છે. હાલ આરોપી અમારા લોકઅપમાં છે. ત્યારે જ્યાં ન્યાય માટે લોકો જતા હોય તે જગ્યા પણ સલામત નથી તેવી લોકચર્ચાએ જોર પકડ્યું છે.

# GNLU દ્વારા રજિસ્ટ્રારની નિમણૂક માટે જાહેરાત; નવી ફરિયાદ સમિતિની કરાઈ રચના

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૯

ગાંધીનગર સ્થિત ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (જીએનએલયુ) ખાતે એક વિદ્યાર્થિની ઉપર રેપ અને અન્યની જાતીય સતામણી બાબતે થયેલી જાહેર હિતની સુનાવણી દરમ્યાન યુનિવર્સિટી દ્વારા રજૂઆત કરાઈ હતી કે, નવા કાયમી રજિસ્ટ્રારની નિમણૂંક કરવા સમાચાર પત્રોમાં જાહેરાત આપી દેવામાં આવી છે. સબ કમિટીએ યુનિવર્સિટીની મુલાકાત લઈને નવી ઈન્ટર્નલ કમ્પ્લેન કમિટી (ICC) માટે વિદ્યાર્થીઓ પાસેથી સૂચનો માંગ્યા હતા. જેને ૨૫ એપ્રિલે પોતાનો રિપોર્ટ આપ્યો હતો. હવે યુનિવર્સિટીની નવી ઈન્ટર્નલ કમ્પ્લેન કમિટીમાં ડોક્ટર મમતા વિશ્વાસ ડોક્ટર અવિનાશ ભાગી, ડોક્ટર નિયતિ પાંડે, રૂપા મહેતા, મનીષા દવે, રીના સંસ્કૃતિ, જોયા ઝાહિદ, અને અર્ચન કોરનો સમાવેશ થાય છે. આ કમિટીનો યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે સ્વીકાર કર્યો છે. યુનિવર્સિટીની જનરલ કાઉન્સિલની વર્ચ્યુઅલ મિટિંગ મળી હતી. જેમાં ફેક્ટર ફાઈન્ડિંગ કમિટી અને યુનિવર્સિટીના ડિરેક્ટરના રિસ્પોન્સ ઉપર ચર્ચા હાથ ધરાઈ હતી. હાય લેવલ કમિટીમાં હવે જજ ઈન્દુ મલ્હોત્રાની જગ્યાએ સુપ્રીમ કોર્ટના પૂર્વ મહિલા જજ ઈન્દિરા બેનર્જીનો સમાવેશ થયો છે. ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીનો રિપોર્ટ અને યુનિવર્સિટીના ડિરેક્ટરનો જવાબ હાઈ લેવલ કમિટીને આપવામાં આવશે. યુનિવર્સિટીએ રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના જેન્ડર રિસોર્ટ સેન્ટર સાથે મળીને યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને સંવેદનશીલ બનાવવા પ્રયત્નો હાથ ધર્યા છે. યુનિવર્સિટીમાં ૮૭ CCTV કેમેરા છે. અમુક જવાબદાર વ્યક્તિઓ પાસેથી કેટલીક જવાબદારી પરત લઈ લેવામાં આવી છે. હાઈકોર્ટના જજ અને એડવોકેટ જનરલ પોતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના મેમ્બર છે. યુનિવર્સિટીના બારસો વિદ્યાર્થીઓને ફોર્મ પણ આપવામાં આવ્યા છે. જેમાં તેમની ઓળખ દર્શાવ્યા વગર તેમના પ્રતિભાવ નોંધવામાં આવી રહ્યા છે. પહેલી વખતમાં ૧૧ અને બીજી વખતમાં ૨૩ વિદ્યાર્થીઓએ તેમના પ્રતિભાવ આપ્યા હતા. કોર્ટે કહ્યું હતું કે, કાયદાના વિદ્યાર્થીઓ જો પોતાના માટે અવાજ ઉઠાવી ના શકતા હોય તો તે બીજાઓનું પ્રતિનિધિત્વ કેવી રીતે કરશે! ઈન્ટર્નલ કમ્પ્લેન કમિટીનું એક સેશન વિદ્યાર્થીઓ સાથે પણ રાખવું જોઈએ. વિદ્યાર્થીઓને સમાવી શકતા વિશે શીખવાડવું જરૂરી છે. નહીં તો તેઓ પૂર્વગ્રહ યુક્ત વલણ ધરાવતા થઈ જશે. આ વિદ્યાર્થીઓ આગળ જઈને જ્યુડિશિયલ ઓફિસર બનશે. જેમની પાસે નિર્ણયો લેવાની સત્તા હશે. જેથી તેમને સંવેદનશીલ બનાવવા જરૂરી છે. કોર્ટે યુનિવર્સિટીના રજિસ્ટ્રાર સામે પણ તપાસ કરવા GNLUને જણાવ્યું હતું. કોર્ટ મિત્રએ રાજ્ય સરકારને આ કેસ સંદર્ભે પોલીસ ફરિયાદ નોંધવા સૂચન કર્યું હતું. જો કે, હાઈકોર્ટે તેનો ઈનકાર કરતા જણાવ્યું હતું કે, જે પીડિત હોય તેને જાતે ફરિયાદ નોંધાવા આગળ આવવું જોઈએ. એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ફેક્ટ ફાઈન્ડિંગ કમિટી સમક્ષ કોઈ પીડિત વ્યક્તિ સામે આવ્યું નહોતું, ઘટનાના કોઈ પુરાવા મળ્યા નથી. ફક્ત સોશિયલ મીડિયા કે સમાચાર સંસ્થાના અહેવાલને આધારે ફરિયાદ નોંધાવી શકાય નહીં. યુનિવર્સિટીના ડિરેક્ટર પણ પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવા ગયા હતા, પરંતુ પોલીસે તે ફરિયાદ લીધી નહોતી. કોર્ટે કહ્યું હતું કે, કોઈએ ડિરેક્ટરનો પણ આવી ઘટના સંદર્ભે સંપર્ક કર્યો નથી.

પ્રચારમાં નીકળેલા ભાજપના ઉમેદવારને દંપતીએ ગટર બતાવી કહ્યું

# પાંચ વર્ષથી આ ગટર ઉભરાય છે ઘણી રજૂઆતો કરી, કોઈ સાંભળતું નથી, આનું કાંઈક કરાવોને

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૯

લોકસભાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો દ્વારા પ્રચારનું જોર વધારી દેવામાં આવ્યું છે. ગત મોડી સાંજે વડોદરામાં પોતાના પ્રચારમાં નીકળેલા ભાજપના ઉમેદવારને ગટરની સમસ્યાથી ત્રાહિમામ દંપતીની રજૂઆતનો સામનો કરવાનો વખત આવ્યો હતો. સ્થાનિક અગ્રણીઓને કહ્યું કે, પાંચ વર્ષથી આ ગટર ઉભરાય છે. ઘણી રજૂઆતો કરી પણ કોઈ સાંભળતું નથી. આનું કાઈક કરાવો ને...!!

વડોદરા લોકસભાના ભાજપના ઉમેદવાર હેમાંગ જોશી ગત મોડી સાંજે વાડી વિસ્તારમાં પ્રચાર માટે ગયા હતા. આ દરમિયાન તેઓને ડ્રેનેજ લાઈનની સમસ્યાથી ત્રાસી



ગયેલા પરિવારની ફરિયાદ સાંભળવાનો વારો આવ્યો હતો. દંપતીએ હેમાંગ જોશીને રજૂઆત કરી હતી કે, છેલ્લા ૫ વર્ષથી ડ્રેનેજ લાઈન ઉભરાવાની સમસ્યા છે. સ્થાનિક આગ્રણીઓને અને કાઉન્સિલરોને અનેક વખત રજૂઆતો કરવા છતાં સમસ્યાનો ઉકેલ આવતો નથી. આનું કાઈક કરાવો ને. જોકે, પરિવારની રજૂઆતની ઉમેદવાર ઉપર કોઈ અસર જોવા મળી નહોતી.

ઉલ્લેખનીય છે કે, વડોદરા કોર્પોરેશનમાં છેલ્લા ૨૫ વર્ષ ઉપરાંતથી સત્તા ભોગવી રહેલા ભાજપના શાસકો દ્વારા શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ આપવામાં નિષ્ફળ ગયા છે. ચૂંટણી આવે ત્યારે જ વિસ્તારોમાં દેખા દેતા સ્થાનિક કાઉન્સિલરો અને જે તે ચૂંટણીના ઉમેદવારોને પાણી, ડ્રેનેજ લાઈન, રસ્તા જેવી જીવન જરૂરી સુવિધાઓ માટે રજૂઆતો સાંભણવાનો વખત આવે છે. વિસ્તારના લોકો પણ ચૂંટણીનો મોકો જોઈને પોતાની રજૂઆતો કરી દે છે. અનેક વિસ્તારોમાં તો પાણી-રસ્તા સહિતની સમસ્યાઓને લઈને લોકોએ ચૂંટણી બહિષ્કાર પણ કરેલો છે. ત્યારે મોડી સાંજે વાડી વિસ્તારમાં ભાજપ ઉમેદવારને ડ્રેનેજ જેવી સમસ્યા અંગે પરિવારજનો દ્વારા રજૂઆત કરવામાં આવતા વડોદરા કોર્પોરેશનની સ્માર્ટ સિટીની પોલ ખૂલી ગઈ છે.

# કોઈ સોસાયટીનું રિ-ડેવલપમેન્ટ એક સભ્યના કારણે ન રોકી શકાય : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ સહિત અનેક મોટા શહેરોમાં છેલ્લા બે-ત્રણ વર્ષમાં જૂના એપાર્ટમેન્ટ અને મકાનોના રીડેવલપમેન્ટમાં જોરદાર તેજી આવી છે. ત્યારે રીડેવલપમેન્ટ મામલે ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપતા કહ્યું છે કે, જો કોઈ સોસાયટીનો એક પણ સભ્ય તેની વિરુદ્ધ હોય તો તેના કારણે રિડેવલપમેન્ટ અટકાવી શકાય નહીં. હાઈકોર્ટે તાજેતરમાં નારણપુરામાં ૩૬ વર્ષ જૂની સોસાયટીના અટવાયેલા પુનર્વિકાસના સંદર્ભમાં આ ચુકાદો આપ્યો હતો. બિલ્ડિંગનું બાંધકામ જોખમી બન્યા બાદ સોસાયટીના સભ્યોએ તેને રિડેવલપ કરવાનું નક્કી કર્યું હતું, પરંતુ ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતા એક સભ્ય તેની વિરુદ્ધ હતા. ૧૨ મેમ્બર્સ ધરાવતી નારણપુરાના નવરંગ સર્કલ પાસે આવેલી ઋતુલ પાર્ક સોસાયટીનું બાંધકામ ૧૯૭૮માં થયું હતું, પરંતુ આ સોસાયટી છેલ્લા કેટલાક વર્ષોથી જર્જરિત અવસ્થામાં આવી હતી તેમજ તેને રહેવા માટે અસુરક્ષિત જાહેર કરવામાં આવી હતી.

બિલ્ડિંગ અસુરક્ષિત બની જતાં સોસાયટીએ રિડેવલપમેન્ટની પ્રક્રિયા શરૂ કરી હતી, પરંતુ ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતા એક સભ્યે તેનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે તેમનો ફ્લેટ ગ્રાઉન્ડ ફ્લોર પર હોવાથી તેમને પણ ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરવાનો અધિકાર મળ્યો છે. , જે પછીથી શક્ય બનશે નહીં. પુનઃવિકાસ. તેણે તેના માટે કેસ પણ દાખલ કર્યો હતો, પરંતુ હાઈકોર્ટે તેની અરજી ફગાવી દીધી હતી અને ગુજરાત ઓનરશિપ ફ્લેટ્સ એક્ટ, ૧૯૭૩ની જોગવાઈઓ હેઠળ રિતુલ પાર્ક સોસાયટીના રિડેવલપમેન્ટને મંજૂરી આપી હતી.

કોર્ટે સોસાયટીના આ મેમ્બરને મકાન ખાલી કરવાનો નિર્દેશ આપતા જણાવ્યું હતું કે સોસાયટીનાં રિડેવલપમેન્ટનું કામ પૂરૂં ના થાય ત્યાં સુધી તેમને હંગામી ધોરણે બીજી જગ્યાએ રહેવું પડશે, પરંતુ તેને લોસ ઓફ પ્રોપર્ટી ના ગણી શકાય. જસ્ટિસ વી.ડી. નાણાવટીએ પોતાના ચુકાદામાં એ વાતની પણ સ્પષ્ટતા કરી હતી કે રિડેવલપમેન્ટ સોસાયટીના બહુમતિ સભ્યોના ટેકા સાથે તેમના જ હિતમાં થઈ રહ્યું છે, જેનો લાભ સોસાયટીના તમામ સભ્યોને તેમના વ્યક્તિગત પ્રોપર્ટી રાઈટ્સને અસર કર્યા વિના પ્રાપ્ત થશે.

૩૬ વર્ષ જૂની સોસાયટીના રિડેવલપમેન્ટનો માર્ગ સાફ કરતાં ગુજરાત હાઈકોર્ટે પણ પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે જ્યારે એક સભ્ય સિવાય દરેક જણ તેના માટે તૈયાર હોય ત્યારે બહુમતી સભ્યોના નિર્ણયની અસર ન થવી જોઈએ. કોર્ટે એમ પણ જણાવ્યું હતું કે ખુલ્લી જગ્યાના ઉપયોગના અધિકાર સામે વાંધો ઉઠાવતા સભ્ય દ્વારા દાખલ કરાયેલા કેસને કારણે સોસાયટીના રિડેવલપમેન્ટને રોકી શકાય નહીં.

# સાબરમતી નદીમાં એક પરિવારનો સામૂહિક આપઘાતનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૨૯

અમદાવાદમાં એક પરિવારનો સામુહિક આપઘાત કરવાનો પ્રયાસ કરવાની ઘટના સામે આવી છે. સાબરમતી નદીમાં બે મહિલા અને એક બાળક સાથે ૪ લોકોએ છલાંગ લગાવી હતી. જો કે સ્થાનિક લોકોએ ફાયર બ્રિગેડ દ્વારા તમામ લોકોને સહી સલામત બહાર કાઢી લેવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ સાબરમતી રિવરફ્રન્ટ પર પાલડી ચંદ્રનગર તરફ વોક-વે પરથી સાડા નવ વાગ્યા આસપાસનો બનાવ બન્યો હતો. જેમાં બે મહિલાઓ, એક પુરૂષ અને એક સાતથી આઠ વર્ષનું બાળક એમ કુલ ચાર લોકોએ નદીમાં પડતું મુકયું હતું. વોક-વે ઉપર લોકો હાજર હતા, જેથી તાત્કાલિક ધોરણે તેઓએ ત્યાંથી કોઈપણ રીતે ત્રણ લોકોને બચાવી લીધા હતા. જ્યારે ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા રિવરફ્રન્ટની રેસ્કયુ ટીમ તાત્કાલિક ત્યાં પહોંચી હતી અને એક વ્યકિતને બહાર કાઢયો હતો. રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસની બે ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. હાલ ચારેયને રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા છે અને તેઓએ શા માટે આપઘાતનો પ્રયાસ કર્યો તે અંગેની તપાસ હાથ ધરાઈ છે.

સદ્‌નસીબે કોઈ જાનહાનિ થઈ નથી

# શહેરના એલિસબ્રિજ વિસ્તારના ફલેટમાં ભીષણ આગ : ૪૦ લોકોનું રેસ્ક્યુ કરાયું

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૯

અમદાવાદ શહેરના માદલપુર ગરનાળા પાસે આજે મધુવન ફલેટના ચોથા માળે આગ લાગવાની ઘટના બની હતી. આગને કાબૂમાં લેવા માટે ફાયર બ્રિગેડની ૧૨ ગાડીઓ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. જો કે, એક કલાકની જહેમત બાદ આ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો હતો. ફાયરની ટીમ અને અધિકારીઓ રેસ્ક્યૂની કામગીરીમાં લાગ્યા હતા. આ ફલેટમાં લાગેલી આગ અને તેના ધૂમાડામાંથી ફાયર બ્રિગેડે ૪૦ જેટલા લોકોનું રેસ્ક્યૂ કર્યુ હતું સદનસીબે આ આગમાં કોઈ જાનહાનીના સમાચાર મળ્યા નથી. આ આગને કારણે ૮૦ વર્ષના વૃદ્ધને ફર્સ્ટ એડ આપીને સારવાર આપવામાં આવી હતી. શહેરની ગુજરાત કોલેજના વિસ્તારમાં આવેલા મધુવન ફલેટમાં આજે સવારે આગ લાગી હતી . આ ફલેટ કોમર્શિયલ છે. આજે સોમવાર હતો જેના કારણે અહીં મોટા પ્રમાણમાં લોકો કામ કરી રહ્યા હતા. હાલ પ્રાથમિક તારણ પ્રમાણે શોર્ટ સર્કિટને કારણે આ આગ લાગી હોય તેવું સામે આવ્યું છે. પરંતુ હજી આગનું ચોક્કસ કારણ જાણવા માટે એફએસએલના રિપોર્ટની રાહ જોવી પડશે. આ આગ અંગે ફાયર ઓફિસરે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'આજે સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ મધુવન ફલેટમાં ચોથા માળે આગ લાગી હતી. આના વિક્ટિમ પાંચમા અને છઠ્ઠા માળે ફસાયેલા હતા.

આ આગમાં રેસ્કયુ અને સર્ચ ઓપરેશન કરીને હાલમાં બધાને સહી સલામત રીતે નીચે ઉતારી લેવામાં આવ્યા છે. આ ઘટના બની ત્યારે ફાયર ફાઈટરની કુલ ૫૫ ટીમો ઘટના સ્થળે હતી.'

# હજ-૨૦૨૪ માટે ત્રીજો હપ્તો જમા કરાવવાની તારીખની મુદતમાં વધારો

અમદાવાદ,તા.૨૯

હજ ૨૦૨૪ માટે હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના તા.૨૭-૪-૨૦૨૪નાં પરિપત્ર નં.૨૧ મુજબ પસંદગી પામેલા હજ યાત્રિકોએ ત્રીજો હપ્તો જમા કરાવવા માટેની આખરી તારીખ ૨૭-૪-૨૦૨૪ સુધી હતી, જેની મુદ્દત વધારીને હવે તા.૪-૫-૨૦૨૪ સુધી હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના એકાઉન્ટમાં ઓનલાઈન કે ઓફલાઈન (નિયત નમુના મુજબની પે-સ્લીપમાં) રકમ જમા કરાવી શકાશે. હજ યાત્રીઓએ તા.૪-૫-૨૦૨૪એ બાકી રકમ જમા કરાવાવની રહેશે, અન્યથા હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈ દ્વારા પસંદગી પામેલા હજ યાત્રીની પસંદગી રદ કરવાના કિસ્સામાં જવાબદારી સંબંધિત હજ યાત્રીની રહેશે. એમ ગુજરાત રાજય હજ સમિતિના સચિવ આઈ.એમ. ઘાંચીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે તેઓએ વધુમાં જણાવ્યું છે કે, વેઈટીંગ લિસ્ટમાં રહેલા હજ અરજદારો સમય મર્યાદાને ધ્યાને રાખી વેઈટીંગ નંબર ૧૯૮૯થી ૨૨૦૦ સુધી જેઓની યાદી વેબસાઈટ પર રાખેલ છે. પ્રસ્તુત બાબતે આગોતરી તૈયારીના ભાગરૂપે તથા વહીવટી સરળતા રહે તેવા આશયથી હજ ૨૦૨૪ના વેઈટીંગ લિસ્ટમાં સમાવેશ થયેલ હજ યાત્રાળુના તા.૪-૫-૨૦૨૪ સુધીમાં ડોકયુમેન્ટ ગુજરાત હજ હાઉસ, કાલુપુર, અમદાવાદ ખાતે જમા કરાવવા જણાવવામાં આવે છે. અરજદારોએ હજ ૨૦૨૪ માટે સંપૂર્ણ રકમ હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈના પરિપત્ર મુજબ તથા પ્રોવિઝનલ સિલેકશન થાય ત્યાર બાદ હજ કમિટી ઓફ ઈન્ડિયા, મુંબઈની વેબસાઈટ પર આપના કવર નંબરમાં દર્શાવેલ રકમ ભરવાની તૈયારી પણ કરી રાખવી. આગળની પ્રક્રિયા માટે સમયાંતરે સૂચના આપવામાં આવશે.

# દાણીલીમડા અને બહેરામપુરાની ફેક્ટરીઓને જી.પી.સી.બી.એ ક્લોઝર નોટિસ ફટકારી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૯

અમદાવાદ શહેરના બહેરામપુરા વિસ્તારમાં ૧૨૦ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા ૩૦ MLD CETPને બંધ કરવા અંગે GPCB દ્વારા નોટિસ આપવામાં આવી છે. બહેરામપુરા અને દાણીલીમડામાં આવેલી ૬૦૦ જેટલી ફેક્ટરીઓ ૪ વર્ષ બાદ શરૂ થઈ હતી. જે ફેક્ટરીઓ ૬ મહિનામાં જ બંધ થવાના આરે આવી છે. GPCBએ હવે CETP પ્લાન્ટ સાથે દાણીલીમડામાં આવેલી કેટલીક ફેક્ટરીઓને બંધ કરવાની પણ નોટિસ આપી દીધી છે.

ફેક્ટરી માલિકો દ્વારા પોતાની મનમાની કરી અને પ્લાન્ટની ક્ષમતા કરતાં વધારાનું પાણી બહાર છોડવામાં આવી રહ્યું હતું. જેના કારણે GPCBને ફેક્ટરીઓને છ મહિનામાં જ નોટિસ આપવાની ફરજ પડી છે. અમદાવાદ હેન્ડ સ્ક્રીન પ્રિન્ટિંગ એસોસિએશનના પ્રમુખે જણાવ્યું હતું કે, બહેરામપુરા ૩૦ MLD CETP પ્લાન્ટમાં અંદાજે ૬૭૨ જેટલી ફેક્ટરીઓ આવેલી છે. જેમાંથી હાલ ૫૦૦ જેટલી કાર્યરત છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા અમને નોટિસ આપવામાં આવી હતી. તેમાં જે નિયમો અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. તે મુજબ દરેક ફેક્ટરીઓ દ્વારા સ્કાડા મીટર લગાવવા તેમજ નિયત મુજબનું પાણી છોડવામાં આવશે. જે ૩૫ એમએલડી સુધીનું પાણી છોડવામાં આવી રહ્યું હતું. તે હવે ૨૪ MLD થઈ ગયું છે. દરેક ફેક્ટરીના માલિકોને અમે સુચના આપી દીધી છે. પાણીને ટ્રિટ કર્યા બાદ જ CETP પ્લાન્ટમાં નાખવાનું રહેશે. પાણી છોડવાની નોટિસ આપવાની રહેશે

અમદાવાદ હેન્ડ સ્ક્રીન પ્રિન્ટિંગ એસોસિએશનને GPCBએ ક્લોઝર નોટિસમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે, CETP પ્લાન્ટની ક્ષમતા અને ક્વોલિટી મુજબ જ ટ્રીટ કરેલું પાણી છોડવાનું રહેશે. ઈનલેટ અને આઉટલેટમાં કઈ ક્વોલિટી અને કેટલી ક્ષમતા મુજબ પાણી છોડવામાં આવ્યું છે. તેનો રેકોર્ડ GPCBને દર મહિનાની ૭ તારીખે આપવાનો રહેશે.

દંપતી મુંબઈ ગયા હોવાથી વૃદ્ધ ઘરે એકલા હતા

# અંકલેશ્વરના જૂના દીવા ગામે ૭૨ વર્ષીય વૃદ્ધની તસ્કરોએ હત્યા કરી

અંકલેશ્વર, તા.૨૯

અંકલેશ્વર તાલુકાના જુના દીવા ગામે ૭૨ વર્ષીય વૃદ્ધની ચોરી કરવા આવેલા તસ્કરોએ હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. ઘટનાના પગલે ભરૂચ એસપી અને ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવી તપાસ શરૂ કરી હતી. અંકલેશ્વર જુના દીવા ગામના વશી ફળિયામાં પુત્રી-જમાઈના ઘરે રહેવા આવેલા ૭૨ વર્ષીય વૃદ્ધની કરપીણ હત્યા કરવામાં આવી હોવાની ચકચારી ઘટના સામે આવી છે. મૂળ જુના દીવા ગામના અને હાલ ભરૂચ ખાતે રહેતા ૭૨ વર્ષીય યાકુબ મહંમદ ઝીણા જુના દીવા ગામે પોતાની પુત્રીના ઘરે આવ્યા હતા. પોતાની પુત્રી અને જમાઈ તેના માતા પિતા કેનેડા જવાના હોવાથી મુંબઈ ખાતે તેમને એરપોર્ટ છોડવા માટે બે દિવસથી ગયા હતા. તે દરમિયાન



ગત રાત્રીના તેમના ઘરે ચોરી કરવાના ઈરાદે આવેલા અજાણ્યા ઈસમોએ યાકુબ ઝીણાની હત્યા કરી ફરાર થઈ ગયા હતા. હત્યા અંગેની જાણ થતાં જ ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા, અંકલેશ્વર ડીવાયએસપી ડો. કુશલ ઓઝા સહિત શહેર એ ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે ડોગ સ્કોર્ડની મદદ વડે હત્યારાઓને પગેરૂં મેળવવાની તજવીજ હાથ ધરી છે, ત્યારે હાલ તો ચોરીના ઈરાદે યાકુબ ઝીણાની હત્યા કરી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાઈ રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પુત્રી-જમાઈ મુંબઈ ગયા હોવાથી યાકુબ ઝીણા ઘરમાં એકલા હતા. તે દરમિયાન ઘટના બની હતી. ઘટના જોતા તિજોરીમાં મુકેલ સામાન વેર વિખેર પડેલો નજરે પડે છે. ત્યારે ખરેખર ચોરી થઈ છે તો કેટલા થઈ છે. તે અંગે દીકરી-જમાઈ આવ્યા બાદ જ માલુમ પડશે. વધુમાં યાકુબ ઝીણા મૂળ જુના દીવાના જ હોવાથી કોઈએ અંગત અદાવત કે પછી કોઈ કારણોસર હત્યા થઈ છે કે કેમ તે અંગે પણ પોલીસ દ્વારા તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા સાયન્ટિફિક રીતે, ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સ અને એફ.એસ.એલ તેમજ ડોગ સ્કોર્ડની મદદથી તપાસ શરૂ કરી છે.

# અમેરિકામાં યુનિવર્સિટીના સેંકડો વિદ્યાર્થીઓની ગાઝા વિરોધ પ્રદર્શનના કારણે ધરપકડ

(એજન્સી) તા.૨૯

અમેરકાની યુનિવર્સિટીઓમાં સેંકડો વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે કારણ કે, વિરોધીઓ ગાઝામાં યુદ્ધવિરામ અને પેલેસ્ટીની પ્રદેશ પર ઈઝરાયેલના લગભગ સાત મહિનાના યુદ્ધને સક્ષમ કરતી કંપનીઓમાંથી વિનિવેશની માંગ કરે છે.

શનિવારે કોલેજ કેમ્પસમાં પોલીસ સંપૂર્ણ રીતે બહાર હતી, કેટલાક વિદ્યાર્થીઓને વિખેરવા માટે રાસાયણિક બળતરા અને ટેસરનો ઉપયોગ કરતા હતા, કારણ કે, વધુ યુનિવર્સિટીઓએ ગાઝા પટ્ટી પર ચાલુ બોમ્બ વિસ્ફોટ અને ઈઝરાયેલને અમેરિકન સૈન્ય સહાયને નાબૂદ કરવાની માંગ કરતા વિરોધ દર્શાવ્યો હતો.

બોસ્ટનમાં પોલીસે લગભગ ૧૦૦ લોકોની અટકાયત કરી જ્યારે નોર્થઈસ્ટર્ન યુનિવર્સિટી ખાતે વિરોધ છાવણી સાફ કરી, સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં સુરક્ષા દળો અને ટ્રકની પાછળના ભાગમાં તંબુઓ લોડ કરતા દર્શાવ્યા બાદ નોર્થઈસ્ટર્નનો વિસ્તાર કેમ્પસ જ્યાં વિરોધ થયો હતો તે હવે 'સંપૂર્ણપણે સુરક્ષિત' છે અને 'કેમ્પસમાં તમામ પ્રવૃત્તિઓ સામાન્ય થઈ ગઈ છે.'

શાળાએ જણાવ્યું કે, તેનું પગલું 'બે દિવસ પહેલા વિદ્યાર્થીઓના પ્રદર્શન તરીકે શરૂ થયું હતું, જે વ્યાવસાયિક આયોજકો દ્વારા ઘૂસણખોરી કરવામાં આવ્યું હતું જેમનો ઉત્તરપૂર્વ સાથે કોઈ સંબંધ નથી.' તે કહે છે કે, અટકાયત કરાયેલ વ્યક્તિઓ કે જેઓ માન્ય શાળા આઈડી બતાવશે તેમને મુક્ત કરવામાં આવશે અને તેઓને શિસ્તની કાર્યવાહીનો સામનો કરવો પડશે, કાનૂની કાર્યવાહી નહીં.

ઉત્તરપૂર્વે વિરોધ પ્રદર્શનમાં 'યહૂદીઓને મારી નાખો'ના સૂત્રો સાંભળ્યા હોવાનો દાવો કર્યો હતો, જેમાં સુરક્ષા દળો દ્વારા




વિરોધીઓ પર કડક કાર્યવાહીને ન્યાયી ઠેરવવા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જો કે, યુનિવર્સિટીમાં પ્રો-પેલેસ્ટીની વિરોધ ચળવળના સભ્યોએ તે દાવાઓને ફગાવી દીધા હતા અને સાઈટ પરથી પોસ્ટ કરાયેલા વીડિયોમાં લોકો ઈઝરાયલી ધ્વજ ધારણ કરતા દર્શાવવામાં આવ્યા હતા, જ્યારે પેલેસ્ટીન તરફી વિરોધ કરનારાઓને ગુસ્સે કરવામાં આવ્યા હતા. બ્લૂમિંગ્ટનમાં, મિડવેસ્ટમાં, ઈન્ડિયાના યુનિવર્સિટી પોલીસ વિભાગે ૨૩ લોકોની ધરપકડ કરી હતી કારણ કે, તેઓ કેમ્પસ વિરોધ છાવણીને વિખેરી રહ્યા હતા. દેશની વિરુદ્ધ બાજુએ એરિઝોના સ્ટેટ યુનિવર્સિટી પોલીસ વિભાગે કેમ્પસમાં 'અનધિકૃત છાવણી' સ્થાપ્યા પછી પેશકદમીના આરોપમાં ૬૯ લોકોની ધરપકડ કરી.

# કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં ઈઝરાયેલી સમર્થકે પેલેસ્ટીની સમર્થક વિદ્યાર્થીઓને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો

(એજન્સી) તા.૨૯

ઈઝરાયેલ તરફી સમર્થકે રવિવારે પેલેસ્ટીનના સમર્થનમાં પ્રદર્શન ચાલુ રાખનારા કેલિફોર્નિયા યુનિવર્સિટીના વિદ્યાર્થી વિરોધીઓ પર ગુસ્સે ટિપ્પણી કરી.

સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા ફૂટેજ મુજબ, લોસ એન્જલસમાં કેમ્પસમાં ગાઝા સોલિડેરિટી કેમ્પમાં મધ્યરાત્રિએ ઈઝરાયેલી અને અમેરિકન ધ્વજ વહન કરનાર એક વ્યક્તિએ લોકોને જગાડવાનો પ્રયાસ કર્યો.

આ કેમ્પ યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના વિદ્યાર્થીઓ દ્વારા પેલેસ્ટીની વિસ્તાર ગાઝા સામે ઈઝરાયેલના ચાલી રહેલા યુદ્ધનો વિરોધ કરવા માટે સ્થાપવામાં આવ્યો છે.

ઈઝરાયેલ સમર્થક કથિત રીતે સવારે ૦૪.૩૦ (2030GMT)ની આસપાસ પેલેસ્ટીની સમર્થકોના તંબુ પાસે પહોંચ્યો, 'જાગો, સામ્યવાદીઓ' બૂમો પાડી અને તેના મોબાઈલ ફોન પર કેટલીક મજાક ઉડાવતો ઓડિયો વગાડ્યો.

સોશિયલ મીડિયા પર એક અલગ વીડિયોમાં અમેરિકન-યહૂદી હોવાનો દાવો કરતી એક મહિલા પોલીસને બોલાવતી જોવા મળી હતી, અને આરોપ મૂક્યો હતો કે પેલેસ્ટીન તરફી




વિરોધીઓએ 'તેણીને ઘેરી લીધી હતી અને જવા દેતા નથી'.

મહિલાએ દેખાવકારોને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હોવા છતાં, તેઓએ તેને શાંતિથી જણાવ્યું કે તે જવા માટે સ્વતંત્ર છે અને કોઈ તેને કોર્નર કરી રહ્યું નથી.

કોઈએ દરમિયાનગીરી કર્યા વિના, મહિલા પછીથી પોલીસને સમજાવવાનો પ્રયાસ કરતી જોવા મળી હતી કે તે 'અમેરિકન યહૂદી' છે અને તેને મદદની જરૂર છે.

# ગાઝાના આક્રમણ વચ્ચે સમગ્ર યુરોપિયન શહેરોમાં પેલેસ્ટીન તરફી રેલીઓ નીકળી

(એજન્સી) ઈસ્તંબુલ, તા.૨૯

ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી હુમલાને કારણે યુ.એસ.માં કોલેજ કેમ્પસમાં પેલેસ્ટીન તરફી છાવણી વચ્ચે પેલેસ્ટીન સાથે એકતામાં યુરોપિયન શહેરોમાં તાજેતરમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે.

બર્લિન, લંડન, જીનિવા, વિયેના અને પેરિસની રેલીઓએ સમગ્ર યુરોપમાં પેલેસ્ટીન માટે વ્યાપક સમર્થનને દર્શાવ્યું.

પ્રદેશમાં ન્યાય અને શાંતિની હિમાયત કરવા માટે વિવિધ પૃષ્ઠભૂમિના પ્રદર્શનકારીઓ ચાલી રહેલી હિંસાની નિંદા કરવા અને એકસાથે રસ્તા પર ઉતરી આવ્યા છે.

ગાઝામાં હિંસાની નિંદા કરવા શનિવારના રોજ બર્લિનમાં હર્મનપ્લાટ્ઝ સ્ક્વેર ખાતે પ્રદર્શનકારો એકઠાં થયા હતા. તેઓએ પેલેસ્ટીની ધ્વજ લહેરાવ્યા અને સૂત્રોચ્ચાર કર્યા કે હિટલર મૃત્યુ પામ્યો નથી, જર્મનીના લોકશાહી મૂલ્યોને સુધારવાનો સમય આવી ગયો છે, ઝાયોનિસ્ટ્સ, નરકમાં એક સ્થાન છે તમે તેના પર કબજો કરી શકો છો અને ગઈકાલે નાઝીઓ, આજે ઝાયોનિસ્ટ્સ. પોલીસે ૧૬૧ લોકોના અટકાયતની જાણ કરી અને કહ્યું કે, અન્ય ક્રિયાઓ ૧૩ મે સુધી પ્રતિબંધિત છે.

લંડનમાં ટોળાએ તાત્કાલિક યુદ્ધવિરામની માગણી સાથે પાર્લામેન્ટ સ્ક્વેર પર કૂચ કરી અને સરકારને ઈઝરાયેલી આક્રમણ સામે મજબૂત વલણ અપનાવવા વિનંતી કરી.

પેલેસ્ટીનના સમર્થનમાં જીનીવાના પ્લેસ ડી ન્યુવ સ્ક્વેર ખાતે હજારો લોકોએ કૂચ કરી હતી. પ્રદર્શનકારીઓએ બેનરો હાથ ધર્યા હતા અને સૂત્રોચ્ચાર કર્યા હતાઃ ઈઝરાયેલનો બહિષ્કાર કરો, ઈઝરાયેલને ઓલિમ્પિક્સમાંથી પ્રતિબંધિત કરો અને પેલેસ્ટીનને સ્વતંત્રત કરો. બે




કલાકની કૂચ પ્લેનપેલેસ સ્ક્વેર ખાતે સમાપ્ત થઈ.

વિયેનામાં વિરોધીઓ વિયેનાના ૧૦મા જિલ્લામાં કલ્ચર સ્ક્વેર ખાતે એકઠા થયા હતા. પ્રદર્શનકારીઓએ હિંસાનો અંત લાવવાની અને મધ્ય-પૂર્વમાં શાંતિ અને ઓસ્ટ્રિયાને ન્યાય માટેના પ્રયત્નોને સમર્થન આપવા માટે માગણી કરી, પેલેસ્ટીની ધ્વજ અને બેનરો પ્રદર્શિત કરીને નરસંહાર નહીં, તાત્કાલિક યુદ્ધવિરામ અને ગાઝા માટે સ્વતંત્રતા જેવા સૂત્રોચ્ચાર કર્યા. શુક્રવારના રોજ વિરોધીઓએ પેરિસમાં પેરિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોલિટિકલ સ્ટડીઝ તરફ કૂચ કરી, પેલેસ્ટીનીઓ સાથે એકતા વ્યક્ત કરી અને ઈઝરાયેલના કબજાને સમાપ્ત કરવાની માંગ કરી.

પ્રદર્શનકર્તાઓએ સંઘર્ષનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવાની તાકીદ પર ભાર મૂકતા લખ્યું હતું કે; સ્વતંત્ર પેલેસ્ટીન અને હિંસા રોકો. જેમ જેમ મધ્ય-પૂર્વમાં આ પરિસ્થિતિ સતત વધી રહી છે, એકતાના અવાજો સંઘર્ષને સમાપ્ત કરવાની વૈશ્વિક હાકલની શક્તિશાળી યાદ અપાવે છે.

# હૌથી દ્વારા મિસાઈલ હુમલા બાદ ભારતીય નૌકાદળ ૩૦ ક્રૂ સભ્યો સાથેના તેલ જહાજની મદદ માટે પહોંચ્યું

(એજન્સી) તા.૨૯

ભારતીય નૌકાદળે ઈરાન સમર્થિત હૌથી દ્વારા પનામા-ધ્વજવાળા ક્રૂડ ઓઈલ ટેન્કર સ્ફ એન્ડ્રોમેડા સ્ટાર પરના હુમલાનો ઝડપથી જવાબ આપ્યો અને તમામ ૩૦ ક્રૂ સભ્યોને સુરક્ષા આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભારતીય નૌકાદળ ઈરાન સમર્થિત હૌથી દ્વારા હુમલો કર્યા બાદ પનામા-ધ્વજવાળા ક્રૂડ ઓઈલ ટેન્કર પરનું જોખમ મૂલ્યાંકન અને સહાયતા કામગીરીમાં વ્યસ્ત છે. ભારતીય નૌકાદળના વિનાશક INS કોચીએ હૌથીઓએ લાલ સમુદ્રમાં એન્ડ્રોમેડા સ્ટાર ઓઈલ ટેન્કર જહાજ પર મિસાઈલો છોડ્યા બાદ પ્રતિક્રિયા આપી હતી, આ જહાજમાં ૨૨ ભારતીયો સહિત ૩૦ ક્રૂ સભ્યો હતા. નૌકાદળની એક વિસ્ફોટક ઓર્ડનન્સ ડિસ્પોઝલ (EOD) ટીમને અવશેષ જોખમ મૂલ્યાંકન કરવા માટે બોર્ડ પર તૈનાત કરવામાં આવી હતી. નૌકાદળે કહ્યું છે કે તમામ ક્રૂ મેમ્બર સુરક્ષિત છે. ભારતીય નૌસેનાએ જણાવ્યું હતું કે, ભારતીય નૌકાદળના INS કોચીએ એક મિશનએ ૨૬ એપ્રિલના રોજ પનામા-ધ્વજવાળા ક્રૂડ ઓઈલ ટેન્કર સ્ફ એન્ડ્રોમેડા સ્ટાર પરના હુમલા સાથે સંકળાયેલી દરિયાઈ સુરક્ષા માટે જવાબ આપ્યો હતો. ભારતીય નૌકાદળના જહાજ દ્વારા આ જહાજને અટકાવવામાં આવ્યું હતું અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે હેલિકોપ્ટર દ્વારા હવાઈ શોધ હાથ ધરવામાં આવી હતી. ૨૨ ભારતીય નાગરિકો સહિત કુલ ૩૦ ક્રૂ સલામત છે અને આ જહાજ આગામી બંદર પર તેનું નિર્ધારિત પરિવહન ચાલુ



રાખી રહ્યું છે. ભારતીય નૌકાદળના જહાજની ઝડપી કાર્યવાહી એ ખલાસીઓની સુરક્ષામાં ભારતીય નૌકાદળની પ્રતિબદ્ધતા અને સંકલ્પને પુનરોચ્ચાર કરે છે. ગાઝા યુદ્ધમાં ઈઝરાયેલ સામે લડી રહેલા પેલેસ્ટીની જૂથ હમાસને સમર્થન આપવા માટે હુથીઓ લાલ સમુદ્રમાં વિદેશી વ્યાપારી જહાજો પર હુમલો કરી રહ્યા છે. પનામા-ધ્વજવાળું એન્ડ્રોમેડા સ્ટાર, જે બ્રિટિશ-માલિકીનું હતું, તે તાજેતરમાં સેશેલ્સના નવા માલિકને વેચવામાં આવ્યું હતું. હૌથીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર ટેન્કર રશિયા સાથેના વેપારમાં સંકળાયેલું છે અને તે રશિયાના પ્રિમોર્સ્કથી ભારતના વાડીનાર તરફ જઈ રહ્યું હતું.

# 'હવે યુદ્ધવિરામ થશે' : ગાઝા સાથે એકતા દર્શાવવા લોકો લંડનની શેરીઓમાં ઊતર્યા

(એજન્સી) લંડન, તા. ૨૯

ઈઝરાયેલના હુમલાઓનો વિરોધ કરવા અને ગાઝા પટ્ટીમાં તાત્કાલિક યુદ્ધવિરામની માગણી કરવા માટે ગઈકાલે લંડનમાં એક વિશાળ રાલી યોજાઈ હતી. ગાઝામાં પેલેસ્ટીનીઓ સાથે એકતા વ્યકેત કરવા હજારો વિરાધીઓએ પાલાર્મેન્ટ સ્કવેર ખાતે એકઠા થયા હતા, ગાઝામાં ૨ ઓકટોબરથી શરૂ થયેલા હુમલામાં ૩૪,૩૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. ઘેરાયેલા પેલેસ્ટીની એન્કલેવમાં પેલેસ્ટીની ધ્વજ લઈને તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરી હતી અને ઈઝરાયેલ સાથે બ્રિટિશ સરકારના વલણની ટીકા કરી હતી. 'ફ્રી પેલેસ્ટીન', 'નરસંહાર રોકો', 'રીશી સુનક, તમે છુરી શકતા નથી અમે તમારા પર નરસંહારનો આરોપ લગાવીએ છીએ', હાઈડ પાર્ક જતી રેલી દરમિયાન પેલેસ્ટીન તરફી વિરોધીઓએ આવા સૂત્રોચાર કર્યા હતા. તેઓએ મુખ્ય વિપક્ષી લેબર પાર્ટીના નેતા કીર સ્ટામરની પણ ઈઝરાયેલ અંગે તેમના વલણની ટીકા કરી હતી. રેલીમાં ભાગ લેનારાઓમાં વિવિધ ઈઝરાયેલ વિરોધી યહૂદી જૂથોના દેખાવકારો હતા. રેલીના માર્ગ સાથે કેટલાક ઈઝરાયેલ તરફી વિરોધીઓએ પણ પ્રદર્શન કર્યા હતા, જ્યારે બીજી બાજુ પેલેસ્ટીન તરફી વિરોધીએ હાથમાં પોસ્ટર લઈને રેલીમાં ભાગ લીધો હતો જેમાં લખ્યું હતુ કે, 'હું યહુદી છું અને નરસંહારનો વિરોધ કરૂં છું.' એનાડોલુ એજન્સી સાથે વાત કરતા ૩૯ વર્ષીય વિરોધ કરનાર જુડ બ્લિસે કહ્યું કે, 'ગાઝા અને પેલેસ્ટીની લોકો સાથે એકતા દર્શાવી મબત્વપૂર્ણ છે. અત્યારે જે થઈ રહ્યું છે તે નરસંહાર છે, યુએસ અને યુકે તરફથી મોકલવામાં આવતો શસ્ત્રોનો




પુરવઠો 'અપમાનજનક' છે કારણ કે તેનાથી હજારો પેલેસ્ટીનીઓના જીવન જોખમમાં મુકાય છે. ખાસ કરીને તેઓ બાળકોની હત્યા કરી રહ્યા છે.' બ્લિસે બ્રિટિશ સરકારને 'ઈઝરાયેલના યુદ્ધ મશીન' કહ્યા અને શસ્ત્રો આપવાની જોગવાઈઓ તાત્કાલિક સ્થગિત કરવા હાકલ કરી હતી. યુકેમાં પેલેસ્ટીની રાજદૂત હુસમ ઝોમલોટ અને આયરલેન્ડના પ્રથમ મંત્રી મિશેલ ઓનીલ પણ રેલીમાં હાજર હતા. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં ઈઝરાયેલ પર નરસંહારનો આરોપ છે. જાન્યુઆરીમાં વચગાળાના ચુકાદાએ તેલ અવીવને તેના દળોના નરસંહારના કૃત્યો રોકવા આદેશ આપ્યો હતો અને ગાઝામાં નાગરિકોને માનવતાવાદી સહાય પૂરી પાડવામાં આવે તેની ખાતરી આપી હતી.

# સંયુક્ત રાષ્ટ્રએ હમાસના હુમલાઓમાં UNRWAની ભાગીદારીના ઈઝરાયેલના દાવાઓના પાંચ કેસ બંધ કરી દીધા

(એજન્સી) તા.૨૯

સંયુકત રાષ્ટ્રએ આરોપોના પાંચ કેસોને બંધ કરી દીધા છે કે તેના રાહત કર્મચારી ૭ ઓકટોબરે ઈઝરાયેલના કબજાવાળા ક્ષેત્ર પર હમાસના હુમલામાં સામેલ હતા. પોતાના દાવાઓ છતાં ઈઝરાયેલ દ્વારા આપવામાં આવેલા પુરાવાઓની ઉલ્લેખનીય અછતની વચ્ચે. આ વર્ષે જાન્યુઆરીમાં ઈઝરાયેલે ગાઝામાં સંયુકત રાષ્ટ્રની રાહત અને કાર્ય એજન્સીના કર્મચારીઓ પર હમાસના ૭ ઓકટોબરના ઓપરેશનમાં ભાગ લેવાનો આરોપ લગાવ્યો. જેનાથી મહત્ત્વપૂર્ણ સહાયતા રાહત એજન્સીને તે સમયે બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. જ્યારે તેની સૌથી વધુ જરૂરત હતી. સંયુકત રાષ્ટ્ર મહાસચિવના પ્રવકતા સ્ટીફન દુજારિક મુજબ આંતરિક નિરીક્ષણ સેવાઓના કાર્યાલય દ્વારા ૧૨થી વધુ UNRWA રાહત કાર્યકર્તાઓની આંતરિક તપાસે તેમના પાંચ કેસોને બંધ કરવાનો નિર્ણય લીધો છે.

એક વ્યક્તિને મુકત કરવામાં આવ્યો કારણ કે આરોપોના સમર્થનમાં ઈઝરાયેલ દ્વારા કોઈ પુરાવા ઉપલબ્ધ કરાવવામાં આવ્યા નહતા. જ્યારે ઈઝરાયેલ દ્વારા આપવામાં આવેલા અપૂરતા પુરાવાઓના કારણે ત્રણ મામલાઓની તપાસ સ્થગિત કરી દેવામાં આવી હતી. અને અન્ય એકને વધારાના સહાયક પુરાવા મળવા સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. અને અન્ય એકને વધારાના સહાયક પુરાવા મળવા સુધી સ્થગિત કરી




દેવામાં આવ્યા છે. મેમાં સંયુકત રાષ્ટ્ર ટીમના દેશના પ્રવાસ દરમ્યાન તપાસ કરવામાં આવી. બાકી મામલાઓની હાલમાં તપાસ ચાલી રહી છે. હમાસના હુમલાઓમાં UNRWA કર્મચારીઓની સંડોવણીના તેલ અવીવના આરોપોએ એજન્સીને ફંડિંગ અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું જેના પરિણામ સ્વરૂપ આજે પશ્ચિમ રાજ્યોએ સંયુકત રાષ્ટ્ર રાહત સંગઠન પાસેથી સમર્થન અને ફંડ પરત લઈ લીધું.

# ઈઝરાયેલના જારી હુમલાના કારણે ગાઝામાં વધુ ૬૬ પેલેસ્ટીનીઓના મોત : આરોગ્ય મંત્રાલય

(એજન્સી) તા.૨૯

પાછલા ૨૪ કલાકમાં ઓછામાં ઓછા ૬૬ વધુ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે અને ૧૩૮ અન્ય ઘાયલ થયા છે કારણ કે ઈઝરાયેલે ઘેરાયેલા ગાઝા પટ્ટી પર તેનું આક્રમણ ચાલુ રાખ્યું હતું, પ્રદેશના આરોગ્ય મંત્રાલયે રવિવારે જણાવ્યું હતું. મંત્રાલયના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, "ઈઝરાયલી કબજા (દળો)એ ગાઝા પટ્ટીમાં પરિવારો વિરૂદ્ધ સાત નરસંહાર કર્યા, જેમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૬૬ લોકો મૃત્યુ પામ્યા અને ૧૩૮ ઘાયલ થયા." તેમણે જણાવ્યું કે "ઘણા લોકો હજુ પણ કાટમાળ નીચે અને રસ્તાઓ પર ફસાયેલા છે કારણ કે બચાવ કાર્યકર્તાઓ તેમના સુધી પહોંચવામાં અસમર્થ છે. ઈઝરાયેલે આંતરરાષ્ટ્રીય અદાલતના કામચલાઉ ચુકાદાનું ઉલ્લંઘન કરીને ગાઝા પટ્ટી પર હુમલો ચાલુ રાખ્યો છે, જ્યાં ૭ ઓકટોબરથી ઓછામાં ઓછા ૩૪,૪૫૪ પેલેસ્ટીનીઓ અને ૭૭,૫૭૫ મૃત્યુ પામ્યા છે, એમ પેલેસ્ટીની આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું છે. પેલેસ્ટીની પ્રતિકાર સમુહ હમાસ દ્વારા સીમાપારથી થયેલા હુમલા પછી ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર હુમલો કર્યો છે, જે તેલ અવીવ કહે છે કે લગભગ ૧,૨૦૦ લોકો મૃત્યુ પામ્યા છે. યુનાઈટેડ નેશન્સ અનુસાર, ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધે પ્રદેશની ૮૫% વસ્તીને ખોરાક, સ્વચ્છ પાણી અને દવાઓની ગંભીર અછત વચ્ચે આંતરિક વિસ્થાપનમાં ધકેલી દીધી છે, જ્યારે એન્ક્લેવની ૬૦% ઈન્ફ્રાસ્ટ્રક્ચર નુકસાન થયું છે. ઈન્ટરનેશનલ



કોર્ટ ઓફ જસ્ટિસમાં ઈઝરાયેલ પર નરસંહારનો આરોપ મૂકવામાં આવ્યો છે. જાન્યુઆરીમાં એક વચગાળાના નિર્ણયમાં તેલ અવીવને નરસંહારના કૃત્યોને રોકવા માટે પગલાં લેવા અને ગાઝામાં નાગરિકોને માનવતાવાદી સહાય પહોંચાડવાની બાંયધરી આપવાનો આદેશ આપ્યો હતો. જો કે, દુશ્મનાવટ અવિરતપણે ચાલુ રહે છે અને માનવતાવાદી આપત્તિનો સામનો કરવા માટે સહાયની ડિલિવરી ખૂબ જ અપૂરતી રહે છે.

# બાઈડેનની ઝુંબેશના પ્રતિનિધિઓએ અમેરિકી મુસ્લિમ મતદાર હિમાયત જૂથો સાથે વાર્તાલાપ કરવાના આમંત્રણનો અસ્વીકાર કર્યો

## મુસ્લિમ મતદારો કહે છે કે ઝુંબેશ દ્વારા આ ઈન્કાર બાઈડેન અને મતદારો વચ્ચેના તૂટી રહેલા જોડાણને દર્શાવે છે, તૃતીય પક્ષના ઉમેદવારો મુસ્લિમો પાસે જઈ રહ્યા છે

(એજન્સી) તા.૨૯

અમેરિકાના બે ડઝનથી વધુ મુસ્લિમ નાગરિક જૂથોના ગઠબંધન અનુસાર, યુએસ પ્રમુખ જો બાઈડેનની પુનઃચૂંટણી ઝુંબેશ ટીમે દેશના ૧૦ લાખથી વધુ મુસ્લિમ અમેરિકન મતદારો સાથે જોડાણ ધરાવતા સિમ્પોઝિયમને સંબોધિત કરવાના આમંત્રણને નકારી કાઢ્યું હતું. બે દિવસીય ઓનલાઈન સિમ્પોસિયમ ૨૦ અને ૨૧ એપ્રિલના રોજ યોજવામાં આવ્યું હતું, અને નવેમ્બરમાં આગામી પ્રમુખપદની ચૂંટણીને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, જેમાં અમેરિકન મુસ્લિમ સમુદાયના હિતો અને મૂલ્યો અને સંલગ્ન ચિંતાઓનો સમાવેશ થાય છે. આ પરિસંવાદમાં ઈઝરાયેલ માટે યુએસનું સમર્થન, મધ્ય પૂર્વ ક્ષેત્ર અને એશિયામાં ન્યાય અને સ્થાનિક મુદ્દાઓમાં અશ્વેત સમુદાયને લગતા મુદ્દાઓની વાત કરવામાં આવી હતી.

મુસ્લિમ નાગરિક ગઠબંધન સહિત ૨૫ સંસ્થાઓ દ્વારા તેનું આયોજન કરવામાં આવ્યું હતું. બાઈડેનની ઝુંબેશ ઉપરાંત, પૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટેના અભિયાને પણ તેમના આમંત્રણનો અસ્વીકાર કર્યો હતો. મુસ્લિમ સિવિક લીગના એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે ટ્રમ્પ ઝુંબેશથી વધુ અપેક્ષા રાખતા ન હતા, પણ રાષ્ટ્રપતિ બાઈડેન દ્વારા ૧૬ લાખ મુસ્લિમ મતદારોની અવગણના કરવામાં આવી છે, જેમના મતોએ તેમને ૨૦૨૦માં તેઓને વ્હાઈટ હાઉસમાં મોકલ્યા હતા. મુસ્લિમો, આરબો, યુવાનો અને તમામ જાતિઓ અને ધર્મોના સાથીઓ પ્રત્યે પ્રમુખ બાઈડેનની અવગણના અસ્વીકાર્ય છે. તે અમારા સમુદાયો માટે મતદાન કરવા માટે મહત્વપૂર્ણ છે. અમારા અવાજો સ્પષ્ટ રીતે સાંભળવા જોઈએ. સ્વતંત્ર કોર્નેલ વેસ્ટ, ગ્રીન પાર્ટીના જીલ સ્ટેઈન, પાર્ટી ફોર સોશ્યાલિઝમ એન્ડ લિબરેશનના ક્લાઉડિયા ડે લા ક્રુઝ અને લિબરટેરિયન પાર્ટીના જોસેફ કોલિન્સ સહિત કેટલાક તૃતીય પક્ષના ઉમેદવારોએ આ સિમ્પોસિયમ હાજરી આપી હતી. દેશભરના મુસ્લિમ જૂથોના વિવિધ ગઠબંધન દ્વારા આયોજિત તાજેતરના સિમ્પોઝિયમમાં બાઈડેન વહીવટીતંત્ર અને ટ્રમ્પ ઝુંબેશ બંનેના પ્રતિનિધિઓની ગેરહાજરી, સમગ્ર દેશમાં અમારા સમુદાય




સાથેના તેમના નબળા જોડાણને રેખાંકિત કરે છે. તેઓએ કહ્યું કે, આનાથી ગાઝા પ્રત્યેની વર્તમાન વહીવટીતંત્રની નીતિઓ અને આ પ્રદેશમાં યુએસની વ્યાપક ભૂમિકા વિશેની અમારી ચિંતાઓ વધુ તીવ્ર બની છે. પરિણામે, અમે એવા નેતાઓને શોધવા માટે પ્રતિબદ્ધ છીએ જેઓ ખરેખર અમારા સમુદાયના મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે. બાઈડેનની આ ઝુંબેશને આક્રોશનો સામનો કરવો પડી રહ્યો છે અને ગાઝા પર ઈઝરાયેલના હુમલા માટે વર્તમાન વહીવટીતંત્રના સમર્થનને લઈને મુસ્લિમ-અમેરિકન સમુદાયના મતદારોના સમર્થનમાં ઘટાડો થયો છે. બાઈડેન વહીવટીતંત્રે ઈઝરાયેલને શસ્ત્રો અને યુદ્ધસામગ્રી આપી છે અને તેને સંયુક્ત રાષ્ટ્રમાં રાજદ્વારી કવચ પ્રદાન કર્યું છે. આ સમય દરમિયાન, ઈઝરાયેલી દળોએ ૩૪,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓની હત્યા કરી છે, જેમાંથી મોટાભાગની મહિલાઓ અને બાળકો છે. માર્ચમાં થયેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ૭૨ ટકા મુસ્લિમ મતદારોએ ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધના બાઈડેનના સમર્થનનો અસ્વીકાર કર્યો હતો. મિનેસોટા અને મિશિગન જેવા મુખ્ય સ્વિંગ રાજ્યોમાં પ્રાથમિક ચૂંટણીઓમાં, મુસ્લિમ અને આરબ અમેરિકનો મોટી સંખ્યામાં રહે છે અને આ હજારો મતદારોએ બાઈડેનની ગાઝા નીતિ અપ્રિય છે તે બતાવવા માટે તેમની વિરુદ્ધ મતદાન કર્યું છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# ઉત્તરાખંડના જંગલમાં દાવાનળ અને સરકારની ઘોર બેદરકારી

કોઈપણ દુર્ઘટનાનો સૌથી મોટો બોધપાઠ એ હોવો જોઈએ કે એવી વ્યવસ્થા કરવી જોઈએ જેથી ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ટાળી શકાય અને એનાથી થનારી હાનિનું પુનરાવર્તન ન થાય. નવાઈની વાત એ છે કે ઉત્તરાખંડના જંગલોમાં દર વર્ષે આગ લાગવાની ઘટનાઓ બનતી હોય છે અને વ્યાપક નુકસાન થતું હોવા છતાં તેના પર ધ્યાન આપવામાં આવતું નથી. આ વખતે ફરી નૈનીતાલ અને તેની આસપાસના જંગલોમાં આગ ફાટી નીકળી છે અને ફેલાઈને ખતરનાક સ્વરૂપ ધારણ કરી લીધું છે. આ આગના કારણે પ્રવાસન વ્યવસાયને પણ અસર થઈ છે.

છેલ્લા બે-ત્રણ દિવસમાં કુમાઉના જંગલોમાં પચ્ચીસથી વધુ જગ્યાએ આગ ફાટી નીકળી હતી. જંગલમાં આગની આ ઘટનાઓમાં લગભગ ચોંત્રીસ હેક્ટર વિસ્તારમાં જંગલની સંપત્તિને નુકસાન થયું છે, તેની સાથે નૈનીતાલ અને આસપાસના વિસ્તારોમાં પર્યટન વ્યવસાય પર પણ વિપરીત અસર પડી છે. ભીમતાલના પાણીનો ઉપયોગ આગ બુઝાવવા માટે કરવામાં આવી રહ્યો છે, જેના કારણે તે તળાવમાં પ્રવાસન પ્રવૃત્તિઓ ઠપ્પ થઈ ગઈ છે જેના લીધે આ વિસ્તારની અર્થવ્યવસ્થા પર નકારાત્મક અસર થવાની સંભાવના છે.

નૈનીતાલના જંગલોમાં લાગેલી આગ કાબૂ બહાર થઈ જતાં મદદ માટે સેના અને હેલિકોપ્ટર પણ બોલાવવામાં આવ્યા હતા.

ઉત્તરાખંડના જંગલોમાં આગ લાગવાની આ પહેલી કે નવી ઘટના નથી. દર વર્ષે ઉનાળામાં અનેક જગ્યાએ આગ લાગવાને કારણે આસપાસના વિસ્તારોમાં જનજીવન ખોરવાઈ જાય છે. આ વખતે તાપમાનમાં વધારા સાથે રાજ્યમાં આગના પાંચસોથી વધુ કેસ નોંધાયા છે. અફસોસની વાત એ છે કે સ્પષ્ટ આશંકા અને ભય હોવા છતાં, ઉનાળાની શરૂઆત પહેલા, સરકાર આવી આગને રોકવા અને સંવેદનશીલ સ્થળોએ આગ ફેલાતી અટકાવવા માટે પૂરતી વ્યવસ્થા કરી શકી નથી.

જંગલમાં એવાં કેટલાક ખાલી વિસ્તારો બનાવી શકાય કે, જ્યાં જળાશયો બનાવી શકાય છે જેથી કરીને જો કોઈ વિસ્તારમાં આગ લાગે તો તેને ફેલાતી અટકાવી શકાય અને તેને બુઝાવવામાં પણ મદદ મળે. આગની ઘટનાઓમાં કેટલાક અસમાજિક તત્વો સંડોવાયેલા છે કે કેમ તે પણ તપાસ કરવી જરૂરી છે. પરંતુ જંગલમાં આગ લાગવાના બનાવો સામાન્ય રીતે બનતા હોવા છતાં પ્રચાર અને ચૂંટણીના રાજકારણમાં મસ્ત સરકારને આ તરફ ધ્યાન આપવાની જરૂર જણાતી નથી. પરિણામે, દર વર્ષે રાજ્યમાં જંગલોનો મોટો ભાગ આગથી નાશ પામે છે. પ્રકૃતિ અને પર્યાવરણનું આ કેટલું મોટું અને ભયાનક નુકસાન છે તેનો અંદાજ વર્તમાન સ્થિતિમાં સ્હેજે નીકળી શકે એમ છે.

# ભાજપે નહીં, પરંતુ વિપક્ષે આ વખતે યુપીમાં વધુ ઓબીસી અને દલિતોને મેદાનમાં ઉતાર્યા છે



ઈન્ડિયા જૂથના ઉમેદવારોની જાતિ મુજબની વહેંચણી અખિલેશ યાદવે વચન આપેલા 'પિછડા, દલિત, અલ્પસંખ્યક' સૂત્રને તદ્દન અનુસરશે નહીં - પરંતુ એક હિંમતભર્યો રાજકીય દાવપેચ હશે જ્યાં આ એક દાયકામાં પ્રથમ વખત ભાજપ બેકફૂટ પર હશે.

**વાસ્તવિકતા**

**- ઓમર રશીદ**

ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીની આગેવાની હેઠળનું ઈન્ડિયા જૂથ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી કરતાં વધુ પછાત જાતિ અને દલિત ઉમેદવારોને મેદાનમાં ઉતારશે. આને હાંસિયામાં ધકેલાઈ ગયેલા પરંતુ સંખ્યાત્મક રીતે વર્ચસ્વ ધરાવતા હિંદુ સમુદાયોમાં બીજેપીના અનિયંત્રિત વર્ચસ્વને તોડવાની દિશામાં એક પગલું માનવામાં આવે છે. એસપી તેના પીડીએ - પિછડા, દલિત, અલ્પસંખ્યક -ના ચૂંટણી સૂત્ર સાથે સંપૂર્ણ પ્રમાણિક રહી નથી કારણ કે તેણે રાજ્યની વસ્તીમાં મુસ્લિમોને તેમના પ્રતિનિધિત્વ કરતા ઘણા ઓછા મેદાનમાં ઉતાર્યા છે. જો કે, OBC અને દલિતો માટે ઉમેદવારોની પસંદગીમાં વધુ હિસ્સા દ્વારા, તેણે વિવેચનાત્મક-મહત્વના હિંદુ 'બહુજન' મતને આકર્ષવા માટે ભાજપ સાથે મેળ ખાતી તેની વ્યૂહરચના પૂરી કરી છે. OBC અને દલિતો મળીને રાજ્યની ઓછામાં ઓછી ૬૦થી ૬૫% વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે અને નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ભાજપને સત્તામાં આવવામાં અને તેની ભગવા રાજનીતિને આગળ વધારવામાં મદદ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

યુપીમાં લોકસભાની ૮૦ બેઠકો છે. અત્યાર સુધી ભાજપના નેતૃત્વમાં એનડીએ ૭૭ સીટો પર પોતાના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ઈન્ડિયા જૂથ - એસપી, કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસે (TMC) - ૭૫ સીટો પર તેના ઉમેદવારો જાહેર કર્યા છે.

ધ વાયર દ્વારા ઉમેદવારોની જાતિઓનું વિશ્લેષણ દર્શાવે છે કે ભાજપ અને તેના સહયોગીઓએ ૨૯ પછાત જાતિના ઉમેદવારો અને ૩૨ 'ઉચ્ચ જાતિ' (યુસી)માંથી ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. પાર્ટીએ અનામત બેઠકો પર જ દલિત ઉમેદવારો જાહેર કર્યા છે. યુપીમાં ૧૭ અનામત બેઠકો છે. અત્યાર સુધી, નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)એ ૧૬ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. NDA, તેના બહુમતીવાદી હિંદુત્વ એજન્ડા પર રહીને, એક પણ મુસ્લિમ ઉમેદવાર જાહેર કર્યો નથી. ઉત્તરપ્રદેશમાં ૮૦ લોકસભા મતવિસ્તાર છે, જેમાંથી ૧૭ અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે અનામત છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે ભાજપ ભલે ઓબીસી અને દલિતોનું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે, પરંતુ તેની ટિકિટ વિતરણનો લાભ મેળવનાર સૌથી મોટા સમુદાયો બ્રાહ્મણો અને ઠાકુર જેવા પ્રબળ હિંદુ જૂથો છે. NDA માટે મેદાનમાં રહેલા ૩૨ UCમાંથી, ૧૭ બ્રાહ્મણો અને ૧૧ ઠાકુર છે. તે (૨૮) લગભગ પક્ષ દ્વારા મેદાનમાં ઊતરેલા ઓબીસીની સંખ્યા જેટલી છે, તેમ છતાં ઓબીસી તેમની સંયુક્ત વસ્તીના ત્રણ ગણા કરતાં વધુ હોવાનો અંદાજ છે. એનડીએએ પણ બનિયા સમુદાયમાંથી બે અને એક ભૂમિહારને નોમિનેટ કર્યા છે.

ભાજપ દ્વારા મેદાનમાં ઊતરેલા યુસીની સંખ્યા વધવાની ધારણા છે. પાર્ટીએ હજુ કૈસરગંજ અને રાયબરેલીમાં ઉમેદવારોની ઘોષણા કરવાની બાકી છે, જ્યાં તે પરંપરાગત રીતે યુસીને મેદાનમાં ઉતારે છે. ત્રીજી સીટ જ્યાં એનડીએએ હજુ સુધી ઉમેદવારનું નામાંકન કર્યું નથી તે રોબર્ટસગંજ છે - એક અનામત મતવિસ્તાર. યાદવો વિરુદ્ધ બિન-યાદવ ઓબીસીનું ધ્રુવીકરણ કરવું અને તેમના વિખરાયેલા મતોને મજબૂત કરવા એ અત્યાર સુધી યુપીમાં ભાજપની કેન્દ્રીય વ્યૂહરચના રહી છે. રાજ્યની મુખ્ય વિપક્ષી પાર્ટી, SP, વર્ષોથી એક ધારણા સામે લડી રહી છે, અંશતઃ મીડિયાના પ્રચાર અને પક્ષને કારણે તેની પોતાની અયોગ્યતાઓને કારણે, કે તે ફક્ત યાદવ સમુદાયના હિતોનું પ્રતિનિધિત્વ કરે છે, જેનું તેનું ટોચનું નેતૃત્વ છે. બીજેપીએ એસપીને અન્ય સમુદાયો, ખાસ કરીને બિન-યાદવ પછાત જાતિઓની કિંમતે મુસ્લિમો અને યાદવોને ખુશ કરનાર પક્ષ તરીકે પ્રોજેક્ટ કર્યો છે. આ સિદ્ધાંતને મજબૂત બનાવવા માટે, ભાજપે માત્ર નાના બિન-યાદવ ઓબીસી-આધારિત જૂથો - નિષાદ પાર્ટી, અપના દળ (સોનેલાલ), રાષ્ટ્રીય લોકદળ અને સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી - સાથે જોડાણ જ કર્યું નથી, પરંતુ પીએમ મોદી, પછાત જાતિના ચહેરા તરીકે તેના સ્ટાર પ્રચારકને પણ રજૂ કર્યા છે. ભાજપે એક સિદ્ધાંતને આગળ ધપાવ્યો છે કે યાદવોએ ૨૭% OBC ક્વોટાને ઘેરી લીધો છે, તેમ છતાં વિવિધ સરકારી અહેવાલો દર્શાવે છે કે અન્ય પ્રભાવશાળી પછાત જાતિઓ જેમ કે કુર્મી, જાટ અને ગુર્જરોએ પણ સરકારી નોકરીઓ અને રાજકીય પ્રતિનિધિત્વનો હિસ્સો મેળવ્યો છે જે તેમની વસ્તીના હિસ્સા કરતાં અપ્રમાણસર રીતે વધારે છે. આ કથાનો સામનો કરવા માટે, અખિલેશ યાદવની આગેવાની હેઠળની સપાએ ૨૦૨૪માં ઉમેદવારોની પસંદગીમાં બિન-યાદવ ઓબીસી અને દલિતોનું પ્રતિનિધિત્વ વધાર્યું છે. સપા પોતાના પ્રતીક પર ૬૨ સીટો પર ચૂંટણી લડી રહી છે. પાર્ટીએ અત્યાર સુધીમાં ૨૯ ઓબીસીને મેદાનમાં ઉતાર્યા છે, જેમાંથી માત્ર પાંચ યાદવ છે. સપાનો ઓબીસીનો આંકડો ૩૦ને આંબી શકે છે કારણ કે સૂત્રોએ સંકેત આપ્યો છે કે પાર્ટી ફતેહપુરમાં અન્ય ઓબીસી (કુર્મી)ને મેદાનમાં ઉતારે તેવી શક્યતા છે. SP દલિતો માટે આરક્ષિત ૧૪ બેઠકો પર ચૂંટણી લડી રહી છે પરંતુ આ ચૂંટણીમાં ૧૬ દલિતોને મેદાનમાં ઉતારશે, કારણ કે તેણે PDA પ્રયોગના ભાગરૂપે સામાન્ય બેઠકો પર મેરઠમાં સુનીતા વર્મા અને ફૈઝાબાદમાં અવદેશ પ્રદેશમાં બે દલિત ઉમેદવારોને જાહેર કર્યા છે. તેણે ૧૧ UC ઉમેદવારો જાહેર કર્યા છેઃ ઠાકુર અને બ્રાહ્મણ સમુદાયના ત્રણ-ત્રણ, બે બનિયા, બે કાયસ્થ અને એક ભૂમિહાર. જો કે મુસ્લિમો રાજ્યની વસ્તીના ૨૦% છે, પરંતુ સપાએ આ ચૂંટણીમાં માત્ર ચાર જ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. એસપીના સાથી પક્ષ કોંગ્રેસે મોટી ટકાવારી યુસીને નોમિનેટ કરી છે. એમ ધારીને તે અમેઠી અને રાયબરેલીમાં યુસીને મેદાનમાં ઉતારે છે, ૧૭માંથી નવ બેઠકો પર કોંગ્રેસ ચૂંટણી લડી રહી છે - લગભગ ૫૩% - તેના ઉમેદવારો યુસી હશે. કોંગ્રેસે અમરોહા અને સહારનપુરમાં બે મુસ્લિમ ઉમેદવારો અને અનામત બેઠકો પર ત્રણ દલિતોને ઉમેદવાર ઉતાર્યા છે. અન્ય ત્રણ બિન-યાદવ ઓબીસી છે - ગડેરિયા, કુર્મી અને તેલી. ઈન્ડિયા જૂથે પૂર્વાંચલની ભદોહી બેઠક TMC માટે છોડી દીધી છે, જેણે એક બ્રાહ્મણને મેદાનમાં ઉતાર્યા છે. અમને જાણવા મળ્યું છે કે ૮૦ બેઠકો પર, NDA ૩૪ UC, ૨૯ OBC અને ૧૭ દલિત (બધા અનામત બેઠકો પર) મેદાનમાં ઉતરે તેવી અપેક્ષા છે. આ એવી ધારણા પર આધારિત છે કે ભાજપ રાયબરેલી અને કૈસરગંજમાં યુસી ઉતારશે, બે સામાન્ય બેઠકો છે જ્યાં તે હજુ અનિર્ણિત છે. બીજી તરફ, ઈન્ડિયા બ્લોક દ્વારા જાહેર કરાયેલી ૭૫ બેઠકોમાં ૩૨ OBC, ૧૯ UC, ૧૮ દલિત અને છ મુસ્લિમ છે. અમારા અંદાજ મુજબ, જ્યારે તમામ ૮૦ ઉમેદવારો જાહેર કરવામાં આવશે, ત્યારે ભારતીય જૂથના આંકડા નીચે મુજબ હશેઃ ૩૩ OBC, ૨૨ UC, ૧૯ દલિત અને છ મુસ્લિમ. અખિલેશ યાદવે જેનું વચન આપ્યું હતું તે પિછડા દલિત અલ્પસંખ્યાક સૂત્ર નથી - જે બહાર આવ્યું છે તે પીડીએનું પિછડા દલિત અગડા (યુસી) સંસ્કરણ છે - પરંતુ આ એક હિંમતભર્યો રાજકીય દાવપેચ છે, જ્યાં આ એક દાયકામાં પ્રથમ વખત, ભાજપ બેકફૂટ પર છે. ઉલ્લેખનીય છે કે, SPએ આ વખતે ખેતી અને બાગાયત સાથે જોડાયેલી મધ્યમ OBC જાતિઓમાં ઘણું રોકાણ કર્યું છે. પક્ષે કુર્મીઓને નવ બેઠકો પર મેદાનમાં ઉતાર્યા છે (સૂત્રો અનુસાર, તે વધીને દસ થવાની ધારણા છે) અને છ બેઠકો પર શાક્ય-સૈની-કુશવાહા-મૌર્ય જૂથના ઉમેદવારો છે.

તેની સરખામણીમાં, પશ્ચિમ યુપીના જમીની પ્રભુત્વ ધરાવતા ઓબીસી જૂથો - જાટ અને ગુર્જરો - દરેકને માત્ર એક ઉમેદવાર મળ્યો છે. સપા દ્વારા મેદાનમાં ઉતારવામાં આવેલા પાંચેય યાદવ સપાના સ્થાપક મુલાયમસિંહ યાદવના વંશના છે. અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ મૈનપુરીમાં ઉમેદવાર છે, જ્યારે તેમના પિતરાઈ ભાઈ ધર્મેન્દ્ર યાદવ, અક્ષય યાદવ, આદિત્ય યાદવ અને તેઝ પ્રતાપ યાદવ અનુક્રમે આઝમગઢ, ફિરોઝાબાદ, બુદૌન અને કન્નૌજમાં મેદાનમાં છે. એસપીએ નદીના મલ્લાહ/નિષાદ જાતિ જૂથોને ચાર ટિકિટો અને ગડેરિયા, લોધી અને રાજભર સમુદાયોને એક-એક ટિકિટ આપી છે. ઈન્ડિયા જૂથના આંકડાઓ અખિલેશ યાદવે વચન આપેલ 'પિછડા, દલિત, અલ્પસંખ્યક' સૂત્ર નથી - પરંતુ તેમ છતાં તે એક હિંમતવાન દાવપેચ છે. ભાજપનું જ્ઞાતિ વિભાજન જરા અલગ છે. પક્ષ અને તેના સહયોગીઓએ ગુર્જર સમુદાયમાંથી ત્રણ, ચાર જાટ, ચાર લોધી, ચાર નિષાદ/કશ્યપ જાતિમાંથી, સાત કુર્મી અને ત્રણ શાક્ય-સૈની-કુશવાહ શ્રેણીમાંથી ઉમેદવારો જાહેર કર્યા છે. એનડીએએ બે ટેલિસ (વારાણસીમાં મોદી સહિત) અને એક રાજભરને પણ મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે આઝમગઢમાં એકલા યાદવ ઉમેદવાર, ભોજપુરી સ્ટાર દિનેશલાલ યાદવ ઉર્ફે નિરહુઆને મેદાનમાં ઉતાર્યા છે. એક પછી એક પરાજયે અખિલેશ યાદવને આંબેડકરવાદી OBC અને બહુજન સમાજ પાર્ટીના દલિત નેતાઓ સાથે જોડવા માટે મજબૂર કર્યા છે, જ્યારે પક્ષના માળખામાં તેમજ ઉમેદવારોની પસંદગીમાં આ સમુદાયોનું પ્રતિનિધિત્વ વધાર્યું છે. આ વખતે મેદાનમાં રહેલા આ પછાત જાતિના કેટલાક નેતાઓમાં આંબેડકર નગરમાં વરિષ્ઠ કુર્મી નેતા લાલજી વર્મા, અકબરપુરમાં ગડેરિયા નેતા રાજા રામ પાલ અને જૌનપુરમાં બાબુ સિંહ કુશવાહા છે. આ ચૂંટણીમાં સપા વિશે પણ ખાસ વાત એ છે કે તે ૬૨ બેઠકોમાંથી તેના પોતાના પ્રતીક પર ચૂંટણી લડી રહી છે, ફક્ત નવ જ તેના મુસ્લિમો અને યાદવોના પરંપરાગત સામાજિક પાયાની છે. તે ૧૫% કરતા પણ ઓછો છે, જે રાજ્યમાં મુસ્લિમો અને યાદવોની કુલ વસ્તીનો અડધો ભાગ છે. અંતિમ લડાઈ તેમજ પરિણામ બહુવિધ પરિબળો પર આધારિત હોઈ શકે છે, જેમાં મોદી સામે પીએમ ચહેરો દર્શાવવાની વિપક્ષની અનિચ્છા અને હિન્દુત્વ, હિન્દુ ધ્રુવીકરણ અને સંસાધનોના મુદ્દાઓ સામેલ છે. જો કે, ઓબીસી અને દલિતોને ટિકિટની વહેંચણીમાં ભાજપને પાછળ છોડીને, એસપીએ આ સમુદાયોને સંકેત આપવા માટે યોગ્ય દિશામાં એક પગલું ભર્યું છે કે તે તેમની આબાદી (વસ્તી મુજબ પ્રતિનિધિત્વ) મુજબ તેમને હિસ્સેદારી આપવા તૈયાર છે.

**(સમાપ્ત)** **(સૌ. : જસ્ટિસન્યૂઝ.કો.ઈન)**

# ભારતના મહત્ત્વના મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદી

**દેશની આઝાદીના મુસ્લિમ વીરો**

ભારતીય સ્વતંત્રતા ચળવળ એ વિશ્વના ઈતિહાસમાં સૌથી લાંબો સ્વતંત્રતા સંગ્રામ છે. ભારતના નેતાઓને બ્રિટિશ સામ્રાજ્યથી આઝાદી મેળવવામાં લગભગ ૯૦ વર્ષ લાગ્યા હતા. વિવિધ જાતિઓ અને રજવાડાઓના શાસકોએ સમયાંતરે બ્રિટિશ સામ્રાજ્ય સામે બળવો કર્યો હોવા છતાં તેમનો બળવો અમુક ચોક્કસ ક્ષેત્રમાં મર્યાદિત હતો અને તે સમગ્ર રાષ્ટ્ર માટે ન હતો. પ્રથમ મોટો બળવો જે સમગ્ર ભારતીય મુખ્ય ભૂમિમાં એકસાથે થયો હતો તે ૧૮૫૭નો બળવો હતો જ્યારે ભારતના મોટાભાગના ઉત્તરીય ભાગમાં બહાદુર શાહ જાફરના બેનર હેઠળ એક થયા હતા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના ૧૮૮૫માં કરવામાં આવી હતી અને ૧૯૦૫માં (બંગ ભંગ ચળવળ) સાથે રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતાની એક વિશાળ લહેર શરૂ થઈ હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ૧૯૩૦માં બ્રિટિશ શાસનથી સંપૂર્ણ સ્વતંત્રતાની માંગ કરી હતી અને અંતે, ભારતે ૧૯૪૭માં તેની સ્વતંત્રતા હાંસલ કરી લીધી હતી. સમાજના લગભગ દરેક વર્ગે સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો અને આઝાદી પછી, ભારત સરકારે લગભગ દરેક વ્યક્તિના યોગદાનને સન્માનિત કર્યું હતું. ઈસ્લામ એ ભારતમાં બીજા નંબરનો સૌથી મોટો ધર્મ છે અને સ્વાતત્રતા પહેલાના વર્ષો દરમિયાન હજારો મુસ્લિમો હિંદુઓ સાથે મળીને લડ્યા હતા પરંતુ સમય જતાં, મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓના નામ ઈતિહાસ તેમજ પાઠ્યપુસ્તકોમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. ભારતના ભાગલા અને પાકિસ્તાનની રચના માટે પણ મુસ્લિમોને દોષી ઠેરવવામાં આવે છે. આઝાદીના ૭૦ વર્ષ પછી, જો આપણે ભારતના ત્રણ મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ વિશે કોઈને પૂછીએ, તો મોટાભાગના લોકો આ પ્રશ્નનો જવાબ આપી શકશે નહીં. ઈતિહાસના પાઠ્ય પુસ્તકોમાં પણ અશફાકુલ્લા ખાન, સર સૈયદ અહમદ ખાન, ખાન અબ્દુલ ગફાર ખાન, મૌલાના અબુલ કલામ આઝાદ અને અન્ય કેટલાક નેતાઓ જેવા માત્ર કેટલાક નેતાઓને આવરી લેવામાં આવ્યા છે. જ્યારે મેં ગૂગલ પર સર્ચ કર્યું ત્યારે ભાગ્યે જ કેટલીક વેબસાઈટ્સ હતી જે ભારતના મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓની વિગતવાર યાદી આપે છે અને વિકિપીડિયા પેજ પણ જ્યારે મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ માટે સર્ચ કરવામાં આવે ત્યારે કોઈ પરિણામ દર્શાવતુ નથી. તો હવે સવાલ એ થાય છે કે આ માટે કોઈ ચોક્કસ ડેટા કેમ નથી અથવા એ સાચું છે કે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુસ્લિમોનું યોગદાન ઘણું ઓછું છે ? મેં ભારતીય સ્વતંત્રતા ચળવળને લગતી વિવિધ યાદીઓ, વેબસાઈટ્સ, પુસ્તકો અને સામયિકો શોધવાનું શરૂ કર્યું અને અંતે ભારતના મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓની યાદી સામે આવી હતી. હું આશા રાખું છું કે આ લેખ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમોના યોગદાન વિશેની ખોટી દંતકથાઓને રદિયો આપશે અને જેઓ સ્વતંત્રતા ચળવળને ધર્મ અને જાતિના લેન્સથી પણ જુએ છે તેમને યોગ્ય માર્ગદર્શન આપશે.



**ખાન અબ્દુલ ગફ્ફાર :** ખાન અબ્દુલ ગફાર ભારતના સૌથી મહત્વપૂર્ણ મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓ પૈકી એક છે અને તેઓ ''સરહદ ગાંધી'' તરીકે પણ જાણીતા હતા. ખાન અબ્દુલ ગફાર ખાનને બાચા ખાન તરીકે પણ ઓળખવામાં આવતા હતા જેનો અર્થ થાય છે ''મુખ્ય રાજા''. તેમણે ૧૯૨૯માં પ્રખ્યાત ખુદાઈ ખિદમતગાર (''ઈશ્વરના સેવકો'') ચળવળની શરૂઆત કરી અને તે ખૂબ જ સફળ સ્વતંત્રતા ચળવળ હતી. આ ચળવળની સફળતાથી બ્રિટિશરો એટલા ગુસ્સે થયા હતા કે તેઓએ કડક કાર્યવાહી શરૂ કરી હતી અને કેટલાક ઈતિહાસકારોના મતે, ખુદાઈ ખિદમતગાર પર આચરવામાં આવેલ અત્યાચાર એ ભારતીય સ્વતંત્રતા ચળવળના અત્યાર સુધીના સૌથી ગંભીર દમન પૈકી એક હતો. તેમણે ભારતના વિભાજન માટેની ઓલ-ઈન્ડિયા મુસ્લિમ લીગની માંગનો પણ વિરોધ કર્યો હતો અને જ્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે તેમની સલાહ લીધા વિના વિભાજનનો સ્વીકાર કર્યો, ત્યારે તેઓ ખૂબ જ દુઃખી થયા અને કોંગ્રેસને કહ્યું કે ''તમે અમને વરુઓ વચ્ચે ફેંકી દીધા છે.''

ભારતના ભાગલા પછી તેઓ પાકિસ્તાન ગયા અને અલગ બલૂચ પ્રાંત માટે લડત શરૂ કરી હતી. તેઓ ૧૯૪૮થી ૧૯૮૮ સુધી ઘણી વખત જેલમાં ગયા હતા અને મોટાભાગનો સમય નજરકેદ રહ્યા હતા. જ્યારે ૧૯૮૮માં તેમનું અવસાન થયું, ત્યારે હજારો શોક કરનારાઓ તેમના અંતિમ સંસ્કારમાં જોડાયા હતા. તે જ સમયે સોવિયેત દળો અને અફઘાન બળવાખોર દળો વચ્ચે ભારે લડાઈ ચાલી રહી હતી પરંતુ બંનેએ તેમની લડાઈ અટકાવી અને આ મહાન નેતાને શ્રદ્ધાંજલિ આપી હતી.

**(સૌ.: નોલેજ ઓફ ઈન્ડિયા.કોમ)**

## જૂનાગઢના નવાબી કાળની જર્જરિત ઈમારતોનું રિનોવેશન કરાશે



જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ શહેર મધ્યે આવેલા દરબાર હોલના નવાબી કાળના જર્જરિત બિલ્ડીંગનું રીનોવેશન કરવા માટે ૨૫.૪૯ કરોડ અને સક્કરબાગ ઝુ સંકુલમાં આવેલા અને અગાઉ જ્યાં મ્યુઝીયમ હતું એ બિલ્ડીંગ માટે રૂા.૧.૩૩ કરોડની ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં ફાળવણી કરી છે. અગાઉ આ બંને બિલ્ડીંગમાં મ્યુઝીયમ હતા. જે હવે સરદાર બાગમાં આવેલા તાજ મંઝીલ નામની ઈમારતમાં કાર્યરત છે. જૂનાગઢ શહેરમાં દરબાર હોલ અને સક્કરબાગ ઝુ બંને સ્થળે મ્યુઝિયમ હતા એ બંનેને એક કરી સરદાર બાગની તાજ મંઝીલમાં ખસેડવામાં આવ્યા બાદ બંને બિલ્ડીંગ ખાલી જ હતા. જેથી તેનું રિનોવેશન કરવા માટે રાજય સરકારે ગ્રાન્ટો ફાળવી છે. જો કે, આ વર્ષે દરબાર હોલના બિલ્ડીંગ માટે રૂા.૮.૪૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે સક્કરબાગમાં આવેલા બિલ્ડીંગ માટે રૂા.૪૪ લાખ ૪૦ હજારનો ખર્ચ કરવામાં આવનાર છે. જો કે, હાલ આ બંને બિલ્ડીંગોના રિનોવેશન બાદ ત્યાં નવું શું બનાવાશે એ અંગે કોઈ આયોજન નથી.

## પાવીજેતપુરના ખટાસ ગામે પતિના અવસાનના બીજા દિવસે જ વૃદ્ધ પત્નીએ મત આપી મતદાનનું મહત્ત્વ સમજાવ્યું

પાવીજેતપુર, તા.૨૯

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના ખટાસ ગામે ૮૫ વર્ષની દાદીમાએ પોતાના પતિ આવસાન પામ્યા હોય, જેઓની અંતિમ ક્રિયા થાય તે પહેલા મતદાન કરી મતદાન જાગૃતિ લાવવા માટેનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.

'ભારત દેશના નાગરિકકોને એક વોટનુંમહત્ત્વ સમજાવતા દાદીમાં પોતાના પતિનું ક્રિયાકર્મ થાય તે પહેલાં વોટ આપી અંતિમ યાત્રામાં જોડાયેલા લોકોને મત આપી સહભાગી બનવા અપીલ કરી હતી' છોટાઉદેપુર જિલ્લામાં ૮૫વર્ષ થી વધુ ઉંમર ધરાવતા મતદાતાઓને ઘરે બેઠા મતદાન કરાવવા તંત્ર દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવી છે. તેમાં વધુ ઉંમર ધરાવતા ખટાસના પતિ પત્નીનું નામ પણ સામેલ હતું તેને લઈ મતદાન કરાવવા પહોંચેલી ટીમને છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના ખટાસ ગામમાં રહેતા વધુ ઉંમર ધરાવતા મતદાતાને કર્મચારીઓ ઘરે બેઠા મતદાન કરાવવા ગયા હતા પરંતુ મતદાન કરાવવાના એક દિવસ અગાઉ જ વૃદ્ધ દાદીમાના પતિ અવસાન પામ્યા હોવાનું મતદાન કરાવવા ગયેલી ટીમને જાણવા મળ્યું હતું. સ્વભાવિક રીતે જ આ ઉંમરે પોતાના પતિનો સથવારો ગુમાવ્યો હોઈ ત્યારે દાદીમાં ઉપર આભ ફાટી પડ્યું હતું તેમ છતાં એક મતનું મહત્ત્વ સમજી લોકસભા ચૂંટણીમાં બેલેટ પેપરથી મતદાન કરી ચૂંટણી પર્વમાં સહભાગી બન્યા હતા અને છોટાઉદેપુર જિલ્લાના મતદાતાઓને એક મતનુ મહત્ત્વ સમજાવી મતદાન જાગૃતિ લાવવા માટેનું ઉત્તમ ઉદાહરણ સમગ્ર સમાજને પૂરૂં પાડ્યું હતું.



(તસવીર : આસીફ ખત્રી, પાવીજેતપુર)

## પાલીતાણામાં ગરબાના માધ્યમથી મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પાલીતાણા, તા.૨૯

પાલીતાણાના બસ સ્ટેન્ડ ખાતે માનસિંહજી કન્યા શાળાની બાળાઓએ ગરબાના માધ્યમથી મતદાનના મહત્ત્વનો સંદેશ આપ્યો હતો.

આગામી લોકસભા સામાન્ય ચૂંટણીના મહાપર્વમાં દરેક નાગરિક જોડાય તે માટે ભાવનગર જિલ્લામાં મતદાન જાગૃતિ અંગે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે પાલીતાણાના બસ સ્ટેન્ડ ખાતે શ્રી માનસિંહજી કન્યા શાળાની બાળાઓએ ભાતીગળ ગરબાની પ્રસ્તુતિ રજૂ કરીને અચૂક મતદાન કરવાનો પ્રેરક સંદેશ આપ્યો હતો. તેમજ બસ સ્ટેન્ડ ખાતે ઉપસ્થિત સહુએ ૧૦૦ ટકા મતદાન કરીશુંના શપથ લીધા હતા.

## વડોદરા ખાતે મતદારોને મતદાન મથક સરળતાથી મળી રહે તે માટે કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૯

આગામી લોકસભાની ચૂંટણી-૨૦૨૪માં મતદારોની સહભાગીદારી વધે અને લોકશાહી વધુ મજબૂત બને તે માટે ભારતના ચૂંટણીપંચની સૂચનાઓ મુજબ વડોદરા શહેર જિલ્લામાં મતદાર જાગૃતિ બાબતે જુદા-જુદા કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યાં છે. રવિવારે શહેર જિલ્લાના તમામ મતદાન મથકો ખાતે 'Know Your Polling Station (KYPS)' કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં જે તે મતદાન મથકના BLO મતદાર યાદી સાથે હાજર રહી મતદારોને મતદાન મથક સંબધિત માહિતીની જાણકારી આપી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર બિજલ શાહે આજે શહેરના વિવિધ ૧૫ જેટલા મતદાન મથકોની મુલાકાત લઈ બી.એલ.ઓ.ને મતદાન મથકની તમામ જાણકારી મતદારોને આપવા સહિત મતદાન માટે જરૂરી પુરાવાઓ અંગેની જાણકારી આપવા સૂચનાઓ આપી હતી.

## જૂનાગઢના ખલીલપુર ચોકડી નજીક ટ્રકની અડફેટે બાઈકચાલકનું મોત

જૂનાગઢ, તા.૨૯ : જૂનાગઢ શહેરમાં ખલીલપુર ચોકડી નજીક એક ટ્રકે મોટરસાઈકલને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો જેમાં એક યુવાનનું મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે ટ્રકચાલક વિરૂદ્ધ અકસ્માત સર્જી અને મૃત્યુ નિપજાવવા અંગેની ફરિયાદ નોંધાતા પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, ઝાલણસર ગામના જયશ્રીબેન બધાભાઈ દવેરા (ઉં.વ.૨૫)એ ટ્રક નંબર જીજે-૦૫-એજે-૫૨૦૨ના ચાલક સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદી જયશ્રીબેન, તેના પતિ બધાભાઈ દેવશીભાઈ દવેરા (ઉં.વ.૨૮) પુત્ર ગૌરવ (ઉં.વ.૩) એમ ત્રણેય જણા મોટરસાઈકલ સીબીઝેડ નંબર જીજે-૧૪-એબી-૯૭૧૩માં સવાર થઈ અને લુવાસર ગામથી ઝાલણસર પોતાના ઘરે જતા હતા અને મોટરસાઈકલ ફરિયાદીના પતિ બધાભાઈ દેવશીભાઈ દવેરા ચલાવતા હોય અને તેઓ જૂનાગઢ ખલીલપુર ચોકડી ખોડિયાર મંદિર પાસે પહોંચતા ટ્રક નં. જીજે-૦૫-એજે-૫૨૦૨ના ચાલકે પોતાના હવાલા વાળો ટ્રક પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી સામેથી રોંગ સાઈડમાં આવી ફરિયાદી તથા મરણ જનાર બધાભાઈ દેવશીભાઈ તથા ફરિયાદીનો દીકરો ગૌરવ જે મોટરસાઈકલમાં સવાર હતા તે મોટરસાઈકલની સાથે પોતાનો ટ્રક ભટકાવી ફરિયાદી તથા તેમના પતિને અડફેટે લઈ ફરિયાદીને તથા ફરિયાદીના દીકરા ગૌરવને તથા ફરિયાદીના પતિ મોટરસાઈકલ ચાલકને શરીરે સામાન્ય તથા ગંભીર ઈજાઓ પહોંચતા ફરિયાદીના પતિ મોટરસાઈકલ ચાલક બધાભાઈ દેવશીભાઈ દવેરાનું મૃત્યુ નિપજાવી ટ્રકચાલક સ્થળ ઉપરથી નાસી જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વડોદરામાં રોડ-પાણી મુદ્દે ચૂંટણી બહિષ્કારની ચીમકી




(તસવીર : અતીક શેખ, વડોદરા)

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર આવેલ બાપોદ પોલીસ સ્ટેશન પાછળની ૧૨ જેટલી સોસાયટીના રહીશોની માંગ છે કે ૯ મીટરનો રોડ અને પાણી વધુ પ્રેશરથી આપવામાં આવે. જો તેઓની માંગ નહીં સ્વીકારવામાં આવે તો આગામી દિવસોમાં લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર અંગેના બેનર લગાવ્યા હતા અને સ્થાનિકોએ પોતાની સોસાયટીમાં જઈ આ સમસ્યા અંગે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. અને જો તેનો ઉકેલ નહીં આવે તો લોકસભાની ચૂંટણીમાં મત ન આપવાની ચીમકી ઉચ્ચારી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# ઉત્તરાખંડના જંગલમાં દાવાનળ અને સરકારની ઘોર બેદરકારી

કોઈપણ દુર્ઘટનાનો સૌથી મોટો બોધપાઠ એ હોવો જોઈએ કે એવી વ્યવસ્થા કરવી જોઈએ જેથી ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ટાળી શકાય અને એનાથી થનારી હાનિનું પુનરાવર્તન ન થાય. નવાઈની વાત એ છે કે ઉત્તરાખંડના જંગલોમાં દર વર્ષે આગ લાગવાની ઘટનાઓ બનતી હોય છે અને વ્યાપક નુકસાન થતું હોવા છતાં તેના પર ધ્યાન આપવામાં આવતું નથી. આ વખતે ફરી નૈનીતાલ અને તેની આસપાસના જંગલોમાં આગ ફાટી નીકળી છે અને ફેલાઈને ખતરનાક સ્વરૂપ ધારણ કરી લીધું છે. આ આગના કારણે પ્રવાસન વ્યવસાયને પણ અસર થઈ છે.

છેલ્લા બે-ત્રણ દિવસમાં કુમાઉના જંગલોમાં પચ્ચીસથી વધુ જગ્યાએ આગ ફાટી નીકળી હતી. જંગલમાં આગની આ ઘટનાઓમાં લગભગ ચોંત્રીસ હેક્ટર વિસ્તારમાં જંગલની સંપત્તિને નુકસાન થયું છે, તેની સાથે નૈનીતાલ અને આસપાસના વિસ્તારોમાં પર્યટન વ્યવસાય પર પણ વિપરીત અસર પડી છે. ભીમતાલના પાણીનો ઉપયોગ આગ બુઝાવવા માટે કરવામાં આવી રહ્યો છે, જેના કારણે તે તળાવમાં પ્રવાસન પ્રવૃત્તિઓ ઠપ્પ થઈ ગઈ છે જેના લીધે આ વિસ્તારની અર્થવ્યવસ્થા પર નકારાત્મક અસર થવાની સંભાવના છે.

નૈનીતાલના જંગલોમાં લાગેલી આગ કાબૂ બહાર થઈ જતાં મદદ માટે સેના અને હેલિકોપ્ટર પણ બોલાવવામાં આવ્યા હતા.

ઉત્તરાખંડના જંગલોમાં આગ લાગવાની આ પહેલી કે નવી ઘટના નથી. દર વર્ષે ઉનાળામાં અનેક જગ્યાએ આગ લાગવાને કારણે આસપાસના વિસ્તારોમાં જનજીવન ખોરવાઈ જાય છે. આ વખતે તાપમાનમાં વધારા સાથે રાજ્યમાં આગના પાંચસોથી વધુ કેસ નોંધાયા છે. અફસોસની વાત એ છે કે સ્પષ્ટ આશંકા અને ભય હોવા છતાં, ઉનાળાની શરૂઆત પહેલા, સરકાર આવી આગને રોકવા અને સંવેદનશીલ સ્થળોએ આગ ફેલાતી અટકાવવા માટે પૂરતી વ્યવસ્થા કરી શકી નથી.

જંગલમાં એવાં કેટલાક ખાલી વિસ્તારો બનાવી શકાય કે, જ્યાં જળાશયો બનાવી શકાય છે જેથી કરીને જો કોઈ વિસ્તારમાં આગ લાગે તો તેને ફેલાતી અટકાવી શકાય અને તેને બુઝાવવામાં પણ મદદ મળે. આગની ઘટનાઓમાં કેટલાક અસામાજિક તત્વો સંડોવાયેલા છે કે કેમ તે પણ તપાસ કરવી જરૂરી છે. પરંતુ જંગલમાં આગ લાગવાના બનાવો સામાન્ય રીતે બનતા હોવા છતાં પ્રચાર અને ચૂંટણીના રાજકારણમાં મસ્ત સરકારને આ તરફ ધ્યાન આપવાની જરૂર જણાતી નથી. પરિણામે, દર વર્ષે રાજ્યમાં જંગલોનો મોટો ભાગ આગથી નાશ પામે છે. પ્રકૃતિ અને પર્યાવરણનું આ કેટલું મોટું અને ભયાનક નુકસાન છે તેનો અંદાજ વર્તમાન સ્થિતિમાં સ્હેજે નીકળી શકે એમ છે.

# ભાજપે નહીં, પરંતુ વિપક્ષે આ વખતે યુપીમાં વધુ ઓબીસી અને દલિતોને મેદાનમાં ઉતાર્યા છે

ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીની આગેવાની હેઠળનું ઈન્ડિયા જૂથ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી કરતાં વધુ પછાત જાતિ અને દલિત ઉમેદવારોને મેદાનમાં ઉતારશે. આને હાંસિયામાં ધકેલાઈ ગયેલા પરંતુ સંખ્યાત્મક રીતે વર્ચસ્વ ધરાવતા હિંદુ સમુદાયોમાં બીજેપીના અનિયંત્રિત વર્ચસ્વને તોડવાની દિશામાં એક પગલું માનવામાં આવે છે. એસપી તેના પીડીએ - પિછડા, દલિત, અલ્પસંખ્યક -ના ચૂંટણી સૂત્ર સાથે સંપૂર્ણ પ્રમાણિક રહી નથી કારણ કે તેણે રાજ્યની વસ્તીમાં મુસ્લિમોને તેમના પ્રતિનિધિત્વ કરતા ઘણા ઓછા મેદાનમાં ઉતાર્યા છે. જો કે, OBC અને દલિતો માટે ઉમેદવારોની પસંદગીમાં વધુ હિસ્સા દ્વારા, તેણે વિવેચનાત્મક-મહત્વના હિંદુ 'બહુજન' મતને આકર્ષવા માટે ભાજપ સાથે મેળ ખાતી તેની વ્યૂહરચના પૂરી કરી છે. OBC અને દલિતો મળીને રાજ્યની ઓછામાં ઓછી ૬૦થી ૬૫% વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે અને નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ભાજપને સત્તામાં આવવામાં અને તેની ભગવા રાજનીતિને આગળ વધારવામાં મદદ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

યુપીમાં લોકસભાની ૮૦ બેઠકો છે. અત્યાર સુધી ભાજપના નેતૃત્વમાં એનડીએ ૭૭ સીટો પર પોતાના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ઈન્ડિયા જૂથ - એસપી, કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસે (TMC) - ૭૫ સીટો પર તેના ઉમેદવારો જાહેર કર્યા છે.

ધ વાયર દ્વારા ઉમેદવારોની જાતિઓનું વિશ્લેષણ દર્શાવે છે કે ભાજપ અને તેના સહયોગીઓએ ૨૯ પછાત જાતિના ઉમેદવારો અને ૩૨ 'ઉચ્ચ જાતિ' (યુસી)માંથી ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. પાર્ટીએ અનામત બેઠકો પર જ દલિત ઉમેદવારો જાહેર કર્યા છે. યુપીમાં ૧૭ અનામત બેઠકો છે. અત્યાર સુધી, નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)એ ૧૬ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. NDA, તેના બહુમતીવાદી હિંદુત્વ એજન્ડા પર રહીને, એક પણ મુસ્લિમ ઉમેદવાર જાહેર કર્યો નથી. ઉત્તરપ્રદેશમાં ૮૦ લોકસભા મતવિસ્તાર છે, જેમાંથી ૧૭ અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે અનામત છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે ભાજપ ભલે ઓબીસી અને દલિતોનું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે, પરંતુ તેની ટિકિટ વિતરણનો લાભ મેળવનાર સૌથી મોટા સમુદાયો બ્રાહ્મણો અને ઠાકુર જેવા પ્રબળ હિંદુ જૂથો છે. NDA માટે મેદાનમાં રહેલા ૩૨ UCમાંથી, ૧૭ બ્રાહ્મણો અને ૧૧ ઠાકુર છે. તે (૨૮) લગભગ પક્ષ દ્વારા મેદાનમાં ઊતરેલા ઓબીસીની સંખ્યા જેટલી છે, તેમ છતાં ઓબીસી તેમની સંયુક્ત વસ્તીના ત્રણ ગણા કરતાં વધુ હોવાનો અંદાજ છે. એનડીએએ પણ બનિયા સમુદાયમાંથી બે અને એક ભૂમિહારને નોમિનેટ કર્યા છે.

ભાજપ દ્વારા મેદાનમાં ઊતરેલા યુસીની સંખ્યા વધવાની ધારણા છે. પાર્ટીએ હજુ કૈસરગંજ અને રાયબરેલીમાં ઉમેદવારોની ઘોષણા



ઈન્ડિયા જૂથના ઉમેદવારોની જાતિ મુજબની વહેંચણી અખિલેશ યાદવે વચન આપેલા 'પિછડા, દલિત, અલ્પસંખ્યક' સૂત્રને તદ્દન અનુસરશે નહીં - પરંતુ એક હિંમતભર્યો રાજકીય દાવપેચ હશે જ્યાં આ એક દાયકામાં પ્રથમ વખત ભાજપ બેકફૂટ પર હશે.

**વાસ્તવિકતા**

**- ઓમર રશીદ**

કરવાની બાકી છે, જ્યાં તે પરંપરાગત રીતે યુસીને મેદાનમાં ઉતારે છે. ત્રીજી સીટ જ્યાં એનડીએએ હજુ સુધી ઉમેદવારનું નામાંકન કર્યું નથી તે રોબર્ટસગંજ છે - એક અનામત મતવિસ્તાર. યાદવો વિરુદ્ધ બિન-યાદવ ઓબીસીનું ધ્રુવીકરણ કરવું અને તેમના વિખરાયેલા મતોને મજબૂત કરવા એ અત્યાર સુધી યુપીમાં ભાજપની કેન્દ્રીય વ્યૂહરચના રહી છે. રાજ્યની મુખ્ય વિપક્ષી પાર્ટી, SP, વર્ષોથી એક ધારણા સામે લડી રહી છે, અંશતઃ મીડિયાના પ્રચાર અને પક્ષને કારણે તેની પોતાની અયોગ્યતાઓને કારણે, કે તે ફક્ત યાદવ સમુદાયના હિતોનું પ્રતિનિધિત્વ કરે છે, જેનું તેનું ટોચનું નેતૃત્વ છે. બીજેપીએ એસપીને અન્ય સમુદાયો, ખાસ કરીને બિન-યાદવ પછાત જાતિઓની કિંમતે મુસ્લિમો અને યાદવોને ખુશ કરનાર પક્ષ તરીકે પ્રોજેક્ટ કર્યો છે. આ સિદ્ધાંતને મજબૂત બનાવવા માટે, ભાજપે માત્ર નાના બિન-યાદવ ઓબીસી-આધારિત જૂથો - નિષાદ પાર્ટી, અપના દળ (સોનેલાલ), રાષ્ટ્રીય લોકદળ અને સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી - સાથે જોડાણ જ કર્યું નથી, પરંતુ પીએમ મોદી, પછાત જાતિના ચહેરા તરીકે તેના સ્ટાર પ્રચારકને પણ રજૂ કર્યા છે. ભાજપે એક સિદ્ધાંતને આગળ ધપાવ્યો છે કે યાદવોએ ૨૭% OBC ક્વોટાને ઘેરી લીધો છે, તેમ છતાં વિવિધ સરકારી અહેવાલો દર્શાવે છે કે અન્ય પ્રભાવશાળી પછાત જાતિઓ જેમ કે કુર્મી, જાટ અને ગુર્જરોએ પણ સરકારી નોકરીઓ અને રાજકીય પ્રતિનિધિત્વનો હિસ્સો મેળવ્યો છે જે તેમની વસ્તીના હિસ્સા કરતાં અપ્રમાણસર રીતે વધારે છે. આ કથાનો સામનો કરવા માટે, અખિલેશ યાદવની આગેવાની હેઠળની સપાએ ૨૦૨૪માં ઉમેદવારોની પસંદગીમાં બિન-યાદવ ઓબીસી અને દલિતોનું પ્રતિનિધિત્વ વધાર્યું છે. સપા પોતાના પ્રતીક પર ૬૨ સીટો પર ચૂંટણી લડી રહી છે. પાર્ટીએ અત્યાર સુધીમાં ૨૯ ઓબીસીને મેદાનમાં ઉતાર્યા છે, જેમાંથી માત્ર પાંચ યાદવ છે. સપાનો ઓબીસીનો આંકડો ૩૦ને આંબી શકે છે કારણ કે સૂત્રોએ સંકેત આપ્યો છે કે પાર્ટી ફતેહપુરમાં અન્ય ઓબીસી (કુર્મી)ને મેદાનમાં ઉતારે તેવી શક્યતા છે. SP દલિતો માટે આરક્ષિત ૧૪ બેઠકો પર ચૂંટણી લડી રહી છે પરંતુ આ ચૂંટણીમાં ૧૬ દલિતોને મેદાનમાં ઉતારશે, કારણ કે તેણે PDA પ્રયોગના ભાગરૂપે સામાન્ય બેઠકો પર મેરઠમાં સુનીતા વર્મા અને ફૈઝાબાદમાં અવદેશ પ્રદેશમાં બે દલિત ઉમેદવારોને જાહેર કર્યા છે. તેણે ૧૧ UC ઉમેદવારો જાહેર કર્યા છેઃ ઠાકુર અને બ્રાહ્મણ સમુદાયના ત્રણ-ત્રણ, બે બનિયા, બે કાયસ્થ અને એક ભૂમિહાર. જો કે મુસ્લિમો રાજ્યની વસ્તીના ૨૦% છે, પરંતુ સપાએ આ ચૂંટણીમાં માત્ર ચાર જ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. એસપીના સાથી પક્ષ કોંગ્રેસે મોટી ટકાવારી યુસીને નોમિનેટ કરી છે. એમ ધારીને તે અમેઠી અને રાયબરેલીમાં યુસીને મેદાનમાં ઉતારે છે, ૧૭માંથી નવ બેઠકો પર કોંગ્રેસ ચૂંટણી લડી રહી છે - લગભગ ૫૩% - તેના ઉમેદવારો યુસી હશે. કોંગ્રેસે અમરોહા અને સહારનપુરમાં બે મુસ્લિમ ઉમેદવારો અને અનામત બેઠકો પર ત્રણ દલિતોને ઉમેદવાર ઉતાર્યા છે. અન્ય ત્રણ બિન-યાદવ ઓબીસી છે - ગડેરિયા, કુર્મી અને તેલી. ઈન્ડિયા જૂથે પૂર્વાંચલની ભદોહી બેઠક TMC માટે છોડી દીધી છે, જેણે એક બ્રાહ્મણને મેદાનમાં ઉતાર્યા છે. અમને જાણવા મળ્યું છે કે ૮૦ બેઠકો પર, NDA ૩૪ UC, ૨૯ OBC અને ૧૭ દલિત (બધા અનામત બેઠકો પર) મેદાનમાં ઉતરે તેવી અપેક્ષા છે. આ એવી ધારણા પર આધારિત છે કે ભાજપ રાયબરેલી અને કૈસરગંજમાં યુસી ઉતારશે, બે સામાન્ય બેઠકો છે જ્યાં તે હજુ અનિર્ણિત છે. બીજી તરફ, ઈન્ડિયા બ્લોક દ્વારા જાહેર કરાયેલી ૭૫ બેઠકોમાં ૩૨ OBC, ૧૯ UC, ૧૮ દલિત અને છ મુસ્લિમ છે. અમારા અંદાજ મુજબ, જ્યારે તમામ ૮૦ ઉમેદવારો જાહેર કરવામાં આવશે, ત્યારે ભારતીય જૂથના આંકડા નીચે મુજબ હશેઃ ૩૩ OBC, ૨૨ UC, ૧૯ દલિત અને છ મુસ્લિમ. અખિલેશ યાદવે જેનું વચન આપ્યું હતું તે પિછડા દલિત અલ્પસંખ્યાક સૂત્ર નથી - જે બહાર આવ્યું છે તે પીડીએનું પિછડા દલિત અગડા (યુસી) સંસ્કરણ છે - પરંતુ આ એક હિંમતભર્યો રાજકીય દાવપેચ છે, જ્યાં આ એક દાયકામાં પ્રથમ વખત, ભાજપ બેકફૂટ પર છે. ઉલ્લેખનીય છે કે, SPએ આ વખતે ખેતી અને બાગાયત સાથે જોડાયેલી મધ્યમ OBC જાતિઓમાં ઘણું રોકાણ કર્યું છે. પક્ષે કુર્મીઓને નવ બેઠકો પર મેદાનમાં ઉતાર્યા છે (સૂત્રો અનુસાર, તે વધીને દસ થવાની ધારણા છે) અને છ બેઠકો પર શાક્ય-સૈની-કુશવાહા-મૌર્ય જૂથના ઉમેદવારો છે.

તેની સરખામણીમાં, પશ્ચિમ યુપીના જમીની પ્રભુત્વ ધરાવતા ઓબીસી જૂથો - જાટ અને ગુર્જરો - દરેકને માત્ર એક ઉમેદવાર મળ્યો છે. સપા દ્વારા મેદાનમાં ઉતારવામાં આવેલા પાંચેય યાદવ સપાના સ્થાપક મુલાયમસિંહ યાદવના વંશના છે. અખિલેશ યાદવની પત્ની ડિમ્પલ મૈનપુરીમાં ઉમેદવાર છે, જ્યારે તેમના પિતરાઈ ભાઈ ધર્મેન્દ્ર યાદવ, અક્ષય યાદવ, આદિત્ય યાદવ અને તેઝ પ્રતાપ યાદવ અનુક્રમે આઝમગઢ, ફિરોઝાબાદ, બુદૌન અને કન્નૌજમાં મેદાનમાં છે. એસપીએ નદીના મલ્લાહ/નિષાદ જાતિ જૂથોને ચાર ટિકિટો અને ગડેરિયા, લોધી અને રાજભર સમુદાયોને એક-એક ટિકિટ આપી છે. ઈન્ડિયા જૂથના આંકડાઓ અખિલેશ યાદવે વચન આપેલ 'પિછડા, દલિત, અલ્પસંખ્યક' સૂત્ર નથી - પરંતુ તેમ છતાં તે એક હિંમતવાન દાવપેચ છે. ભાજપનું જ્ઞાતિ વિભાજન જરા અલગ છે. પક્ષ અને તેના સહયોગીઓએ ગુર્જર સમુદાયમાંથી ત્રણ, ચાર જાટ, ચાર લોધી, ચાર નિષાદ/કશ્યપ જાતિમાંથી, સાત કુર્મી અને ત્રણ શાક્ય-સૈની-કુશવાહ શ્રેણીમાંથી ઉમેદવારો જાહેર કર્યા છે. એનડીએએ બે ટેલિસ (વારાણસીમાં મોદી સહિત) અને એક રાજભરને પણ મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે આઝમગઢમાં એકલા યાદવ ઉમેદવાર, ભોજપુરી સ્ટાર દિનેશલાલ યાદવ ઉર્ફે નિરહુઆને મેદાનમાં ઉતાર્યા છે. એક પછી એક પરાજયે અખિલેશ યાદવને આંબેડકરવાદી OBC અને બહુજન સમાજ પાર્ટીના દલિત નેતાઓ સાથે જોડવા માટે મજબૂર કર્યા છે, જ્યારે પક્ષના માળખામાં તેમજ ઉમેદવારોની પસંદગીમાં આ સમુદાયોનું પ્રતિનિધિત્વ વધાર્યું છે. આ વખતે મેદાનમાં રહેલા આ પછાત જાતિના કેટલાક નેતાઓમાં આંબેડકર નગરમાં વરિષ્ઠ કુર્મી નેતા લાલજી વર્મા, અકબરપુરમાં ગડેરિયા નેતા રાજા રામ પાલ અને જૌનપુરમાં બાબુ સિંહ કુશવાહા છે. આ ચૂંટણીમાં સપા વિશે પણ ખાસ વાત એ છે કે તે ૬૨ બેઠકોમાંથી તેના પોતાના પ્રતીક પર ચૂંટણી લડી રહી છે, ફક્ત નવ જ તેના મુસ્લિમો અને યાદવોના પરંપરાગત સામાજિક પાયાની છે. તે ૧૫% કરતા પણ ઓછો છે, જે રાજ્યમાં મુસ્લિમો અને યાદવોની કુલ વસ્તીનો અડધો ભાગ છે. અંતિમ લડાઈ તેમજ પરિણામ બહુવિધ પરિબળો પર આધારિત હોઈ શકે છે, જેમાં મોદી સામે પીએમ ચહેરો દર્શાવવાની વિપક્ષની અનિચ્છા અને હિન્દુત્વ, હિન્દુ ધ્રુવીકરણ અને સંસાધનોના મુદ્દાઓ સામેલ છે. જો કે, ઓબીસી અને દલિતોને ટિકિટની વહેંચણીમાં ભાજપને પાછળ છોડીને, એસપીએ આ સમુદાયોને સંકેત આપવા માટે યોગ્ય દિશામાં એક પગલું ભર્યું છે કે તે તેમની આબાદી (વસ્તી મુજબ પ્રતિનિધિત્વ) મુજબ તેમને હિસ્સેદારી આપવા તૈયાર છે.

**(સમાપ્ત)** **(સૌ. : જસ્ટિસન્યૂઝ.કો.ઈન)**

# ભારતના મહત્ત્વના મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદી

ભારતીય સ્વતંત્રતા ચળવળ એ વિશ્વના ઈતિહાસમાં સૌથી લાંબો સ્વતંત્રતા સંગ્રામ છે. ભારતના નેતાઓને બ્રિટિશ સામ્રાજ્યથી આઝાદી મેળવવામાં લગભગ ૯૦ વર્ષ લાગ્યા હતા. વિવિધ જાતિઓ અને રજવાડાઓના શાસકોએ સમયાંતરે બ્રિટિશ સામ્રાજ્ય સામે બળવો કર્યો હોવા છતાં તેમનો બળવો અમુક ચોક્કસ ક્ષેત્રમાં મર્યાદિત હતો અને તે સમગ્ર રાષ્ટ્ર માટે ન હતો. પ્રથમ મોટો બળવો જે સમગ્ર ભારતીય મુખ્ય ભૂમિમાં એકસાથે થયો હતો તે ૧૮૫૭નો બળવો હતો જ્યારે ભારતના મોટાભાગના ઉત્તરીય ભાગમાં બહાદુર શાહ જાફરના બેનર હેઠળ એક થયા હતા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના ૧૮૮૫માં કરવામાં આવી હતી અને ૧૯૦૫માં (બંગ ભંગ ચળવળ) સાથે રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતાની એક વિશાળ લહેર શરૂ થઈ હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ૧૯૩૦માં બ્રિટિશ શાસનથી સંપૂર્ણ સ્વતંત્રતાની માંગ કરી હતી અને અંતે, ભારતે ૧૯૪૭માં તેની સ્વતંત્રતા હાંસલ કરી લીધી હતી. સમાજના લગભગ દરેક વર્ગે સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લીધો અને આઝાદી પછી, ભારત સરકારે લગભગ દરેક વ્યક્તિના યોગદાનને સન્માનિત કર્યું હતું. ઈસ્લામ એ ભારતમાં બીજા નંબરનો સૌથી મોટો ધર્મ છે અને સ્વાતંત્રતા પહેલાના વર્ષો દરમિયાન હજારો મુસ્લિમો હિંદુઓ સાથે મળીને લડ્યા હતા પરંતુ સમય જતાં, મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓના નામ ઈતિહાસ તેમજ પાઠ્યપુસ્તકોમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. ભારતના ભાગલા અને પાકિસ્તાનની રચના માટે પણ મુસ્લિમોને દોષી ઠેરવવામાં આવે છે. આઝાદીના ૭૦ વર્ષ પછી, જો આપણે ભારતના ત્રણ મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ વિશે કોઈને પૂછીએ, તો મોટાભાગના લોકો આ પ્રશ્નનો જવાબ આપી શકશે નહીં. ઈતિહાસના પાઠ્ય પુસ્તકોમાં પણ અશફાકુલ્લા ખાન, સર સૈયદ અહમદ ખાન, ખાન અબ્દુલ ગફાર ખાન, મૌલાના અબુલ કલામ આઝાદ અને અન્ય કેટલાક નેતાઓ જેવા માત્ર કેટલાક નેતાઓને આવરી લેવામાં આવ્યા છે. જ્યારે મેં ગૂગલ પર સર્ચ કર્યું ત્યારે ભાગ્યે જ કેટલીક વેબસાઈટ્સ હતી જે ભારતના મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓની વિગતવાર યાદી આપે છે અને વિકિપીડિયા પેજ પણ જ્યારે મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓ માટે સર્ચ કરવામાં આવે ત્યારે કોઈ પરિણામ દર્શાવતુ નથી. તો હવે સવાલ એ થાય છે કે આ માટે કોઈ ચોક્કસ ડેટા કેમ નથી અથવા એ સાચું છે કે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુસ્લિમોનું યોગદાન ઘણું ઓછું છે? મેં ભારતીય સ્વતંત્રતા ચળવળને લગતી વિવિધ યાદીઓ, વેબસાઈટ્સ, પુસ્તકો અને સામયિકો શોધવાનું શરૂ કર્યું અને અંતે ભારતના મુસ્લિમ સ્વતંત્રતા સેનાનીઓની યાદી સામે આવી હતી. હું આશા રાખું છું કે આ લેખ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મુસ્લિમોના યોગદાન વિશેની ખોટી દંતકથાઓને રદિયો આપશે અને જેઓ સ્વતંત્રતા ચળવળને ધર્મ અને જાતિના લેન્સથી પણ જુએ છે તેમને યોગ્ય માર્ગદર્શન આપશે.

**દેશની આઝાદીના મુસ્લિમ વીરો**



**ખાન અબ્દુલ ગફ્ફાર :** ખાન અબ્દુલ ગફાર ભારતના સૌથી મહત્વપૂર્ણ મુસ્લિમ સ્વાતંત્ર્ય સેનાનીઓ પૈકી એક છે અને તેઓ "સરહદ ગાંધી" તરીકે પણ જાણીતા હતા. ખાન અબ્દુલ ગફાર ખાનને બાચા ખાન તરીકે પણ ઓળખવામાં આવતા હતા જેનો અર્થ થાય છે "મુખ્ય રાજા". તેમણે ૧૯૨૯માં પ્રખ્યાત ખુદાઈ ખિદમતગાર ("ઈશ્વરના સેવકો") ચળવળની શરૂઆત કરી અને તે ખૂબ જ સફળ સ્વતંત્રતા ચળવળ હતી. આ ચળવળની સફળતાથી બ્રિટિશરો એટલા ગુસ્સે થયા હતા કે તેઓએ કડક કાર્યવાહી શરૂ કરી હતી અને કેટલાક ઈતિહાસકારોના મતે, ખુદાઈ ખિદમતગાર પર આચરવામાં આવેલ અત્યાચાર એ ભારતીય સ્વતંત્રતા ચળવળના અત્યાર સુધીના સૌથી ગંભીર દમન પૈકી એક હતો. તેમણે ભારતના વિભાજન માટેની ઓલ-ઈન્ડિયા મુસ્લિમ લીગની માંગનો પણ વિરોધ કર્યો હતો અને જ્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે તેમની સલાહ લીધા વિના વિભાજનનો સ્વીકાર કર્યો, ત્યારે તેઓ ખૂબ જ દુઃખી થયા અને કોંગ્રેસને કહ્યું કે "તમે અમને વરુઓ વચ્ચે ફેંકી દીધા છે."

ભારતના ભાગલા પછી તેઓ પાકિસ્તાન ગયા અને અલગ બલૂચ પ્રાંત માટે લડત શરૂ કરી હતી. તેઓ ૧૯૪૮થી ૧૯૮૮ સુધી ઘણી વખત જેલમાં ગયા હતા અને મોટાભાગનો સમય નજરકેદ રહ્યા હતા. જ્યારે ૧૯૮૮માં તેમનું અવસાન થયું, ત્યારે હજારો શોક કરનારાઓ તેમના અંતિમ સંસ્કારમાં જોડાયા હતા. તે જ સમયે સોવિયેત દળો અને અફઘાન બળવાખોર દળો વચ્ચે ભારે લડાઈ ચાલી રહી હતી પરંતુ બંનેએ તેમની લડાઈ અટકાવી અને આ મહાન નેતાને શ્રદ્ધાંજલિ આપી હતી.

**(સૌ.: નોલેજ ઓફ ઈન્ડિયા.કોમ)**

# ૨૦૧૭ પછીથી બમણા કરતાં વધુ રોકડ ચલણમાં છે

## ચલણમાં રોકડ માર્ચ ૨૦૧૭માં રૂ.૧૩ લાખ કરોડથી વધીને માર્ચ ૨૦૨૪ના અંતે રૂ.૩૫ લાખ કરોડ થઈ હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

HSBC PMI અને CMS કેશ ઈન્ડેક્સ અનુસાર ચલણમાંથી રૂા.૨૦૦૦ મૂલ્યની બેંકનોટ પાછી ખેંચી લેવા છતાં માર્ચ ૨૦૧૭ અને માર્ચ ૨૦૨૪ વચ્ચે ચલણમાં રહેલી રોકડ બમણી થઈ ગઈ છે. ધ ઈકોનોમિક ટાઈમ્સના જણાવ્યા પ્રમાણે આ બે સૂચકાંકો એકસાથે આગળ વધ્યા છે જે દર્શાવે છે કે, રોકડ અને ડિજિટલ પેમેન્ટ બંનેમાં વૃદ્ધિ જોવા મળી છે. સૂચકાંકોએ ચલણમાં રોકડનું મહત્ત્વ દર્શાવ્યું હતું.

બિજનેસ ડેઈલીએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે, ચલણમાં રોકડ માર્ચ ૨૦૧૭માં રૂા.૧૩.૩૫ લાખ કરોડથી વધીને માર્ચ ૨૦૨૪ના અંતે રૂા.૩૫.૧૫ લાખ કરોડ થઈ હતી. નવેમ્બર ૨૦૧૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટો પર પ્રતિબંધની જાહેરાત કરી હતી. આ પછી રૂા.૨૦૦૦ની નોટ રજૂ કરવામાં આવી હતી, જે અગાઉ જણાવ્યા મુજબ મે ૨૦૨૩માં પાછી ખેંચી લેવામાં આવી હતી. વધુમાં અહેવાલમાં રેખાંકિત કરવામાં આવ્યું છે કે, ૨૦૧૬માં શરૂ કરાયેલ UPI દ્વારા ડિજિટલ ચૂકવણી, ૨૦૨૦માં કોવિડ-૧૯ રોગચાળા પછી જ વધી છે અને તેમાં લગભગ નવ ગણો વધારો નોંધાયો છે. માસિક UPI વ્યવહારોનું મૂલ્ય માર્ચ ૨૦૨૦માં રૂા.૨.૦૬ લાખ કરોડથી વધીને ફેબ્રુઆરી ૨૦૨૪માં રૂા.૧૮.૦૭ લાખ કરોડ થયું હતું. અહેવાલમાં નોંધવામાં આવ્યું હતું કે, ચલણમાં ચલણ પર ભારતીય રિઝર્વ બેંકના મૂલ્યાંકનો દર્શાવે છે કે, તહેવારો દરમિયાન અને મોટી ચૂંટણીઓ પહેલા ચલણની માંગ ઘણી વખત વધુ હોય છે, આ ઉપરાંત જે વર્ષમાં કૃષિ ક્ષેત્ર મજબૂત વૃદ્ધિ કરે છે તે દરમ્યાન પણ તેમાં વધારો થાય છે કારણ કે, તે ગ્રામીણ વિસ્તારોમાંથી રોકડની માંગને પ્રોત્સાહન આપે છે. રસપ્રદ વાત એ છે કે, CMS ઈન્ફો સિસ્ટમનો CMS કેશ ઈન્ડેક્સ - જે રોકડ વ્યવસ્થાપન અને અન્ય વ્યવસાયિક સેવાઓ પ્રદાન કરે છે - HSBC પરચેઝ મેનેજરના ઈન્ડેક્સને અનુરૂપ વલણ ધરાવે છે.

એક રિપોર્ટ મુજબ, જ્યારે સીએમએસ કેશ ઈન્ડેક્સ એપ્રિલ ૨૦૧૭માં ૧૦૦ પર હતો અને માર્ચ ૨૦૨૪માં વધીને ૧૨૫.૬ થયો હતો, તે જ સમયગાળામાં HSBC PMI ૧૦૦થી વધીને ૧૧૭ થયો હતો. ધ ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ, CMS ઈન્ફો સિસ્ટમ્સ કન્ઝમ્પ્શન રિપોર્ટ ૨૦૨૪ - 'Unfolding India's Consumption Story ૨૦૨૪એ હાઈલાઈટ કરે છે કે, 'કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને FMCG સેક્ટરમાં ખર્ચ વધી રહ્યો છે અને મુસાફરી અને મનોરંજન માટેના ખર્ચમાં પણ FY'24માં જોરદાર વૃદ્ધિ થઈ રહી છે.

અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૪માં ખર્ચ માટે ATM દ્વારા રોકડ ઉપાડમાં સૌથી વધુ વૃદ્ધિ ધરાવતા રાજ્યોમાં દિલ્હી, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને કર્ણાટક છે.

ત્રીજા તબક્કાની ચૂંટણી યોજાવાની છે

# ૭મી મેના રોજ ગુજરાત સહિત અનેક રાજ્યોમાં શાળા-કોલેજો બંધ રહેશે

## દેશભરમાં ત્રીજા તબક્કામાં ૧૨ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશની ૯૪ બેઠકો પર મતદાન થવાનું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

દેશભરમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બે તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ચૂક્યું છે, હવે ત્રીજા તબક્કાના મતદાન માટે પ્રચાર તેજ થઈ ગયો છે. જ્યારે ત્રીજા તબક્કાની ચૂંટણી ૭ મેના રોજ યોજાવાની છે. જેને શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરાવવા માટે ચૂંટણી પંચે ત્રીજા તબક્કાની તમામ લોકસભા બેઠકો પર સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. જ્યારે રાજકીય પાર્ટીઓ તેમના પક્ષનો પ્રચાર જોર -શોરથી કરવામાં લાગેલા છે. ઉમેદવારો એડી ચોંટીનું જોર લગાવી જીતવા માટેના તમામ પ્રયાસો કરી રહ્યા છે. ત્રીજા તબક્કામાં ૧૨ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશની ૯૪ બેઠકો પર મતદાન થવાનું છે. જેમાં દેશના રાજ્યો આસામ, બિહાર, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, દાદરા નગર હવેલી, દમણ અને દીવ અને જમ્મુ-કાશ્મીર સામેલ છે. તેથી ત્રીજા તબક્કામાં જ્યાં પણ મતદાન થવાનું છે ત્યાં શાળા-કોલેજોને જાહેર રજા ઘોષિત કરવામાં આવી છે. ઉત્તર ગોવા (નોર્થ ગોવા) અને દક્ષિણ ગોવા (સાઉથ ગોવા)માં મતદાન દરમિયાન શાળા અને કોલેજોમાં રજા રહેશે. ગુજરાતમાં કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જામનગર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, બારડોલી, સુરત, નવસારી અને વલસાડમાં ત્રીજા તબક્કાનું મતદાન થશે, અહીં આ સમયગાળા દરમિયાન શાળા-કોલેજો બંધ રહેશે. આસામની ધુબરી, કોકરાઝાર, બરપેટા અને ગુવાહાટી સીટ પર ત્રીજા તબક્કામાં મતદાન થવાનું છે, અહીં મતદાનના દિવસે દરમિયાન શાળાઓ અને કોલેજો બંધ રહે- બિહારમાં ઝાંઝરપુર, સુપૌલ, અરરિયા, મધેપુરા અને ખગરિયા સીટ પર મતદાન દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે. કર્ણાટકમાં ચિક્કોડી, બેલગામ, બાગલકોટ, બીજાપુર, ગુલબર્ગા, રાયચુર, બિદર, કોપ્પલ, બેલ્લારી, હાવેરી, ધારવાડ, ઉત્તરા કન્નડ, દાવનગેરી અને શિવમોગામાં પણ શાળાઓ બંધ રહેશે. મધ્યપ્રદેશના ભિંડ, ભોપાલ, ગુના, ગ્વાલિયર, મોરેના, રાજગઢ, સાગર, વિદિશામાં મતદાન દરમિયાન શાળાઓ અને કોલેજો ખુલશે નહીં. મહારાષ્ટ્રમાં બારામતી, રાયગઢ, ઉસ્માનાબાદ, લાતુર, સોલાપુર, માધા, સાંગલી, સતારા, રત્નાગીરી-સિંધુદુર્ગ, કોલ્હાપુર અને હાટકનાંગલેમાં મતદાનને કારણે શાળાઓ અને કોલેજો ખુલશે નહીં. ઉત્તર પ્રદેશમાં સંભલ, હાથરસ, આગ્રા, ફતેહપુર સીકરી, ફિરોઝાબાદ, મૈનપુરી, એટાહ, બદાયું, બરેલી અને આમલામાં મતદાનને કારણે શાળાઓ બંધ રહેશે. પશ્ચિમ બંગાળના માલદા ઉત્તર, માલદા દક્ષિણ, જાંગીપુર અને મુર્શિદાબાદમાં શૈક્ષણિક સંસ્થાઓ માટે રજા રહેશે. ત્રીજા તબક્કાના મતદાન દરમિયાન દાદર અને નગર હવેલી, દમણ અને દીવમાં પણ શાળાઓ બંધ રહેશે. જમ્મુ-કાશ્મીરમાં અનંતનાગ-રાજૌરીમાં પણ ત્રીજા તબક્કામાં મતદાન થશે, જેના કારણે શાળા-કોલેજો ખુલશે નહીં. છત્તીસગઢમાં સુરગુજા, રાયગઢ, કોરબા, બિલાસપુર, દુર્ગ અને જાંજગીર-ચંપામાં પણ શાળાઓ અને કોલેજો બંધ રહેશે.

# NCERT દર વર્ષે પાઠ્યપુસ્તકોની સમીક્ષા કરે : શિક્ષણ મંત્રાલય

## શિક્ષણ મંત્રાલયના એક અધિકારીએ આ નિર્ણય પાછળનું તર્ક સમજાવતાં જણાવ્યું હતું કે, NCERT પુસ્તકો એકવાર પ્રકાશિત થયા પછી ઘણા વર્ષો સુધી એકસરખા રહેવા જોઈએ નહીં

(એજન્સી) તા.૨૯

આ માહિતીથી જાણકાર અધિકારીઓએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)ને પાઠ્યપુસ્તકોની સમીક્ષા કરવા અને દરેક શૈક્ષણિક સત્રની શરૂઆત પહેલા નવા પાઠ્યપુસ્તકો છાપતા પહેલા જરૂરી ફેરફારો કરવા માટે વાર્ષિક સિસ્ટમ મૂકવા જણાવ્યું છે. NCERT દર વર્ષે શૈક્ષણિક સત્રની શરૂઆત પહેલા નવા પાઠ્યપુસ્તકો પ્રકાશિત કરે છે. જ્યારે હાલમાં દર વર્ષે પાઠ્યપુસ્તકોની સમીક્ષા કરવા માટે કોઈ નિશ્ચિત આદેશ નથી, કાઉન્સિલ ૨૦૧૭થી સામગ્રીને સુધારી અને અપડેટ કરી રહી છે. તેણે ૨૦૨૨ અને ૨૦૨૩ની વચ્ચે તેના અભ્યાસક્રમના તર્કસંગતીકરણની કવાયતના ભાગરૂપે કોવિડ-૧૯ રોગચાળા વચ્ચે વિદ્યાર્થીઓ પરનું દબાણ ઘટાડવા માટે પાઠ્યપુસ્તકોમાં મોટા ફેરફારો કર્યા હતા. મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર કાઉન્સિલને હવે સામગ્રીની વાર્ષિક સમીક્ષા કરવા માટે કહેવામાં આવ્યું છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'મંત્રાલયે NCERTને કહ્યું છે કે, પુસ્તકોની વાર્ષિક ધોરણે સમીક્ષા થવી જોઈએ. તેઓ ટૂંક સમયમાં તે સિસ્ટમને અમલમાં મૂકવા જઈ રહ્યા છે. તે મહત્ત્વનું છે કે, જ્યારે વિદ્યાર્થી નવા સત્ર પહેલા પુસ્તક ખરીદે ત્યારે તે પુસ્તકનું અપડેટેડ વર્ઝન હોવું જોઈએ.' તેની પાછળના તર્કને સમજાવતા અધિકારીએ જણાવ્યું હતું કે, 'NCERT પુસ્તકો એકવાર પ્રકાશિત થયા પછી ઘણા વર્ષો સુધી એકસરખા રહેવા જોઈએ નહીં. છાપતા પહેલા દર વર્ષે તેની સમીક્ષા કરવી જોઈએ અને જો કોઈ ફેરફાર કરવો હોય અથવા કેટલીક નવી હકીકતો ઉમેરવાની હોય તો તે પુસ્તકોમાં સમાવી લેવા જોઈએ. દાખલા તરીકે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા વિષયો જે વિકસિત થઈ રહ્યા છે. અત્યાર સુધી પાઠ્યપુસ્તકોની વાર્ષિક સમીક્ષાનો કોઈ આદેશ નહોતો.' ઉપરોક્ત ટાંકવામાં આવેલા અધિકારીના જણાવ્યા અનુસાર, નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF) અનુસાર તમામ વર્ગો માટે તમામ પાઠ્યપુસ્તકો બહાર પાડવામાં ઓછામાં ઓછા બે વર્ષનો સમય લાગશે અધિકારીએ ઉમેર્યું. 'તેનો અર્થ એ છે કે, શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭થી તમામ વર્ગોના વિદ્યાર્થીઓ પાસે NCF મુજબ નવા પાઠ્યપુસ્તકો હશે.' NCERT નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP) ૨૦૨૦ના અમલીકરણના ભાગરૂપે ગયા વર્ષે બહાર પાડવામાં આવેલા નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF)ને અનુરૂપ પાઠ્યપુસ્તકોમાં સુધારો કરી રહી છે. કાઉન્સિલે આ વર્ષે ફક્ત ૩જા અને ૬ઠ્ઠી ધોરણ માટે જ NCF સાથે અનુરૂપ નવા પાઠ્યપુસ્તકો બહાર પાડ્યા હતા. NCERTએ આ વર્ષે તેના ઈતિહાસ, રાજકીય વિજ્ઞાન અને સમાજશાસ્ત્રના પાઠ્યપુસ્તકોમાં કેટલાક મોટા ફેરફારો કર્યા છે અને બાબરી મસ્જિદ, હિંદુત્વનું રાજકારણ, ૨૦૦૨ના ગુજરાત રમખાણો અને લઘુમતીઓના કેટલાક સંદર્ભો છોડી દીધા છે, જેમાં કલમ ૩૭૦ નાબૂદ કરવાના સંદર્ભમાં 'પાકિસ્તાનના કબજા હેઠળનું જમ્મુ અને કાશ્મીર (POJK)'ને બદલે 'આઝાદ પાકિસ્તાન' શબ્દ ઉમેરવામાં આવ્યા છે આ ઉપરાંત 'મુક્ત સ્પર્ધા પર રાજ્ય નિયમન' પસંદ કરતા લોકોને ડાબેરીઓ તરીકે વ્યાખ્યાયિત કરતા ફકરામાં સુધારો કર્યો છે.

**હદીસ બોધ**

જે વ્યક્તિ સંગ્રહખોરી કરે છે તે ગુનેગાર છે. (હદીસ બોધ)

**બોધ વચન**

ભવિષ્યના સામ્રાજ્યો બુદ્ધિના સામ્રાજ્ય હશે.
- વિન્સ્ટન ચર્ચિલ

**આજની આરસી**

૩૦ એપ્રિલ મંગળવાર ૨૦૨૪
૨૦ શવ્વાલ હિજરી ૧૪૪૫
ચૈત્ર વદ છઠ્ઠ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૪૩
ખત્મે ઝવાલ ૧૨-૩૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૦૮
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૦૬

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# સ્ટ્રાઈક રેટ પર સવાલ ઉઠાવનારા ઉપર કોહલીનો વળતો પ્રહાર

## કોહલી સાથે બેટિંગ કરવાથી તેનો આત્મવિશ્વાસ વધ્યો : વિલ જેક્સ

અમદાવાદ, તા.૨૯

ભારતીય સુપરસ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ વચ્ચેની ઓવરોમાં સ્પિનરો સામે તેના સ્ટ્રાઈક રેટ પર સતત થઈ રહેલી ચર્ચાઓને ફગાવતા કહ્યું કે, તેના પર સવાલ ઉઠાવનારાની તુલનામાં તે પોતાની રમતને સારી સમજે છે. કોહલીએ ગુજરાત ટાઈટન્સ વિરુદ્ધ ૯ વિકેટે થયેલી જીતમાં ૪૪ બોલમાં અણનમ ૭૦ રન બનાવ્યા. સુનીલ ગાવસ્કર જેવા પૂર્વ ક્રિકેટરોએ જો કે, સનરાઈઝ હૈદરાબાદ વિરુદ્ધ ૪૩ બોલમાં ૫૧ રનની તેની ઈનિંગમાં સ્ટ્રાઈક રેટ પર સવાલ ઉઠાવ્યા હતા. કોહલીએ કહ્યું કે, છેલ્લા ૧૫ વર્ષથી રમવાનું કોઈ કારણ છે. હું ફક્ત પોતાનું કામ કરી રહ્યો છું. હું આ જ રીતે રમું છું. લોકો ગમે તે કહે પણ હું મારી રમતને સારી રીતે જાણું છું. જીત છતાં દસ મેચોમાં માત્ર ત્રણ જીત સાથે આરસીબી પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે છે. કોહલીએ કહ્યું કે, અમે આત્મ સન્માન માટે રમવા માંગતા હતા. પોતાના પ્રશંસકો માટે રમવા માંગતા હતા. અમને ખબર છે કે, ટુર્નામેન્ટમાં અમે પોતાની ક્ષમતા અનુરૂપ રમ્યા નથી. અમને ખબર છે કે, અમે આનાથી સારૂં કરી શકતા હતા અને અમે પૂરો પ્રયાસ કરીશું. સદી બનાવનાર પ્લેયર ઓફ ધ વિલ જેક્સે કહ્યું કે, કોહલી સાથે બેટિંગ કરવાથી તેનો આત્મવિશ્વાસ વધ્યો. તેણે કહ્યું કે, શાનદાર અનુભવ રહ્યો છે. શરૂઆતમાં તકલીફ થઈ પણ વિરાટે આત્મવિશ્વાસ વધાર્યો. કોહલી સાથે બેટિંગ કરીને ઘણું સારૂં લાગ્યું. ગુજરાતના કપ્તાન શુભમન ગિલે કહ્યું કે, અમારે સારી રણનીતિ સાથે ઉતરવું પડશે.

### પ્રેસ કોન્ફરન્સનો મજેદાર વીડિયો વાયરલ

# ન્યુઝીલેન્ડની ટી-૨૦ વિશ્વકપ ટીમની જાહેરાત બાળકોએ કરી




## ચોથીવાર વિલિયમસન ટી-૨૦ વિશ્વકપ ટાઈટલ જીતવાની પોતાની ચળવળમાં બ્લેક કેપ્સનું નેતૃત્વ કરશે

નવી દિલ્હી, તા.૨૯

મેટ હેનરીએ અંતિમ સીમ બોલિંગ પોઝિશન માટે બેન સિયર્સને પછાડી ન્યુઝીલેન્ડની ટી-૨૦ વિશ્વકપ ટીમમાં સ્થાન નિશ્ચિત કરી લીધું છે. હેનરી એક શાનદાર પેસ એટેકમાં સામેલ થઈ ગયો છે જેમાં ટ્રેન્ટ બોલ્ટ, ટિમ સાઉથી અને લોકી ફર્ગ્યુસન સામેલ છે. ટીમમાં એડમ મિલ્નેની સેવા નહીં મળે. જે ઘૂંટણની સર્જરીમાંથી સ્વસ્થ થઈ રહ્યો છે. ચોથી વખત કેન વિલિયમસન ટી-૨૦ વિશ્વકપ ટાઈટલ જીતવાની પોતાની ચળવળમાં બ્લેક કેપ્સનું નેતૃત્વ કરશે. ન્યુઝીલેન્ડ ગત ત્રણ ટુર્નામેન્ટમાં સેમિફાઈનલ સુધી પહોંચ્યું છે અને ૨૦૧૧માં ફાઈનલમાં પહોંચ્યું છે. કોચ ગેરી સ્ટીડે વેસ્ટઈન્ડિઝના મેદાનો પર અપેક્ષિત વિવિધ પરિસ્થિતિઓ અનુકૂળ સેટ થવાની ટીમની ક્ષમતા પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. બ્લેક કેપ્સે એક વીડિયો પોસ્ટ કર્યો જેમાં મટિલ્ડા અને એન્ગસ નામના બે બાળકો આગામી ટી-૨૦ વિશ્વકપ માટે કીવી ટીમની જાહેરાત કરતા દેખાઈ રહ્યા છે. ખૂબ જ રોચક અંદાજમાં તેમણે ટીમની જાહેરાત કરી હતી. આ પહેલા વર્લ્ડકપ માટે ન્યુઝીલેન્ડ ક્રિકેટરોના બાળકો, પત્ની અને ગર્લફ્રેન્ડે ટીમની અનોખી સ્ટાઈલમાં જાહેરાત કરી હતી. ટીમમાં અનુભવનો ખજાનો છે જેમાં બોલ્ટ પોતાનો પાંચમો વિશ્વકપ, સાઉથી પોતાના સાતમા અને વિલિયમસન પોતાના છઠ્ઠા વિશ્વકપમાં ભાગ લઈ રહ્યો છે.

**ટીમ :-** વિલિયમસન (કપ્તાન), ફિન એલેન, ટ્રેન્ટ બોલ્ટ, માઈકલ બ્રેસવેલ, માર્ક ચેપમેન, ડેવોન કોનવે, લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, ડેરિલ મિચેલ, નીશમ, ફિલિપ્સ, રચિન રવિન્દ્ર, સેન્ટનર, ઈશ સોઢી, સાઉથી.

# વ્યાપારી સંસ્થા અને નફાનો હેતુ ન ધરાવતા ટ્રસ્ટ વચ્ચે SC/ ST ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવવા માટે એમઓયુ

## BYST, લક્ષ્મી વેંકટેશન દ્વારા ૧૯૯૦ના દાયકામાં BYSTની સ્થાપના કરવામાં આવી હતી જેનો હેતુ દલિતોની આગેવાની હેઠળના નાના અને મધ્યમ કદના સાહસોને ધિરાણ, તાલીમ અને માર્ગદર્શન સહાય આપવાનો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

બિન-લાભકારી ભારતીય યુવા શક્તિ ટ્રસ્ટ (BYST)એ સફળ ઉદ્યોગસાહસિક બનવાનો ધ્યેય ધરાવતા અનુસૂચિત જાતિ અને જનજાતિના સભ્યોને નાણાકીય સહાય અને માર્ગદર્શન આપવા માટે દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (DICCI) સાથે જોડાણ કર્યું છે.

લક્ષ્મી વેંકટેશન દ્વારા ૧૯૯૦ના દાયકામાં સ્થપાયેલ BYSTએ દલિતોની આગેવાની હેઠળના નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને ધિરાણ, તાલીમ અને માર્ગદર્શન સહાય આપવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા.

જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી ખાતે DELNET (ડેવલપિંગ લાઈબ્રેરી નેટવર્ક) ખાતે ચાલી રહેલા દલિત ઈતિહાસ મહિનાને ધ્યાનમાં રાખીને એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

સહયોગનો ઉદ્દેશ્ય આગામી ત્રણ વર્ષમાં, ૫,૦૦૦ દલિત સાહસિકોને રોજગાર સર્જકો બનવા માટે સશક્તિકરણ કરવાનો છે; જેમાં ૨૦ ટકા મહિલાઓ હશે. તેઓને BYSTના માર્ગદર્શકોના નેટવર્ક અને માર્ગદર્શક ક્લિનિક્સ દ્વારા ઉદ્યોગસાહસિકતાના મૂળભૂત ખ્યાલો, બેંકિંગ પ્રથાઓ, ગ્રાહક સંબંધો, એકાઉન્ટ રાખવા, પ્રોજેક્ટની તૈયારી અને વેચાણની કળા વગેરેમાં સોફ્ટ સ્કિલ વિશે સલાહ આપવામાં આવશે.

લક્ષ્મી વેંકટેસને જણાવ્યું હતું કે, 'દલિત સમુદાય હજુ પણ ભેદભાવને કારણે પડકારોનો સામનો કરે છે, જે ઉચ્ચ પગારવાળી નોકરીઓ અને ધંધાકીય તકો મેળવવામાં અવરોધ ઉભો કરે છે.'

તેમણે જણાવ્યું હતું કે મૂડી, સંસાધનોની મર્યાદિત પહોંચ અને માર્ગદર્શક સમર્થનની અછત જેવા અવરોધો તેમની સફળતાને અવરોધે છે.આથી 'સમાવેશક અર્થવ્યવસ્થાને પોષવા માટે જાતિના પૂર્વગ્રહને નાબૂદ કરવું મહત્વપૂર્ણ છે.'




દરમિયાન, સ્થાપક અધ્યક્ષ મિલિંદ કાંબલેએ જણાવ્યું હતું DICCI માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે, જે ૧૭ વર્ષથી દલિતોમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપી રહ્યું છે. 'દલિત ઉદ્યોગસાહસિકોને, પાયાના સ્તરે, સમર્થન અને સશક્તિકરણની જરૂર છે,' તેમના મતે, આ ભાગીદારી આર્થિક વિકાસને વેગ આપશે, અને ટકાઉ સર્વસમાવેશક વિકાસ માટે જીઝ ઉદ્યોગસાહસિકતાની સંભાવનાઓને બહાર લાવશે.

ડીઆઈસીસીઆઈનો હેતુ SC-ST યુવાનો અને ઉદ્યોગસાહસિકોમાં વ્યવસાયિક નેતૃત્વ વિકસાવવા માટે સાહસિકતાની ભાવના જગાડવાનો છે. તેની ફિલસૂફી 'રોજગારદાતા બનો' છે.

પૈસા અને માર્ગદર્શન સહયોગ હેઠળ, બંને સંસ્થાઓ ૨૫૦ દલિત યુવાનોને ક્રેડિટ લિંકેજ અને માર્ગદર્શન સહાય પણ આપશે, જેની સરેરાશ લોન ટિકિટ સાઈઝ રૂા.૪ લાખ પ્રતિ વ્યક્તિ છે.

બેંક ઓફ બરોડા (BOB), ઈન્ડિયન ઓવરસીઝ બેંક (IOB), ઈન્ડિયન બેંક, IDBI, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા જેવા BYSTના ધિરાણ ભાગીદારોના નેટવર્ક દ્વારા ક્રેડિટની ઍક્સેસ પ્રદાન કરવામાં આવશે.

વેંકટેસને કહ્યું કે, "અમે બે લાખ માર્ગદર્શકો બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે, જેઓ ૧૦ લાખ ઉદ્યોગસાહસિકોને ટેકો આપશે, જે બદલામાં ૫ કરોડ નોકરીઓનું સર્જન કરશે. હવે અમે ઈચ્છીએ છીએ કે તેમાંથી ઓછામાં ઓછા ૨૫ ટકા SC અને ST સમુદાયમાંથી આવે," જો કે, તેમનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના સંસ્થાકીય માળખામાં 'માર્ગદર્શન'ને સમાવિષ્ટ કરવાનો છે. તેમની દૃષ્ટિ બે સ્તંભો પર છે - પૈસા અને માર્ગદર્શન તેમણે મીડિયાને જણાવ્યું હતું કે,બેંકોની NPA (નોન-પરફોર્મિંગ એસેટ્સ) ખૂબ ઊંચી છે, ખાસ કરીને સૂક્ષ્મ ક્ષેત્ર માટે, તેથી તેઓ નાણાં ધિરાણ આપવા તૈયાર નથી. તેનાથી વિપરીત, અમે દર્શાવ્યું છે કે કેવી રીતે યોગ્ય સમયે મૂડીની યોગ્ય રકમ આપવાથી સ્થિતિ બદલાઈ શકે છે.

વેંકટેસને જણાવ્યું હતું કે માર્ગદર્શન એ માત્ર બેંગ્લોર, ગુરુગ્રામ, બોમ્બે, હૈદરાબાદ અને પૂણેના ટેક વેન્ચર્સનો પર્યાય નથી, પરંતુ તે પ્રાચીન ભારતનો મૂળભૂત ખ્યાલ છે, જે આગળ ધપાવવામાં આવ્યો છે. તે દેશમાં સૂક્ષ્મ ઉદ્યોગ સાહસિકતાની જરૂરિયાતની માનસિકતા બદલવા માંગે છે. ૧૯૯૨થી જ્યારે BYST શરૂ કરવામાં આવી હતી, તેમણે ૪૦,૦૦૦થી વધુ સાહસિકોના જીવનને બદલ્યું છે.

હરિયાણાના મહેન્દ્રગઢ જિલ્લાના ખેડી ગામમાંથી આવેલી ૩૬ વર્ષીય ઉદ્યોગસાહસિક સુનિતાએ એમઓયુ પર ખુશી વ્યક્ત કરી હતી. સુનીતા હવે બે વર્ષથી BYST સાથે સંકળાયેલી છે અને તેના ગામમાં સફળ સિલાઈ બુટિક ચલાવે છે. તેણે કહ્યું કે,'આ બુટીક શોપ મારૂં ઘર ચલાવે છે, મારા બાળકોના શિક્ષણ માટે ભંડોળ પૂરૂં પાડે છે અને સૌથી વધુ મારા પતિને નોકરી છોડીને ઉદ્યોગસાહસિકતાને આગળ ધપાવવા માટે પ્રેરિત કર્યા છે,' ખેરા ગામમાં બીજી ઘણી સુનીતાઓ છે, જેમને જાતિના બંધનોને કારણે જીવનમાં આગળ વધવાની તક મળતી નથી. 'ડીઆઈસીસીઆઈ અને બીવાયએસટીનું જોડાણ થવાથી, તેઓ હવે વિકાસ કરશે.'

DICCI અને BYST બંને B.R,આંબેડકરનાં સ્વ-સહાય અને ઉદ્યોગસાહસિકતા દ્વારા આર્થિક સશક્તિકરણના વિઝનને પૂર્ણ કરવા માટે કામ કરી રહ્યા છે. તેઓ વર્ષોથી બિનસત્તાવાર રીતે સાથે કામ કરી રહ્યા છે, ત્યારે સત્તાવાર સહયોગ લાંબા સમયથી અપેક્ષિત હતો. એમઓયુમાં જણાવવામાં આવ્યું હતું કે બંને સંસ્થાઓ માર્ગદર્શન અને ક્લિનિક્સના નેટવર્ક દ્વારા ડીઆઈસીસીઆઈના ઓપરેશનલ વિસ્તારોમાં જાગૃતિ લાવવા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા સહિત વિવિધ ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરશે.

BYST DICCI દ્વારા સંદર્ભિત યુવાનોને તાલીમ આપશે અને બેંક કનેક્શન્સ અને માર્ગદર્શન સહિતની સહાય સહિત તેમના પોતાના વ્યવસાય શરૂ કરવામાં મદદ કરશે. DICCI-સમર્થિત દલિત સાહસિકો ઉદ્યોગસાહસિકતા અને ગ્રીન બિઝનેસને ટકાવી રાખવા માટે BYST પાસેથી તાલીમ મેળવી શકે છે. BYST ડીઆઈસીસીઆઈને શૈક્ષણિક સંસ્થાઓ અને ઈન્ક્યુબેશન કેન્દ્રોમાં એક સાહસિકતા ઈકોસિસ્ટમ સ્થાપિત કરવામાં પણ મદદ કરશે. વધુમાં, BYST DICCI અધિકારીઓ અને ફેકલ્ટી માટે માર્ગદર્શક તાલીમ અને વિકાસ પ્રદાન કરશે, જેમાં મૂલ્યાંકન, વ્યવહારૂ તાલીમ, વેબિનાર, નેટવર્કિંગ અને પ્રમાણપત્રનો સમાવેશ થાય છે.

### સંદીપ શર્માની ચોંકાવનારી પસંદગી

# લારાએ કરી ટી-૨૦ વર્લ્ડકપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

નવી દિલ્હી, તા.૨૯ : ટી-૨૦ વિશ્વકપ ૨૦૨૪ માટે ભારતીય ટીમની જાહેરાત પહેલા વેસ્ટઈન્ડિઝના મહાન ક્રિકેટર બ્રાયન લારાએ પોતાના ફેવરિટ ૧૫ સભ્યોની ટીમ શેર કરી છે. લારાએ કપ્તાન રોહિત શર્માના નેતૃત્વમાં પોતાની ડ્રીમ ટીમનો ખુલાસો કર્યો છે. લારાની ટીમમાં અનુભવી ખેલાડીઓ અને યુવા ટેલેન્ટનું મિશ્રણ છે. આ લાઈનઅપમાં કોહલી, હાર્દિક પંડ્યા અને બુમરાહ જેવા મોટા ખેલાડી સામેલ છે. સાથે જ જયસ્વાલ અને મયંક યાદવ જેવા ટેલેન્ટેડ યુવા પણ સામેલ છે. વિકેટકિપિંગ માટે રિષભ પંત અને સંજુ સેમસનની પસંદગી કરી છે. શિવમ દુબેનું ઓલરાઉન્ડ ટેલેન્ટ, રવિન્દ્ર જાડેજા, કુલદપી યાદવ અને ચહલની સ્પિન ક્ષમતાની સાથે મળીને એક શાનદાર બોલિંગ આક્રમણ પ્રદાન કરે છે.

**ટીમ :-** રોહિત શર્મા (કપ્તાન), યશસ્વી જયસ્વાલ, કોહલી, સૂર્યકુમાર યાદવ, સંજુ સેમસન, રિષભ પંત, શિબમ દુબે, હાર્દિક પંડ્યા, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, બુમરાહ, અર્શદીપસિંહ, સંદીપ શર્મા, મયંક યાદવ.

### ચેન્નાઈ સામેની હાર બાદ કમિન્સનું નિવેદન

# ટી-૨૦ હંમેશાથી બેટ્સમેનોની રમત રહી છે પણ આ IPLમાં તો હદ થઈ ગઈ

ચેન્નાઈ, તા.૨૯ : સનરાઈઝ હૈદરાબાદના કપ્તાન પેટ કમિન્સનું માનવું છે કે, ટી-૨૦ ફોર્મેટ હંમેશાથી બેટ્સમેનોને અનકૂળ રહ્યું છે અને આઈપીએલની હાલની સિઝનમાં તો આ એક પગલું આગળ વધી ગયું છે. સનરાઈઝને ચેન્નાઈ સુપર કિંગ્સે રવિવારે ૭૮ રને હરાવ્યું. આઈપીએલની આ સિઝનમાં ૬ વખત ૨૫૦થી વધુનો સ્કોર બની ચૂક્યો છે અને ૨૦૦ રન બનાવીને પણ જીતની ગેરન્ટી નથી. આ પહેલા આઈપીએલના ઈતિહાસમાં બે વખત જ ૨૫૦થી વધારેનો સ્કોર બન્યો હતો. કમિન્સે મેચ બાદ કહ્યું કે, ટી-૨૦ હંમેશાથી બેટ્સમેનોની રમત રહી છે અને આ સિઝનમાં તો તે એક પગલું આગળ વધી ગયું છે. અમારી પાસે બોલિંગમાં વધારે વિકલ્પ નથી. અમે આક્રમક બેટિંગ કરીને અમે જીતી શકીએ છીએ. ચેન્નાઈ સામે થયેલા પરાજય વિશે તેણે કહ્યું કે, કોઈ એક કારણ બતાવી શકાય નહીં. કંઈપણ અમારી યોજના અનુરૂપ રહ્યું નહીં. અમે લક્ષ્યાંકનો પીછો કરી શકતા હતા પણ કરી શક્યા નહીં. અમારે આના ઉપર કામ કરવું પડશે. કમિન્સે ચાર ઓવરમાં ૪૯ રન આપ્યા હતા.

# પતિથી અલગ થવાનો લાભ ઉઠાવીને દલિત મહિલાને લગ્નની લાલચ આપીને બળાત્કાર ગુજાર્યો



(એજન્સી) તા.૨૯

બિલખીરિયા પોલીસે એક મહિલાની ફરિયાદ પર એક યુવકની વિરૂદ્ધ બળાત્કારનો કેસ દાખલ કર્યો છે. આરોપી યુવક લગ્નની લાલચ આપીને એક વર્ષથી દલિત મહિલાનું શારીરિક શોષણ કરતો રહ્યો. પાછલા દિવસો દરમ્યાન જ્યારે મહિલાએ તેની પર લગ્ન કરવાનું દબાણ બનાવ્યું તો યુવક મહિલાને છોડીને ચૂપચાપ ગાયબ થઈ ગયો. ફરિયાદ મળ્યા પછી પોલીસે અપરાધિક કેસ દાખલ કરી આરોપીને તપાસ શરૂ કરી છે.

બિલખીરિયા પોલીસ મુજબ ૨૯ વર્ષીય મહિલા મૂળ છિંદવાડાની રહેવાસી છે એક વર્ષ પહેલા પતિ સાથે વિવાદ પછી મહિલા કામની શોધમાં ભોપાલ આવી ગઈ હતી. અહીં તે બિલખિરિયા વિસ્તારમાં એક નિર્માણ હેઠળ મકાનમાં કોન્ટ્રાક્ટર માટે કામ કરવા લાગી. તેજ કોન્ટ્રાક્ટરને ત્યાં તુમેશ શાહ નામનો યુવક મિસ્ત્રીનું કામ કરતો હતો. સાથે કામ કરવા દરમ્યાન તેમની ઓળખ વધી તો તુમેશે મહિલાને લગ્નની લાલચ આપી અને તેનું શારીરિક શોષણ કરવા લાગ્યો જ્યારે મહિલાએ તેની પર લગ્નનું દબાણ બનાવ્યું તો તેણે તેનાથી અંતર કેળવી લીધું. પાછલા અઠવાડિયે તુમેશ મહિલાનો બતાવ્યા વિના છત્તીસગઢ સ્થિત પોતાના ગામ જતો રહ્યો. ઘણા પ્રયાસ પછી પણ જ્યારે તુમેથી સંપર્ક ના થઈ શક્યો તો પીડિતાએ પોલીસ સ્ટેશન જઈને તેની વિરૂદ્ધ બળાત્કાર અને જાતિગત અપમાનનો કેસ દાખલ કરાવ્યો પોલીસે આરોપીની ધરપકડનો પ્રયાસ કરી રહી છે.

**જાહેર ચેતવણી**

અમારા અસીલશ્રી શાહ લલીતભાઈ કાંતીલાલ રહેવાસી : બી-૯-૧, અનીશા એપાર્ટમેન્ટ, મહાલક્ષ્મી સોસાયટીની પાસે, પાલડી, અમદાવાદનાઓની સૂચનાથી આ જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે, અમારા પુત્ર નામે શાહ પ્રતિક લલીતભાઈ નાઓ અમારા કહ્યામાં નથી અને તેઓએ તેમની સ્વેચ્છાએ અમારા ઘરનો સોળ વર્ષ ઉપરાંતથી ત્યાગ કરેલ છે. અને તેઓ તેમની રીતે જીવન જીવે છે અને અમારી કોઈ જવાબદારી નિભાવતા નથી જેથી અમોએ તેઓની સાથેના તમામ સામાજિક સંબંધો તોડી નાંખેલા છે જેથી તેઓ દ્વારા જે કોઈ ધંધાકિય વ્યવહારો અન્ય કોઈ વ્યવહારો કરેલ હોય કે કરાવેલ હોય તે અંગે અમારી કોઈ જવાબદારી રહેલ નથી અને તે બાબતે અમારી કોઈપણ પ્રકારની સંડોવણી કરવી કરાવવી નહી અને અમોએ તેઓ સાથે તમામ પ્રકારના સંબંધો તોડી નાંખેલ છે. અને મારો પુત્ર નામે શાહ પ્રતિક લલીતભાઈ નાઓને મારી સ્વપાર્જીત સ્થાવર-જંગમ મિલકતમાંથી બેદખલ કરેલ છે. આમ મારા પુત્ર નામે શાહ પ્રતિક લલીતભાઈ નાઓ સાથે મારા નામે કે મારા પરિવારના નામે કોઈએ કોઈપણ પ્રકારનો સામાજિક, આર્થિક, નાણાંકિય કે ધંધાકિય વ્યવહાર કરવા કરાવવા નહી અને તે બાબતે મારી કે મારા પરિવારની સંડોવણી કરવી કરાવવી નહી અને તેમ છતાં જો કરવામાં આવશે તો તેની સંપુર્ણ જવાબદારી જે તે વ્યવહાર કરનારની તથા સંડોવણી કરનારની રહેશે તે અંગે અમોની કે અમારા પરિવારની કોઈ જવાબદારી રહેશે નહી જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી. અમદાવાદ તા. ૧૫-૪-૨૦૨૪

**હસમુખ એન. પરમાર** (એડવોકેટ એન્ડ નોટરી) બી-૨૦૧, મલ્લીનાથ પ્રભુ સોસાયટી, આદીનાથનગર પાર્ટ-૨, ઓઢવ, અમદાવાદ. મો.: ૯૯૨૫૪૪૮૨૮૮

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળઃ**

મંગળવાર, 30 એપ્રિલ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
કિંજલ પટેલ વાડી, વસો પલાણા રોડ, મુ.પો. પલાણા – 387 350, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક સોલંકી, મોબાઈલ : 99797 39737.

બુધવાર, 1 મે 2024; સાંજે 6:45 વાગ્યાથી.
ધ મિસ્ટ, એફટી 200, એસ.પી. રિંગ રોડ, વસ્ત્રાલય, અમદાવાદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હાર્દિક મહેતા, મોબાઈલ : 99250 04182.

બુધવાર, 1 મે 2024; સાંજે 7:30 થી રાત્રે 9:30 વાગ્યા સુધી.
ફર્ન લીઓ રિસોર્ટ, તલેટી રોડ, જૂનાગઢ – 362 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ રૂપક દવે, મોબાઈલ : 98790 77337.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે.
વોક-ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav
HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈપણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# 'ભાજપ કોઈ દલિતને મેયર નહિ બનાવે' : AAPના સંજય સિંહ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

AAPએ ભાજપને 'દલિત વિરોધી' ગણાવતા કહ્યું હતું કે, 'ભાજપના નેતાઓના મનમાં દલિતો પ્રત્યે નફરત હોવાને કારણે દિલ્હીને દલિત મેયર નથી મળ્યા.' દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર અને ડેપ્યુટી મેયરના પદોની ચૂંટણી જે ૨૬ એપ્રિલે યોજાનાર હતી તે ગુરૂવારે મુલતવી રાખવામાં આવ્યાના એક દિવસ બાદ આ આરોપો સામે આવ્યા છે.

AAPના નેતા અને રાજ્યસભાના સભ્ય સંજય સિંહે કહ્યું કે, 'બાબાસાહેબ આંબેડકર દ્વારા લખાયેલું બંધારણ કહે છે કે, દલિત સમુદાયનો વ્યક્તિ એક ટર્મ માટે દિલ્હીનો મેયર બને પણ બીજેપી તે ઈચ્છતી નથી.'

એક પત્ર બતાવતા સંજય સિંહે કહ્યું કે, 'L-G કહે છે કે, તેઓ મુખ્યમંત્રીની મદદ અને સલાહ પર કામ કરે છે, પરંતુ ગયા વર્ષે જ, તેમણે સૌથી વરિષ્ઠ કાઉન્સિલર મુકેશ ગોયલ પ્રિસાઈડિંગ ઓફિસર બનવા માટે લાયક હોવા છતાં, ભાજપના કાઉન્સિલર સત્ય શર્માને મેયરની ચૂંટણીના પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે નિયુક્ત કર્યા હતા.' AAPએ, L-G પર પક્ષપાતનો આરોપ લગાવ્યો

આમ આદમી પાર્ટી (AAP)એ દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર (L-G) પર આકરા પ્રહારો શરૂ કર્યા, તેમના પર આરોપ લગાવ્યો કે, તે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, મેયરની ચૂંટણીઓ રદ કરવામાં દલિત વિરોધી માનસિકતા સાથે ભાજપના પ્યાદા તરીકે કામ કરી રહ્યા છે. આ ચૂંટણી, જે શુક્રવારે યોજાવાની હતી, તેને મુલતવી રાખવાથી MCDની અંદર રાજકીય દખલગીરીના આક્ષેપો થયા હતા.




મેયર શેલી ઓબેરોયે આ રદ્દીકરણની નિંદા કરતા જણાવ્યું હતું કે, 'આજે મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી યોજાવાની હતી. પરંતુ ગઈકાલે ચૂંટાયેલી સરકારને બાયપાસ કરીને મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણીની ફાઈલ એલજી પાસે પહોંચી છે. હવે, આ કેવું રાજકારણ છે ?' તેણીએ દલિત વિરોધી ભાવનાઓ અને બંધારણીય ઉલ્લંઘનનો આરોપ લગાવતા ભાજપ પર આકરા પ્રહારો કર્યા. ઓબેરોયે મેયરની ચૂંટણીના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ વર્ષે MCD મેયર અનામત કેટેગરીમાંથી ચૂંટાવાના હતા. તેણીએ ભાજપ દ્વારા કથિત અવરોધ અંગે નિરાશા વ્યક્ત કરી, ભારપૂર્વક જણાવ્યું હતુ કે, 'દલિત વિરોધી ભાજપ ફરી એકવાર બંધારણની હત્યા કરી રહી છે.'

રદ્દીકરણના જવાબમાં, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગૃહના નેતા મુકેશ કુમાર ગોયલે દલિત સમુદાયના સંભવિત પ્રતિક્રિયાની ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, 'આજે, દલિત સમુદાયમાં ગુસ્સો છે. અને તે ગુસ્સો, લોકસભાની ચૂંટણીમાં બીજેપી વિરૂદ્ધ મતમાં પરિવર્તિત થશે.'

જો કે, એમસીડીમાં વિપક્ષના નેતા, રાજા ઈકબાલ સિંહે, AAPના આરોપોનો જવાબ આપ્યો, AAP પાર્ટીને 'દલિત વિરોધી અને મહિલા વિરોધી' તરીકે ઓળખાવી હતી.

સિંહે આરોપ લગાવ્યો હતો કે, AAPએ આંતરિક તકરારને છૂપાવવા માટે ઈરાદાપૂર્વક ચૂંટણીઓ અટકાવી હતી અને કહ્યું હતું કે, 'જો AAP ચૂંટણી કરાવવા માંગતી હોય તો તેણે સામાન્ય ચૂંટણીની જાહેરાત પહેલા, તમામ જરૂરી ઔપચારિક કામ પૂર્ણ કરવા જોઈએ.'

સિંહે AAPના શાસનની વધુ ટીકા કરી, તેના પર વિકાસને અવરોધવાનો અને ભ્રષ્ટાચારને કાયમી રાખવાનો આરોપ મૂક્યો. તેમણે ભારપૂર્વક કહ્યું, 'AAP એક ભ્રષ્ટાચાર તરફી પક્ષ છે. તે કોઈ બંધારણીય પ્રક્રિયાને અનુસરવા માંગતી નથી. આ કારણોસર, તેણે મેયર અને ડેપ્યુટી મેયરના પદ માટે ચૂંટણીની મંજૂરી આપી ન હતી.'

**કબજા નોટિસ**
(સ્થાવર મિલકત માટે)

**જે અંતર્ગત,**

નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (CIN: L65922DL2005PLC136029)** ના અધિકૃત અધિકારી છે અને કલમ 13(12) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **28.02.2020** ના રોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદદારો **ચેતન આઈ. પૌંકિયા, ભાવિશા ચેતનકુમાર પૌંકિયા અને ઈશ્વરલાલ આર. પૌંકિયા ઉર્ફે ઈશ્વરભાઈ રણછોડભાઈ પૌંકિયા** ને નોટિસમાં જણાવેલી લોન ખાતું નં. **HHLVAI00357867** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **28.02.2020 થી વ્યાજ દરે રૂ. 21,96,639.08 (રૂપિયા એકવીસ લાખ છન્નું હજાર છ સો ઓગણ ચાલીસ અને આઠ પૈસા માત્ર)** ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે.

કર્દ્ધદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) - રૂલ્સ - 2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા - કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો **પ્રતિકાત્મક કબ્જો તારીખ 25.04.2024** ના રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને કર્જદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકતના સોદામાં પડવું નહી અને જો તે મિલકતને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો **રૂ. 21,96,639.08 (રૂપિયા એકવીસ લાખ છન્નું હજાર છ સો ઓગણ ચાલીસ અને આઠ પૈસા માત્ર) 28.02.2020** ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ** ના હકને આધીન રહેશે.

સુરક્ષીત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13 ની પેટા કલમ (8) ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

નોંધણી જિલ્લા વલસાડ ખાતે આવેલી અને સ્થિત મિલકત, પેટા-જિલ્લો વાપી તાલુકા મૌજે બલીથા ગામ,બિન-ખેતીની જમીન પર રેવેન્યુ સર્વે નંબર. 51/1/પાઈકી 1, 12000 સ્ક્વેર મીટર્સ આરસીસી પ્રકારના ઉંચા મકાનો, જે 'રાજ રેસિડેન્સી' તરીકે ઓળખાય છે, તે બિલ્ડીંગમાં- 'ડી', ચોથા માળે ફ્લેટ બેરિંગ ફ્લેટ નં. ડી- 401 ચોથા માળે, વિસ્તાર 69.70 સ્ક્વેર મીટર્સ 750 સ્ક્વેર ફીટ બિલ્ટ-અપ એરિયાની સમકક્ષ (1100 સ્ક્વેર ફીટ સુપરબિલ્ટ વિસ્તાર) અવિભાજિત શેર 10.00 સ્ક્વેર મીટર્સ, જે નીચે મુજબ બંધાયેલ છેઃ

પૂર્વ : બિલ્ડીંગનો પેસેજ — પશ્ચિમ : ખુલ્લી જગ્યા
ઉત્તર : ફ્લેટ નં. ડી- 402 — દક્ષિણ : ખુલ્લી જગ્યા

સહી/-
**તારીખ : 25.04.2024** **અધિકૃત અધિકારી**
**સ્થળ : વલસાડ** **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**
**CIN : L65110TN2014PLC097792**
**રજિસ્ટર્ડ ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ / ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

IDFC FIRST Bank

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)ના વાંચન સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નીચે દર્શાવેલ તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમ અને વધારાના વ્યાજ અને અન્ય ચાર્જીસ ડિમાન્ડ નોટિસની તારીખ સુધીના ખરેખર સુધીના પરત ચૂકવવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે. દેણદાર/સહ-દેણદારો/ ગેરેન્ટરો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર-સહદેણદારો-ગેરેન્ટરો અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો કબજો લેવામાં આવ્યો છે.

| લોન એકાઉન્ટ નંબર | દેણદાર/રો સહદેણદાર/રો અને ગેરેન્ટરોના નામ | ગીરો મિલકતોની વિગતો | ડિમાન્ડ નોટિસ તારીખ | ડિમાન્ડ નોટિસ બાકી રકમ (રૂપિયા) | તારીખ અને મેળવેલ કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| 14733913 | ૧. ભાવનાબેન જયતીભાઈ વસાવા, ૨જયંતીભાઈ ચંદુભાઈ વસાવા | તે તમામ ભાગ અને હિસ્સાઓ ફલેટ નં.એ/૧૦૧, પહેલો માળ, બિલ્ટ અપ ક્ષેત્રફળ ૯૨.૯૩ ચો.મી., બિનવહેંચાયેલ હિસ્સાની જમીનનું ક્ષેત્રફળ ૧૭.૪૮ ચો.મી. વિંગ-એ, "અલ-હયાત હાઈટ્સ' બિનકૃષિની જમીન પર બંધાયેલ પ્લોટ મોજે : આણદ, સ્થિત જમીન ધરાવતા આરએસ નં.૨૪૨/૨, ટી.પી. સ્કીમ નં.૯, એફપી. નં.૯૧, સ્થિત અત્રે રજિ. સબ જિ. અને જિ. આણંદ, ગુજરાત-૩૮૮૦૦૧ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ફલેટ નં.એ/૧૦ તરફ, પશ્ચિમ : એફપી પૈકી ક્ષેત્રફળ ૧૪૯૩ ચો.મી. તરફ, ઉત્તર : ફલેટ નં.એ/ ૧૦૬ તરફ, દક્ષિણ : ટી.પી. રોડ તરફ** | ૨૦.૦૧.૨૦૨૪ | રૂ. ૨૧,૩૧,૩૪૪.૬૧/- | 25.04.2024 પ્રતિકાત્મક કબજો |
| 34980407 | ૧. કાનજીભાઈ ભરવાડ, ૨. વિલાસબેન ભરવાડ | તે તમામ ભાગ અને હિસ્સાઓ ગામ અધિકૃત મિલકત નં.૨૨૧, ક્ષેત્રફળ ૮૦૦ ચો.ફૂટ સ્થિત અત્રે ભરવાડ ઝોક, અદ્રુજ, તા. તારાપુર, જિ. આણંદ, ગુજરાત-૩૮૮૬૨૦ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : રોડ, પશ્ચિમ : હરીજનવાસ, ઉત્તર : લઘરાભાઈ રાણાભાઈનું ઘર, દક્ષિણ : લખનભાઈ રાણાભાઈનું ઘર** | ૨૭.૦૧.૨૦૨૪ | રૂ. ૪,૦૬,૩૪૭.૩૦/- | 26.04.2024 પ્રતિકાત્મક કબજો |
| 51550248 | ૧. ઝાલા ભરતસિંહ ભીમજીભા, ૨. ઝાલા પવનબા ભરતસિંહ | સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જે ગામતળ મિલકત (ઘર) નં.૧૭૪ જેનું વિસ્તાર ક્ષેત્રફળ લગભગ ૨૫X૬૦ એટલે કે લગભગ ક્ષેત્રફળ લગભગ ૧૫૦૦ ચો.ફૂટ બંધાયેલ, સ્થિત જમીન, મોજે/ગામ અંબાલા, તા. દસાડા, જિ. સુરેન્દ્રનગર, ગુજરાત-૩૮૨૭૫૦ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ખોડાભાઈનું ઘર, પશ્ચિમ : રાણાભાઈનું ઘર, ઉત્તર : પબ્લિક રોડ, દક્ષિણ : કાલુભાઈનું ઘર** | ૨૬.૦૮.૨૦૨૩ | રૂ. ૫,૧૧,૫૦૯.૨૪/- | 28.04.2024 પ્રતિકાત્મક કબજો |

ખાસ કરીને દેણદાર અને સહદેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**

**તારીખ : ૨૫ અને ૨૬ અને ૨૮ -૦૪-૨૦૨૪**
**સ્થળ : ગુજરાત**

# મમતા બેનરજીએ બંગાળમાં ભાજપ વિરોધી મતોના વિભાજનની આશંકા વ્યક્ત કરી

## બેનરજીએ દાવો કર્યો કે, તેમણે કોંગ્રેસ નેતૃત્વને CPI-M સાથે કોઈપણ પ્રકારની સમજૂતી ન કરવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો

(એજન્સી) કોલકાતા, તા.૨૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રવિવારે રાજ્યમાં વિપક્ષોના વિરુદ્ધ મતોના વિભાજનથી ભાજપને ફાયદો થવાની આશંકા વ્યક્ત કરી હતી. તેણીએ કહ્યું કે, હંમેશા યાદ રાખો કે માત્ર તૃણમૂલ કોંગ્રેસ જ પશ્ચિમ બંગાળમાં ભાજપ સામે વાસ્તવિક લડાઈ લડી રહી છે. શું તમે ઈચ્છો છો કે હું સીપીઆઈ-એમ સામે આત્મસમર્પણ કરૂં ? પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસની અન્ય કોઈ પાર્ટી સાથે કોઈ સમજૂતી નથી. પરંતુ અન્ય જગ્યાએ અમે કોંગ્રેસને સમર્થન આપી રહ્યા છીએ. અમે ઈન્ડિયા બ્લોકની જીત સુનિશ્ચિત કરવા માટે મુખ્ય ભૂમિકા નિભાવી રહ્યા છીએ. તેથી પશ્ચિમ બંગાળમાં ભાજપ વિરોધી મતોનું વિભાજન અનિચ્છનીય છે. જો અહીં વિપક્ષના મતોના વિભાજનથી ભાજપને ફાયદો થાય છે તો તે પશ્ચિમ બંગાળ માટે આફત હશે, તેમણે રાજ્યના માલદામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે કહ્યું. બેનરજીએ દાવો કર્યો કે, તેમણે કોંગ્રેસ નેતૃત્વને CPI-M સાથે કોઈપણ પ્રકારની સમજૂતી ન કરવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે, હું કોંગ્રેસની તરફેણમાં બે બેઠકો છોડવા પણ તૈયાર હતી. પરંતુ કોંગ્રેસ નેતૃત્વએ મારી વાત સાંભળી નહીં.



મેં હંમેશા કોંગ્રેસને મદદ કરવાનો પ્રયાસ કર્યો છે, જો કે, રાજ્યની વિધાનસભામાં તેમનું કોઈ પ્રતિનિધિત્વ નથી. પરંતુ કોંગ્રેસના નેતૃત્વએ અહીં સીપીઆઈ-એમનો સાથ આપવાનું પસંદ કર્યું હતું. તેણીએ કહ્યું કે, તૃણમૂલ સાંસદો સંસદના ફ્લોર પર ભાજપ વિરુદ્ધ સૌથી વધુ અવાજ ઉઠાવતા હતા. બેનરજીએ એવો પણ દાવો કર્યો હતો કે, ભાજપનો ૪૦૦નો આંકડો પાર કરવાનો અંદાજ આ વખતે ક્યારેય સાકાર થશે નહીં. પહેલા તેમને ૨૦૦ પાર કરવાનો વિચાર કરવો જોઈએ.

# ભાજપ સરકારને તાલિબાન સાથે સરખાવનાર માયાવતીના ભત્રીજા વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો

## આકાશ આનંદે કહ્યું હતું કે ભાજપ યુવાનોને ભૂખે મારે છે અને વૃદ્ધોને ગુલામ બનાવે છે અને આવી સરકાર એક આતંકવાદી સરકાર છે, જેવી અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકાર છે

(એજન્સી) તા.૨૯

બહુજન સમાજવાદી પાર્ટીના વડા માયાવતીના ભત્રીજા આકાશ આનંદ અને અન્ય ચાર અન્ય લોકો વિરુદ્ધ રવિવારે ઉત્તરપ્રદેશના સીતાપુરમાં એક ચૂંટણી રેલી દરમિયાન કથિત રીતે વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. આકાશ આનંદે કહ્યું હતું કે ભાજપ યુવાનોને ભૂખે મારે છે અને વૃદ્ધોને ગુલામ બનાવે છે અને આવી સરકાર એક આતંકવાદી સરકાર છે, જેવી અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકાર છે અને આ દેશદ્રોહીઓની સરકાર છે. આકાશ આનંદે એ જ રેલીમાં કહ્યું કે, યુપીમાં બુલડોઝરની સરકાર છે. વડાપ્રધાન ભલે તેનો ઈન્કાર કરે છે પણ નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)નો રિપોર્ટ કહે છે કે રાજ્યમાં ૧૬,૦૦૦ અપહરણ થયા છે. એવી સરકાર માટે અમને શરમ આવે છે જે મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરી શકતી નથી અને બાળકોને ખોરાક આપી શકતી નથી.

આકાશ આનંદે કથિત રીતે બીજેપીને 'ચોરોની પાર્ટી' ગણાવી હતી, અને દાવો કર્યો હતો કે BSP પાર્ટીના કાર્યકરોના પૈસા પર ચાલે છે, પણ આ ભગવા પાર્ટીએ અમીરો પાસેથી ૧૬,૦૦૦ કરોડ રૂપિયા (ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા) લીધા હતા. BSPના રાષ્ટ્રીય સંયોજક આકાશ આનંદ, પાર્ટીના તેમના પક્ષના ઉમેદવાર મહેન્દ્ર યાદવ, શ્યામ અવસ્થી, અક્ષય કાલરા અને વિકાસ રાજવંશી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા (IPC) કલમ ૧૭૧૯,



૧૫૩b, ૧૮૮, ૫૦૨(૨) અને RP એક્ટની કલમ ૧૨૫ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

બીજેપીએ આકાશ આનંદ પર સીતાપુર રેલીમાં કરેલી ટિપ્પણી માટે આકરા પ્રહારો કર્યા છે, અને કહ્યું છે કે આ તેઓને મોંઘું પડશે. બીજેપીના પ્રવક્તા રાકેશ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે આકાશ આનંદ એ બસપામાં પરિવારવાદ અને ભત્રીજાવાદનો નવો કેસ છે. તેથી, તે જાણીજોઈને દરરોજ આવા નિવેદનો આપી રહ્યો છે જેથી તે મીડિયામાં હેડલાઈન બનાવી શકે. ચૂંટણી પંચ તેમજ લોકો તેના વિરોધમાં આ રાજ્યમાં તેઓને જવાબ આપશે. સીતાપુર લોકસભા સીટ પર ચોથા તબક્કામાં ૧૩ મેના રોજ મતદાન થવાનું છે.

# મણિપુરમાં રાજકીય ઉકેલ માટે કેન્દ્ર સરકારનું ધ્યાન દોરવા CRPF જવાનોની હત્યા કરવામાં આવી છે : અધિકારીઓ

## અધિકારીઓનું કહેવું છે કે, હુમલાખોરોએ સ્થાનિક પોલીસને નિશાન બનાવવાની ઈચ્છા હતી, કારણ કે, તેઓએ ધાર્યું હતું કે, તમામ CRPF કર્મચારીઓએ બિષ્ણુપુર જિલ્લાના નરસેનામાં કેમ્પ ખાલી કરી દીધો હતો; તેઓએ કહ્યું કે, ગુનેગારોની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે

(એજન્સી) તા.૨૯

મણિપુરમાં અજાણ્યા આતંકવાદીઓ દ્વારા સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના બે જવાનોની હત્યા કર્યાના એક દિવસ પછી એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, તેમનું લક્ષ્ય રાજ્ય પોલીસના મેઈતેઈ સભ્યો હોવાનું જણાય છે. કેમ્પમાં તૈનાત સીઆરપીએફ યુનિટ થોડા દિવસો પહેલા પાછું ખેંચી લેવામાં આવ્યું હતું અને એક પ્લાટૂન પાછી ત્યાં રહી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આતંકવાદીઓએ રાજ્ય પોલીસ દળો માટેના કેમ્પના કર્મચારીઓ સમજી લીધા હતા, જો રાજકીય ઉકેલ ન આવે તો આવા હુમલા અને હિંસા ચાલુ રહેવાની અપેક્ષા છે. બિષ્ણુપુર જિલ્લાના નરસેના ખાતેનો કેમ્પ મણિપુર પોલીસની ઈન્ડિયા રિઝર્વ બટાલિયન (IRB)નો છે.



મણિપુર સરકારના સુરક્ષા સલાહકાર કુલદીપસિંહે જણાવ્યું હતું કે, તપાસ ચાલુ છે અને પોલીસ ટૂંક સમયમાં ગુનેગારોને પકડી લેશે. ગયા વર્ષે હિંસા શરૂ થઈ ત્યારથી આ પ્રથમ ઘટના છે જ્યારે બંને સમુદાયો દ્વારા 'તટસ્થ' માનવામાં આવતા કેન્દ્રીય સુરક્ષા દળો પર આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. મણિપુરમાં ૩ મે, ૨૦૨૩થી હિંસામાં ૨૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. રાજ્યમાં આદિવાસી કુકી-ઝો અને બહુમતી મેઈતેઈ લોકો વચ્ચે વંશીય હિંસા ફાટી નીકળી હતી. રાજ્યના પહાડી અને ખીણ વિસ્તારોમાં જ્યાં કુકી-ઝો અને મેઈતેઈની વસ્તી આવેલી છે ત્યાં બફર ઝોન બનાવવામાં આવ્યા છે. લડતા સમુદાયોને એકબીજા પર હુમલો કરતા અટકાવવા માટે કેન્દ્રીય સુરક્ષા દળો અને સેના બફર ઝોનમાં તૈનાત છે. લોકસભા ચૂંટણીને કારણે એપ્રિલના પ્રથમ સપ્તાહમાં મણિપુરમાંથી લગભગ ૫૦૦૦ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF) અથવા અર્ધલશ્કરી દળોને પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. ચૂંટણીના પગલે કેન્દ્રીય દળોને મતદાન મથકો પર તૈનાત કરવા અને પેટ્રોલિંગ માટે પુનઃ સંગઠિત કરવામાં આવ્યા હતા. બફર ઝોનમાં નોંધપાત્ર હાજરી સાથે રાજ્યમાં સેના અને CAPFના લગભગ ૩૬,૦૦૦ જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા. અધિકારીએ કહ્યું કે, રાજ્યમાં ચૂંટણી પહેલા છેલ્લા એક મહિનામાં શ્રેણીબદ્ધ ઘટનાઓ નોંધાઈ છે. સૌથી તાજેતરની ઘટના ૨૪ એપ્રિલના રોજ હતી જ્યારે બીજા તબક્કાના મતદાનના બે દિવસ પહેલા કાંગપોકપીમાં એક પુલ પર વિસ્ફોટ થયો હતો. અમે સમજીએ છીએ કે મહત્ત્વપૂર્ણ સ્થાપનો પર હુમલો રાજકીય ઉકેલ શોધવા માટે કેન્દ્ર સરકારનું ધ્યાન દોરવા માટે કરવામાં આવ્યો હતો. કુકી-ઝો નાગરિક સમાજ જૂથો અને બળવાખોર જૂથો અથવા SoO (સસ્પેન્શન ઓફ ઓપરેશન્સ) જૂથો ૨૦૦૮થી કેન્દ્રીય ગૃહ મંત્રાલય સાથે શાંતિ વાટાઘાટો કરી રહ્યા છે તેઓએ વંશીય હિંસા પછી સમુદાય માટે અલગ વહીવટની માંગ કરી છે. ૧૬ એપ્રિલના રોજ ઈમ્ફાલમાં એક રાજકીય રેલીને સંબોધિત કરતી વખતે ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું હતું કે, મણિપુરને તોડવાની હિંમત કોઈ ક્યારેય નહીં કરે.

અન્ય એક સરકારી અધિકારીએ જણાવ્યું કે, શનિવારે સુરક્ષા દળોના કેમ્પ પર થયેલા હુમલામાં અત્યાધુનિક હથિયારોથી સજ્જ પાંચથી સાત આતંકવાદીઓ સામેલ હતા. તેઓએ વિચાર્યું હશે કે સીઆરપીએફના જવાનો પાછા હટી ગયા છે અને માત્ર સ્થાનિક પોલીસ જ ત્યાં છે. હુમલા સમયે તોફાન અને વરસાદને કારણે કેમ્પમાં વીજળી ન હતી. હુમલાખોરોએ પહેલા સંત્રી ચોકી પર ગોળીબાર કર્યો હતો, જેમાં કર્મચારીઓ ઘાયલ થયા હતા. અન્ય CRPF જવાનોએ જવાબી કાર્યવાહી કરી તેમને ભગાડવાનો પ્રયાસ કર્યો હતો. લગભગ ૪૦-૪૫ મિનિટ સુધી ગોળીબાર ચાલુ રહ્યો હતો.

# તિહાર જેલના અધિકારીઓએ સુનિતા-અરવિંદ કેજરીવાલની ૨૯ એપ્રિલે મુલાકાતની પરવાનગી રદ કરી : આપનો આરોપ

## સુનિતા કેજરીવાલે તેમના પતિ અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાતની પરવાનગી માંગી હતી જે તિહાર જેલના સત્તાવાળાઓએ નકારી કાઢી છે

(એજન્સી) તા.૨૯

તિહાર જેલના સત્તાવાળાઓએ સુનિતા કેજરીવાલને તેમના પતિ અને દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલને મળવાની પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો છે. આ મુલાકાત સોમવારે નક્કી કરવામાં આવી હતી.

AAPના સૂત્રોએ જણાવ્યું હતું કે સત્તાવાળાઓએ નવી દિલ્હીની તિહાર જેલમાં સુનિતા કેજરીવાલની મુલાકાતની પરવાનગી નકારવા માટે કોઈ કારણ દર્શાવ્યું નથી. દિલ્હી દારૂ નીતિ કેસમાં ધરપકડ થયા બાદ AAPના વડાને ત્યાં રાખવામા આવ્યા છે. જો કે, દિલ્હીના મંત્રી આતિશી આવતીકાલે બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ અરવિંદ કેજરીવાલને મળવાના છે. AAPના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બંને પરવાનગી એકસાથે આપવામાં આવી હતી, પરંતુ તેમણે સુનિતા કેજરીવાલને પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો હતો. મંગળવારે પંજાબના મુખ્યમંત્રી ભાગવત માન પણ અરવિંદ કેજરીવાલને મળવાના છે. તિહાર જેલના સૂત્રોએ જણાવ્યું હતું કે આ સળંગ મુલાકાતોને કારણે સુનિતા કેજરીવાલની પરવાનગી નકારી કાઢવામાં આવી હતી, અને આ બેઠકો પછી તેમને તેમના પતિને મળવા દેવામાં આવશે. જેલ મેન્યુઅલ મુજબ, એક સમયે બે લોકો અને અઠવાડિયામાં વધુમાં વધુ ચાર કેદીને મળી શકે છે.

દિલ્હીના મુખ્ય પ્રધાનની દિલ્હી દારૂ નીતિ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૨૧ માર્ચે દિલ્હીમાં તેમના સત્તાવાર



નિવાસસ્થાનેથી ધરપકડ કરવામાં આવી હતી. કેન્દ્રીય તપાસ એજન્સીએ આરોપ મૂક્યો છે કે તેઓ આ કૌભાંડ પાછળ "મુખ્ય" હતા અને દારૂના ધંધાર્થીઓ પાસેથી લાંચની માંગણીમાં સામેલ હતા. AAPએ આ આરોપોને ફગાવી દીધા છે, અને કહ્યું છે કે નેતૃત્વમાં કોઈ ફેરફાર થશે નહીં, અને કેજરીવાલ જેલમાં હોવા છતાં મુખ્ય પ્રધાન રહેશે. સુપ્રીમ કોર્ટ સોમવારે દિલ્હીના મુખ્યમંત્રીની અરજી પર સુનાવણી કરશે, જેમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની ધરપકડને પડકારવામાં આવશે. કેજરીવાલે અગાઉ સર્વોચ્ચ અદાલતને કહ્યું હતું કે આ કેસમાં તેમની ધરપકડ ગેરકાયદેસર છે અને મુક્ત અને ન્યાયી ચૂંટણી અને સંઘવાદ પર આધારિત લોકશાહીના સિદ્ધાંતો પર અભૂતપૂર્વ હુમલો છે.

# ઉત્તરાખંડ : ૨૪ કલાકમાં જંગલોમાં આગના ૮ વધુ બનાવો IAF બીજા દિવસે પણ આગ બુઝાવવામાં મદદ કરી રહ્યું છે

## ૧ નવેમ્બર, ૨૦૨૩થી, ઉત્તરાખંડમાં અત્યાર સુધીમાં ૯૦૬ જેટલી જંગલોની આગની ઘટનાઓ નોંધાઈ છે જેમાં ૭૩૫.૮૧૫ હેક્ટર જંગલની જમીન બળીને ખાખ થઈ ગઈ છે

(એજન્સી) દેહરાદૂન, તા.૨૯

ઉત્તરાખંડના જંગલોમાં ભારતીય વાયુસેના (IAF) હેલિકોપ્ટરની મદદથી આગ બુઝાવવાની કામગીરી રવિવારે બીજા દિવસે પણ ચાલુ રહી હતી અને ઘણા વિસ્તારોમાં આગને કાબૂમાં લેવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, શુક્રવાર સાંજથી શનિવાર સાંજ સુધીમાં ૩૪.૧૭૫ હેક્ટરને નુકસાન થયું છે અને આગના ૨૩ બનાવો બન્યા છે અને રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં જંગલોમાં આગની અન્ય ૮ ઘટના નોંધાઈ છે, જેમાં ૧૧.૭૫ હેક્ટર જમીનને નુકસાન થયું છે.

વન વિભાગે તેના દૈનિક બુલેટિનમાં જણાવ્યું છે કે, જંગલની આગ નૈનીતાલની હાઈકોર્ટ કોલોની સુધી પહોંચી ગઈ છે.૧ નવેમ્બર, ૨૦૨૩થી, ઉત્તરાખંડમાં અત્યાર સુધીમાં આગની ૯૦૬ ઘટનાઓ અહીની જંગલોમાં નોંધાઈ છે જેમાં ૭૩૫.૮૧૫ હેક્ટર જંગલની જમીન બળીને ખાખ થઈ ગઈ છે. કુમાઉના મુખ્ય વન સંરક્ષક પ્રસન્ન કુમાર પાત્રોએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં જંગલોમાં કોઈ મોટી આગ લાગી નથી. કુમાઉ પ્રદેશમાં, નૈનીતાલ જિલ્લામાં બેથી ત્રણ સ્થળોએ અને ચંપાવત, અલ્મોડા, પિથોરાગઢ અને બાગેશ્વરમાં એક-એક જગ્યાએ આગ લાગી છે.

નૈનીતાલ-ભોવાલી રોડ પર લાડિયાકાટા અને પાઈન્સ વિસ્તારના જંગલોમાં લાગેલી આગ શનિવારે તૈનાત કરાયેલા આઈએએફ હેલિકોપ્ટરની મદદથી ઓલવી નાખવામાં આવી છે. શુક્રવારે નૈનિતાલમાં જંગલમાં લાગેલી આગ હાઈકોર્ટ કોલોની અને એરફોર્સ બેઝની નજીક પહોંચી ગયા બાદ આગને કાબૂમાં લેવા માટે IAF હેલિકોપ્ટર લાવવામાં આવ્યું હતું. શનિવારે સવારે IAF હેલિકોપ્ટરના તૈનાત બાદ નૈનીતાલ અને આસપાસના વિસ્તારોમાં જંગલમાં લાગેલી આગને ધીમે ધીમે કાબૂમાં લાવવામાં આવી રહી છે. મુખ્યપ્રધાન પુષ્કરસિંહ ધામીએ શનિવારે રાત્રે કુમાઉ પ્રદેશની સ્થિતિની સમીક્ષા કરી હતી.

પેટ્રોએ કહ્યું કે અન્ય સ્થળોએ આગ ઓલવવાના પ્રયાસો ચાલુ છે અને ટૂંક સમયમાં તેને કાબૂમાં લાવવામાં આવશે. નેપાળની સરહદે ઉત્તરાખંડના ચંપાવત અને નૈનીતાલ જિલ્લાના નીચલા વિસ્તારોમાં ગરમીના મોજાને કારણે કુમાઉમાં જંગલમાં આગની ઘટનાઓમાં તાજેતરના વધારાને કારણે શુષ્કતા વધી છે. નૈનીતાલ, હલ્દવાની અને રામનગર ફોરેસ્ટ ડિવિઝનના સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં લાગેલી જંગલની આગને ઓલવવા અને નવી આગ ન લાગે તે રોકવા માટેના પ્રયાસો ઝડપી કરવામાં આવ્યા હતા.

નરેન્દ્રનગર ફોરેસ્ટ ડિવિઝનના માણિકનાથ રેન્જમાં મરોરા અને ખનાના સિવિલ વિસ્તારો સહિત ઘણા વિસ્તારોમાં આગ ઓલવાઈ ગઈ છે. કુમાઉના કમિશનર દીપક રાવતે જણાવ્યું હતું કે, IAF હેલિકોપ્ટર અને આર્મીના જવાનો ઉપરાંત, પ્રાંતીય રક્ષક દળના સ્વયંસેવકો અને હોમગાર્ડના જવાનો પણ આગ બુઝાવવાની કામગીરીમાં મદદ કરવા



માટે જોડાયા છે. વધારાના સરકારી વાહનો, ત્રણ વન વિભાગો માટે બે-બે, અગ્નિશામક ટીમોને અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચાડવા માટે પ્રદાન કરવામાં આવ્યા છે.

ગઢવાલના ડીએફઓ અનિરુદ્ધ સ્વપ્નીલે જણાવ્યું હતું કે, વન વિભાગના કર્મચારીઓ જંગલમાં આગ વિશે જાગૃતિ લાવવા માટે ગામડે ગામડે જઈને પહાડીઓમાં જઈ રહ્યા છે. સંદેશા ફેલાવવા માટે લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. લોકોને જંગલમાં લાગેલી કોઈપણ આગની તાત્કાલિક જાણ કરવા અધિકારીઓને કહેવામાં આવે છે અને ખુલ્લામાં કચરો ન બાળવા અથવા બેદરકારીપૂર્વક સળગતી સિગારેટના બટ્ટાઓ અથવા બીડીઓ જંગલ વિસ્તારોમાં નહીં ફેંકવા કહેવામાં આવી રહ્યું છે.

જો જંગલોમાં આગ લગાડતા કોઈને પકડે તો લોકોને અધિકારીઓને જાણ કરવા પણ કહેવામાં આવ્યું છે, આવા ઉલ્લંઘનની જાણ કરનાર કોઈપણ વ્યક્તિને વન વિભાગ દ્વારા પુરસ્કાર આપવામાં આવશે. જંગલમાં આગ લગાડતા કોઈપણ વ્યક્તિ સામે ફોરેસ્ટ એક્ટ ૧૯૨૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ઉત્તરાખંડની પહાડીઓમાં ઢોર માટે તાજું ઘાસ મેળવવા માટે જંગલોને બાળી નાખવાની પ્રથા વ્યાપકપણે પ્રચલિત છે. જ્યાં સુધી આગની સ્થિતિ સંપૂર્ણ કાબૂમાં ન આવે ત્યાં સુધી વન વિભાગના અધિકારીઓની રજાઓ રદ કરવામાં આવી છે. ધામીએ જણાવ્યું હતું કે વન વિભાગના કર્મચારીઓની રજા માટેની અરજીઓ માત્ર તબીબી કટોકટીના કિસ્સામાં જ ધ્યાનમાં લેવામાં આવશે.

ભારતીય વાયુસેના અનુસાર, આગને કાબૂમાં લેવા માટે નૈનીતાલ અને આસપાસના વિસ્તારોમાં Mi-17 V5 હેલિકોપ્ટરને તૈનાત કરવામાં આવ્યા છે. તે ભીમતાલ તળાવમાંથી બાંબી ડોલમાં પાણી એકત્ર કરે છે, જેની ક્ષમતા ૫,૦૦૦ લિટર છે અને તે સળગતા જંગલો પર છંટકાવ કરે છે.

# યુપી : બલિયાના સમાજવાદી પાર્ટીના ઉમેદવાર વિરૂદ્ધ નફરત ફેલાવવા બદલ કેસ દાખલ કરવામાં આવ્યો

(એજન્સી) લખનૌ, તા.૨૯

પોલીસે બલિયા લોકસભા મતવિસ્તારમાંથી સમાજવાદી પાર્ટી (SP)ના ઉમેદવાર સનાતન પાંડે વિરૂદ્ધ કથિત રીતે દુશ્મનાવટ ફેલાવવા અને જિલ્લા ચૂંટણી અધિકારીને ધમકી આપવા બદલ કેસ નોંધ્યો છે. ૨૮ એપ્રિલ રવિવારના રોજ અધિકારીઓએ આ માહિતી આપી હતી. જિલ્લા અધિકારીઓએ જણાવ્યું કે, શનિવારે પત્રકારોને આપેલા નિવેદન બદલ પાંડે વિરૂદ્ધ FIR નોંધવામાં આવી છે. FIR પર પ્રતિક્રિયા આપતા સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે પૂછ્યું કે, શું ચૂંટણી પંચ મોટા મંચ પરથી બંધારણ, ગંગા-યમુના શિસ્ત અને ભાઈચારા પર ટિપ્પણી કરનારાઓ સામે પગલાં લેશે, પત્રકારો સાથે વાત કરતી વખતે પાંડેને એમ કહેતા સાંભળી શકાય છે કે છેલ્લી વખત તેઓ ચૂંટણી જીતી રહ્યા હતા, પરંતુ વહીવટી તંત્રે તેમની જીત છીનવી લીધી. તેમણે પત્રકારોને કહ્યું, મેં છેલ્લી વખતે મારી હાર સ્વીકારી હતી કારણ કે હું ચૂંટણી પંચને પડકારવા માંગતો ન હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે, છેલ્લી ચૂંટણીઓ દરમિયાન મત ગણતરી કેન્દ્રની બહાર મારા પર હુમલો કરવામાં આવ્યો હતો અને સરકાર પક્ષના લોકોએ મારા વાહનને નુકસાન પહોંચાડ્યું હતું. પાંડેએ એમ પણ કહ્યું કે તે આ વખતે આવું કંઈ થવા દેશે નહીં. તેમણે વધુમાં કહ્યું કે, મેં આ વખતે શપથ લીધા છે. જો બલિયાના લોકો મને હરાવવા માગે છે, તો હું તે સ્વીકારીશ. પરંતુ જો બલિયાના લોકો મને વિજયી બનાવવા માગે છે, તો સ્થાનિક પ્રશાસન અથવા ભાજપ મને વિજયી થતાં રોકી શકશે નહીં. પોલીસ અધિક્ષક દેવ રંજન વર્માએ જણાવ્યું કે, બલિયા શહેરમાં સબ-ઈન્સ્પેક્ટર માખણ સિંહની ફરિયાદ પર કલમ ૧૭૧ ફ (ચૂંટણીમાં અયોગ્ય પ્રભાવ પાડવો), ૧૮૯ (જાહેર સેવકને ધમકાવવો), ૧૮૬ (લોકસેવકના કામમાં અવરોધ ઉભો કરવો) પાંડે વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૫(૨) (વિવિધ જૂથો વચ્ચે દ્વેષ અને દુષ્ટતા ફેલાવવી) અને લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ FIR નોંધવામાં આવી છે. તેમણે કહ્યું કે, શનિવારના રોજ વર્તમાન સરકારના કાર્યકાળ અને કામો પર ટિપ્પણી કરતી વખતે, પાંડે પર સમાજના વિવિધ વર્ગો વચ્ચે દુશ્મનાવટ, દ્વેષ અને દ્વેષ ફેલાવવાનો અને જિલ્લા ચૂંટણી અધિકારીને ધમકી આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. જ્યારે FIR વિશે પૂછવામાં આવ્યું ત્યારે સમાજવાદી પાર્ટીના વડા યાદવે કહ્યું કે, પાંડેની ટિપ્પણીના આધારે તેમની સામે કેસ નોંધવો સ્વાભાવિક છે. તેમણે મુરાદાબાદમાં કહ્યું હતું કે, પાંડે તેમની લાગણીઓ અન્ય રીતે વ્યક્ત કરી શકે છે. યાદવે કહ્યું, અમે છેલ્લી ચૂંટણીઓમાં જોયું કે સહારનપુર, બિજનૌર અને રામપુરમાં વહીવટીતંત્રે પોલીસ તૈનાત કરીને મતો છીનવી લીધા. જો તેમણે (પાંડે) આવું કહ્યું હોય, તો તેમને થોડી શંકા હોવી જોઈએ કારણ કે છેલ્લી વખત (૨૦૧૯ની લોકસભા ચૂંટણી) તેઓ ખૂબ જ ઓછા માર્જિનથી હારી ગયા હતા. પાંડેએ ૨૦૧૯માં સમાજવાદી પાર્ટીની ટિકિટ પર લોકસભાની ચૂંટણી લડી હતી, જેમાં તેઓ ભાજપના વીરેન્દ્ર સિંહ મસ્ત સામે ૧૬,૦૦૦ મતોથી હારી ગયા હતા. આ વખતે તેમનો મુકાબલો ભાજપના બલિયાના પૂર્વ સાંસદ નીરજ શેખર સામે છે. બલિયામાં ૧લી જૂને છેલ્લા તબક્કાનું મતદાન થશે.

# સુરત રેલવે સ્ટેશન પર વંદે ભારત ટ્રેનના દરવાજા લોક થતાં મુસાફરોના જીવ ટાળવે ચોંટ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૯

કેન્દ્ર સરકાર દ્વારા મોટા શહેરોને જોડતી વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી છે. સુવિધાથી સભર ગણાતી આ ટ્રેનમાં અગાઉ પથ્થરમારા સહિતના પ્રશ્નો સર્જાતા હતા. ત્યારે આજે સુરત રેલવે સ્ટેશન પર વિચિત્ર ટેક્નિકલ સમસ્યા સર્જાઈ હતી. અમદાવાદથી મુંબઈ જતી વંદે ભારત ટ્રેનના દરવાજા જ ના ખુલતા પેસેન્જર્સ પરેશાન થઈ ઊઠ્યા હતા. કલાકથી વધુ સમય સુધી ટ્રેન અટવાઈ હતી, જેથી પેસેન્જર્સ પરેશાન થયા હતા. લાઈટ-એસી બંધ કરવા છતાં પ્રશ્ન ઉકેલાયો નહોતો.

સુરત ખાતે સવારે ૮:૨૦ વાગ્યે વંદે ભારત ટ્રેન પહોંચે છે. પરંતુ ટેક્નિકલ કારણોસર ટ્રેનના દરવાજા ન ખુલતા મુસાફરો સ્ટેશન પર ઉતરવા માટે પરેશાન બન્યા હતા. ટ્રેનમાં લાઈટ, એસી બંધ કરવા છતાં પણ દરવાજા ખુલ્યા નહોતા. મેન્યુઅલી દરવાજા ખોલવા માટે રેલવે સ્ટાફ મજબૂર બન્યો હતો. ટ્રેનના સી-૧૪ કોચનો દરવાજો મેન્યુઅલી ખોલવામાં આવ્યો હતો. વંદે ભારત ટ્રેનમાં સુરત રેલવે સ્ટેશન પર ઉતરનારા તમામ મુસાફર સી-૧૪ કોચના દરવાજામાંથી બહાર નીકળ્યા હતા. શરૂઆતમાં કોચમાં બેઠેલા મુસાફરો કંઈ સમજી શક્યા નહોતા. ત્યારબાદ રેલવે સ્ટાફ વંદે ભારત ટ્રેન પાસે પહોંચી ગયો હતો. વંદે ભારત ટ્રેનના ટેક્નિકલ કારણોસર દરવાજા ખુલ્યા નહોતા. આથી રેલવે વિભાગના એન્જિનિયર્સની ટીમ તાત્કાલિક દોડી આવી હતી. તેમના દ્વારા ભારે જહેમત ઉઠાવ્યા બાદ ટ્રેનના દરવાજા મેન્યુઅલી ખોલવામાં સફળતા મળી હતી. જેથી પેસેન્જર્સે હાશકારો મેળવ્યો હતો. જો કે, પરેશાન થયેલા પેસેન્જર્સે સમગ્ર ઘટનાનો વીડિયો મોબાઈલમાં કેદ કરી લીધો હતો, જેથી હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

**CHANGE OF NAME**

I have Changed My Old Name **PATEL NILOFERBANU AHMEDBHAI** To Change & New Name **Ghodiwala Nilofarbanu Mubarakhusen** & I Will Be Known As New Name Which Please Note.
**Address Moti khadki At. Tankaria, Ta. & Dist. Bharuch.**

**CHANGE OF NAME**

I have Changed My Old Name **LOTIYA SAMIMBANU HARUN RASID** To Change & New Name **Samimbanu Harunrashid Lotiya** & I Will Be Known As New Name Which Please Note.
**Address, Moti street, At. Tankariya, Ta & Dist. Bharuch**

## સુરત શહેર તથા રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં ફોર વ્હીલર કારના કાચને તોડી ચોરી કરતી આંતરરાજ્ય આંધ્રપ્રદેશની નેલ્લોર ગેંગનો મુખ્ય સાગરિત ઝડપાયો

### આરોપી ૬૩ ગુનામાં વોન્ટેડ હતો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૯

સુરત શહેર વિસ્તાર તેમજ ગુજરાત રાજ્યના અલગ-અલગ શહેર વિસ્તારમાં ફોર વ્હીલર કારના કાચને ગિલોલ વડે તોડી, એક્ટિવાની ડીક્કી તોડી, રોકડા રૂપિયા તેમજ બેગ ચોરી કરતી આંતરરાજ્ય આંધ્રપ્રદેશની નેલ્લોર ગેંગના ૬૩ ગુનામાં વોન્ટેડ મુખ્ય સાગરિતને ક્રાઈમ બ્રાન્ચે નેલ્લોર ખાતેથી પકડી પાડ્યો હતો.

સુરત શહેર વિસ્તાર તેમજ ગુજરાત રાજ્યના અલગ-અલગ શહેર વિસ્તારમાં ફોર વ્હીલર કારના કાચને ગિલોલ વડે તોડી, એક્ટિવાની ડીક્કી તોડી રોકડા રૂપિયા તેમજ બેગ ચોરી કરતી આંતરરાજ્ય આંધ્રપ્રદેશની નેલ્લોર ગેંગનો મુખ્ય સાગરિત આંધ્રપ્રદેશ ખાતે હોવાની બાતમી સુરત ક્રાઈમ બ્રાન્ચને મળી હતી, જેથી ક્રાઈમ બ્રાંચની એક ટીમ આંધ્રપ્રદેશ ખાતે પહોંચી ગઇ હતી. ત્યારબાદ ક્રાઈમ બ્રાંચે હકીકત આધારે આંધ્રપ્રદેશના નેલ્લોર નવાપેટ ખાતે જાહેરમાંથી રોસૈયા બાબુ ઉર્ફે હનુમૈયા વસંતમ ગોડેટી (ઉં.વ.૬૦, રહે. ઈન્દિરા ગાંધી કોલોની કપરલતીપ્પા તીપ્પા પોલીસ સ્ટેશન પાસે જિ. નેલ્લોર આંધ્રપ્રદેશ) પકડી પાડવામાં આવ્યો હતો. આરોપીને સુરત લાવી પૂછપરછ કરતા અગાઉ ફેબ્રુઆરી ૨૦૨૨માં સુરત ક્રાઈમ બ્રાન્ચ ખાતે પકડાયેલ આરોપી તેના સાગરિતો પ્રકાશ નારાયણ મેકાલા (ગામ- લીંગમપલ્લી કોતવાળા તેલંગાણા), (રાજેશ પ્રભુ મેકાલા (મુદીરાજ) (રહે. શંકરપલ્લી ગાંધીનગર આવાસ તેલંગાણા), દાવીદ ઉર્ફે પોલ યાદાગીરી અંજૈયા બોનલા (મુદ્રાજ) (રહે. ચીકડપેલ્લી તેલંગાણા), રમેશ ઉર્ફે અપ્પુ રવિ થાલ્લા (રહે. શંકરપલ્લી તેલંગાણા), રાજુ માસૈયા નારબોયના (રહે. ગામ કપરાલા નેલ્લુર આંધ્રપ્રદેશ) અને અપ્પારાવ વસંતરાવ ગુડેટી (રહે. કપરાલા નેલ્લોર આંધ્રપ્રદેશ) સાથે ગુજરાતમાં આવી સુરત શહેર, સુરત ગ્રામ્ય, વડોદરા, વલસાડ, નવસારી, નર્મદા જિલ્લામાં ચોરી કરી હતી. અગાઉ સુરત શહેરમાં ક્રાઈમ બ્રાંચ દ્વારા નેલ્લોર ગેંગના ઉપર મુજબના નં.૧થી ૬ આરોપીઓને ફોર વ્હીલર કારના કાચ તોડી તેમજ એક્ટિવાની ડીક્કી તોડી રોકડા રૂપિયા તેમજ લેપટોપ બેગની ચોરીના રોકડા રૂા.૩,૩૦,૦૦૦/- તેમજ ત્રણ ટુ વ્હીલર બાઈક, બે ગીલોલ, પેચીયુ તેમજ ૭ મોબાઈલ સાથે ઝડપી પાડવામાં આવી હતી જેમાં મુખ્ય આરોપી રોસૈયા બાબુ ઉર્ફે હનુમૈયા વસંતમ ગોડેટી ૬૩ ગુનામાં પકડવાનો બાકી હતો.

## સુરત : સમાજના મોભીને સોશિયલ મીડિયામાં બદનામ કરતા લાગી આવતાં આપઘાત કર્યો

### પિતરાઈ ભાઈ સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૯

અમરોલી વિસ્તારમાં રહેતા અને સમાજમાં મોભી તરીકે સ્થાન ધરાવતા વૃદ્ધને તેના જ પિતરાઈ કૌટુંબિક વ્યક્તિએ સોશિયલ મીડિયા મારફતે બદનામ કર્યા હતા. જેથી આખરે મોભીને આ વાતનું ખોટું લાગી આવતા તેઓએ ઘરમાં એસિડ ગટગટાવી આપઘાત કરી લીધો હતો. સમગ્ર મામલે બાદમાં મોભીના દીકરાને પિતરાઈ ભાઈની કરતૂત માલૂમ પડતા તેઓએ આ મામલે અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. અમરોલી પોલીસે પિતરાઈ ભાઈ સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમરોલી વિસ્તારમાં રહેતા બાબુલાલ પ્રભુદાસ તેઓના સમાજમાં મોભી તરીકેનું સ્થાન ધરાવતા હતા. આ ઉપરાંત ઘરમાં પણ તેઓ સૌથી વડીલ હતા. જેથી સૌ કોઈ તેમના કહેવા પ્રમાણે જ ચાલતા હતા. આ દરમિયાન ભાવનગરમાં વસવાટ કરતા તેઓના પિતરાઈ ભત્રીજા દિપક રમણીકભાઈ સચાણિયાએ બાબુલાલને સોશિયલ મીડિયા મારફતે બદનામ કર્યા હતા. દિપકે સોશિયલ મીડિયા ફેસબૂક અને વ્હોટ્સએપમાં એક વીડિયો વાયરલ કર્યો હતો જેમાં તેઓએ પિતરાઈ કાકા બાબુલાલ પર આક્ષેપ લગાવ્યો હતો કે, તેઓએ કોઈ સ્ત્રીને ચિઠ્ઠી આપી છે. આ વીડિયો વાયરલ થતાં સુરતમાં રહેતા બાબુલાલના દીકરા નરેશચંદ્રને આ વાતની જાણ થઈ હતી. જેથી તેઓએ પિતા બાબુલાલને આ મામલે પૂછતા તેઓએ આવું કશું ન હોવાનું જણાવી નર્વસ થઈ ગયા હતા. આ દરમિયાન ગત તા.૨૮/૪/૨૦૨૪ના રોજ સાંજે ૭:૩૦ વાગ્યાથી આઠ વાગ્યાના સમયગાળા દરમિયાન બાબુલાલ ઘરમાં એકલા હતા ત્યારે આ બનાવને કારણે નાસીપાસ થઈને ઘરમાં એસિડ પી લેતા તેઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ફરજ પરના તબીબોએ તેઓને મૃત જાહેર કર્યા હતા. જેથી આખરે બાબુલાલના દીકરા નરેશચંદ્રે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા આખરે અમરોલી પોલીસે દીપક સચાણિયા સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઓડિશાના ગુમ થયેલ યુવકને વાલી સાથે મિલન કરાવતી ભીલડી રેલવે પોલીસ

ડીસા, તા.૨૯

ભીલડી રેલવે સ્ટેશન વિસ્તારમાં રાધનપુર રેલવે પોલીસ સ્ટેશનના પીએસઆઇ એ.ડી. કટારાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ મહિલાઓ તથા બાળકો વિરોધના ગુનાઓ શોધી કાઢવા અને બનતા ગુનાઓ અટકાવવા માટે રેલ્વે સ્ટેશન પર ફરજ પર હતી. તે સમય દરમિયાન ભીલડી રેલવે સ્ટેશન ઉપર એક અજાણી વ્યક્તિ ગભરાયેલ હાલતમાં મળી આવેલ. જેથી પોલીસના માણસો દ્વારા પુછપરછ કરતાં વ્યક્તિ નામે નબાકીશોર જુબરાજ શાહુ (ઉં.વ.૨૫) ધંધો મજુરી રહે- ગામ ઉમેર પોસ્ટ રનમણ તા. જયપટના જી-કાલાહોડી- ઓડીશા) હોવાનું જણાવેલ. જે ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલ હતો ત્યારે પોલીસે ભીલડી રેલવે આઉટ પોસ્ટ ખાતે લાવી તેની વધુ પૂછપરછ કરી તેના વાલી વારસોની શોધખોળ કરતાં તેના સગા મામા સાથે જવા માગતો હતો. જેથી તેમના મામા ઓમ પ્રકાશ સહદેવ શાહુ (રહે. ધાનેર પોસ્ટ ચરબહાલ તા.કોક્સરા જિલ્લો કાલાહાંડી ઓડીશા)ને જાણ કરતા તેઓ ભીલડી રેલવે પોલીસ સ્ટેશનમાં ભાણેજને લેવા આવતા આધાર પુરાવા રજૂ કરતાં મળી આવેલ યુવક નબાકિશોર જુબરાજ શાહુને રાધનપુર પોલીસે તેના મામાને પરત સોંપવામાં આવ્યો હતો.

## સુરતમાં નોકરી પરથી ઘરે આવ્યા બાદ યુવતીએ આત્મહત્યા કરતા પરિવારજનો આઘાતમાં

### યુવતીની ૯મીએ સગાઈ હતી, બાદમાં લવમેરેજ થવાના હતા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૯

પ્રાપ્ત માહિતી અનુસાર સુરત જિલ્લાના ઓલપાડ તાલુકા સ્થિત જોધણગામમાં આવેલા પેટ્રોલ પંપ પર ૧૮વર્ષીય મીનાક્ષીબેન સુરેશભાઈ રાઠોડ નોકરી કરતી હતી. યુવતી નોકરી પરથી ઘરે આવીને ગળાફાંસો ખોધો હતો. બનાવની જાણ પરિવારજનોને થતા યુવતીને તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, પરંતુ ફરજ પર હાજર તબીબોએ યુવતીને મૃત જાહેર કરી હતી. પોલીસ દ્વારા યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સુરતની સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. યુવતીના આત્મહત્યાનું કારણ હાલ સામે આવ્યું નથી, પરંતુ યુવતીના મોતને લઈને પરીવાર શોકમાં ગરકાવ થઇ ગયો હતો. હાલ આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મરનાર યુવતી સંબંધી ધર્મેશ જણાવ્યું હતું કે, મીનાક્ષી બેન નોકરી પરથી ઘરે આવ્યા હતા, ત્યારે ઘરે ભાભી એમના ભાઈના છોકરાને ઘરે મુકવા ગયા હતા. જોકે તેઓ છોકરાને મૂકીને પાછા ઘરે પરત આવ્યા ત્યારે બહેને ગળાફાંસો ખાઈ લીધો હતો. જે બાદ મારી ગાડીમાં હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ડોક્ટરે બહેનને મૃત જાહેર કરી હતી. મીનાક્ષી બહેનની આગામી ૯ તારીખે જ સગાઈ નક્કી કરવામાં હતી અને થોડા દિવસોમાં સારૂં મુહૂર્ત જોવડાવી લગ્ન થવાના હતા પરંતુ તે પહેલા જ તેણે આ પગલું ભરી લીધું હતું.

**standard chartered** **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**

**કબજાની સૂચના (સ્થાવર મિલકતો માટે)**

જ્યારે નીચે સહી કરનાર સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના અધિકૃત અધિકારી છે. નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઈઝેશન અને પુનઃનિર્માણ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના અમલના નિયમ ૮(૧)ના અનુપાલનમાં અને કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ ૩ સાથે વાંચો ૨૦૦૨, દરેક ખાતા સામે ઉલ્લેખિત તારીખે ડિમાન્ડ નોટિસ જારી કરીને સંબંધિત દેણદર/રોને સૂચના/ઓ)/ઉક્ત સૂચના/ઓ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર દરેક ખાતા સામે ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા હાકલ કરી હતી.
દેણદાર/રો રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોય, આથી દેણદારો અને સામાન્ય રીતે લોકોને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકત/નો કબજો મેળવ્યો છે. દરેક ખાતા સામે ઉલ્લેખિત તારીખો પર ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે આ અધિનિયમ વાંચો.
ખાસ કરીને દેણદાર/રો અને સામાન્ય રીતે જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત/સંપત્તિઓ સાથે વ્યવહાર ન કરે અને મિલકત/ના સાથે કોઈપણ વ્યવહાર સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના ચાર્જને આધિન રહેશે., તેના પરની રકમ અને વ્યાજ માટે લોન કરાર. દેણદારોનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે.

| ક્રમ નં. | લોન એગ્રીમેન્ટ નંબર | દેણદારો/સહ-દેણદારોના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ | બાકી રકમ | પ્રતિકાત્મક કબજાની મેળવેલ તારીખ | સ્થાવર મિલકતોનું વર્ણન |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૫૩૬૫૮૪૧૮ | શર્ણ્યા ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ<br>૨. સંકેત જીતેન્દ્ર શાહ<br>૩. મિત્તલ નરેશભાઈ શાહ<br>૪. સમીર અરૂણ વિરાણી<br>૫. સમીરકુમાર નરેશભાઈ શાહ | ૧૫.૧૨.૨૦૨૩ | રૂા.૧૪,૩૭,૯૨,૨૧૦.૬૩/- (ફક્ત રૂા. ચૌદ કરોડ સાડત્રીસ લાખ બાણું હજાર બસ્સો દસ અને ત્રેસઠ પૈસા માત્ર) બાકી મૂળ રકમ એરિયર્સ (૧૧.૧૨.૨૦૨૩ સુધીના વ્યાજ અને લેટ ચાર્જીસનો સમાવેશ) | ૨૪ એપ્રિલ ૨૦૨૪ | ૧. ઓફિસ નં. ૬૦૧, છઠ્ઠો માળ, એવન્યુ મીઠાખળી છ રસ્તા અમદાવાદ, ક્ષેત્રફળ ૪૦.૬૫ ચો.મી. છઠ્ઠો માળ સ્કીમ નામે સિક્સ એવન્યુ તરીકે બંધાયેલ ટીપી સ્કીમ નં.૩, એફપી નં.૪૪૩/૩+૪૪૩/૪, સીએસ નં.૩૯૧૨ અને ૩૯૧૩ મોજે ચંગીસપુર, સબ જિ. અમદાવાદ-૩ (મેમનગર) અને રજિ. જિ. અમદાવાદ.<br>૨. ઓફિસ નં. ૬૦૨, છઠ્ઠો માળ, એવન્યુ મીઠાખળી છ રસ્તા અમદાવાદ, ક્ષેત્રફળ ૩૯.૪૯ ચો.મી. છઠ્ઠો માળ સ્કીમ નામે સિક્સ એવન્યુ તરીકે બંધાયેલ ટીપી સ્કીમ નં.૩, એફપી નં.૪૪૩/૩+૪૪૩/૪, સીએસ નં.૩૯૧૨ અને ૩૯૧૩ મોજે ચંગીસપુર, સબ જિ. અમદાવાદ-૩ (મેમનગર) અને રજિ. જિ. અમદાવાદ.<br>૩. ઓફિસ નં. ૬૦૩, છઠ્ઠો માળ, એવન્યુ મીઠાખળી છ રસ્તા અમદાવાદ, ક્ષેત્રફળ ૪૫.૪૫ ચો.મી. છઠ્ઠો માળ સ્કીમ નામે સિક્સ એવન્યુ તરીકે બંધાયેલ ટીપી સ્કીમ નં.૩, એફપી નં.૪૪૩/૩+૪૪૩/૪, સીએસ નં.૩૯૧૨ અને ૩૯૧૩ મોજે ચંગીસપુર, સબ જિ. અમદાવાદ-૩ (મેમનગર) અને રજિ. જિ. અમદાવાદ.<br>૪. બી/૩૪ યશ ઘોડાસર કો-ઓ.હા.સો. એસ. નં.૨૦૭, ટીપી નં.૧ એફપી નં.૧૧૩ અમદાવાદ, ક્ષેત્રફળ ૧૫૧.૬૮ ચો.મી. બાંધકામ સાથે સ્કીમ નામે યશ (ઘોડાસર) કો.ઓ.હા.સો.લિ. તરીકે બંધાયેલ આરએસ નં.૨૦૭, ટી.પી. સ્કીમ નં.૧, એફપી. નં.૧૧૩ મોજે ઘોડાસર સબ જિ. અમદાવાદ-૫ (નારોલ) અને જિ. અમદાવાદ-૩૮૦૦૫૦ |

સ્થળ : અમદાવાદ
તારીખ : ૩૦/૦૪/૨૦૨૪

અધિકૃત ઓફિસર
વતી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક

**ફોર્મેટ સી-૨**

(રાજકીય પક્ષો માટે - ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની છેલ્લી તારીખ પછીના દિવસથી મતદાન દિવસ પૂર્વેના ૨ બે દિવસ સુધીમાં વેબસાઈટ અખબારો અને ટીવીમાં પ્રસિદ્ધ કરવા માટે)
**(પક્ષ દ્વારા ઊભા રાખવામાં આવેલ ઉમેદવારોના ગુનાહિત પૂર્વ ઈતિહાસ વિશે એકરાર)**
(રિટ પિટિશન (દીવાની) નં.૫૩૬/૨૦૧૧ (પબ્લિક ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશન અને અન્યો વિરૂદ્ધ ભારત સંઘ અને અન્યો)માં નામદાર સર્વોચ્ચ અદાલતના તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના ચુકાદા મુજબ)

રાજકીય પક્ષનું નામ : **ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ**
ચૂંટણીનું નામ : **લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪**
રાજ્યનું નામ : **ગુજરાત**

| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | મત વિભાગનું નામ | ઉમેદવારનું નામ | પડતર ફોજદારી કેસો | | ફોજદારી ગુનાઓ માટે સાબિત થયેલ કેસોની વિગતો | | |
| | | | અદાલતનું નામ, કેસ નં અને કેસ(સો)ની સ્થિતિ | સંબંધિત અધિનિયમોની કલમ (મો) અને ગુના (ઓ)નું સંક્ષિપ્ત વર્ણન | અદાલતનું નામ અને હુકમ (મો)ની તારીખ (ખો) | ગુના (ઓ)નું વર્ણન અને આપવામાં આવેલ સજા | મહત્તમ આપવામાં આવેલ સજા |
| ૧. | ૦૨ બનાસકાંઠા | ગેનીબેન નગાજી ઠાકોર | ગુજરાત હાઈકોર્ટમાં સી.આર. એમ.એ ૨૨૯૨૨/૨૦૧૬, સી.આર.પી.સી.ની કલમ ૪૮૨ હેઠળ ચાલી રહેલ છે. | ઈ.પી.કો. કલમ ૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબ આપઘાતની દુષ્પ્રેરણા અને ધમકી આપવા બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૨. | ૦૩-પાટણ | ચંદનજી તલાજી ઠાકોર | બીજા પ્રિ.સી.સી. જજ અને એડી. ચીફ. જ્યુ. મેજી. સિધ્ધપુર સી.સી. નં. ૬૯૫ / ૨૦૨૩ ચાલી રહેલ છે. | આઈ.પી.સી. ૧૮૮ અને આર.પી. એક્ટ ૧૯૫૧ની કલમ ૧૨૬(૨) જાહેરનામા ભંગ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૩. (૧) | ૦૭- અમદાવાદ પૂર્વ | હિંમતસિંહ પ્રહલાદસિંહ પટેલ | પંદરમાં એડી. મેટ્રો. મેજી. અમદાવાદ સી.સી. નં. ૩૯૨૭ / ૨૦૦૩ | આઈ.પી.સી. ૧૮૮, ૪૨૭ મુજબ મિલકતને નુકશાન અને જાહેરનામા ભંગ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૨) | | | બારમાં એડી. મેટ્રો. મેજી. અમદાવાદ સી.સી. નં. ૮૪૩૪૬ / ૨૦૧૯ | આઈ.પી.સી. ૧૮૮, ૧૪૩, ૩૪૧, ૨૯૦, ૧૩૫(૧) મુજબ જાહેરનામા ભંગ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૪. (૧) | ૧૩- જૂનાગઢ | હિરાભાઈ અરજણભાઈ ઈ.જોટવા | આઠમાં ચીફ જ્યુ. મેજિ. વેરાવળ (૧) સી.સી. નં. ૧૭ / ૨૦૧૯ (૨) સી.સી. નં.૧૦૪૪/૨૦૧૫ ચાલી રહેલ છે. | ઈ.પી.કો. ૫૦૬ (૨) ધમકી આપવા બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૨) | | | | ઈ.પી.કો. ૧૪૩, ૧૪૯, ૩૨૩, ૪૫૨, ૫૦૬ (૨) પી.પી. ડેમેજ એક્ટ ૩ (૨) e, ટોલ ટેક્ષ વિરોધ બાબતે | | | |
| ૫. (૧) | ૨૧ – છોટાઉદેપુર (એસ.ટી.) | સુખરામભાઈ હરીયાભાઈ રાઠવા | ચીફ. જ્યુ. મેજી. ગાંધીનગર સી.સી. નં. ૨૧૬૮ / ૨૦૨૨ ચાલી રહેલ છે. | ઈ.પી.કો. ૫૦૦, ૧૧૪ અને ૧૨૦(બી) બાબતે બદનક્ષીની ફરિયાદ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૬. (૧) | ૨૬ - વલસાડ (એસ.ટી.) | અનંતકુમાર હસમુખભાઈ પટેલ | જે.એમ. એફ.સી. ખેરગામ ૧/૨૦૨૪ ચાર્જશીટ થયેલ છે. | એફ.આઈ.આર.નં ૧૧૮૨૨૦૦૪૨૨૦૫૬૧/૨૦૨૨, ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૪૧, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૩૪, ૧૨૦(બી), ડેમેજ ટુ પી.પી. કલમ ૩, ૫ અને જી.પી. એક્ટ ૧૩૫ બાબત | બીજા જે.એમ.એફ.સી. અને ચીફ જ્યુ. મેજિ. નવસારી તા.૨૭/૩/૨૦૨૩ | ઘેરાવ કરવાના ગુના બદલ રૂા. ૯૯નો દંડ કરવામાં આવેલ છે. | લાગુ પડતું નથી |
| (૨) | | | | ખેરગામ પો.સ્ટે. એફ.આઈ. આર. નં. ૧૧૮૨૨૦૦૪૨૨૦૫૬૦/૨૦૨૨ ઈ.પી.કો. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૩(એ), ૩૯૫, ૪૫૦, ૪૩૬, ૪૨૭, ૫૦૪, ૩૪, ૧૨૦(બી), ઈન્ડિયન ફ્લેગ એક્ટ ૨૦૦૨ની કલમ-૨ અને જી.પી. એક્ટ ૧૩૫ બાબતે ફરિયાદની તપાસ ચાલુ છે. | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૩) | | | | ખેરગામ પો.સ્ટે. એફ.આઈ. આર. નં. ૧૧૮૨૨૦૦૪૨૨૦૫૬૬ / ૨૦૨૨ઈ.પી.કો.૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૫૧,૧૫૨, ૧૫૩(એ),૧૮૬,૨૨૮,૩૦૭,૩૩૨,૩૩૭,૩૪૧, ૩૫૨, ૩૫૩, ૪૨૭, ૪૪૦, ડેમેજ ટુ પી.પી. કલમ ૩, ૫ અને જી.પી. એક્ટ ૧૩૫ બાબતે ફરિયાદની તપાસ ચાલુ છે. | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૪) | | | બીજા એડિ. ચીફ. જ્યુ. મેજિ. નવસારી તરફથી પ્રોસીડિંગ્સ ડ્રોપ કરવામાં આવેલ છે. | એફ.આઈ.આર. નં. ૧૧૮૨૨૦૨૧૨૨૧૬૧૬ / ૨૦૨૨ | | | |

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રકાશિત.

**ફોર્મેટ સી-૨**

(રાજકીય પક્ષો માટે - ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની છેલ્લી તારીખ પછીના દિવસથી મતદાન દિવસ પૂર્વેના ૨ બે દિવસ સુધીમાં વેબસાઈટ, અખબારો અને ટીવીમાં પ્રસિદ્ધ કરવા માટે
**પક્ષ દ્વારા ઊભા રાખવામાં આવેલ ઉમેદવારોના ગુનાહિત પૂર્વ ઈતિહાસ વિશે એકરાર**
(રિટ પિટિશન (દીવાની) નં.૫૩૬/૨૦૧૧ (પબ્લિક ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશન અને અન્યો વિરૂદ્ધ ભારત સંઘ અને અન્યો)માં નામદાર સર્વોચ્ચ અદાલતના તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના ચુકાદા મુજબ)

રાજકીય પક્ષનું નામ : **ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ**
ચૂંટણીનું નામ : **ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણી - ૨૦૨૪**
રાજ્યનું નામ : **ગુજરાત**

| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | મત વિભાગનું નામ | ઉમેદવારનું નામ | પડતર ફોજદારી કેસો | | ફોજદારી ગુનાઓ માટે સાબિત થયેલ કેસોની વિગતો | | |
| | | | અદાલતનું નામ, કેસ નં. અને કેસ(સો)ની સ્થિતિ | સંબંધિત અધિનિયમોની કલમ (મો) અને ગુના (ઓ)નું સંક્ષિપ્ત વિવરણ | અદાલતનું નામ અને હુકમ (મો)ની તારીખ (ખો) | ગુના (ઓ)નું વર્ણન અને આપવામાં આવેલ સજા | મહત્તમ આપવામાં આવેલ સજા |
| ૧ | ૮૫- માણાવદર | હરીભાઈ ગોવિંદભાઈ કણસાગરા | ચીફ જ્યુ.મેજિ. કોર્ટ રાજકોટ CC ૩૪૫/૨૦૨૪ | ઈ.પી.કો. કલમ ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૩૮૪, ૧૨૦(બી) મુજબ, આક્ષેપો રહેણાંક હેતુ માટેનો પ્લોટના ખોટા દસ્તાવેજ બનાવી વેચાણ કરવા માટે ઉપયોગ કરવા બદલ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રકાશિત

# હોસ્પિટલોને દંડની રકમ ઓછી નિર્ધારિત કરવા મુદ્દે હાઈકોર્ટની ટકોર

## માંડલ અંધાપાકાંડના કેસમાં સરકાર દ્વારા નિયમો જાહેર કરાયા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૯

વિરમગામમાં મોતીયાના ઓપરેશન દરમ્યાન ૧૭ લોકોની દ્રષ્ટિ ગુમાવવાના અને ઝાંખપનાં કેસની સુઓમોટો જાહેર હિતની અરજીમાં કેસની સુનાવણીમાં આજે રાજય સરકાર તરફથી રાજયના તમામ કલીનીક અને હોસ્પિટલને લઇ ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન રૂલ્સ-૨૦૨૪ ઘડી કાઢવામાં આવ્યા હોવાની હાઇકોર્ટને જાણ કરવામાં હતી. કેસની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને અનિરૂધ્ધા માયીની ખંડપીઠે રાજય સરકાર દ્વારા હજુ સુધી સ્ટેટ કાઉન્સીલની રચના થઇ નહી હોવાના અને રૂલ્સમાં સરકાર દ્વારા નક્કી કરાયલી દંડની નજીવી રકમને મુદ્દે હાઇકોર્ટે નારાજગી વ્યકત કરી હતી. અદાલતે દંડની નજીવી રકમને લઈને ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે નિયમભંગ કરવાવાળાઓ પાસે બહુ રૂપિયા હોય છે અને તેમના માટે રૂા.દસ કે પચાસ હજાર મોટી રકમ નથી. આવા તત્વો દંડની રકમ ભરીને હોસ્પિટલ ચલાવશે અને લોકોના જીવન સાથે રમત રમશે, તેથી સરકાર દ્વારા આ બાબતની કામગીરી કરવી જોઈએ. હાઇકોર્ટે સરકારે ઘડેલા નિયમોનો દૂરપયોગ ના થાય તેનું ચોકસાઇથી ધ્યાન રાખવા પણ સરકારને તાકીદ કરી હતી.આ ઉપરાંત હાઇકોર્ટે સરકાર દ્વારા ઘડાયેલા એસ્ટાબ્લીશમેન્ટ રૂલ્સમાં દંડ સહિતની કેટલીક બાબતોમાં ખામી અને ઉણપ હોઇ તેમાં સુધારો કરવા પણ સરકારપક્ષને ટકોર કરી હતી. આ બાબતે હાઈકોર્ટે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, વાસ્તવમાં કલીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ કામગીરી માટે સર્વગ્રાહી અને કડકાઇભર્યા નિયમોની જરૂર છે. જેથી સરકારપક્ષ દ્વારા રૂલ્સમાં જે કોઇ ત્રુટિઓ કે ઉણપ હશે તે સુધારી નવા સુધારા સાથેના રૂલ્સ રજૂ કરવાની તત્પરતા પણ બતાવાઇ હતી. સરકારે હાઇકોર્ટને ખાતરી આપી હતી કે, લોકોના જીવન સાથે રમત રમનારને સરકાર છોડશે નહિ અને જરૂરી કાયદાકીય કાર્યવાહી કરાશે. વિરમગામ અંધાપાકાંડ કેસમાં આજની સુનાવણી દરમ્યાન સરકાર તરફથી જણાવાયું હતું કે, તેમના દ્વારા નવા એસ્ટાબ્લીશમેન્ટ રૂલ્સ બનાવી દેવાયા છે. નિયમો મુજબ રજિસ્ટ્રેશન પણ શરૃ કરાયું છે. જો કે, હજુ સ્ટેટ કાઉન્સીલની રચના થઇ નથી. સ્ટેટ કાઉન્સીલમાં આરોગ્ય મંત્રી ચેરમેન હોય છે ઉપરાંત ગુજરાત મેડિકલ કાઉન્સીલ અને ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાંથી સભ્ય હોય છે. ડિસ્ટ્રીકટ ઓથોરીટીએ તેની કામગીરી શરૃ કરી છે. હોસ્પિટલ-કલીનીકનું નીરીક્ષણ કર્યા બાદ જ રજિસ્ટ્રેશન કરવામાં આવશે. આ નિયમોનો ભંગ કોઈ હોસ્પિટલ કરશે તો પ્રથમ વખત ૧૦ હજાર રૃપિયા સુધીનો દંડ અને બીજી વખત ૫૦ હજાર રૂપિયા સુધીનો દંડ વસૂલવાની જોગવાઇ કરાઇ છે. જો કે, હાઇકોર્ટે દંડની આ રકમને નજીવી અને ગેરવાજબી ગણાવી હતી. સાથે સાથે રાજયમાં હજુ સુધી સ્ટેટ કાઉન્સિલની રચના નહી થવાના મુદ્દે હાઇકોર્ટે નારાજગી વ્યકત કરી હતી અને જણાવ્યું હતું કે, સ્ટેટ કાઉન્સીલ દર્દીના અધિકારોના રક્ષણ થાય તેવા ધારાધોરણો નિર્ધારિત થતા હોય છે. પરંતુ રાજયમાં હજુ સ્ટેટ કાઉન્સીલની રચના નહી થઇ હોવાથી આવા ધારાધોરણો લાગુ નહી થયા હોય. તેથી આવા ધારાધોરણ વગરનું રજિસ્ટ્રેશન માત્ર ઔપચારિકતા બની રહેશે. જેથી એક વખત ધારાધોરણો નક્કી થાય પછી જ નવા નિયમો બનાવવા પડશે. હાઇકોર્ટે સાફ શબ્દોમાં સરકારને જણાવ્યું કે, રજિસ્ટ્રેશન વગરની હોસ્પિટલ ચલાવવા લોકોને દંડ કરવો જોઇએ અને આવા તત્વો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી કાર્યવાહી થવી જોઇએ. હાઇકોર્ટે દંડની ઓછી રકમ નિર્ધારિત કરવા મુદ્દે પણ સરકારને ટકોર કરી હતી કે, આટલી રકમ તો નિયમોભંગ કરવાવાળા માટે કશું નથી. તેઓ તો આટલો દંડ ભરીને હોસ્પિટલ ચલાવશે પરંતુ સામે લોકોના જીવ ખતરામાં મૂકાશે.


standard chartered

**સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**

**કબજાની સૂચના (સ્થાવર મિલકતો માટે)**

જ્યારે નીચે સહી કરનાર સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના અધિકૃત અધિકારી છે. નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન અને પુનઃનિર્માણ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ના અમલના નિયમ ૮(૧)ના અનુપાલનમાં અને કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ ૩ સાથે વાંચો ૨૦૦૨, દરેક ખાતા સામે ઉલ્લેખિત તારીખે ડિમાન્ડ નોટિસ જારી કરીને સંબંધિત દેણદર/રોને સૂચના/ઓ)/ઉક્ત સૂચના/ઓ પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર દરેક ખાતા સામે ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા હાકલ કરી હતી.
દેણદાર/રો રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોય, આથી દેણદારો અને સામાન્ય રીતે લોકોને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકત/નો કબજો મેળવ્યો છે. દરેક ખાતા સામે ઉલ્લેખિત તારીખો પર ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે આ અધિનિયમ વાંચો.
ખાસ કરીને દેણદાર/રો અને સામાન્ય રીતે જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ મિલકત/સંપત્તિઓ સાથે વ્યવહાર ન કરે અને મિલકત/ના સાથે કોઈપણ વ્યવહાર સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના ચાર્જને આધિન રહેશે., તેના પરની રકમ અને વ્યાજ માટે લોન કરાર. દેણદારોનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે.

| ક્રમ નં. | લોન એગ્રીમેન્ટ નંબર | દેણદારો/સહ-દેણદારોના નામ | ડિમાન્ડ નોટિસ તારીખ | બાકી રકમ | પ્રતિકાત્મક કબજાની મેળવેલ તારીખ | સ્થાવર મિલકતોનું વર્ણન |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૫૩૬૫૮૪૧૮ | શર્ણ્યા ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ<br>૨. સંકેત જીતેન્દ્ર શાહ<br>૩. મિત્તલ નરેશભાઈ શાહ<br>૪. સમીર અરૂણ વિરાણી<br>૫. સમીરકુમાર નરેશભાઈ શાહ | ૧૫.૧૨.૨૦૨૩ | રૂા.૧૪,૩૭,૯૨,૨૧૦.૬૩/- (ફક્ત રૂા. ચૌદ કરોડ સાડત્રીસ લાખ બાણું હજાર બસ્સો દસ અને ત્રેસઠ પૈસા માત્ર) બાકી મૂળ રકમ એરિયર્સ (૧૧.૧૨.૨૦૨૩ સુધીના વ્યાજ અને લેટ ચાર્જીસનો સમાવેશ) | ૨૪ એપ્રિલ ૨૦૨૪ | ૧. ઓફિસ નં. ૬૦૧, છઠ્ઠો માળ, એવન્યુ મીઠાખળી છ રસ્તા અમદાવાદ, ક્ષેત્રફળ ૪૦.૬૫ ચો.મી. છઠ્ઠો માળ સ્કીમ નામે સિક્સ એવન્યુ તરીકે બંધાયેલ ટીપી સ્કીમ નં.3, એફપી નં.૪૪૩/3+૪૪૩/૪, સીએસ નં.૩૯૧૨ અને ૩૯૧૩ મોજે ચંગીસપુર, સબ જિ. અમદાવાદ-3 (મેમનગર) અને રજિ. જિ. અમદાવાદ.<br>૨. ઓફિસ નં. ૬૦૨, છઠ્ઠો માળ, એવન્યુ મીઠાખળી છ રસ્તા અમદાવાદ, ક્ષેત્રફળ ૩૯.૪૯ ચો.મી. છઠ્ઠો માળ સ્કીમ નામે સિક્સ એવન્યુ તરીકે બંધાયેલ ટીપી સ્કીમ નં.3, એફપી નં.૪૪૩/3+૪૪૩/૪, સીએસ નં.૩૯૧૨ અને ૩૯૧૩ મોજે ચંગીસપુર, સબ જિ. અમદાવાદ-3 (મેમનગર) અને રજિ. જિ. અમદાવાદ.<br>૩. ઓફિસ નં. ૬૦૩, છઠ્ઠો માળ, એવન્યુ મીઠાખળી છ રસ્તા અમદાવાદ, ક્ષેત્રફળ ૪૫.૪૫ ચો.મી. છઠ્ઠો માળ સ્કીમ નામે સિક્સ એવન્યુ તરીકે બંધાયેલ ટીપી સ્કીમ નં.3, એફપી નં.૪૪૩/3+૪૪૩/૪, સીએસ નં.૩૯૧૨ અને ૩૯૧૩ મોજે ચંગીસપુર, સબ જિ. અમદાવાદ-3 (મેમનગર) અને રજિ. જિ. અમદાવાદ.<br>૪. બી/૩૪ યશ ઘોડાસર કો-ઓ.હા.સો. એસ. નં.૨૦૭, ટીપી નં.૧ એફપી નં.૧૧૩ અમદાવાદ, ક્ષેત્રફળ ૧૫૧.૬૮ ચો.મી. બાંધકામ સાથે સ્કીમ નામે યશ (ઘોડાસર) કો.ઓ.હા.સો.લિ. તરીકે બંધાયેલ આરએસ નં.૨૦૭, ટી.પી. સ્કીમ નં.૧, એફપી. નં.૧૧૩ મોજે ઘોડાસર સબ જિ. અમદાવાદ-૫ (નારોલ) અને જિ. અમદાવાદ-૩૮૦૦૫૦ |

સ્થળ : અમદાવાદ
તારીખ : ૩૦/૦૪/૨૦૨૪

અધિકૃત ઓફિસર
વતી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક


## શિક્ષણ બોર્ડની સ્કૂલોમાં તમામ વિષયોમાં બેઝિક-સ્ટાન્ડર્ડનો વિકલ્પ આપવા માંગ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન સ્કૂલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગણિત વિષયની જેમ વિજ્ઞાન તથા અન્ય વિષયોમાં પણ બેઝિક અને સ્ટાન્ડર્ડનો વિકલ્પ આપવામાં આવે તે માટે શૈક્ષિક મહાસંઘ દ્વારા ભલામણ કરવામાં આવી છે. આટલું જ નહીં, ચાલુ વર્ષથી નિર્ણય લઈ આગામી માર્ચ-૨૦૨૫માં લેવાનારી બોર્ડની પરીક્ષામાં તેનો અમલ કરવા માટે પણ માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની ગાઈડલાઈન અનુસાર, આગામી શૈક્ષણિક સત્ર વર્ષ ૨૦૨૪-૨૫થી વિદ્યાર્થીઓ પોતાની રૂચિ અનુસાર માનસિક તણાવ વગર શિક્ષણ મેળવે તે માટે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષણમંત્રીને પત્ર લખીને ભલામણ કરી છે. જેમાં જણાવાયું છે કે, શિક્ષણ બોર્ડ અન્વયે આવતી શાળાઓમાં ગણિત વિષયની જેમ જ વિજ્ઞાન, ભાષા સહિત અન્ય વિષયોમાં બેઝિક અને સ્ટાન્ડર્ડનો વિકલ્પ દાખલ કરવામાં આવે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન (CBSE) દ્વારા આગામી શૈક્ષણિક સત્રથી માધ્યમિક શાળાઓમાં બેઝિક ગણિત તેમજ સ્ટાન્ડર્ડ ગણિતની જેમ બેઝિક ભાષા અને સ્ટાન્ડર્ડ ભાષાનો વિકલ્પ આપવાનું નક્કી કરાયું હોવાનું જણાવી શૈક્ષિક મહાસંઘ દ્વારા ગુજરાતમાં પણ અમલ કરવા માંગ કરી છે. ગુજરાત બોર્ડની શાળાઓમાં પણ NCERT અને CBSEના પાઠયપુસ્તકો, અભ્યાસક્રમ તથા પરીક્ષા પદ્ધતિનો મહદઅંશે સ્વીકાર કરવામાં આવ્યો છે. ત્યારે આ નિર્ણય લેવા માટે જણાવાયું છે.

## મોબાઈલ વાનમાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો




આજરોજ અંધજન મંડળ વસ્ત્રાપુર સંચાલિત પોરેચા આંખની હોસ્પિટલ બારેજા અને સાઈડ સેવરના સહયોગથી મોબાઈલ વાનમાં દ્વારા આજે વિશાલા, હોટલ સામે આવેલ બરફની ફેક્ટરી ઝૈદ રો-હાઉસમાં મફત નેત્ર નિદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં ૭૪ આંખના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં જુહાપુરાના કોર્પોરેટર હાજી અસરારબેગ મિર્ઝા (હાજીભાઈ સિમેન્ટ વાળા) અને સ્થાનિક આગેવાન અલેફખાન પઠાણ તથા બારેજા મોબાઈલના ડોક્ટરની ટીમે સેવાઓ આપી હતી.

## જમાલપુર દરવાજા પાસે સેવાભાવિ સંસ્થા દ્વારા છાશનું વિતરણ કરાયું




રવિવારે જમાલપુર દરવાજા પાસે નિર્માણ સેવા ટ્રસ્ટ દ્વારા મફત છાશ વિતરણનું કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦૦થી વધુ લોકોએ કાળઝાળ ગરમીમાં છાશ પી રાહત મેળવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત કાર્યકરોએ છાશનું વિતરણ કરી લોકોને સેવાઓ આપી હતી.

## અસહ્ય ગરમીના જોખમ સામે હવે વીમો મળશે

અમદાવાદ, તા.૨૯

માત્ર ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર દેશના ૩૪થી વધુ શહેરોમાં આવાસ, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જના મુદ્દે કાર્યરત સંસ્થા મહિલા હાઉસિંગ ટ્રસ્ટ દ્વારા અસંગઠિત ક્ષેત્રની મહિલાઓ માટે વિશેષ ક્લાઈમેટ રીસ્ક ઈન્સ્યોરન્સ સ્કીમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે બીજલ બ્રહ્મભટ્ટ (ડાયરેક્ટર, મહિલા હાઉસિંગ ટ્રસ્ટ), સિરાઝ હિરાણી (સિનિયર પ્રોગ્રામ મેનેજમેન્ટ સ્પેશિયાલિસ્ટ, મહિલા હાઉસિંગ ટ્રસ્ટ) વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ખાસ પ્રકારના આ વીમાની પ્રોડક્ટ ગ્લોબલ પેરામેટ્રિક્સ (જીપી), હાઉડેન ગ્રુપ અને ડીજીટ જનરલ ઈન્સ્યોરન્સના સહયોગથી તૈયાર કરવામાં આવી છે.

## આજે સોલામાં સંતો-મહંતોની ઉપસ્થિતિમાં 'પટ્ટાભિષેક' કાર્યક્રમનું આયોજન

અમદાવાદ,તા.૨૯

ભારતીય સમાજમાં સમાનતા અને સામાજિક ન્યાય તરફથી સીમાચિહ્નરૂપ પહેલ તરીકે 'સમતા મૂળક સમાજ કી સ્થાપના પ્રોજેક્ટ' વર્ષો જૂની પરંપરાઓમાં ક્રાંતિ લાવવા માટે તૈયાર છે જે વધુ સમાવિષ્ટ અને સશક્ત ભવિષ્ય માટે માર્ગ મોકળો કરે છે. ૩૦મી એપ્રિલ ૨૦૨૪ના રોજ અમદાવાદના સોલામાં સાયન્સ સિટી ખાતે સુનિશ્ચિત થયેલ આ કાર્યક્રમમાં એસસી અને એસટી સંતોની મહામંડલેશ્વર તરીકે ઐતિહાસિક નિમણૂક જોવા મળશે અને તેમાં આધ્યાત્મિક નેતાઓ મહંત રવિન્દ્રપુરીજી મહારાજ, અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ દ્વારા પટ્ટાભિષેક કરવામાં આવશે. સમગ્ર ભારતમાંથી ૮૦૦૦થી વધુ સનાતન સમર્થકો અને પ્રગતિશીલ વ્યકિતઓ આ પ્રસંગમાં હાજરી આપે તેવી અપેક્ષા છે.


**ફોર્મેટ સી-૨**

(રાજકીય પક્ષો માટે - ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની છેલ્લી તારીખ પછીના દિવસથી મતદાન દિવસ પૂર્વેના ૨ બે દિવસ સુધીમાં વેબસાઈટ અખબારો અને ટીવીમાં પ્રસિદ્ધ કરવા માટે)
**(પક્ષ દ્વારા ઊભા રાખવામાં આવેલ ઉમેદવારોના ગુનાહિત પૂર્વ ઈતિહાસ વિશે એકરાર)**
(રિટ પિટિશન (દીવાની) નં.૫૩૬/૨૦૧૧ (પબ્લિક ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશન અને અન્યો વિરૂદ્ધ ભારત સંઘ અને અન્યો)માં નામદાર સર્વોચ્ચ અદાલતના તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના ચુકાદા મુજબ)

રાજકીય પક્ષનું નામ : **ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ**
ચૂંટણીનું નામ : **લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪**
રાજ્યનું નામ : **ગુજરાત**

| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | મત વિભાગનું નામ | ઉમેદવારનું નામ | પડતર ફોજદારી કેસો | | ફોજદારી ગુનાઓ માટે સાબિત થયેલ કેસોની વિગતો | | |
| | | | અદાલતનું નામ, કેસ નં અને કેસ(સો)ની સ્થિતિ | સંબંધિત અધિનિયમોની કલમ (મો) અને ગુના (ઓ)નું સંક્ષિપ્ત વર્ણન | અદાલતનું નામ અને હુકમ (મો)ની તારીખ (ખો) | ગુના (ઓ)નું વર્ણન અને આપવામાં આવેલ સજા | મહત્તમ આપવામાં આવેલ સજા |
| ૧. | ૦૨ બનાસકાંઠા | ગેનીબેન નગાજી ઠાકોર | ગુજરાત હાઈકોર્ટમાં સી.આર. એમ.એ ૨૨૯૨૨/૨૦૧૬, સી.આર.પી.સી.ની કલમ ૪૮૨ હેઠળ ચાલી રહેલ છે. | ઈ.પી.કો. કલમ ૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબ આપઘાતની દુષપ્રેરણા અને ધમકી આપવા બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૨. | ૦૩-પાટણ | ચંદનજી તલાજી ઠાકોર | બીજા પ્રિ.સી.સી. જજ અને એડી. ચીફ. જ્યુ. મેજી. સિધ્ધપુર સી.સી. નં. ૬૯૫ / ૨૦૨૩ ચાલી રહેલ છે. | આઈ.પી.સી. ૧૮૮ અને આર.પી. એક્ટ ૧૯૫૧ની કલમ ૧૨૬(૨) જાહેરનામા ભંગ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૩. (૧) | ૦૭-અમદાવાદ પૂર્વ | હિંમતસિંહ પ્રહલાદસિંહ પટેલ | પંદરમાં એડી. મેટ્રો. મેજી. અમદાવાદ સી.સી. નં. ૩૯૨૭ / ૨૦૦૩ | આઈ.પી.સી. ૧૮૮, ૪૨૭ મુજબ મિલકતને નુકશાન અને જાહેરનામા ભંગ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૨) | | | બારમાં એડી. મેટ્રો. મેજી. અમદાવાદ સી.સી. નં. ૮૪૩૪૬ / ૨૦૧૯ | આઈ.પી.સી. ૧૮૮, ૧૪૩, ૩૪૧, ૨૯૦, ૧૩૫(૧) મુજબ જાહેરનામા ભંગ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૪. (૧) | ૧૩-જૂનાગઢ | હિરાભાઈ અરજણભાઈ ઈ.જોટવા | આઠમાં ચીફ જ્યુ. મેજિ. વેરાવળ (૧) સી.સી. નં. ૧૭ / ૨૦૧૯ (૨) સી.સી. નં.૧૦૪૪/૨૦૧૫ ચાલી રહેલ છે. | ઈ.પી.કો. ૫૦૬ (૨) ધમકી આપવા બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૨) | | | | ઈ.પી.કો. ૧૪૩, ૧૪૯, ૩૨૩, ૪૫૨, ૫૦૬ (૨) પી.પી. ડેમેજ એક્ટ ૩ (૨) e, ટોલ ટેક્ષ વિરોધ બાબતે | | | |
| ૫. (૧) | ૨૧–છોટાઉદેપુર (એસ.ટી.) | સુખરામભાઈ હરીયાભાઈ રાઠવા | ચીફ. જ્યુ. મેજી. ગાંધીનગર સી.સી. નં. ૨૧૬૮ / ૨૦૨૨ ચાલી રહેલ છે. | ઈ.પી.કો. ૫૦૦, ૧૧૪ અને ૧૨૦(બી) બાબતે બદનક્ષીની ફરિયાદ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૬. (૧) | ૨૬-વલસાડ (એસ.ટી.) | અનંતકુમાર હસમુખભાઈ પટેલ | જે.એમ. એફ.સી. ખેરગામ ૧/૨૦૨૪ ચાર્જશીટ થયેલ છે. | એફ.આઈ.આર.નં ૧૧૮૨૨૦૦૪૨૨૦૫૬૧/૨૦૨૨, ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૪૧, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૩૪, ૧૨૦(બી), ડેમેજ ટુ પી.પી. કલમ ૩, ૫ અને જી.પી. એક્ટ ૧૩૫ બાબત | બીજા જે.એમ.એફ.સી. અને ચીફ જ્યુ. મેજિ. નવસારી તા.૨૭/૩/૨૦૨૩ | ઘેરાવ કરવાના ગુના બદલ રૂા. ૯૯નો દંડ કરવામાં આવેલ છે. | લાગુ પડતું નથી |
| (૨) | | | | ખેરગામ પો.સ્ટે. એફ.આઈ. આર. નં. ૧૧૮૨૨૦૦૪૨૨૦૫૬૦/૨૦૨૨ ઈ.પી.કો. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૩(એ), ૩૯૫, ૪૫૦, ૪૩૬, ૪૨૭, ૫૦૪, ૩૪, ૧૨૦(બી), ઈન્ડિયન ફ્લેગ એક્ટ ૨૦૦૨ની કલમ-૨ અને જી.પી. એક્ટ ૧૩૫ બાબતે ફરિયાદની તપાસ ચાલુ છે. | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૩) | | | | ખેરગામ પો.સ્ટે. એફ.આઈ. આર. નં. ૧૧૮૨૨૦૦૪૨૨૦૫૬૬ / ૨૦૨૨ઈ.પી.કો.૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૫૧,૧૫૨, ૧૫૩(એ),૧૮૬,૨૨૮,૩૦૭,૩૩૨,૩૩૭,૩૪૧, ૩૫૨, ૩૫૩, ૪૨૭, ૪૪૦, ડેમેજ ટુ પી.પી. કલમ ૩, ૫ અને જી.પી. એક્ટ ૧૩૫ બાબતે ફરિયાદની તપાસ ચાલુ છે. | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૪) | | | બીજા એડિ. ચીફ. જ્યુ. મેજિ. નવસારી તરફથી પ્રોસીડિંગ્સ ડ્રોપ કરવામાં આવેલ છે. | એફ.આઈ.આર. નં. ૧૧૮૨૨૦૨૧૨૨૧૬૧૬ / ૨૦૨૨ | | | |

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રકાશિત.

**ફોર્મેટ સી-૨**

(રાજકીય પક્ષો માટે - ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની છેલ્લી તારીખ પછીના દિવસથી મતદાન દિવસ પૂર્વેના ૨ બે દિવસ સુધીમાં વેબસાઈટ, અખબારો અને ટીવીમાં પ્રસિદ્ધ કરવા માટે
**પક્ષ દ્વારા ઊભા રાખવામાં આવેલ ઉમેદવારોના ગુનાહિત પૂર્વ ઈતિહાસ વિશે એકરાર**
(રિટ પિટિશન (દીવાની) નં.૫૩૬/૨૦૧૧ (પબ્લિક ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશન અને અન્યો વિરૂદ્ધ ભારત સંઘ અને અન્યો)માં નામદાર સર્વોચ્ચ અદાલતના તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના ચુકાદા મુજબ)

રાજકીય પક્ષનું નામ : **ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ**
ચૂંટણીનું નામ : **ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણી - ૨૦૨૪**
રાજ્યનું નામ : **ગુજરાત**

| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | મત વિભાગનું નામ | ઉમેદવારનું નામ | પડતર ફોજદારી કેસો | | ફોજદારી ગુનાઓ માટે સાબિત થયેલ કેસોની વિગતો | | |
| | | | અદાલતનું નામ, કેસ નં. અને કેસ(સો)ની સ્થિતિ | સંબંધિત અધિનિયમોની કલમ (મો) અને ગુના (ઓ)નું સંક્ષિપ્ત વિવરણ | અદાલતનું નામ અને હુકમ (મો)ની તારીખ (ખો) | ગુના (ઓ)નું વર્ણન અને આપવામાં આવેલ સજા | મહત્તમ આપવામાં આવેલ સજા |
| ૧ | ૮૫-માણાવદર | હરીભાઈ ગોવિંદભાઈ કણસાગરા | ચીફ જ્યુ.મેજિ. કોર્ટ રાજકોટ CC ૩૪૫/૨૦૨૪ | ઈ.પી.કો. કલમ ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૩૮૪, ૧૨૦(બી) મુજબ, આક્ષેપો રહેણાંક હેતુ માટેનો પ્લોટના ખોટા દસ્તાવેજ બનાવી વેચાણ કરવા માટે ઉપયોગ કરવા બદલ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રકાશિત

# 'જ્યારે બુલડોઝર આવ્યા હતા ત્યારે કોઈ મદદ કરવા માટે આવ્યું ન હતું, હવે અમે કોને મત આપીએ ? : દિલ્હીના એવા મતદારો જેમણે ડિમોલિશન ઝુંબેશમાં તેમના ઘરો ગુમાવ્યા

## ગયા વર્ષે વિવિધ એજન્સીઓ દ્વારા દિલ્હીના ઘણા વિસ્તારોમાં ડિમોલિશન હાથ ધરવામાં આવ્યા પછી સેંકડો પરિવારો રાતોરાત બેઘર થઈ ગયા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

ઈન્ડિયન એક્સપ્રેસે દિલ્હીના ડિમોલેશન થયેલા ત્રણેય ક્ષેત્રોની મુલાકાત લીધી અને રહેવાસીઓ સાથે વાત કરી હતી. તેઓને તેઓને મળતી મદદ પર ગુસ્સો છે, વધુ ડિમોલિશનની સંભાવના અંગેની ચિંતાઓ છે અને કોઈ પક્ષ તેઓને સહાય કરશે કે કેમ તે અંગેના પ્રશ્નો છે. ૨૫ મેના રોજ મત આપવા માટે આ મુખ્ય પરિબળ થશે.

ગયા વર્ષે ખાનગી એજન્સી સાથે નર્સ તરીકે કામ કરતી ૪૯ વર્ષીય રેનુનું ઘર ગયા વર્ષે આ વિસ્તારની બંગાળી વસાહતમાં તોડી પાડવામાં આવ્યું હતું, તેણે કહ્યું કે, જ્યારે બુલડોઝર આવ્યું હતું ત્યારે કોઈ મદદ માટે આવ્યું નહીં. તેથી અમે કોને મત આપીશું ? હું કોઈને મત આપવા માંગતી નથી. ભાજપ દ્વારા આ ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ આપ સરકારે પણ કશું કર્યું નહીં. ડીલરોએ અમને જમીન વેચી દીધી અને અમે તેને ખરીદવા માટે લોન લીધી હતી. અમને ખબર ન હતી કે તે સરકારી જમીન છે.

એપ્રિલ ૨૦૨૩માં દિલ્હી હાઈકોર્ટે એજન્સીને તુગલકબાદ કિલ્લામાં અને તેની આસપાસના અતિક્રમણને દૂર કરવા નિર્દેશ કર્યા પછી એએસઆઈએ આ વિસ્તારમાં ડિમોલેશન કર્યું. એએસઆઈના એક અધિકારીએ ગયા વર્ષે કહ્યું હતું કે, તેઓએ આ વિસ્તારમાં ૧૨૪૮ નોટિસ આપી હતી અને લગભગ ૯૬ બિગા જમીનને સાફ કરી હતી. આ જમીન હવે સાફ અને ખાલી છે. રેનુનો ચાર લોકોનો પરિવાર હવે એક જ ઓરડામાં રહે છે, જેના માટે તેઓ દર મહિને ૫૦૦૦ રૂપિયાનું ભાડુ ચૂકવે છે. આ ઓરડો એક સાંકડી ગલીમાં છે. તેનો પતિ ઓટો ડ્રાઈવર છે, જ્યારે તેની પુત્રી, બીજા વર્ષની કોલેજની વિદ્યાર્થી છે અને રાત્રે કોલ સેન્ટરમાં નોકરી કરે છે.

રેનુએ કહ્યું કે, દિલ્હી સરકાર પણ આંધળી હોય તેવું લાગે છે. ભલે અમે જમીન ન મેળવી શકીએ, ઓછામાં ઓછી અમને આ મકાનો બનાવવા માટે જે ખર્ચ કરવામાં આવે છે તેમાં અમને મદદ કરે અથવા પુનર્વસન પૂરૂં પાડે.

૪૦ વર્ષીય પ્રિયંકા નજીકની ગલીમાં એક જ રૂમમાં રહે છે. પાંચના પરિવારમાં તેમના ઘરમાં બે ઓરડાઓ અને એક રસોડું હતું જે તોડી પાડવામાં આવ્યું હતું. તે કહે છે કે, અમારી પાસે હવે કઈ નથી. તે ઘર સાત વર્ષ પહેલાં બનાવવામાં આવ્યું હતું. તે છીનવી લેવામાં આવ્યું છે. અમે હવે કોને મત આપીએ ? વડાપ્રધાન ગરીબોને ભૂલી ગયા હોય તેવું લાગે છે. કોઈ અમારી સાથે નથી.

**મેહરૌલી, દક્ષિણ દિલ્હી લોકસભા મત વિસ્તાર :-** ગયા વર્ષે ફેબ્રુઆરીમાં મેહરૌલીમાં દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (ડીડીએ) દ્વારા મકાનોને તોડી પાડ્યાને એક વર્ષ કરતા વધુ સમય થયો છે. બહુમાળી ઈમારતના ત્રીજા માળના રહેવાસી, જેમાં એક સમયે ૧૦ પરિવારો રહેતા હતા તેને તોડી પાડવામાં આવી હતી, તેમણે કહ્યું કે, આ બધું રાજકારણ હતું. આ વિસ્તાર સહિતની ઈમારતો ૫-૭ વર્ષ પહેલાં બની હતી. ભાજપ ૧૫ વર્ષ સુધી MCDમાં હતું. ભાજપ MCDની ચૂંટણી હારી ગઈ અને આ ઘરો તોડી પાડવામાં આવ્યા. કદાચ જો તેઓ દિલ્હીમાં જીતે તો આ વસ્તુઓ ફરી નહીં બને. અહીંની અનેક ઈમારતોને નોટિસ આપવામાં આવી હતી. અમારા માટે કોણ કંઈ કરી શકે છે તેના વિશે છે અને એવું લાગે છે કે, AAP કઈ કરી શકતું નથી. તેમના લોકો જેલમાં છે. આ ડિમોલિશન રાજકારણ છે આ ઈમારતો બનાવવાની મંજૂરી આપવામાં આવી હતી, રજિસ્ટ્રી કરવામાં આવી હતી.

લોકોએ કહ્યું કે, અમે નજીકમાં ઈસ્લામ કોલોનીમાં બે રૂમનું મકાન ભાડે લીધું છે. પરંતુ અમારી કેટલીક વસ્તુઓ હજુ પણ અહીં છે. અગાઉની સદીઓના સમ્રાટોની જેમ, ભાજપ પણ દિલ્હી પર નિયંત્રણ ઈચ્છે છે અને પછી તેઓ આ રીતે વસ્તુઓને તોડી નાખશે. ઈમારતોને તોડી પાડવાના બે મહિના પહેલા ડિસેમ્બર ૨૦૨૨માં ડીડીએએ મેહરૌલી પુરાતત્વીય ઉદ્યાનની આસપાસના વિસ્તારમાં કથિત અતિક્રમણની કેટલીક મિલકતો પર ડિમોલિશન નોટિસ ચોંટાડી હતી. ગયા વર્ષે નવેમ્બરમાં રહેવાસીઓએ જમીનના સીમાંકનને પડકાર્યા બાદ દિલ્હી હાઈકોર્ટે નોટિસને રદ કરી હતી, જેના આધારે ડીડીએએ અતિક્રમણ સાફ કરવાનું શરૂ કર્યું હતું. કોર્ટે નોંધ્યું હતું કે,



ડિમોલિશન નોટિસ પહેલાં રહેવાસીઓને કોઈ સૂચના જારી કરવામાં આવી ન હતી.

**સુંદર નગર, મથુરા રોડ પાસે પૂર્વ દિલ્હી લોકસભા મતવિસ્તાર :-**સુંદર નગર વિસ્તારમાં DPS મથુરા રોડની પાછળ ત્રણ-ચાર પરિવારો હજુ પણ સેંકડો ઘરોના કાટમાળની વચ્ચે રહે છે જેને હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રાલયની જમીન અને વિકાસ કાર્યાલય દ્વારા ગયા નવેમ્બરમાં તોડી પાડવામાં આવ્યા હતા. અન્ય રહેવાસીઓ જેઓ બહાર ગયા છે તેઓ ક્યારેક સાંજે આ વિસ્તારમાં પાછા ફરે છે અને તોડી પાડવાની ચર્ચા કરે છે; અહી ભાડું નજીકના વિસ્તારોમાં રૂા.૧૬,૦૦૦ સુધી છે; સામાન કાટમાળના ઢગલા હેઠળ અટવાયેલો છે અને શું તેમને સુપ્રીમ કોર્ટમાંથી કોઈ રાહત મળે તેવી શક્યતા છે ?

ગયા વર્ષે દિલ્હી હાઈકોર્ટે ૨૦૧૯ના આદેશની સમીક્ષા કરવાની માંગ કરતી રહેવાસીઓની અરજીને ફગાવી દીધી હતી અને આ મામલો સુપ્રીમ કોર્ટમાં છે. મનોહર હજી પણ તેના પરિવાર સાથે ચાર પુત્રીઓ અને એક પુત્ર સહિત આ સ્થળ પર રહે છે, તેણે કહ્યું કે, અમારી પાસે બહાર જવા માટે પૂરતા પૈસા નથી. હું માત્ર દૈનિક વેતન કમાઉં છું અને ખર્ચ વધી રહ્યો છે. અમે બધા અહીં મતદાન કરીએ છીએ. અમારી મદદ કરવા કોઈ આવ્યું નથી, કોઈ પક્ષ આવ્યું નહીં. પરંતુ AAPએ સારું કામ કર્યું છે. પાણી ફ્રી, બિજલી ફ્રી આપી છે.

મુસ્તકીમનો પરિવાર પણ આ સ્થળ પર ખુલ્લામાં રહે છે, તેણે કહ્યું કે, નરેન્દ્ર મોદીજીએ 'જહાં ઝુગગી વહા મકાન' કહ્યું હતું. અહીં કોઈ ઝુગ્ગી નથી, કોઈ ઘર નથી. કાઉન્સિલર અને ધારાસભ્ય પ્રવીણકુમારે કોર્ટ કેસમાં અમને મદદ કરી. હવે અમે માત્ર તેમના પર આશા રાખી શકીએ છીએ.

લોકસભા ચૂંટણી માટે AAPએ દક્ષિણ દિલ્હીથી સાહી રામ પહેલવાનને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે ભાજપના ઉમેદવાર રામવીરસિંહ બિધુરી છે. પૂર્વ દિલ્હીમાં AAPના ચૂંટાયેલા કુલદીપકુમાર ભાજપના હર્ષ મલ્હોત્રા સામે છે. આ વર્ષની શરૂઆતમાં AAP નેતાઓએ દાવો કર્યો હતો કે, ભાજપ દિલ્હીમાં ઝૂંપડપટ્ટીઓ તોડી પાડવા માંગે છે. AAP મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું હતું કે, ભાજપ પરિવારોને બરબાદ કરી રહી છે. બીજેપીએ કહ્યું છે કે, AAP સરકારે કેન્દ્રની આવાસ યોજનાઓનો લાભ ગરીબો સુધી પહોંચવા દીધો નથી.

AAPના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે, આ જમીન દિલ્હી સરકાર હેઠળ આવતી નથી પરંતુ કેન્દ્રના નિયંત્રણ હેઠળની એજન્સીઓ આવતી હોવાથી તોડી પાડવાની ઝુંબેશ માટે ભાજપ સીધી રીતે જવાબદાર છે. ભાજપે બતાવ્યું છે કે, તે ગરીબ વિરોધી છે. તેમના કારણે ઘણા લોકો બેઘર થઈ ગયા. અમે લોકોને શક્ય હોય તે રીતે મદદ કરવાનો પ્રયાસ કર્યો છે પરંતુ સંસદે GNCTD (સુધારો) કાયદો પસાર કર્યો ત્યારથી અધિકારીઓ છેલ્લા એક વર્ષથી અમને સહકાર આપતા નથી.

દિલ્હી બીજેપીના અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે, દરેક ભારતીયના માથા પર છત હોય તે સુનિશ્ચિત કરવાનું મોદીનું સપનું છે અને ભાજપ તે વિઝન માટે પ્રતિબદ્ધ છે. જે અતિક્રમણ વિરોધી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે તે કોર્ટના આદેશો અને સમયાંતરે આવેલા નિર્દેશો અનુસાર છે. બીજેપી પ્રતિબદ્ધ છે કે, જે દિવસે તે દિલ્હીમાં સત્તા પર આવશે, ત્યારે કેન્દ્રના માર્ગદર્શન હેઠળ તેની ડબલ એન્જિન સરકાર, જરૂરિયાતમંદોને ભોજન પૂરૂં પાડશે અને એ સુનિશ્ચિત કરશે કે દરેક જરૂરિયાતમંદને તેમના માથા પર પોતાની છત હોય.

### ગેંગે ૧૪ બાળકો ખરીદ્યા અને વેચ્યા

# બાળકોની હેરફેર કરતી ગેંગના ૭ સભ્યોની ધરપકડ કરાઈ

## ધરપકડ કરાયેલા ૭ આરોપીઓ ઉપરાંત વધુ ૩ લોકોની અટકાયત કરીને પૂછપરછ કરવામાં આવી રહી છે

(એજન્સી) મુંબઈ, તા.૨૯

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ યુનિટે બાળકો વેચતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ટોળકી મહારાષ્ટ્ર ઉપરાંત તેલંગાણા, આંધ્રપ્રદેશ અને અન્ય શહેરોમાં બાળકોનું વેચાણ કરતી હતી. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ ૨ આ કેસમાં અત્યાર સુધીમાં ૭ લોકોની ધરપકડ કરી ચૂકી છે. તેમજ વેચાયેલા બે બાળકોને બચાવી લીધા હતા. ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી રાગસુધા આરના જણાવ્યા અનુસાર, તેમને માહિતી મળી હતી કે વિક્રોલીની રહેવાસી કાંતા પેડનેકર નામની મહિલાએ તેના ૫ મહિનાના બાળકને શીતલ વારે નામની મહિલાને વેચી દીધું છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે જ્યારે શીતલ વારેને શોધીને તેની પૂછપરછ કરી તો સામે આવ્યું કે, શીતલે એક બાળક નહીં પરંતુ ૫ બાળકો વેચ્યા છે. જ્યારે કાંતા પેડનેકરનું બાળક ડોક્ટરને વેચી દેવામાં આવ્યું છે. માહિતી મળ્યા બાદ ક્રાઈમ બ્રાન્ચે સંજય સોપાન રાવ નામના ડોક્ટરની ધરપકડ કરી હતી. જ્યારે તેની પૂછપરછ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે તેણે બાળક અન્ય વ્યક્તિને ૨ લાખ રૂપિયામાં વેચી દીધું હતું. આ મામલે ક્રાઈમ બ્રાન્ચની ટીમે વધુ તપાસ કરી તો જાણવા મળ્યું કે આ ટોળકીએ અત્યાર સુધીમાં કુલ ૧૪ બાળકો વેચી દીધા છે. વેચવામાં આવેલા બાળકોની ઉંમર લગભગ ૮




મહિનાથી ૨ વર્ષ સુધીની છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધીમાં આ ગેંગના ૭ લોકોની ધરપકડ કરી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે અત્યાર સુધીમાં રત્નાગીરી અને મલાડમાંથી બે બાળકોને બચાવ્યા છે. તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને જાણવા મળ્યું કે આ એજન્ટો ફર્ટિલિટી હોસ્પિટલોમાં કામ કરે છે. જેના કારણે કોને બાળકની જરૂર છે તેની માહિતી તેઓ સરળતાથી મેળવી લે છે. ડીસીપી રાગસુધા આરના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં ૧૪ બાઈક વેચાઈ હોવાની માહિતી મળી છે. અમે તપાસ કરી રહ્યા છીએ અને વધુ બાળકો વેચાય તેવી અપેક્ષા છે. આ લોકો ૮૦ હજારથી ૪ લાખ રૂપિયામાં બાઈક વેચતા હતા. જે બે બાળકોને બચાવી લેવાયા છે. તે ૨.૫ લાખ અને ૨ લાખ રૂપિયામાં વેચાયો હતો. વિક્રોલી પોલીસે આ મામલે પોક્સો એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. ધરપકડ કરાયેલા ૭ આરોપીઓ ઉપરાંત વધુ ૩ લોકોની અટકાયત કરીને પૂછપરછ કરવામાં આવી રહી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં વંદના અમિત પવાર, શીતલ ગણેશ વારે, સ્નેહા યુવરાજ સૂર્યવંશી, નસીમા હનીફ ખાન, લતા નાનાભાઈ સુરવાડે, શરદ મારુતિ દેવાર, ડૉ. સંજય સોપાનરાવ ખંડારેનો સમાવેશ થાય છે. પકડાયેલા આરોપીઓએ નવજાત શિશુઓને તેમના દલાલો દ્વારા તેલંગાણા, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રના વિવિધ જિલ્લાઓ અને રાજ્યોમાં વેચી દીધા હતા.

# અનામત રદ કરવા બાબતે અમિત શાહના છેડછાડ કરાયેલા વીડિયો અંગે ભાજપે FIR દાખલ કરાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

રવિવારના રોજ દિલ્હી પોલીસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના સંપાદિત કરાયેલ વીડિયો પર ફરિયાદમાં FIR નોંધી ભાજપે આરોપ લગાવ્યો કે, શાહનું અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત રદ કરવાનું વચન આપતો વીડિયો નકલી છે.

ભાજપે આક્ષેપ કર્યો હતો કે, અસલ વીડિયો તેલંગાણામાં મુસ્લિમો માટે ૪ ટકા ગેરબંધારણીય અનામત હટાવવાની ચર્ચા કરતાં અમિત શાહનો હતો, અને તાજેતરમાં લોકસભા ચૂંટણીની રેલી દરમિયાન, મુસ્લિમ અનામતને સમાપ્ત કરવાની હિમાયત કરતા કેન્દ્રીય ગૃહમંત્રીને ખોટી રીતે દર્શાવવા માટે તે સંપાદિત કરવામાં આવ્યો હતો.

ફરિયાદોને પગલે દિલ્હી પોલીસે ટ્વિટર અને ફેસબુકને પત્ર લખીને આ છેડછાડ કરેલ વીડિયો પોસ્ટ કરનારના એકાઉન્ટ વિશે માહિતી માંગી હતી.

કોંગ્રેસના રાજ્ય એકમોના સત્તાવાર હેન્ડલ્સ સહિત કેટલાક સોશિયલ મીડિયા હેન્ડલ્સે વીડિયો શેર કર્યો છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભાજપ SC/ST અનામતને સમાપ્ત કરવાની તૈયારી કરી રહ્યું છે.

રવિવારે આવી જ એક પોસ્ટમાં, ઝારખંડ કોંગ્રેસે ટ્વિટ કર્યું, અમિત શાહનું ચૂંટણી ભાષણ વાયરલ થયું હતું જેમાં તેમણે કહ્યું હતું કે, જો ફરીથી ભાજપની સરકાર બનશે, તો OBC અને SC/ST અનામત નાબૂદ કરવામાં આવશે.



ભાજપના નેતા અમિત માલવિયાએ શનિવારના દિવસે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ એક સંપાદિત વીડિયો ફેલાવી રહી છે, જે સંપૂર્ણ રીતે નકલી છે અને તેમાં મોટા પાયે હિંસા થવાની સંભાવના છે. ગૃહમંત્રી અમિત શાહે મુસ્લિમોને અપાયેલ ગેરબંધારણીય અનામતને દૂર કરવાની વાત કરી હતી.

ભાજપના એક વરિષ્ઠ નેતાએ ઈન્ડિયા ટુડેને જણાવ્યું હતું કે, અમને દેશના જુદા જુદા ભાગોમાંથી ફરિયાદો મળી રહી છે અને અમે ખાતરી કરીશું કે આ તમામ ફરિયાદોની FIR દાખલ કરવામાં આવે. ૨૦૨૩ માં તેલંગાણામાં વિધાનસભાની ચૂંટણીના ભાગરૂપે, અમિત શાહે તેલંગાણામાં ૪ ટકા મુસ્લિમ અનામત ગેરબંધારણીય હોવાનો આક્ષેપ કર્યો હતો અને વચન આપ્યું હતું કે, જો રાજ્યમાં સત્તા પર આવશે, તો ભાજપ આ અનામતને સમાપ્ત કરશે અને ફરીથી SC, ST અને OBC માટે ફાળવણી કરશે.

# અમિત શાહના ચેડાં કરેલા વીડિયો મામલે તેલંગાણાના મુખ્યમંત્રીને દિલ્હી પોલીસનું સમન્સ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

સોશિયલ મીડિયામાં વાયરલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નકલી વીડિયોના કેસમાં દિલ્હી પોલીસે તેલંગાણાના મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા રેવંત રેડ્ડીને સમન્સ પાઠવ્યું છે. દિલ્હી પોલીસે પહેલી મેના રોજ તેમને હાજર રહેવાનું જણાવ્યું છે. આ દરમિયાન પોલીસે તેમને પોતાનો મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ પણ સાથે લાવવા કહ્યું છે. આ કેસમાં પોલીસે આસામના એક શખ્સની પણ ધરપકડ કરી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, નકલી વીડિયો શેર કરવા મામલે કોંગ્રેસના કેટલાક નેતાઓ સહિત પાંચ અન્ય લોકોને પણ દિલ્હી પોલીસ બોલાવશે. ઉલ્લેખનીય છે કે, ગૃહ મંત્રાલય અને ભાજપ દ્વારા આ મામલે દિલ્હી પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે, કેટલાક લોકો દ્વારા સમાજમાં વૈમનસ્ય ઊભું કરવાના બદઈરાદે વીડિયોમાં છેડછાડ કરી તેને મીડિયા પર શેર કરાયો છે. આ કારણે શાંતિ વ્યવસ્થા ડહોળાવાની સંભાવના છે. દિલ્હી પોલીસે તેલંગાણાના મુખ્યમંત્રી નોટિસ પાઠવીને મોબાઈલ ફોન પણ સાથે લાવવા આદેશ આપ્યો છે. હાલ દિલ્હી પોલીસની ટીમ હૈદરાબાદમાં છે. આ મામલે કોંગ્રેસના કેટલાક નેતાઓ અને અન્ય પાંચ લોકોને પણ નોટિસ



અપાશે. ઉલ્લેખની છે કે, તાજેતરમાં જ ગૃહમંત્રીનો એડિટેડ કરેલો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો, જે મામલે પોલીસે આ કાર્યવાહી કરી છે. દિલ્હી પોલીસ જે પાંચ લોકોનો નોટિસ મોકલવાની છે, તેમની પાસેથી એ જાણવાનો પ્રયાસ કરશે કે એડિટેડ વીડિયો કોણે બનાવ્યો અને તે વીડિયોને કોણે વાયરલ કર્યો. આ પાંચેય લોકો તેલંગાણા સાથે સંકળાયેલા છે.

### હરસિમરત કૌર બાદલ માટે પ્રચાર કરી રહી હતી

# શિરોમણી અકાલી દળના કાર્યક્રમમાં કાર્યકરોની વચ્ચે મારામારી થઈ

## એકબીજા ઉપર ખુરશીઓ ફેંકી, હંગામા બાદ હરસિમરત કૌર બાદલે કાર્યક્રમ રદ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

પંજાબના ભટિંડામાં શિરોમણી અકાલી દળના એક કાર્યક્રમમાં પાટી કાર્યકર્તાઓ એકબીજા સાથે ઘર્ષણમાં પડ્યા હતા. થોડી જ વારમાં મામલો એટલો વધી ગયો કે બંને પક્ષોએ એકબીજા પર ખુરશીઓ મારવાનું શરૂ કર્યું. ભટિંડાના એક ખાનગી રિસોર્ટમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અકાલી દળના અનેક વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે, જેમાં પાટીના કાર્યકરો એકબીજા પર ખુરશી ફેંકતા જોવા મળે છે. તે જ સમયે, ઘટના બાદ સમગ્ર રિસોર્ટમાં અફરા-તફરી મચી ગઈ હતી. સ્થળ પર હાજર સુરક્ષાકર્મીઓએ મોટી મુશ્કેલીથી આગેવાનોને બહાર કાઢ્યા હતા. ભટિંડા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. મળતી માહિતી મુજબ, આ કાર્યક્રમમાં હરસિમરત કૌર બાદલ પણ આવવાના હતા, પરંતુ તેઓ કાર્યક્રમમાં હાજર ન થાય તે પહેલા જ વિવાદ સર્જાયો હતો. જેના કારણે કાર્યક્રમ મોકૂફ રાખવો પડ્યો હતો. મળતી માહિતી મુજબ શિરોમણી અકાલી દળની યુવા પાંખના નેતાઓએ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં



તેઓ SAD ઉમેદવાર હરસિમરત કૌર બાદલ માટે પ્રચાર કરી રહ્યા હતા. આ દરમિયાન બંને પક્ષો વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. વિવાદ એટલો વધી ગયો કે સ્ટેજ પાસે હાજર બંને પક્ષોએ એકબીજા પર ખુરશીઓ ફેંકવાનું શરૂ કરી દીધું. તમને જણાવી દઈએ કે પંજાબની ૧૩ લોકસભા સીટો માટે ૧ જૂનના રોજ મતદાન થશે.

### IBની ધમકીના રિપોર્ટ બાદ ગૃહ મંત્રાલયનો મોટો નિર્ણય

# EDની તમામ ઓફિસમાં CISF તૈનાત કરાશે

## શરૂઆતમાં CISFને કોલકાતા, રાંચી, રાયપુર, મુંબઈ, જલંધર, જયપુર અને કોચીની ઓફિસમાં તૈનાત કરવામાં આવશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ તાજેતરમાં કૌભાંડ સંબંધિત મામલામાં તેની કાર્યવાહી તેજ કરી છે, જેના કારણે રાજકીય પક્ષોના સમર્થકો દ્વારા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ટીમ પર પણ હુમલો કરવામાં આવ્યો છે. હવે, સતત વધી રહેલી પ્રવૃત્તિ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ધમકીને ધ્યાનમાં રાખીને, CISF ને નિયમિત ટીમ સાથે તૈનાત કરવામાં આવશે. ગૃહ મંત્રાલય સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની સતત વધી રહેલી ગતિવિધિ અને ટીમ માટેના ખતરાને ધ્યાનમાં રાખીને, CISFને દેશભરમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કાર્યાલયોમાં નિયમિતપણે તૈનાત કરવામાં આવશે. કહેવામાં આવી રહ્યું છે કે છેલ્લા કેટલાક દિવસોમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઓફિસ અને તેના અધિકારીઓ પર વધી રહેલા ખતરાને જોતા અને IBના ધમકીના રિપોર્ટના આધારે ગૃહ મંત્રાલયે આ નિર્ણય લીધો છે.માહિતી અનુસાર, શરૂઆતમાં




CISF દળોને કોલકાતા, રાંચી, રાયપુર, મુંબઈ, જલંધર, જયપુર, કોચી તેમજ અન્ય સ્થળોએ સ્થિત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઓફિસમાં તૈનાત કરવામાં આવશે.તમને જણાવી દઈએ કે જાન્યુઆરીમાં પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં એક ટોળાએ ઈડીની ટીમ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના ઘણા સભ્યો ઘાયલ થયા હતા. આ ઘટના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાંથી નોંધાઈ હતી, જ્યાં અધિકારીઓ, અર્ધલશ્કરી દળો સાથે, કથિત રાશન વિતરણ કૌભાંડના સંબંધમાં સ્થળોએ દરોડા પાડવા ગયા હતા. ટીમ જ્યારે તૃણમૂલ કોંગ્રેસના નેતા શાહજહાં શેખના ઘર નજીક પહોંચી ત્યારે હુમલો કરવામાં આવ્યો.

# ગીર સોમનાથમાં ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલા સામેનો વિરોધ જારી : 'કમલ કા ફૂલ હમારી ભૂલ'ના નારા લગાવાયા



**ઉના અને સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ વિરૂદ્ધ મતદાનના શપથ લેવાયા**

વેરાવળ, તા.૨૯
ક્ષત્રિય સમાજનો પ્રથમ રૂપાલા સામેનો રોષ હવે પાર્ટ ટુમાં ભાજપ સામે પણ જોવા મળી રહ્યો છે. ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ વિરૂદ્ધ આંદોલન પાર્ટ ટુ શરૂ કરવામાં આવ્યું છે ત્યારે ગીર સોમનાથ જિલ્લામાં પણ આંદોલનની અસર જોવા મળી રહી છે. જિલ્લાના ઉના અને સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ક્ષત્રિય સમાજના સમુદાય દ્વારા ભાજપ વિરૂદ્ધ મતદાનના શપથ લેવામાં આવ્યા હતા. તો રૂપાલા હાય હાય...કમલ કા ફૂલ હમારી ભૂલના નારા પણ લગાવવામાં આવ્યા હતા. રાજકોટ લોકસભાના ઉમેદવાર પુરષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમુદાય વિશે કરાયેલ વિવાદિત નિવેદનના કારણે ક્ષત્રિય સમાજમાં ઉઠેલો રોષ દિન-પ્રતિદિન ઘેરો બની રહ્યો છે. પ્રથમ પુરષોત્તમ રૂપાલાની ઉમેદવારી પરત ખેંચાયની માંગ ન સંતોષાતા ક્ષત્રિય સમાજે હવે ભાજપ સામે જ મોરચો માંડી દીધો છે. આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપ વિરૂદ્ધ મતદાનનું એલાન કરી દેવામાં આવતા ઠેર-ઠેર ક્ષત્રિય સમાજનો ભાજપ સામેનો આક્રોશ જોવા મળી રહ્યો છે. ક્ષત્રિય સમાજના ભાજપ સામેના આંદોલનની અસર ગીર સોમનાથ જિલ્લામાં પણ જોવા મળી છે. ઉના તાલુકના કણકબરડા ગામે અને સુત્રાપાડાના મોરાસા ગામે ક્ષત્રિય સમુદાય દ્વારા એકઠા થઈ જાહેરમાં ભાજપ વિરૂદ્ધ મતદાનના સામૂહિક શપથ લેવામાં આવ્યા હતા તો સુત્રાપાડાના મોરાસામાં તો કોંગ્રેસને મતદાન કરવાનું જાહેર કરાયું હતું અને આક્રોશભેર રૂપાલા હાય હાય... અને કમલ કા ફૂલ હમારી ભૂલના સૂત્રોચ્ચાર પણ કરાયા હતા. ક્ષત્રિય સમાજનું ભાજપ સામેનું આક્રમક વલણ ભાજપના ઉમેદવાર માટે જોખમ ઊભું કરી દીધું હોવાનું રાજકીય વર્તુળમાં ચર્ચાઈ રહ્યું છે.

# વીરપુરમાં ક્ષત્રિય સમાજના યુવાનોએ રૂપાલાનો વિરોધ કરતા અટકાયત



(તસવીર : નબીજી શેખ, વિરપુર)

વીરપુર, તા.૨૯
મહિસાગર જિલ્લાના વિરપુર ખાતે પુરૂસોત્તમ રૂપાલાનો વિરોધ જોવા મળ્યો હતો વિરપુર તાલુકાના ક્ષત્રિય સમાજના યુવાનો એકા એક બસ સ્ટેન્ડ સામેના જાહેર માર્ગ પર આવી રૂપાલા વિરૂદ્ધ વિરોધ દર્શાવ્યો હતો જો કે પંચમહાલ લોકસભાના ભાજપના ઉમેદવાર રાજપાલસીંહ જાદવનુ વિજય વિશ્વાસ સંમેલન વીરપુરના હાંડીયા ગામે યોજાવાનું હતું એજ સમયે ક્ષત્રિય સમાજના યુવાનો એકા એક રસ્તા પર ઉતરી આવ્યાં હતાં અને રૂપાલા વિરૂદ્ધ નારા લગાવી ચક્કાજામ કર્યો હતો જોકે વિરપુર પોલીસને જાણ થતાં સ્થળ પર દોડી આવી હતી તમામ યુવાનોને ડીટેન કર્યા હતા જોકે ભાજપનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તમામ યુવાનોને છોડી દેવામાંઆવ્યા હતા.

### વિસાવદર પંથકનો પરિવાર દીકરીના કંકુ પગલાં ભરી પરત ફરતો હતો

# બગસરામાં બસ પલટી જતાં બે વર્ષીય બાળા સહિત બેનાં મોત, ૧૭ જેટલા ઈજાગ્રસ્ત

અમરેલી, તા.૨૯
બગસરામાં ખાનગી સિટી રાઇડ બસ પલટી મારી જતા એક બાળકી અને મહિલા સહિત બેના ગંભીર ઈજા થવાથી કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા જ્યારે અન્ય ૧૬થી ૧૮ લોકોને નાની-મોટી ઈજાઓ તથા સારવારમાં ખસેડ્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ વિસાવદર તાલુકાના ઈશ્વરીયા માંડાવડ ગામે રહેતા અને ખેતી કામ કરતા ભરતભાઈ ગોબરભાઈ વઘાસિયા પોતાની દીકરીના ગઈકાલે સગાઈ થયેલ હોય જેના કંકુ પગલા કરવા માટે વિસાવદરની ખાનગી બસમાં ભરતભાઈનો પરિવાર તેમજ સગા સંબંધીઓ સહિત ૧૮ લોકો સીટી રાઈડ બસમાં બેસી અમરેલી વેવાઈને ત્યાં આવેલા હતા અને કંકુ પગલા કરી બપોરનો જમણવાર પતાવી પરત પોતાના સગા વ્હાલાઓ સાથે ઈશ્વરીયા ગામે રવાના થયેલા હતા બપોરના સમયે બગસરા બાયપાસ જેતપુર રોડ ઉપર પહોંચતા બસના ડ્રાઈવર અશોકભાઈ રવજીભાઈ જાદવ એ સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી જતા બસ પલટી મારી ગઈ હતી જેથી બસમાં બેસેલ લોકોને ઈજાઓ થવા પામી હતી જેમાં ગીતાબેન હસમુખભાઈ રૂડાણી રહેવાસી બરડીયા અને આહનાબેન હિરેનભાઈ રૂડાણી (ઉંમર વર્ષ ૨)નાં ઘટનાસ્થળે કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા જ્યારે અન્ય ૧૬થી ૧૭ જણાને નાની મોટી ઈજાઓ થયા બગસરા અને રાજકોટ જૂનાગઢ ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા. આ બનાવ અંગે ભરતભાઈ ગોબરભાઈ વઘાસીયા એ સીટી બસ ના ડ્રાઈવર અશોકભાઈ રવજીભાઈ જાદવ સામે બગસરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ભાજપના અમરેલીના પ્રભારી એવા ભુપેન્દ્રસિંહ ચુડાસમા બગસરામાં જ કાર્યક્રમ હતો ત્યારે આ અકસ્માત અંગેની જાણ થતા તેઓ ઘટનસ્થળે પહોંચી ગયા હતા અને ઈજાગ્રસ્ત લોકોને સારવારમાં ખસેડવા અંગેની કામગીરી કરી હતી અને માનવતાનું મોટું ઉદાહરણ પણ ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પૂરૂં પાડ્યું હતું.

### વિસાવદર પોલીસમાં યુવતી સામે ગુનો દાખલ

# પ્રેમસંબંધ અંગે માતાએ સમજાવતા દીકરીએ સગી જનેતાને લોખંડની પાઈપથી ફટકારી

જૂનાગઢ, તા.૨૯
અમરેલી જિલ્લાના રાજુલા ખાતે રહેતા બીનાબેન રાજુભાઈ દાફડા (ઉ.વ.૩૮) નામના મહિલા ૨૭ એપ્રિલના રોજ તેના વિસાવદર ખાતે રહેતા સસરાના ઘરે આવ્યા હતા. દીકરી માનસી સાસુ સાથે રહેતી હોય અને ભાવનગરના અજાણ્યા છોકરા સાથે પ્રેમસંબંધ હોય જેથી તેણીને પાંચ મહિનાથી બીનાબેન સમજાવતા હોય પરંતુ દીકરી માનતી ન હતી અને ફરી તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો અને આપણે બંને માતા દીકરી આવતીકાલે રાજુલા જતા રહીએ અથવા તારે મારી સાથે આવવું ન હોય તો હું તને શિશુ મંગલમાં મોકલી આપુ તેમ કહેતા જેનાથી ઉશ્કેરાઈ જઈને માનસીએ સગી જનેતા ઉપર પાછળથી લોખંડના પાઈપ વડે હુમલો કરતા માથામાં ઈજા થવાથી બીનાબેનને વિસાવદર સરકારી દવાખાનામાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે વિસાવદર પોલીસે મહિલાની ફરિયાદ લઈ તેની દીકરી સામે કાર્યવાહી કરી હતી.

### દંપતી મુંબઈ ગયા હોવાથી વૃદ્ધ ઘરે એકલા હતા

# અંકલેશ્વરના જૂના દીવા ગામે ૭૨ વર્ષીય વૃદ્ધની તસ્કરોએ હત્યા કરી

### યાકુબ મહંમદ ઝીણા પોતાની પુત્રીના ઘરે આવ્યા હતા, તિજોરીનો સામાન વેરવિખેર જોવા મળ્યો



અંકલેશ્વર, તા.૨૯
અંકલેશ્વર તાલુકાના જુના દીવા ગામે ૭૨ વર્ષીય વૃદ્ધની ચોરી કરવા આવેલા તસ્કરોએ હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. ઘટનાના પગલે ભરૂચ એસપી અને ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવી તપાસ શરૂ કરી હતી. અંકલેશ્વર જુના દીવા ગામના વશી ફળિયામાં પુત્રી-જમાઈના ઘરે રહેવા આવેલા ૭૨ વર્ષીય વૃદ્ધની કરપીણ હત્યા કરવામાં આવી હોવાની ચકચારી ઘટના સામે આવી છે. મૂળ જુના દીવા ગામના અને હાલ ભરૂચ ખાતે રહેતા ૭૨ વર્ષીય યાકુબ મહંમદ ઝીણા જુના દીવા ગામે પોતાની પુત્રીના ઘરે આવ્યા હતા. પોતાની પુત્રી અને જમાઈ તેના માતા પિતા કેનેડા જવાના હોવાથી મુંબઈ ખાતે તેમને એરપોર્ટ છોડવા માટે બે દિવસથી ગયા હતા. તે દરમિયાન ગત રાત્રીના તેમના ઘરે ચોરી કરવાના ઈરાદે આવેલા અજાણ્યા ઈસમોએ યાકુબ ઝીણાની હત્યા કરી ફરાર થઈ ગયા હતા. હત્યા અંગેની જાણ થતાં જ ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા, અંકલેશ્વર ડીવાયએસપી ડો. કુશલ ઓઝા સહિત શહેર એ ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે ડોગ સ્કોર્ડની મદદ વડે હત્યારાઓને પગેરૂં મેળવવાની તજવીજ હાથ ધરી છે, ત્યારે હાલ તો ચોરીના ઈરાદે યાકુબ ઝીણાની હત્યા કરી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાઈ રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પુત્રી-જમાઈ મુંબઈ ગયા હોવાથી યાકુબ ઝીણા ઘરમાં એકલા હતા. તે દરમિયાન ઘટના બની હતી. ઘટના જોતા તિજોરીમાં મુકેલ સામાન વેર વિખેર પડેલો નજરે પડે છે. ત્યારે ખરેખર ચોરી થઈ છે તો કેટલા થઈ છે. તે અંગે દીકરી-જમાઈ આવ્યા બાદ જ માલુમ પડશે. વધુમાં યાકુબ ઝીણા મૂળ જુના દીવાના જ હોવાથી કોઈએ અંગત અદાવત કે પછી કોઈ કારણોસર હત્યા થઈ છે કે કેમ તે અંગે પણ પોલીસ દ્વારા તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા સાયન્ટિફિક રીતે, ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સ અને એફ.એસ.એલ તેમજ ડોગ સ્કોર્ડની મદદથી તપાસ શરૂ કરી છે.

# અંકલેશ્વરમાં સરકારી કર્મચારીઓએ પોસ્ટલ બેલેટ થકી મતદાન કર્યું



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૨૯
ભરૂચ જિલ્લામાં ચૂંટણીની કામગીરીમાં જોડાયેલ સરકારી કર્મચારીઓને મતદાન કરવા બેલેટ પેપરનો ઉપયોગ કરાયો છે ત્યારે અંકલેશ્વરની એસવીએમ સ્કૂલ ખાતે કર્મચારીઓએ પોસ્ટલ બેલેટ થકી મતદાન કર્યું હતું. અંકલેશ્વરની એસવીએમ સ્કૂલ ખાતે લોકસભા ચૂંટણીની કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓ માટે બેલેટ પેપર દ્વારા મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અંકલેશ્વરના મદદનીશ ચૂંટણી અધિકારી તેમજ પ્રાંત અધિકારી બી.એ જાડેજા, મામલતદાર કરણસિંહ રાજપૂત, હાંસોટના મામલતદાર આર.ડી.વસાવા, અંકલેશ્વરના તાલુકા વિકાસ અધિકારી મયુરીબેન ગાઈન, નગરપાલિકાના ચીફ ઓફિસર કેશવ કોલડિયા અને એટીવીટી સુપરવાઈઝર અભય પટેલ ની ઉપસ્થિતિમાં બેલેટ પેપર દ્વારા મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને મતદાન કરવા આવતા કર્મચારીઓને કુમકુમ તિલક કરી સ્વાગત કરાયું હતું. ચૂંટણી વિભાગ દ્વારા બે મતકુટીર બનાવવામાં આવી હતી જેમાં સરકારી કર્મચારીઓએ પોસ્ટલ બેલેટ પેપર થકી પોતાનો મત આપ્યો હતો.

# રંઘોળા નજીક ઈકો - મીની ટેમ્પો વચ્ચે એક વ્યક્તિનું મોત, પાંચને ઈજા

ભાવનગર, તા.૨૯
ભાવનગર જિલ્લાના રંઘોળા ગામ નજીક આવેલ ભૂતિયા ગામના પાટિયા પાસે ઈકો કાર અને છોટા હાથી મીની ટેમ્પા વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું, જ્યારે ચારથી પાંચ જેટલી વ્યક્તિને નાની મોટી ઈજા પહોંચતા તમામને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.
અકસ્માતના આ બનાવ અંગે પ્રાપ્ત પ્રાથમિક વિગત મુજબ ભાવનગર જિલ્લાના રંઘોળા ગામ નજીક આવેલ ભૂતિયા ગામના પાટીયા પાસે આજે ઈકો કાર અને છોટા હાથી મીની ટેમ્પા વચ્ચે અકસ્માત સર્જાતા છોટા હાથી ટેમ્પો પલટી ખાઈ ગયો હતો. અકસ્માતની આ ઘટનામાં ગંભીર ઈજા થવાથી ઘનશ્યામભાઈ નામના વ્યક્તિનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળેલ છે.
અકસ્માતની આ ઘટનાના પગલે સ્થાનિક લોકો બનાવ સ્થળે દોડી ગયા હતા અને પોલીસ તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા ત્રણ ૧૦૮ એમ્બ્યુલન્સ બનાવ સ્થળે દોડી ગઈ હતી અને બનાવમાં ઈજા પામેલ સંજય હીરાભાઈ ઘોડાસરા, દેવસ્થ સંજયભાઈ ઘોડાસરા, રિઝવાન ઈબ્રાહીમભાઈ ઈંગોરા સહિતનાને સારવાર અર્થે તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા. અકસ્માતની આ ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગોઠડા ખાતે નશામાં ધૂત એસટી ડ્રાઈવર દ્વારા બસ હંકારવામાં આવતા અટકાયત

### મુસાફરોના જીવ જોખમમાં મૂકનાર ડ્રાઈવર પાસે લાઈસન્સ પણ નહોતું

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨૯
વડોદરા પાસે સાવલીમાં એસટી બસ ડ્રાઈવરના ચાલવાના ય ઠેકાણા ન હતા, છતાં તેણે મુસાફરો ભરેલી બસ હંકારી હતી. સમગ્ર મામલે જાગૃત મુસાફરે પોલીસને જાણ કરતા જવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને ચાલકની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સૌથી મોટી વાત તો એ છે કે, સરકારી બસ ચાલક પાસે પોતાનું લાયસન્સ પણ ન હતું.
સાવલી પોલીસ મથકમાં એએસઆઈ અરવિંદભાઈ ભયલાલભાઈએ નોંધાવેલી ફરિયાદ અનુસાર પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન આવ્યો હતો. જેમાં જાણ થઈ કે સરકારી બસનો ડ્રાઈવર દારૂ પીને ચલાવે છે. જે બાદ આ વાતની જાણ કરતા પોલીસ જવાનો ગોઠડા ગામે બસ સ્ટેન્ડ પર પહોંચ્યા હતા. ત્યાં જઈને જોતા બસ ચાલક અને કંડક્ટર ખાખી વર્ધીમાં ઉભેલા હતા. બસ ડ્રાઈવર રણજીતસિંહ બળવંતસિંહ ઝાલાએ હંકારી હોવાનું જણાવ્યું હતું. અને તેના મોઢામાંથી કેફી પીણુ પીધુ હોવાની વાસ આવતી હતી.
જે બાદ તેની પૂછપરછ કરવામાં આવતા તેણે તોતડાડી જીભે જવાબ આપ્યા હતા. તેની આંખો નશાની હાલતમાં લાલચોળ જણાતી હતી. તેના ચાલવાના પણ હોશ ન હતા. પોલીસે તેની પાસે કેફી પીણું પીવા અંગેની પરમીટ માંગતા તે આપી શક્યો ન હતો. આટલું તો ઠીક પોલીસ દ્વારા તેની પાસે લાઈસન્સ માંગતા તે પણ તેની પાસે નહિ હોવાનું તેણે જણાવી દીધું હતું. આખરે પોલીસ દ્વારા બસ ડ્રાઈવરની અટકાયત કરવામાં આવી હતી.
અત્રે નોંધનીય છે કે, બસના મુસાફરની જાગૃતતાના કારણે તમામ મુસાફરો સલામત રીતે અન્ય બસમાં ખસેડાયા હતા. અને બેજવાબદાર વર્તન કરનાર સરકારી બસના ચાલક સામે કાર્યવાહી થઈ શકી હતી.

# મોડાસાના શામપુરના ડુંગરમાં માઈન્સની કામગીરી બંધ કરવા કલેક્ટરને આવેદન

મોડાસા, તા.૨૯
મોડાસા તાલુકાના દાવલી ગ્રામપંચયાતની હદમાં દાવલી-શામપુર ગામના ડુંગર નજીક બે ક્વોરીમાં સતત બ્લાસ્ટ કરી દિવસ-રાત ખનિજ ખનન થતું હોવાથી આજુબાજુના મકાનોમાં ભારે નુકસાન થવાની સાથે સમગ્ર વિસ્તારમાં ભારે પ્રદૂષણ ફેલાતા હવા અને પાણી પ્રદૂષિત બનતા અને મોર સહિત વન્ય પ્રાણીઓ-પક્ષીઓ મરી રહ્યા છે નજીકના બોર કૂવા અને તળાવોનું પાણી પ્રદૂષિત થતાં લોકોના આરોગ્ય સામે અનેક સવાલ પેદા થતાં અને ખેતીને ભારે નુકસાન થતાં બંને ક્વોરીમાં યુદ્ધના ધોરણે ખનીજ ખનન બંધ કરાવવાની માંગ સાથે શામપુર, દાવલી સહિત આજુબાજુના ગામના અગ્રણીઓએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી. શામપુર-દાવલી ગામના અગ્રણીઓએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી શામપુર-દાવલી ગામના ડુંગરમાં ખનિજનું ખનન કરતી બંને ક્વોરમાં થતાં સતત બ્લાસ્ટથી માનવ જીવનને ભારે નુકશાન થઈ રહ્યું હોવાથી બંધ કરવામાં આવેની માંગ કરી હતી. ક્વોરીમાં થતાં બ્લાસ્ટથી સમગ્ર વિસ્તાર પ્રદૂષિત બન્યો છે ક્વોરીની આજુબાજુમાં રહેતા લોકો સતત શ્વાસની બીમારી સહિત ગંભીર બિમારીનો ભોગ બની રહ્યા છે. હવા અને પાણી પ્રદૂષિત બન્યા છે ખેતીને ભારે નુકસાન થઈ રહ્યું છે ખનીન વાહન કરતા ડમ્પરોના ડ્રાઈવર દારૂના નશામાં બેફામ વાહન હંકારતા અકસ્માતનો સતત ભય રહે છે ક્વોરી માલિકોએ ક્વોરીની આજુબાજુની જમીન પણ ગેરકાયદેસર પડાવી લીધી હોવાનો આક્ષેપ આવેદનમાં કર્યો છે. ક્વોરી તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવેની માંગ કરી પ્રજાજનોને ન્યાય અપાવવા માંગ કરી હતી.

# ધોળકામાં ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓએ બેલેટ પેપર દ્વારા મતદાન કર્યું

ધોળકા, તા.૨૯
૧૭-ખેડા સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૫૮-ધોળકા વિધાનસભા મત વિભાગ અંતર્ગત ધોળકામાં સરસ્વતી કન્યા વિદ્યાલય ખાતે ઉભા કરાયેલા એક બુથમા પોલીસ, હોમગાર્ડ અને જીઆરડીના જવાનો માટે અને અન્ય બુથમા મતદાન મથક સ્ટાફ માટે બેલેટ પેપરથી મતદાન કરવાની વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી હતી. જ્યાં મતદાન કરવા ચૂંટણી સ્ટાફના લોકો હોંશભેર આવ્યા હતા અને ઉત્સાહપૂર્વક મતદાન કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત સરસ્વતી કન્યા વિદ્યાલય ખાતે પોલિંગ ઓફિસરોને તાલીમ આપવાનો બીજા તબક્કાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. જ્યાં નિષ્ણાંતો દ્વારા પોલિંગ ઓફિસરોને ચૂંટણીલક્ષી તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત આ સ્થળે જ ધોળકાના પ્રાંત અધિકારી હિતેશકુમાર જોશી અને મામલતદાર સિદ્ધાર્થભાઈ ત્રિવેદીની હાજરીમા તંત્ર દ્વારા EVM મશીન દ્વારા મોક પોલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# ભાવનગર : મોખડકા ગામ પાસે બસની ટક્કરે પિતાનું મોત, પુત્રને ઈજા

ભાવનગર, તા.૨૯
પાલિતાણા-સોનગઢ રોડ પર આવેલ મોખડકા ગામ પાસે ખાનગી ટ્રાવેલ્સની બસે મોટરસાઈકલને ટલ્લો મારતા મોટરસાઈકલ પર જઈ રહેલા ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા વૃદ્ધનું ગંભીર ઈજા થવાથી મૃત્યુ થયું હતું, જ્યારે મૃતકના પુત્રને ઈજા થઈ હતી.
પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના કુંભારવાડા, નારી રોડ પર આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડ વસાહતમાં રહેતા અને મજૂરી કામ કરતા સમીર રજાકભાઈ અગવાન અને તેમના પિતા રજાકભાઈ આગવાન ગઈકાલે સાંજે મોટરસાઈકલ લઈને પાલીતાણા ખાતે રહેતા સમીરભાઈના ફઈ રોશનબેન હુસેનભાઈ ડેરૈયાના ઘરે ખબર કાઢવા માટે ગયા હતા અને રાત્રિના મોટરસાઈકલ પર ભાવનગર પરત આવી રહ્યા હતા ત્યારે મોખડકા ગામ નજીક સ્મશાન પાસે પાછળથી આવી રહેલી જય ખોડીયાર બસ સર્વિસની બસ નંબર એ.આર.૦૨- બી- ૯૨૯૫ના ચાલકે મોટરસાઈકલને ઓવરટેક કરી સાઈડમાંથી ટલ્લો મારતા સમીરભાઈ અને તેમના પિતા રજાકભાઈ નીચે પડી ગયા હતા.
અકસ્માતની આ ઘટનામાં રજાકભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવેલ જ્યાં ફરજ પરના તબીબે તપાસી રજાકભાઈ અગવાનને મૃત પામેલા જાહેર કર્યા હતા. આ બનાવવામાં સમીરભાઈને પણ હાથ અને પગના ભાગે ઈજા થઈ હતી.
આ બનાવ અંગે સમીરભાઈ રજાકભાઈ અગવાને જય ખોડીયાર બસ સર્વિસના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પાલીતાણા ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ઝઘડિયા GIDC કંપનીમાં લૂંટ વીથ મર્ડર કેસમાં દસ આરોપીઓને આજીવન કેદ

અંકલેશ્વર, તા.૨૯
ઝઘડિયા જીઆઈડીસીમાં આવેલ આરતી કંપનીમાં જૂન ૨૦૧૮ના રોજ થયેલ કંપનીમાં થયેલ લૂંટ વિથ મર્ડરના કેસમાં અંકલેશ્વરની કોર્ટે ૧૦ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી હતી. ઝઘડિયા જીઆઈડીસીની આરતી ઈન્ડસ્ટ્રીઝ કંપનીમાં ગત તા.૧૨ જૂન, ૨૦૧૮ના રોજ રાત્રિના સમયે ૧૦થી ૧૨ જેટલા શખ્સોએ સ્ટીલના પાઈપો ચોરી ગયા હતા, સિક્યુરિટી ગાર્ડે ઝઘડિયા જીઆઈડી પોલીસને જાણ કરી કંપનીની ગાડી લઈ કંપનીના સિક્યુરિટી અંકિત યોગી, રામપ્રકાશ પાલ સહિતના સિક્યુરિટી ગાર્ડ સાથે ચોરોનો પીછો કરવા નીકળ્યા હતા, આગળ જતા ઝઘડિયા પોલીસ પણ સિક્યુરિટીની ગાડી સાથે ભેગી થઈ ગઈ હતી, તે દરમિયાન કંપનીના પાછળના ભાગે ઝાડી ઝાંખરામાં ચોરી કરવા આવેલા પૈકીનાઓએ ત્રણ મોટરસાયકલ લોક કરી પાર્ક કરી હતી, તે દરમિયાન કંપનીમાં ચોરી કરવા ઘૂસેલા ૧૦થી ૧૨ ઈસમોએ પોલીસ તથા કંપનીના સિક્યુરિટી પર હુમલો કર્યો હતો, ધારીયા, લાકડી જેવા જીવલેણ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરતા સિક્યુરિટી ગાર્ડ રામ પ્રકાશ પાલ ગંભીર રીતે ગવાયો હતો તેને ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળે જ મોત નીપજ્યું હતું, આ દરમિયાન હુમલાખોરે પોલીસ સાથે પણ ઝપાઝપી કરતા ઝઘડિયા પોલીસના કોન્સ્ટેબલ જશવંતભાઈ સાથે પણ ઝપાઝપી કરી ઈજા પહોંચાડી મોબાઈલ ફોન લઈ ગયા હતા. આ ઘટનામાં કંપનીના સિક્યુરિટી કર્મચારી અંકિત મોહન જોગીએ ઝઘડિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તમામની ધરપકડ કરી હતી. આ કેસ અંકલેશ્વરના બીજા એડિશનલ ડીસ્ટ્રીક એન્ડ સેસન્સ જજ એસ.જે પાંડેની કોર્ટમાં ચાલી જતા અને ફરિયાદ પક્ષે સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી જજ એસ.જે પાંડેએ જીગ્નેશ જયંતી વસાવા, રાહુલ જયંતિ વસાવા, પંકજ પ્રવીણ વસાવા, રાકેશ વસાવા, સંજય કંચન વસાવા, સુરેશ સોમા વસાવા, સુરેન્દ્ર અરવિંદ વસાવા, હસમુખ મહેન્દ્ર વસાવા, હિતેશ અરવિંદ વસાવા અને દિનેશ વસાવાને આજીવન કેદની સજા ફટકારી હતી.

### જામનગર નજીક નારણપર ગામના પાટિયા પાસે

# કાર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં દંપતીનું કમકમાટીભર્યું મોત

જામનગર, તા.૨૯
જામનગર તાલુકાના નારણપર ગામમાં રહેતા અને ખેતીવાડી સંભાળતા જયેશભાઈ જયંતીભાઈ ફલિયા (ઉંમર વર્ષ ૪૦) અને તેમના પત્ની કાજલબેન જયેશભાઈ ફલિયા (ઉ.વ.૩૮) કે જેઓ બંને પોતાના કાકા જામનગરમાં ગ્રીન સિટી વિસ્તારમાં રહેતા હોવાથી તેમના ઘેર આંટો દેવા તેમજ ખરીદી કરવાની હોવાથી રવિવારની સાંજે પોતાના બાઈક પર બેસીને જામનગર આવ્યા હતા અને ત્યારબાદ મોડી રાતે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં તેઓ બાઈક પર પોતાના ઘેર નારણપર જવા માટે પરત ફર્યા હતા.
દરમિયાન નારણપર ગામની ગોલાઈ પાસે હાઈવે રોડ પર કારના ચાલકે રોંગ સાઈડમાં આવી બાઈકને ઠોકરે ચડાવી દેતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. કારચાલકની સ્પીડ એટલી હતી, કે બાઈકની ટક્કર સાથે ભાનુશાળી દંપતી બાઈક સહિત ૫૦ ફૂટ દૂર સુધી ઢસડાયા હતા. જેમાં કાજલબેનનું ઘટના સ્થળેજ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે તેની નજર સમક્ષ તેણીના પતિ જયેશભાઈ જીવન મરણના ઝોલાં ખાઈ રહ્યા હતા, તેઓને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ત્યાં થોડી ક્ષણોમાંજ તેનું પણ મૃત્યુ નિપજતાં આ ગોઝારા અકસ્માતમાં પતિ-પત્ની બંનેના મૃત્યુ થયા હતા અને પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું.

### તસ્કરો સીસીટીવી તોડી ડીવીઆર પણ લઈ ગયા

# મોડાસાના માલપુર રોડ પર આવેલ કોમ્પ્લેક્ષમાં ૭ દુકાનોનાં તાળાં તૂટ્યા

મોડાસા, તા.૨૯
મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલ અમુલ કોમ્પ્લેક્ષમાં ચોર ગેંગ ત્રાટકી ૭ જેટલી દુકાનોના તાળા તોડી કોમ્પ્યુટર સીસીટીવી કેમેરા ડીવીઆર અને રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા એક સાથે સાત જેટલી દુકાનોના તાળા તૂટતા વેપારીઓ દોડી આવ્યા હતા. સતત વાહનોના અને પોલીસની અવરજવરથી ધમધમતા રોડ પાસે આવેલ કોમ્પ્લેક્ષમાં તસ્કરો ત્રાટકતા વેપારીઓમાં રોષ જોવા મળ્યો હતો મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. મોડાસા શહેરના માલપુર રોડ પર તાલુકા પંચાયત કચેરી નજીક આવેલ અમુલ કોમ્પ્લેક્ષમાં રવિવારે રાત્રીના સુમારે તસ્કરો ત્રાટકી ઉમા શરાફી મંડળી, ગ્રાફિક્સ, બ્યુટી પાર્લર, સ્પોર્ટ સેન્ટર, બ્યુટી પાર્લર સહિત સાત જેટલી દુકાનોના તાળાં તોડી ઘમરોળી નાખી હતી. તસ્કરોએ ઓળખ ન થાય તે માટે ઉમા શરાફી મંડળી અને ગ્રાફિકસની દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરાના ડીવીઆર પણ ઉઠાવી ગયા હતા. સાત દુકાનમાં રોકડ રકમ અને અન્ય ચીજવસ્તુ મળી એક લાખથી વધુની ચોરી કરી કોમ્પ્લેક્ષ આગળ પડેલ બાઈકનું લોક તોડી રફુચક્કર થઈ ગયા હતા.

### વંથલીના વાડલા ગામે

# હોસ્પિટલમાંથી રજા આપ્યા બાદ યુવતીનું મોત નિપજતાં તબીબ પર બેદરકારીનો આક્ષેપ

### યુવતીએ ઉંદર મારવાની દવા પી લેતાં જૂનાગઢ સિવિલમાં દાખલ કરાઈ હતી

જૂનાગઢ, તા.૨૯
ઝેરી દવા પીવાથી યુવતીનું સારવારમાંથી રજા આપ્યા બાદ મોત નિપજતાં પોલીસે તપાસ હાથ ધરી છે. વંથલી તાલુકાના વાડલા ગામની ૧૮ વર્ષીય મીરાબેન અરવિંદભાઈ મકવાણા નામની યુવતીએ ૨૫ એપ્રિલના રોજ બપોરના પોતાના ઘરે ઉંદર મારવાની ઝેરી દવા પી જતા સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સારવાર બાદ ૨૬ એપ્રિલના રોજ તેણીને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી.
બપોરના ૧૨ વાગ્યે યુવતી પોતાના ઘરે આવી ગઈ હતી. પરંતુ થોડા સમય પછી મીરાબેનની તબિયત બગડતા ફરીવાર સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવતા ફરજ પરના ડોક્ટરે યુવતીને મૃત જાહેર કરી હતી. યુવતીના પિતાએ તેને દીકરીનું મૃત્યુ ડોક્ટરની બેદરકારીથી થયું હોવાનો આક્ષેપ કરી જવાબદાર સામે કાર્યવાહી કરવામાં નહીં આવે ત્યાં સુધી મૃતદેહ લઈ જવાનો ઈન્કાર કર્યો હતો. જો કે હોસ્પિટલ તંત્રએ દર્દીની તબિયત સારી જણાતા તેના પરિવારની વિનંતીથી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હોવાનો દાવો કરી કોઈપણ ચૂક થઈ હશે તો જવાબદાર સામે કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી.
બીજી તરફ યુવતીના ઝેરી દવા પીવા પાછળનું કારણ બહાર નહીં આવતાં વંથલીના પોલીસ હેડ કોન્સ્ટેબલ જે.આર. ઝાલાએ તપાસ હાથ ધરી છે.

# અમિત શાહનો ફેક વીડિયો કેસ : આસામ કોંગ્રેસના ‘વોર રૂમ’ કો-ઓર્ડિનેટર રિતમ સિંહની પોલીસ દ્વારા ધરપકડ

(એજન્સી) તા.૨૯

આસામ પોલીસે અમિત શાહ સાથે જોડાયેલા ફેક વીડિયોના કેસમાં રિતમ સિંહ નામના વ્યક્તિની પણ ધરપકડ કરી છે. આસામના સીએમએ એક્સ હેન્ડલ પર પોસ્ટ કરીને આ માહિતી આપી છે. અનામતને લઈને ગૃહમંત્રી અમિત શાહનો એક નકલી વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો હતો. રવિવારે આ મામલે મોટી કાર્યવાહી કરવામાં આવી હતી અને FIR નોંધવામાં આવી હતી. આ એફઆઈઆર એવા લોકો સામે દાખલ કરવામાં આવી છે જેઓ ગૃહમંત્રી અમિત શાહનો નકલી વીડિયો ફેલાવે છે. આ ફેક વીડિયોને લઈને ખોટી માન્યતા ફેલાવવામાં આવી રહી હતી કે અમિત શાહે SC, ST અને OBC અનામત હટાવવાની વાત કરી હતી. જ્યારે વાસ્તવમાં તેમણે આવું કહ્યું ન હતું. બીજી બાજુ ગૃહમંત્રી અમિત શાહનો ફેક વીડિયો પોસ્ટ કરવાને કારણે તેલંગાણાના સીએમ રેવંત રેડ્ડીની મુશ્કેલીઓ વધી ગઈ છે. દિલ્હી પોલીસે તેમને નોટિસ મોકલીને ૧ મેના રોજ પૂછપરછ માટે બોલાવ્યા છે. દિલ્હી પોલીસે રેડ્ડીને પોતાનો ફોન સાથે લાવવા કહ્યું છે. તમને જણાવી દઈએ કે રેવંત રેડ્ડી તેલંગાણા કોંગ્રેસના અધ્યક્ષ પણ છે અને તેલંગાણા કોંગ્રેસ પર શાહનો એડિટેડ અને ફેક વીડિયો પોસ્ટ કરવાનો આરોપ છે. ગૃહમંત્રી અમિત શાહના ફેક વીડિયો કેસમાં તેલંગાણાના સીએમ રેવંત રેડ્ડીનું નિવેદન સામે આવ્યું છે. રેવંતે કહ્યું કે અત્યાર સુધી પીએમ મોદી અને અમિત શાહ ચૂંટણી જીતવા માટે ઈડી, સીબીઆઈ અને ઈન્કમ ટેક્સનો ઉપયોગ કરતા હતા પરંતુ આજે મને ખબર પડી કે કોઈએ સોશિયલ મીડિયા પર કંઈક પોસ્ટ કર્યું અને દિલ્હી પોલીસે તેલંગાણા કોંગ્રેસના પ્રમુખ તેમજ મુખ્યમંત્રીની ધરપકડ કરવા આવે છે. મતલબ કે નરેન્દ્ર મોદી હવે ચૂંટણી જીતવા માટે દિલ્હી પોલીસનો ઉપયોગ કરી રહ્યા છે. અમે તમને યોગ્ય જવાબ આપીશું.

# તેલંગાણાના CM રેવંત રેડ્ડીએ દિલ્હી પોલીસની નોટિસ પર પ્રતિક્રિયા આપી, કહ્યું : કોઈ ડરતું નથી

(એજન્સી) તા.૨૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ફેક વીડિયો પર તેલંગાણાના સીએમ રેવંત રેડ્ડીનું પહેલું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું, અત્યાર સુધી પીએમ મોદી અને અમિત શાહ ચૂંટણી જીતવા માટે ઈડી, સીબીઆઈ અને ઈન્કમટેક્સનો ઉપયોગ કરતા હતા, પરંતુ આજે મને ખબર પડી કે દિલ્હી પોલીસનો પણ આ જ રીતે ઉપયોગ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર કોઈએ કંઈક પોસ્ટ કર્યું છે અને દિલ્હી પોલીસ પણ તેલંગાણા કોંગ્રેસના કાર્યાલય પર પહોંચી ગઈ છે. તેમણે આગળ કહ્યું, આનો અર્થ એ થયો કે નરેન્દ્ર મોદી હવે ચૂંટણી જીતવા માટે દિલ્હી પોલીસનો ઉપયોગ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર કોઈએ કંઈક પોસ્ટ કર્યું અને તેઓ તેલંગાણા કોંગ્રેસના અધ્યક્ષ અને રાજ્યના સીએમની ધરપકડ કરવા આવ્યા. તેમનાથી કોઈ ડરવાનું નથી. અમે તેમને યોગ્ય જવાબ આપીશું. નોંધનીય છે કે, સોમવારે દિલ્હી પોલીસે અમિત શાહનો નકલી વીડિયો શેર કરવા બદલ FIR નોંધી છે. આ મામલામાં દિલ્હી પોલીસ દ્વારા તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી વિરુદ્ધ નોટિસ જારી કરવામાં આવી છે. ઉપરાંત સોમવારે પોલીસે સીએમ રેવંત રેડ્ડી વિરુદ્ધ નોટિસ જારી કરી હતી અને તેમને ૧ મેના રોજ દિલ્હી બોલાવ્યા હતા. તેમજ રેવંત રેડ્ડીને પોતાનો પક્ષ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે.

# નસીબદાર ! બિહારના બેગુસરાયમાં હેલિકોપ્ટર ટેક ઓફ કરતી વખતે નિયંત્રણ ગુમાવી દેતા અમિત શાહ મોટા અકસ્માતમાંથી બચી ગયા

## સદ્‌ભાગ્યે હેલિકોપ્ટરના પાઈલટે હેલિકોપ્ટર પર ફરીથી નિયંત્રણ મેળવ્યું અને ગૃહમંત્રી સાથે સુરક્ષિત રીતે ટેક ઓફ કરવામાં સફળ રહ્યા

(એજન્સી) બેગુસરાય, તા.૨૯

કેન્દ્રીય ગૃહપ્રધાન અને ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતા અમિત શાહનો ભેટો મોતથી થતાં થતાં ત્યારે રહી ગયો હતો જ્યારે બિહારના બેગુસરાયમાં ટેક ઓફ કરતી વખતે તેમના હેલિકોપ્ટર પાયલોટે નિયંત્રણ ગુમાવ્યા પછી મોટો અકસ્માત થવાની સંભાવના પેદા થઈ હતી. આ ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ હતી અને આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું હેલિકોપ્ટર થોડા સમય માટે કાબૂ બહાર થઈ હવામાં આમતેમ ફંગોળાતું જોવા મળ્યું હતું.

એવા અહેવાલો છે કે, ઘટના બની ત્યારે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ હેલિકોપ્ટરની અંદર હતા અને સલામત હતા. સદ્‌ભાગ્યે હેલિકોપ્ટરના પાઈલટે હેલિકોપ્ટર પર ફરીથી નિયંત્રણ મેળવ્યું અને ગૃહમંત્રી સાથે સુરક્ષિત રીતે ટેક ઓફ કરવામાં સફળ રહ્યો. પાયલોટને યોગ્ય સમયે હેલિકોપ્ટર કાબૂ બહાર જતું હોવાની જાણ થતાં મોટી દુર્ઘટના ટળી હતી.

**પાયલોટે ચોપર પરનો કાબૂ ગુમાવ્યો :-** આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને વીડિયોમાં જોઈ શકાય છે કે, હેલિકોપ્ટર જમીનથી ખૂબ જ ઓછી ઊંચાઈ પર ઉડી રહ્યું છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે, પાયલોટ હેલિકોપ્ટર પર કંટ્રોલ મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે જ્યારે તે સુરક્ષિત રીતે ટેક ઓફ કરતા પહેલા આગળ-પાછળ ફંટાઈ રહ્યું છે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ વર્તમાન લોકસભા ચૂંટણી ૨૦૨૪ દરમિયાન બીજેપીના પ્રચારમાં વ્યસ્ત છે. ચાલી રહેલી ચૂંટણીઓને કારણે ગૃહપ્રધાનને એક મુકામથી બીજા સ્થળે દોડધામ કરી રહ્યા છે.

**બેગુસરાય લોકસભા ચૂંટણી ૨૦૨૪ :-** ગૃહમંત્રી અમિત શાહ બિહારના પ્રવાસે હતા અને બેગુસરાયથી પરત ફરી રહ્યા હતા. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ચોથા તબક્કામાં ૧૩ મેના રોજ બેગુસરાય લોકસભા સીટ માટે મતદાન થશે અને ભાજપના ઉમેદવાર ગિરિરાજસિંહ લોકસભા સીટ પરથી મેદાનમાં છે. સીપીઆઈએ બેગુસરાય લોકસભા સીટ પરથી તેના ઉમેદવાર અવધેશકુમાર રાયને મેદાનમાં ઉતાર્યા છે.

# ‘વિપક્ષ આગામી દિવસોમાં કંઈક મોટું કરવાનો પ્રયાસ કરી રહ્યો છે’ : પીએમ મોદીનો દાવો

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૯

સામાન્ય ચૂંટણીઓમાં મતદાનના બે તબક્કા પહેલાથી જ પૂરા થઈ ગયા છે ત્યારે રાજકીય પક્ષોએ બાકીના મતવિસ્તારો માટે તેમના ચૂંટણી પ્રચારને તેજ બનાવ્યો છે. સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રના પૂણેમાં મહાયુતિના ચાર ઉમેદવારોના સમર્થનમાં પુણે, બારામતી, શ્રીઉર અને માવલમાં સભાઓ યોજી હતી. ભાજપના કાર્યકર્તાઓ અનુસાર પીએમ મોદીની રેલીમાં મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા. સતારામાં રેલી દરમિયાન મોદીએ કહ્યું કે, “જે લોકો એનડીએ અને ભાજપને સામ-સામે ટક્કર આપી શકતા નથી તેઓ હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વડે અમારા પક્ષના નેતાઓના અવાજનો ઉપયોગ કરીને સોશિયલ મીડિયા પર નકલી વીડિયો ફેલાવી રહ્યાં છે. સમાજમાં તંગદિલી ફેલાવવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. જો ચૂંટણી



શાંતિપૂર્ણ રીતે થાય તો તેમના ઈરાદા સાકાર થશે નહીં અને તેથી આગામી દિવસોમાં તેઓ દેશમાં કંઈક મોટું કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે.” સતારામાં તેમણે કહ્યું કે, “સતારાના આર્મી પરિવારો ભારતીય સેનાને જોઈને ખુશ છે, જે આત્મનિર્ભર બની રહી છે. આજે આપણા સુરક્ષા દળોએ મેડ-ઈન-ઈન્ડિયા હથિયારો બનાવી દીધા છે. મોદીએ આવું કરીને કેટલાક લોકોની દુકાનો બંધ કરી દીધી અને શું તેથી વિપક્ષ ખુશ થશે ?

# પીએમ મોદી પાસે કંઈ નથી તેથી ગાંધી પરિવારને અપશબ્દો કહે છે : ખડગે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારના રોજ કહ્યું હતું કે,વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધી પરિવારનું અપમાન કરે છે. કારણ કે, તેમની પાસે કોઈ સિદ્ધિઓ નથી. ખડગેએ યાદગીર જિલ્લાના આ શહેરમાં એક જાહેરસભા દરમિયાન જણાવ્યું હતું કે, ચાલી રહેલી લોકસભા ચૂંટણીના બે તબક્કામાં કોંગ્રેસ આગળ છે, જેને લીધે મોદીને ચિંતિત છે. ખડગેના જમાઈ રાધાકૃષ્ણ ડોડમણી કલબુર્ગીથી લોકસભા ચૂંટણી લડી રહ્યા છે, જ્યાં ૭ મેના રોજ મતદાન થવા જઈ રહ્યું છે. ગુરમિતકલ આ મતવિસ્તારનો ભાગ છે. તેમણે કહ્યું, દરેક જણ જાણે છે કે, આ દેશમાં મોદીના જન્મ પહેલાં અને પછી શું હતું. પરંતુ તેઓ હજુ પણ જવાહરલાલ નેહરૂ, ઈન્દિરા ગાંધી, લાલબહાદુર શાસ્ત્રી, રાજીવ ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને મને અપશબ્દો કહે છે. કારણ કે, તેમની પાસે કંઈ નથી. ૮૧ વર્ષીય વૃદ્ધે કહ્યું, મોદી હતાશામાં કહે છે કે, કોંગ્રેસ દરેકની સંપત્તિ છીનવી રહી છે અને મુસ્લિમોમાં વહેંચી રહી છે. આ ન તો બંધારણમાં લખેલું છે કે, ન તો અમારા ઘોષણા પત્રમાં ક્યાંય ઉલ્લેખ છે. તેમણે સમજાવ્યું કે, કોંગ્રેસે માત્ર એટલું જ કહ્યું છે કે, તે ગરીબોને તેમના માટે જે કંઈ આપવાનું છે, તે આપશે પરંતુ હિંદુ-મુસ્લિમ વિશે ક્યારેય વાત કરી નથી. ખડગેએ વધુમાં જણાવ્યું હતું કે, તેમની પાર્ટીએ પૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધીના કાર્યકાળ દરમિયાન જમીન સુધારણા, બેંકોના રાષ્ટ્રીયકરણ અને જીવન વીમા નિગમ દ્વારા કર્યું હતું. આ ગરીબો માટે કરવામાં આવ્યા હતા. તેમણે પૂછ્યું, કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી MNREGS (UPA શાસન દરમિયાન) લાવ્યા હતા. શું મોદીએ એવું કંઈ કર્યું હતું. કોંગ્રેસ ગરીબ લોકોને દર મહિને ૩૫ કિલો અનાજ આપતો ખાદ્ય સુરક્ષા કાયદો લાવ્યો. જો કે, મોદીએ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન પાંચ કિલો વધારાનું આપવાનું શરૂ કર્યું અને બડાઈ મારવાનું શરૂ કર્યું કે, તેઓ આ દેશના ૮૦ કરોડ લોકોને આપી રહ્યા છે. મોદી કહે છે કે, તેઓ દેશને મજબૂત કરવા જઈ રહ્યા છે. શું અમે તેને નબળું કરીશું. તેમણે પ્રશ્ન કર્યો, તમે કર્યું છે શું મોદી આટલી બધી વાતો કરે છે, તેઓ કહે છે કે, તેમની છાતી ૫૬ ઈંચની છે. ૫૬ ઈંચની છાતીનું શું કરીશું. અમને કહો કે તમે પેટ માટે શું કર્યું, તમે અમને ખાવા માટે શું આપો છો. આજે મોંઘવારી એ ગરીબ લોકોની ચિંતાનો મુદ્દો છે.

શીખ સમુદાયના હિતોનું રક્ષણ કરવામાં આવશે : ટ્રુડો

# ટ્રુડોની હાજરીમાં ખાલિસ્તાન તરફી નારા પોકારાયા

## કેનેડામાં વૈશાખી નિમિત્તે યોજવામાં આવેલા કાર્યક્રમમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો હાજર રહ્યા હતા

(એજન્સી) ઓટાવા, તા.૨૯

કેનેડામાં રવિવારે ટોરંટો ખાતે ખાલસા દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ પણ હાજરી આપી હતી. આ દરમિયાન ખાલિસ્તાન તરફી નારા પોકારવામાં આવ્યા હતા. ખાલિસ્તાનના મુદ્દે તાજેતરમાં ભારત અને કેનેડા વચ્ચે વિવાદ થયો છે. ભારતે કેનેડા પર ખાલિસ્તાન તરફી તત્ત્વોને શરણ આપવાનો આરોપ મૂક્યો છે. આ કાર્યક્રમમાં ટ્રુડોએ જાહેરાત કરી કે તેઓ શીખોના હિત અને સ્વતંત્રતાનું રક્ષણ કરશે. તેમણે કહ્યું કે તેઓ શીખ સમુદાયના રક્ષણ માટે હંમેશા હાજર રહેશે. આ પ્રસંગે જસ્ટિન ટ્રુડોએ કહ્યું કે ‘શીખોના જે મૂલ્યો છે તે કેનેડિયન મૂલ્યો છે’ એટલે કે કેનેડા પણ શીખોના મૂલ્યોને માન આપે છે. આ દરમિયાન કેનેડાની સરકાર કોમ્યુનિટી સેન્ટરો અને ગુરુદ્વારા ખાતે વધારે સુરક્ષા બંદોબસ્ત કરી રહી છે. ટ્રુડોએ ખાતરી આપી છે કે શીખ સમુદાયના હિતોનું કોઈ પણ ભોગે રક્ષણ કરવામાં આવશે. ખાલસા દિવસના કાર્યક્રમમાં કેનેડાના બીજા કેટલાક પક્ષોના નેતાઓ પણ હાજર હતા. ખાલસા દિવસને વૈશાખી તરીકે પણ ઓળખવામાં આવે છે જે શીખોનું નવું વર્ષ છે. જસ્ટિન ટ્રુડો લોકોને સંબોધન કરવા માટે મંચ તરફ આગળ વધ્યા કે તરત ખાલિસ્તાન તરફી સૂત્રો પોકારવામાં આવ્યા હતા. ટ્રુડોએ કહ્યું કે કેનેડાની સૌથી વધુ શક્તિ તેના વૈવિધ્યમાં છે. આપણે વિવિધતા હોવા છતાં મજબૂત છીએ. કેનેડામાં દર વર્ષે યોજાતો આ પ્રસંગ બહુ ભવ્ય હોય છે અને તેમાં મોટી સંખ્યામાં લોકો હાજરી આપે છે. કેનેડામાં શીખ ધર્મનું પાલન કરતા ૮,૦૦,૦૦૦ લોકો વસે છે. અમે તમારા અધિકારો અને સ્વતંત્રતાનું રક્ષણ કરવા હંમેશા હાજર છીએ. અમે તમામ નફરત અને ભેદભાવ સામે તમારું રક્ષણ કરીશું. કેનેડાના વડાપ્રધાને જણાવ્યું કે "શીખોના કોમ્યુનિટી સેન્ટરમાં વધારે સુરક્ષા આપવામાં આવશે. તમે તમારા ધર્મનું સ્વતંત્ર અને મુક્ત રીતે કોઈ પણ જાતના ભય વગર પાલન કરી શકો છો. જે એક મૂળભૂત અધિકાર છે અને તે કેનેડાના બંધારણ દ્વારા આપવામાં આવ્યો છે. હેપ્પી બૈશાખી, વાહેગુરુ જી કા ખાલસા, વાહેગુરુ જી કી ફતેહ." ગયા વર્ષથી કેનેડા અને ભારત વચ્ચેના સંબંધોમાં તકરાર પેદા થઈ જેના માટે શીખ ઉગ્રવાદીઓ જવાબદાર ગણવામાં આવે છે. તાજેતરમાં કેનેડામાં ખાલિસ્તાન તરફી ઉગ્રવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા કરવામાં આવી તેમાં કેનેડાએ ભારત પર દોષારોપણ કર્યું હતું. ત્યાર પછી ભારતે તેની સામે સખત વાંધો ઉઠાવીને કેનેડાના ડિપ્લોમેટની સંખ્યા ઘટાડી નાખી હતી. હજુ પણ ભારત અને કેનેડા વચ્ચે આ મામલે કોઈ સમાધાન થયું નથી.

# ‘ખાલિસ્તાન ઝિંદાબાદ’ના નારા વચ્ચે ટ્રુડોએ શીખોને કહ્યું : ‘હંમેશા નફરત સામે તમારો બચાવ કરીશ’

## ઘણા રાજકીય નેતાઓએ રવિવારે ટોરોન્ટોમાં ખાલસા દિવસની ઉજવણીને સંબોધિત કરી હતી જેમાં ટ્રુડોના સાથી જગમીતસિંહ અને વિરોધ પક્ષના નેતા પિયર પોઈલીવરેનો સમાવેશ થાય છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

રવિવારે આયોજિત શીખ સમુદાય માટે એક કાર્યક્રમમાં ‘ખાલિસ્તાન ઝિંદાબાદ’ના નારાઓ વચ્ચે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ સમુદાયને ખાતરી આપી કે તેમની સરકાર હંમેશા તેમના અધિકારોનું રક્ષણ કરશે અને કોઈપણ પ્રકારની નફરત સામે તેમનો બચાવ કરશે. ટોરોન્ટોમાં ખાલસા દિવસની ઉજવણીને સંબોધતા ટ્રુડોએ જણાવ્યું હતું કે, સરકાર તે જ ઉદ્દેશ્ય સાથે ગુરૂદ્વારામાં સુરક્ષા માળખાકીય સુવિધાઓને વધારી રહી છે. તેમણે ૧૬૯૯માં શીખ ધર્મની સ્થાપનાની યાદમાં યોજાયેલા કાર્યક્રમમાં કહ્યું કે, ‘આ દેશમાં લગભગ ૮,૦૦,૦૦૦ શીખ વારસા માટે, અમે તમારા અધિકારો અને તમારી સ્વતંત્રતાઓની સુરક્ષા માટે હંમેશા હાજર રહીશું અને અમે હંમેશા તમારા સમુદાયને નફરત અને ભેદભાવ સામે બચાવીશું.’ ટ્રુડોએ ઉમેર્યું, ‘તેથી જ અમે ગુરૂદ્વારા સહિત સામુદાયિક કેન્દ્રો અને પૂજા સ્થાનો પર વધુ સુરક્ષા ઉમેરીને સુરક્ષા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામને વધારી રહ્યા છીએ. મુક્તપણે અને ધાકધમકી વિના તમારા ધર્મનું પાલન કરવાનો તમારો અધિકાર કેનેડિયન ચાર્ટર ઓફ રાઈટ્સ એન્ડ ફ્રીડમ્સમાં ખાતરી આપવામાં આવેલ એક મૂળભૂત અધિકાર કે જેના માટે અમે હંમેશા ઊભા રહીશું અને તમારો બચાવ કરીશું.’ કેનેડામાં શીખોના સૌથી મોટા વાર્ષિક મેળાવડામાંના એક એવા કાર્યક્રમમાં તેમની ટિપ્પણીઓએ ખૂબ જ ઉત્સાહથી વધાવી લેવામાં આવી હતી. ટ્રુડો સાથે રાષ્ટ્રીય નેતાઓનો એક કાફલો પણ હાજર હતો, જેમાં તેમના સાથી જગમીતસિંહ, જેઓ ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના વડા છે અને વિરોધ પક્ષના નેતા પિયર પોઈલીવરેનો સમાવેશ થાય છે. ટ્રુડોએ સંસદમાં દાવો કર્યો હતો કે, તપાસ એજન્સીઓ ભારત સરકારના એજન્ટો અને હરદીપસિંહ નિજ્જરની હત્યા વચ્ચેના જોડાણના ‘વિશ્વસનીય આરોપો’ની તપાસ કરી રહી છે તે પછી ગયા વર્ષે કેનેડા અને ભારત વચ્ચેના રાજદ્વારી સંબંધો નવા નીચા સ્તરે પહોંચ્યા હતા. ગયા વર્ષે ૧૮ જૂનના રોજ બ્રિટિશ કોલંબિયાના સરેમાં ગુરૂદ્વારામાં અજાણ્યા હુમલાખોરો દ્વારા ભારત-નિયુક્ત આતંકવાદીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ભારતે કેનેડા સરકારના આરોપોને ‘વાહિયાત અને પ્રેરિત’ તરીકે નકારી કાઢ્યા અને રાજદ્વારી પ્રતિનિધિત્વમાં ‘સમાનતા’ માટે વિનંતી કરી, જેના કારણે કેનેડાએ દેશમાંથી ૪૧ રાજદ્વારીઓ અને તેમના આશ્રિતોને દૂર કર્યા. ટ્રુડો દ્વારા કરવામાં આવેલા આક્ષેપોએ બંને દેશો વચ્ચે રાજદ્વારી કટોકટી ઊભી કરી હતી અને આખરે ભારત સરકારે રાજદ્વારી કર્મચારીઓની સુરક્ષા માટેના જોખમોને કારણે કેનેડાના વિઝા અસ્થાયી રૂપે સ્થગિત કર્યા હતા. રવિવારે તેમના ભાષણ દરમિયાન, ટ્રુડોએ એ પણ જાહેરાત કરી હતી કે, કેનેડિયન અને ભારત સરકારો બંને દેશો વચ્ચે ‘વધુ ફ્લાઈટ્સ અને વધુ રૂટ ઉમેરવા’ માટે સંમત થયા છે અને અમૃતસરની સીધી ફ્લાઈટ્સ સુનિશ્ચિત કરવા પર કામ કરવાનું ચાલુ રાખવાનું વચન આપ્યું છે. ટ્રુડો પછી બોલતા પોઈલીવરે ભીડ દ્વારા સતત ‘ખાલિસ્તાન ઝિંદાબાદ’ના સૂત્રોચ્ચાર વચ્ચે દેશમાં વધુ ‘હત્યા’ થવાની આશંકા વ્યક્ત કરી હતી. પોઈલીવરે કહ્યું કે, ‘કેનેડામાં આજે ઘણું દુઃખ છે. બધું જ તૂટી ગયું છે. ગુના, અરાજકતા, ડ્રગ્સ અને વિકૃતિઓ, છેડતી, કારની ચોરી અને હત્યાઓ પણ કોઈપણ રોકટોક વિના આગળ વધી રહી છે. લોકો અગાઉ ક્યારેય એટલા ભયભીત ન હતા જેટલા અત્યારે છે.’

# જસ્ટિન ટ્રુડો દ્વારા સંબોધિત કાર્યક્રમમાં ખાલિસ્તાન તરફી સૂત્રોચ્ચાર બદલ ભારતે કેનેડાના રાજદૂતને સમન્સ પાઠવ્યા

## કેનેડામાં એક કાર્યક્રમમાં ‘ખાલિસ્તાની’ના નારા લગાવવાને લઈને ભારતે સોમવારે કેનેડિયન ડેપ્યુટી હાઈ કમિશનરને સમન્સ પાઠવ્યું હતું

(એજન્સી) તા.૨૯

ભારતે કેનેડામાં એક કાર્યક્રમમાં ‘ખાલિસ્તાની’ના નારા લગાવવા પર કેનેડિયન ડેપ્યુટી હાઈ કમિશનરને સમન્સ પાઠવ્યું હતું. આ કાર્યક્રમમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ વ્યક્તિગત રીતે સંબોધન કર્યું હતું. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા ચિંતા અને ઉગ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો કે, આવી



અયોગ્ય ક્રિયાઓને ઈવેન્ટમાં ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. કેનેડામાં અલગતાવાદ, ઉગ્રવાદ અને હિંસાને રાજકીય સમર્થન આપવામાં આવ્યું છે તેવું ફરી એકવાર આ કાર્યક્રમ દર્શાવે છે. આવી અભિવ્યક્તિઓ માત્ર ભારત-કેનેડા સંબંધોને અસર કરે છે અને કેનેડામાં હિંસા અને ગુનાખોરીના વાતાવરણ સાથે તેના પોતાના નાગરિકોને પણ નુકસાન પહોંચાડે છે.

દિલ્હી હાઈકોર્ટે અરજીને ખોટી માન્યતા આધારિત ગણાવી

# મોદી ઉપર ૬ વર્ષનો ચૂંટણી પ્રતિબંધ મૂકવાની માગણી કરતી અરજી ફગાવાઈ

## મોદીએ કેટલાક ભાષણો આપ્યા તે નફરત ફેલાવનારા હતા અને તેથી ચૂંટણી લડવાનો પ્રતિબંધ મૂકાવો જોઈએ તેવી માગણી કરાઈ હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૬ વર્ષ સુધી કોઈ પણ ચૂંટણી લડતા અટકાવવા જોઈએ તેવી માગણી કરતી અરજીને દિલ્હીની હાઈકોર્ટે ફગાવી દીધી છે. વડાપ્રધાન મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન ચૂંટણીના આચારસંહિતાનો કથિત ભંગ કર્યો છે તેવું જણાવીને તેમના ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવા માગણી કરવામાં આવી હતી. પરંતુ દિલ્હી હાઈકોર્ટ આ સાથે સહમત થઈ નથી. વડાપ્રધાન મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન ઈશ્વર અને ધર્મસ્થળના નામે મત માગ્યા હોવાથી આચાર સંહિતાનો ભંગ થાય છે તેથી તેમને છ વર્ષ માટે ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકાવો જોઈએ તેવી માગણી કરવામાં આવી હતી. પરંતુ હાઈકોર્ટે આ અરજીને ફગાવી દીધી છે. જસ્ટિસ સચીન દત્તાની બેન્ચે આ અરજીને ’ખોટી માન્યતાઆધારિત’ ગણાવીને કહ્યું કે, હાલમાં મોદી સામેની ફરિયાદ ચૂંટણી પંચ સમક્ષ છે. તેઓ ચૂંટણી પંચને ચોક્કસ રીતે કામ કરવા માટે આદેશ આપી ન શકે.

કોર્ટે એમ પણ કહ્યું કે અરજકર્તાની અરજી પર નિર્ણય લેવામાં આવશે તેવું ચૂંટણી પંચે કહ્યું છે. ઈલેક્શન કમિશનના વકીલ સિદ્ધાંત કુમારે જણાવ્યું કે આ માટેની રજુઆત થઈ ગઈ છે. અને કાયદા અનુસાર આગળ વધીશું. કોર્ટે આ આ અરજીને ફગાવી દેતા કહ્યું કે હાલની રિટ અરજી એકદમ ખોટી છે. અરજકર્તાએ પહેલેથી માની લીધું છે કે આચારસંહિતાનો ભંગ થયો છે. આ કોર્ટ ચૂંટણી કમિશનને ચોક્કસ વલણ અપનાવવા માટે જણાવી શકે નહીં. ચૂંટણીપંચ વતી હાજર થતા સિદ્ધાંત કુમારે જણાવ્યું કે ચૂંટણી પંચને આવી અરજીઓ રોજ મળતી હોય છે અને તે કાયદા પ્રમાણે તેના પર એક્શન લેશે.

એડવોકેટ આનંદ જોંધાલે દ્વારા આ પિટિશન ફાઈલ કરવામાં આવી છે જેમાં વડાપ્રધાન મોદીએ ૯ એપ્રિલે ઉત્તર પ્રદેશમાં પીલિભીત ખાતે આપેલા ભાષણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાં જણાવાયું છે કે વડાપ્રધાને ભાષણમાં હિંદુ અને શીખ દેવતાઓ-ગુરુઓ તથા તેમના ધર્મસ્થાનોનો ઉલ્લેખ કર્યો હતો અને વિરોધપક્ષો મુસ્લિમોની તરફેણ કરે છે એમ કહીને આરોપો મૂક્યા હતા. મોદીએ પોતાના ભાષણ દરમિયાન મતદારોને હિંદુ ધર્મસ્થાને અને શીખ ધર્મસ્થાનોના નામે વોટ આપવાની અપીલ કરી હતી. અરજીમાં જણાવાયું હતું કે મોદીએ પોતાના શબ્દો દ્વારા સમુદાયો વચ્ચે ધર્મના આધારે નફરત ફેલાવવા પ્રયાસ કર્યો હતો. અરજકર્તાએ કહ્યું કે તેઓ વડાપ્રધાન મોદી સમક્ષ સેક્શન ૧૫૩છ હેઠળ કેસ FIR ફાઈલ કરવા માટે ચૂંટણીપંચમાં ગયા હતા, પરંતુ ચૂંટણી પંચે તેના અંગે કોઈ કાર્યવાહી કરી ન હતી.

તેમણે આરોપ મૂક્યો હતો કે વડાપ્રધાન મોદીએ આચાર સંહિતાનો ભંગ કર્યો હતો. આ જોગવાઈમાં જણાવાયું છે કે કોઈ પણ ઉમેદવારે અલગ અલગ સમુદાયો, જાતિઓ અથવા ધાર્મિક જૂથો વચ્ચે નફરત અને તણાવ પેદા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી ન જોઈએ. તેમણે દલીલ કરી કે મત મેળવવા માટે ક્યારેય જાતિ, કે ધર્મનો ઉપયોગ કરવો ન જોઈએ. ચૂંટણી પ્રચારમાં કોઈ પણ ધાર્મિક સ્થળોનો ઉલ્લેખ થવો ન જોઈએ.

# ઈન્દોર લોકસભા સીટ કોંગ્રેસના ઉમેદવાર અક્ષય કાંતિ બામે ઉમેદવારી પાછી ખેંચી, ભાજપમાં જોડાય તેવી શક્યતા

(એજન્સી) ઈન્દોર, તા.૨૯

મધ્યપ્રદેશમાં કોંગ્રેસને મોટો ફટકો પડતાં તેના ઈન્દોર લોકસભા સીટના ઉમેદવાર અક્ષય કાંતિ બામે મતવિસ્તારમાં મતદાનના પખવાડિયા પહેલાં સોમવારના રોજ પોતાનું નામાંકન પાછું ખેંચ્યું હતું. પોતાનું નામાંકન પાછું ખેંચ્યા બાદ બામ અહીં ભારતીય જનતા પાર્ટી (BJP) કાર્યાલય પહોંચ્યા હતા. ભાજપ દ્વારા સોશિયલ મીડિયા પર જારી કરાયેલા ફોટામાં બામ સાંસદ નાયબ મુખ્યમંત્રી જગદીશ દેવડા, રાજ્યના કેબિનેટ મંત્રી કૈલાશ વિજયવર્ગીય અને અન્ય પાર્ટી નેતાઓ સાથે જોવા મળ્યા હતા. પક્ષના સૂત્રોએ જણાવ્યું હતું, બામ ભાજપમાં જોડાવા તૈયાર છે. ઈન્દોર લોકસભા સીટ પર નોમિનેશન પાછો ખેંચવાનો સોમવાર છેલ્લો દિવસ છે, જ્યાં ૧૩ મેના રોજ મતદાન થશે. ઈન્દોરના કલેક્ટર આશિષસિંહે પુષ્ટિ કરી કે બામે પોતાનું નામાંકન પાછું ખેંચી લીધું છે. બામ, સ્થાનિક ભાજપના ધારાસભ્ય રમેશ મેન્ડોલા સાથે કલેક્ટર કચેરીએ પહોંચ્યા અને તેમના કાગળો પાછા ખેંચ્યા. પાછા ફરતી વખતે તે મીડિયાકર્મીઓના પ્રશ્નોને અવગણીને મેન્ડોલા સાથે કારમાં નીકળી ગયો. મેન્ડોલા વિજયવર્ગીયના વિશ્વાસુ સહયોગી છે. કલેક્ટર સિંહે જણાવ્યું હતું કે, કોંગ્રેસના બામ સહિત ત્રણ ઉમેદવારોએ નિયત પ્રક્રિયા મુજબ આજે તેમના ઉમેદવારીપત્રો પાછા ખેંચી લીધા હતા. પ્રક્રિયાની વીડિયોગ્રાફી પણ કરવામાં આવી છે. વિજયવર્ગીયે પોતાના ટ્વિટર એકાઉન્ટ પર એક તસવીર પોસ્ટ કરી હતી જેમાં બામ મેન્ડોલા સાથે તેમની સાથે કારમાં બેઠેલા જોવા મળે છે. વિજયવર્ગીયે કહ્યું, ઈન્દોરથી કોંગ્રેસના લોકસભા ઉમેદવાર અક્ષય કાંતિ બામનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા, મુખ્યમંત્રી મોહન યાદવ અને પ્રદેશ અધ્યક્ષ વી.ડી. શર્માના નેતૃત્વમાં ભાજપમાં સ્વાગત છે. દરમિયાન પત્રકાર કોલોનીમાં બામના ઘરની બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. કોંગ્રેસના સ્થાનિક નેતાઓ તેમના ઘરની બહાર ભેગા થવા લાગ્યા. કોંગ્રેસે ભગવા પક્ષનો ગઢ ગણાતી ઈન્દોર લોકસભા બેઠક પરથી ભાજપના વર્તમાન સાંસદ ૬૨ વર્ષીય શંકર લાલવાણી સામે ચૂંટણી મેદાનમાં નવા ૪૫ વર્ષીય બામ ને મેદાનમાં ઉતાર્યા હતા. બામ તેમની રાજકીય કારકિર્દીમાં અત્યાર સુધી એક પણ ચૂંટણી લડ્યા નથી. કોંગ્રેસે તેમને એવા સમયે ઈન્દોરથી ચૂંટણી લડવાની તક આપી હતી જ્યારે પાર્ટીના ત્રણ પૂર્વ ધારાસભ્યો સહિત પક્ષના ઘણા કાર્યકરો પક્ષ બદલીને લોકસભાની ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયા હતા. મતદારોની સંખ્યાની દૃષ્ટિએ રાજ્યનો સૌથી મોટો મતવિસ્તાર ઈન્દોરમાં ૨૫.૧૩ લાખ મતદારો છે. ભાજપે આ વખતે આઠ લાખ મતોની સરસાઈથી બેઠક જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

# મે મહિનામાં યોજાનારી CA પરીક્ષાઓ મુલતવી રાખવાની અરજીને સુપ્રીમ કોર્ટે નકારી

(એજન્સી) તા.૨૯

**સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે, લોકસભાની સામાન્ય ચૂંટણી ૭ અને ૧૩ મેના રોજ યોજાવાની છે અને ૬ મે અને ૧૨ મેના રોજ કોઈ પરીક્ષા નક્કી કરવામાં આવી નથી**

સુપ્રીમ કોર્ટે સોમવાર, ૨૯ એપ્રિલે લોકસભાની ચૂંટણીના કારણે મે મહિનામાં યોજાનારી ચાર્ટર્ડ એકાઉન્ટન્સી (CA) પરીક્ષાના અમુક પેપર મોકૂફ રાખવાની માંગણી કરતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેંચે જણાવ્યું હતું કે, ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (ICAI)એ ચૂંટણીની તારીખો પર પરીક્ષા નક્કી કરી નથી.

તેમાં નોંધ્યું છે કે, લોકસભાની સામાન્ય ચૂંટણી ૭ અને ૧૩ મેના રોજ યોજાવાની છે અને ૬ મે અને ૧૨ મેના રોજ કોઈ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું નથી. પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવાથી પરીક્ષાના સંચાલન માટે પહેલાથી જ કરવામાં આવેલી વ્યાપક વ્યવસ્થામાં વિક્ષેપ પડશે અને તે “કેટલાક વિદ્યાર્થીઓ માટે ગંભીર અન્યાય”માં પરિણમી શકે છે. પીઆઈએલને ધ્યાનમાં લેવાનો ઈનકાર કરતી વખતે સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, પરીક્ષાનું સમયપત્રક “નીતિના નિર્ણયો” સાથે સંબંધિત છે. CJIએ કહ્યું, “પરંતુ મતદાનના અધિકારના મહત્વને ધ્યાનમાં રાખીને અમે ઉમેદવારોની સ્થિતિની તપાસ કરી છે કે, જેઓ પરીક્ષા માટે હાજર રહેશે અને મતદાન કરવાની પણ જરૂર પડશે. ત્યાં ૫૯૧ કેન્દ્રો છે અને મતદાનની તારીખો પર કોઈ પરીક્ષા નથી. આ તબક્કે જ્યારે ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે, ત્યારે આ તબક્કે કોઈપણ રાહત ગંભીર પૂર્વગ્રહમાં પરિણમશે.” ચાર્ટર્ડ એકાઉન્ટન્સી (CA) પરીક્ષા ૨ મેથી શરૂ થવાની છે અને ૧૭ મે સુધી ચાલશે. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે, ૮ અને ૧૪ મેના રોજ યોજાનારી પરીક્ષાઓને અન્ય તારીખો પર મુલતવી રાખવામાં આવે. કારણ કે, કેટલાક રાજ્યોમાં ૭ અને ૧૩ મેના રોજ ચૂંટણીઓ યોજાવાની છે. દિલ્હી હાઈકોર્ટે ૮ એપ્રિલે બીજી અરજી પર કાર્યવાહી કરતી વખતે CA પરીક્ષાઓ મુલતવી રાખવાનો ઈનકાર કર્યો હતો. હાઈકોર્ટે કહ્યું હતું કે, તેમને નવાઈ લાગે છે કે, તેની સમક્ષ આવી વિનંતી કરવામાં આવી હતી અને અરજીને “નકામી” ગણાવી હતી. ICAIનું પ્રતિનિધિત્વ કરતા વકીલે રજૂઆત કરી હતી કે, જૂનના બીજા સપ્તાહમાં પરીક્ષાનું પુનઃનિર્ધારણ કરવાથી અગાઉથી કરી રાખવામાં આવેલ તૈયારીઓ અવ્યવસ્થિત થઈ જશે અને ઉમેર્યું હતું કે મતદાનની તારીખો પર કોઈ પરીક્ષાઓ સુનિશ્ચિત ન થાય તે માટે યોગ્ય કાળજી લેવામાં આવી છે.

# ‘હજુ સુધી જામીન અરજી કેમ નથી ?’ : ધરપકડ સામે પડકાર પર સુપ્રીમ કોર્ટના કેજરીવાલને ૩ પ્રશ્નો

(એજન્સી) તા.૨૯

સુપ્રીમ કોર્ટે જેલમાં બંધ દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલની ધરપકડ સામેની અરજી પર સુનાવણી કરતી વખતે તેમના વકીલ વકીલ અભિષેક મનુ સિંઘવીને પૂછ્યું કે, AAP વડાએ હજુ સુધી જામીન અરજી કેમ દાખલ કરી નથી. ‘શું તમે કોઈ જામીન અરજી દાખલ કરી નથી ? હું માત્ર હકીકત તરીકે પૂછું છું,’ SC બેન્ચે સિંઘવીને પૂછ્યું. સિંઘવીએ બેન્ચને કહ્યું કે, અમે ધરપકડને ગેરકાયદેસર માનીએ છીએ, અમે ધરપકડને જ પડકારી રહ્યા છીએ. સુપ્રીમ કોર્ટે એ પણ સવાલ કર્યો હતો કે, કેજરીવાલે દિલ્હી લિકર પોલિસી કૌભાંડના સંબંધમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા જારી કરાયેલા સંખ્યાબંધ સમન્સને કેમ ટાળ્યા હતો. ‘તમેણે EDની નોટિસની અવગણના કેમ કરી ?’ બેન્ચે સિંઘવીને પૂછ્યું. સિંઘવીએ જવાબ આપ્યો, ‘સમન્સ પાઠવવામાં આવ્યું હોવા માત્રથી જ કોઈ વ્યક્તિ આપમેળે આરોપી બની જતો નથી. મેં EDને લેખિત જવાબો આપ્યા હતા.’ ‘તેઓએ તમને નોટિસ મોકલી, તમે તેણે અવગણી હતી,’ બેન્ચે કહ્યું. કોર્ટે સિંઘવીને વધુમાં પૂછ્યું કે, જ્યારે તેમણે કહ્યું કે, કલમ ૫૦ હેઠળ તેમનું નિવેદન નોંધવામાં આવ્યું નથી ત્યારે શું તેમનો અસીલ વિરોધાભાસી વલણ નથી અપનાવી રહ્યો. ‘શું તમે તમારી જાતનો વિરોધાભાસ નથી કરી રહ્યા ? તમે કહો છો કે કલમ ૫૦ હેઠળ તમારૂં નિવેદન નોંધવામાં આવ્યું ન હતું. પરંતુ તમે નિવેદન નોંધવા માટે હાજર પણ નહોતા થયા.’ કોર્ટે સુનાવણી આવતીકાલ પર મુલતવી રાખી છે.

# સુપ્રીમ કોર્ટે રેપ પીડિતા કિશોરીને તેની ગર્ભાવસ્થા સમાપ્ત કરવાની મંજૂરી આપતા અગાઉના આદેશને રદ કર્યો

(એજન્સી) તા.૨૯

કોર્ટે પીડિતાની માતા અને મુંબઈની સાયન હોસ્પિટલના ડોક્ટરો સાથે ચેમ્બરમાં સુનાવણી હાથ ધરી હતી જેને અગાઉ કોર્ટે ગર્ભપાત કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. માતા-પિતા ગર્ભાવસ્થાના સંપૂર્ણ સમયગાળાની રાહ જોવા માટે સંમત થયા હતા જે માત્ર એક મહિના દૂર છે, ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાની હેઠળની બેન્ચે તેના અગાઉના આદેશને રદ કર્યો હતો. અગાઉના દિવસે ખુલ્લી અદાલતમાં આ મામલો ઉઠાવતી વખતે હોસ્પિટલે કહ્યું હતું કે, પીડિતાની માતા ગર્ભપાત માટે આગળ વધવા અંગે અવઢવમાં હતી, જેના પગલે ચેમ્બરમાં આ બાબતની સુનાવણી કરવામાં આવી હતી. ૨૨ એપ્રિલના રોજ સર્વોચ્ચ અદાલતે કિશોરી બળાત્કાર પીડિતા કિશોરીને ૨૯ અઠવાડિયાથી વધુની ગર્ભાવસ્થા દરમિયાન ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી હતી. CJI ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગર્ભાવસ્થા ચાલુ રાખવાથી છોકરીના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને નુકસાન થઈ શકે છે. બેન્ચે સગીરના સુરક્ષિત ગર્ભપાત માટે નિર્દેશ આપતા કહ્યું કે, ‘આ ખૂબ જ અસાધારણ કિસ્સાઓ છે જ્યાં અમારે બાળકોનું રક્ષણ કરવું પડે છે તેના માટે પસાર થતો દરેક સમય ખૂબ જ નિર્ણાયક છે.’ ૪ એપ્રિલના રોજ બોમ્બે હાઈકોર્ટે ગર્ભાવસ્થાના તબીબી સમાપ્તિની વિનંતીને ફગાવી દીધા બાદ બાળકીની માતાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે મુંબઈની જે.જે. હોસ્પિટલના ડોક્ટરોના મેડિકલ બોર્ડની તપાસ કરી હતી. કેન્દ્રનું પ્રતિનિધિત્વ કરી રહેલા વધારાના સોલિસિટર-જનરલ ઐશ્વર્યા ભાટીએ આ કેસમાં સંપૂર્ણ ન્યાય કરવા માટે કલમ ૧૪૨ હેઠળ તેની અસાધારણ સત્તાનો ઉપયોગ કરવા માટે બેંચને વિનંતી કરી હતી, તબીબી અહેવાલને ટાંકીને જેમાં નોંધ્યું હતું કે, ગર્ભાવસ્થા ચાલુ રાખવાથી સગીરના સુખાકારી પર અસર થઈ શકે છે. મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી (MTP) અધિનિયમ મુજબ, છેલ્લા ૨૪ અઠવાડિયાના ગર્ભપાતને સામાન્ય રીતે પ્રતિબંધિત કરવામાં આવે છે સિવાય કે ગર્ભાવસ્થા સ્ત્રીના જીવન માટે ગંભીર ખતરો ઊભી કરતી હોય અથવા તેમાં ગર્ભની નોંધપાત્ર વિકૃતિઓ સામેલ હોય.

# ઉત્તરાખંડમાં પતંજલિની કફોડી હાલત, ૧૪ પ્રોડક્ટ્સના લાઈસન્સ રદ કરાયા

## રામદેવ અને તેમના સહયોગી બાલકૃષ્ણ આજે સુપ્રીમકોર્ટમાં હાજર થશે

(એજન્સી) તા.૨૯

ઉત્તરાખંડના લાઈસન્સ સત્તાવાળાઓએ સોમવારે ૧૪ પતંજલી પ્રોડક્ટ્સના લાઈસન્સ તાત્કાલીક અસરથી રદ કર્યા હતા. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલા સોગંદનામામાં લાઈસન્સ આપતી સંસ્થાએ કહ્યું હતું કે, ગેરમાર્ગે દોરતી જાહેરાતોના કેસના સંબંધમાં પતંજલીની દીવ્ય ફાર્મસી દ્વારા ઉત્પાદીત ૧૪ પ્રોડક્ટ્સના લાઈસન્સ સસ્પેન્ડ કરાયા છે. પ્રતિબંધીત કરાયેલ પ્રોડક્ટ્સમાં દીવ્ય ફાર્મસીની દૃષ્ટી આઈડ્રોપ્સ, સ્વસરી ગોલ્ડ, સ્વસરી વાટી, લિપિડોમ, બીપી ગ્રીટ, મધુગ્રીત, મધુનાશીની વાટી એક્સટ્રા પાવર, લિવામ્રીત એડ્વાન્સ, લીવોગ્રીટ અને આઈગ્રીટ ગોલ્ડનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટ આજે યોગ ગુરૂ રામદેવ અને તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણા દ્વારા પ્રકાશીત માફીનામા સંબંધીત કેસની સુનાવણી કરશે જેમાં બંને કોર્ટ સમક્ષ હાજર રહેશે. ૨૩ એપ્રીલની ગત સુનાવણી દરમ્યાન સુપ્રીમ કોર્ટે સમાચાર પત્રોમાં યોગ્યરીતે માફીનામું ન દર્શાવવા બદલ ઝાટકણી કાઢી હતી. કોર્ટે પુછ્યું હતું કે, પતજંલી દ્વારા સમાચારપત્રોમાં છાપવામાં આવેલ માફીનામાનું કદ તેમની પ્રોડક્ટ્સ માટે છાપવામા આવતી સંપૂર્ણ પાનાની જાહેરાતો જેટલું કેમ ન હતું. પતંજલીએ જણાવ્યું હતું કે, તેમણે ૬૭ સમાચાર પત્રોમાં માફીનામું પ્રકાશીત કર્યું હતું અને દર્શાવ્યું હતું કે તેઓ કોર્ટનું ખુબ જ સન્માન કરે છે અને ભુલોનું ફરીથી પૂનરાવર્તન ન કરવાની ખાતરી આપી હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ પતંજલીએ સમાચાર પત્રોમાં ફરીથી માફીનામું પ્રકાશીત કર્યું હતું જે આગાઉના માફીનામા કરતા મોટું હતું. આ પહેલા કંપની દ્વારા જારી કરાયેલ જાહેરાતો મુદ્દે કોર્ટ સમક્ષ રામદેવ અને બાલકૃષ્ણએ ‘બિન શરતી અને અયોગ્ય માફીનામું’ દાખલ કર્યો હતો. જેમાં રોગચાળા દરમ્યાન કોરોનીલ જેવી પ્રોડક્ટ્સની અરકારકતાના દાવાઓ કરાયા હતા.

### ગુજરાતના પાટણમાં પ્રચાર સભામાં રાહુલ ગાંધીએ ભાજપ અને મોદી સામે કર્યા આકરા પ્રહારો

# દેશના બંધારણ અને લોકશાહીને ભાજપ-RSS ખતમ કરવા માંગે છે : રાહુલ ગાંધી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ/પાટણ,તા.૨૯

ભાજપ અને આરએસએસ બંધારણની સાથે લોકશાહીને ખત્મ કરવા માગે છે. જયારે કોંગ્રેસ તેના રક્ષણ માટે મેદાનમાં આવી છે. શિક્ષા, વિકાસ, સ્વતંત્રતા જે કંઈ હાલ મળી રહ્યું છે. તેની પાછળ બંધારણ છે. ભાજપ ખુલ્લેઆમ કહી રહ્યું છે અમે બંધારણ બદલી નાખીશું. બંધારણ છે તો ગરીબો, ખેડૂતો સહિત તમામનું રક્ષણ થાય છે`તેમ આજે પાટણના પ્રગતિ મેદાન ખાતે

## ૯૦ IAS અધિકારીઓ સરકાર ચલાવે છે જે પૈકી ત્રણ જ પછાત છે અને મોદી સાઈન કરે છે : રાહુલ ગાંધી

યોજના નાબુદ કરશે કારણ કે તે નરેન્દ્ર મોદીની ઓફિસેથી આવી છે, તેનાથી દેશનો નુકસાન થાય છે. પાટણ ખાતે જંગી જાહેરસભામાં રાહુલ ગાંધીએ ખેડૂતો, મોંઘવારી, બેરોજગારી, શિક્ષિત યુવાનો, મહિલાઓ, નાના વેપારીઓ, જીએસટી, ઉદ્યોગપતિઓના દેવા માફી સહિતના અનેક





રામમંદિરનું ઉદઘાટન મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો તેમાં ગરીબ કે ખેડૂત વર્ગ જોવા પણ ન મળ્યો. દેશના રાષ્ટ્રપતિને પણ જવા ન દીધા કેમ કે તે આદિવાસી હતા. કોંગ્રેસની સરકાર બનશે તો દેશમાં જાતિ જનગણના કરશે અને તેના દ્વારા વિકાસમાં હિસ્સેદારીનો માપદંડ નક્કી

નોકરી ગેરંટી, ખેડૂતોના દેવા માફ, એમએસટીનો કાયદો લાગુ કરાશે. આશાવર્કર, આંગણવાડી બહેનોના પગારમાં વધારો, જીએસટીના કાયદામાં સુધારો કરી નવી નીતિ ઘડાશે. નાના વ્યાપારીઓની રક્ષા માટે બેંક લોન આપવામાં આવશે તેમ કહી ભાવનગરના પ્રજાપ્રેમી મહારાજા કૃષ્ણકુમારસિંહે ગુજરાતના રાજપુત રાજવીઓના રજવાડા દાન કર્યુ

### મોદી સરકારે ખેડૂતોના દેવા માફ ન કર્યા પણ ૨૨-૨૫ લોકોના ૧૬ લાખ કરોડ માફ કર્યા

કોંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોરના સમર્થનમાં યોજાયેલ ન્યાય સંકલ્પ સભામાં જંગી માનવ મેદનીને સંબોધતા રાહુલ ગાંધીએ જણાવી ઉમેર્યું હતું કે, ભાજપ અનામત નાબુદ કરવાની વાત કરી ફેરવી તોળે છે પરંતુ લશ્કરમાં અગ્નિવીર યોજના એ અનામત નાબુદીનું પ્રથમ પગલું છે, કોંગ્રેસ સત્તા પર આવશે તો અગ્નિવીર મુદ્દાઓને આવરી લઈ ભાજપ અને વડાપ્રધાનની નીતિઓની ટીકા કરી તાતાતીર ચલાવ્યા હતા. જેને ઉપસ્થિત જનમેદનીએ સમર્થન આપતા રાહુલ ગાંધીનો જુસ્સો બેવડાયો હતો અને જણાવ્યું હતું કે, યુપીએ સરકારે ખેડૂતોના દેવા માફ કર્યા હતા. જયારે ભાજપ સરકારે પોતાના માનીતા ઉદ્યોગપતિઓનું અત્યાર સુધીમાં ૧૬ લાખ કરોડ રૂા. દેવું માફ કર્યું છે. નરેન્દ્ર મોદી ઉદ્યોગપતિઓના દેવા માફ કરી શકતી હોય તો દેશના વિકાસમાં જેની હિસ્સેદારી છે એવા ખેડૂતોના દેવા કેમ માફ કરવામાં આવતા નથી. એવો વેધક પ્રશ્ન કરી મીડિયા માલિકોને આડે હાથ લેતા કહ્યું હતું કે, હાલ દેશમાં મોંઘવારી બેરોજગારી અને ખેડૂતો સહિત અનેક સળગતા પ્રશ્નો છે. પરંતુ મીડિયામાં તેની ચર્ચા થતી નથી. કેમ કે મોટા ભાગના મીડિયા માલિકો ઉદ્યોગપતિઓ છે. તેમાં પછાત વર્ગ, ખેડૂત કે કોઈ મધ્યમ વર્ગના લોકોની તેમાં ભાગીદારી નથી. દેશની સરકાર ૯૯ ટકા ગરીબ વર્ગ ચલાવે છે. પરંતુ વિકાસલક્ષી નિર્ણય માનીતા આઈએએસ અધિકારીઓ કરે છે અને

### રાહુલ ગાંધીએ આપી ગેરંટી : દરેક પરિવારની મહિલાના ખાતામાં એક લાખ જમા કરાશે

વડાપ્રધાન તેની ઉપર સહી કરે છે. આવા ૯૦ આઈએએસ અધિકારીઓમાં ત્રણ પછાત વર્ગના છે. જેમને ખૂણામાં બેસાડવામાં આવે છે, ૨૨,૨૫ ઉદ્યોગપતિઓ દેશના રૂપિયાને કંટ્રોલ કરે છે. જીએસટી દેશનો દરેક વ્યકિત આપે છે. ઉદ્યોગપતિઓ આપે છે તે જ રીતે ગરીબો પણ આપે છે તે કયાં જાય છે, દરેક ચીજ-વસ્તુની ખરીદી ઉપર જીએસટી લેવાય છે તો અરબોપતિનું દેવું માફ થઈ શકે તો ખેડૂતોનું કેમ નહી...?!? જે વસ્તુ ઉદ્યોગપતિઓમાં છે અને ખેડૂતો, ગરીબોમાં નથી એવી કોઈ વસ્તુ છે તો તે નરેન્દ્ર મોદી સાથેની દોસ્તી છે. વધુમાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ભાજપ સરકારમાં હિન્દુસ્તાન બે ભાગમાં વહેંચાયેલુ છે. થઈ શકશે અને દરેક વર્ગને પોતાની સ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ આવશે. રાહુલ ગાંધીએ ઈન્ડિયા ગઠબંધન સરકાર સત્તા ઉપર આવશે તો મહિલાઓ માટે મહાલક્ષ્મી યોજના અમલી બનાવી પરિવારની એક મહિલાના ખાતામાં વર્ષે રૂા. એક લાખ જમા કરાશે. શિક્ષિત બેરોજગારોને સ્ટાઈપેન્ડ પેટે રૂા.૧ લાખની તે વાતને યાદ કરી રાહુલ ગાંધીએ પોતાનું ભાષણ પૂર્ણ કર્યું હતું. આ જાહેરસભામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહ ગોહિલ, પ્રભારી મુકુલ વાસનિક, જિગ્નેશ મેવાણી, કોંગ્રેસના ધારાસભ્યો, લોકસભા બેઠકોના ઉમેદવારો તથા પક્ષના આગેવાનો, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### અમારું આંદોલન અહિંસક છે, ઉશ્કેરશો નહીં : ધ્રોલના રાજવી જાડેજા

# અમે શાંતિપૂર્ણ લોકશાહી રીતે લડીએ છીએ અમને છંછેડશો નહીં : ક્ષત્રિયોની ચીમકી

### ક્ષત્રિય સમાજની બેન-દીકરીઓ પર ખોટી ફરિયાદો કરી ઉશ્કેરણી કરાય છે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૯

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાએ રાજપૂત સમાજ પર કરેલી ટીપ્પણીને લઈ રાજપૂત સમાજ રાજયભરમાં વિરોધ પ્રદર્શન કરે છે. રાજપૂત સમાજના આ ઉગ્ર વિરોધ પ્રદર્શનમાં અનેક જગ્યાએ પોલીસે રાજપૂત સમાજના યુવકોની અટકાયત કરી છે. જેને લઈને આજે ધ્રોલના રાજવી પરિવારના પ્રદ્યુમનસિંહ જાડેજા, ડોકટર પૃથ્વીરાજસિંહ જાડેજા, એડવોકેટ ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ નિર્મળસિંહ સરવૈયા સહિતનાઓએ પ્રેસ કોંન્ફરન્સ કરી હતી. જેમાં જણાવ્યું હતું કે, 'અમે લોકશાહીની રીતે લડીએ છીએ, અમને છંછેડશો નહીં..'

ધ્રોલના રાજવી પરિવારના પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ભાજપના આગેવાનો દ્વારા ખોટા કેસો કરાવી ક્ષત્રિય સમાજને ઉશ્કેરવાનો પ્રયત્નો થઈ રહ્યા છે. અત્યાર સુધીના અમારા જે આંદોલનો થયા તે અહીંસક રહ્યા છે અને કોઈપણ જગ્યાએ કોઈ પણ સમાજમાં અમે એવું કાંઈ કર્યુ નથી અને પ્રોપર્ટીને પણ નુકસાન કર્યું નથી. કોઈ સમાજ માટે પણ અમે ખરાબ નથી બોલ્યા, અત્યારે ભાજપ હારી રહી છે ત્યારે એ લોકો ઉશ્કેરણી કરીને સમાજના આગેવાનો ઉપર અને અમારી સ્ત્રી અસ્મિતા ઉપર કેસ કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું કે, અમારા સમાજને ઉશ્કેરવામાં આવે છે અને પોલીસ તંત્ર પર દબાણ લાવીને ખોટી ફરિયાદો કરવા માંગે છે. અમારો સમાજ જુદા રસ્તે જઈ અને અન્ય સમાજો સાથે ઘર્ષણ થાય એવું ઈચ્છે છે. અમે લોકશાહી ઢબે અમારી લડાઈ અત્યાર સુધી લડી છે, તમે જોયું કે કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ થઈ નથી અને કોઇ પ્રોપર્ટીને સુધી નુકસાન નથી થયું. તેમણે જણાવ્યું કે, અમે ભાજપ વિરોધી મતદાન કરવાનો સંકલ્પ કર્યો અને સોગંદ ખાધા છે. એ પ્રવૃત્તિમાંથી આ લોકો વિક્ષેપ કરવા માંગે છે એની સામે અમારો અવાજ છે. જામનગરમાં ઉદાહરણ તરીકે વોર્ડ નંબર છમાં અમારા ભાઈઓ બહેનો ઉપર ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ભાજપ દ્વારા તેમજ કલ્યાણપુર તાલુકાના ખીજદડ ગામમાં પણ ખોટી ફરિયાદો દાખલ કરાવી છે અને નનામી નામ વગરની કરે છે અને ઉશ્કેરી રહ્યા છે. એટલે મહેરબાની કરીને અમે વિનંતી કરીએ છીએ અને બીજી તારીખે વડાપ્રધાનનો કાર્યક્રમ છે. અમે સહકાર આપીએ છીએ કે આ રાષ્ટ્રના વડાપ્રધાન છે કે સમાજ કે પાર્ટીના નથી. તો પછી આમાં ઉશ્કેરવાના પ્રયત્નો કરી અને આવી ખોટી ફરિયાદો થશે તો સમગ્ર ગુજરાતના ક્ષત્રિય સમાજના મહિલાઓ બહેનો એનો પ્રતિકાર કરવા માટે અહીંયા આવી જશે. એટલે આ પરિસ્થિતિમાં અમે એ જ વિનંતી કરીએ છીએ કે મહેરબાની કરીને અમને ખોટી રીતે છંછેડો નહીં અમે લોકશાહી ઢબે લડીએ છીએ. ગજેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજના ભાઈઓ બહેનો, પોલીસ તંત્ર અને ભાજપ આ ત્રણેયને એક કાયદાના રક્ષક તરીકે મારે કહેવું છે કે, બંધારણીય રીતે વર્તવાની ફરજ છે, કોઈપણ વ્યક્તિને કાયદો હાથમાં લેવો કે તોડવો એ કોઈનો અધિકાર નથી અને આપ કોઈએ પણ તેમ ન કરવું જોઈએ. આ મારો સ્પષ્ટ મેસેજ છે. બીજી વસ્તુ અત્યારે જે ગુજરાત ભાજપ દ્વારા ખોટી ફરિયાદો ક્ષત્રિય સમાજની બેન દીકરીઓ ઉપર કરવામાં આવી રહી છે અને ક્યાંકને ક્યાંક ગુજરાત ભાજપનું એજન્ડા હોઈ શકે કે ખોટી ફરિયાદો કરી ક્ષત્રિય સમાજને ઉશ્કેરો જેથી કરીને જ્યારે પ્રધાનમંત્રી ગુજરાતમાં આવવાના છે તો પ્રધાનમંત્રીનો પણ વિરોધ થાય.. આવો એમનો ગુજરાત ભાજપનો જ એજન્ડા હોય એવું મારી દ્રષ્ટિએ મને લાગી રહ્યું છે.

### પરેશ ધાનાણીએ પાટીદારો અને બાપુઓને હરખપદુડા કહેતા વિવાદ ઊભો થઈ શકે

# ભાજપને મોટું વટવૃક્ષ બનાવવામાં અમારા પટેલિયા-બાપુઓનો મોટો હાથ

### કોંગ્રેસનો તો આખો ધાણવો જ દાઝેલો છે : ભાજપની પ્રતિક્રિયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

લોકસભાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ભાજપ તેમજ કોંગ્રેસના નેતાઓ પુરજોશમાં પ્રચાર પર લાગી ગયા છે. પ્રચાર દરમિયાન નેતાઓ મતદારોને રીઝવવા માટે નિવેદનો અને ભાષણબાજી કરતા હોય છે. ત્યારે ગઈકાલે રાજકોટ શહેર વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના પ્રચાર સમયે કરેલા નિવેદને ચર્ચા જગાવી છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, અમારા પટેલો અને બાપુઓએ હરખપદુડા થઈ ભાજપને વટવૃક્ષ બનાવવા માટે સિંચન કર્યું હતું. આ જ ભાજપે ૨૦૧૫માં અમારે અખતરો કરવાનો થયો ત્યારે ખબર પડી કે વાંહા ફાટી ગયા. આ જ નિવેદનને નકારતા પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ અને પાટીદાર નેતા ભરત બોઘરાએ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું કે, પટેલો હરખપદુડા નહિ બુદ્ધિશાળી કોમ છે. કોંગ્રેસને પણ પટેલોએ જ સત્તા આપી હતી, પરંતુ ગુંડાગીરી અને દાદાગીરીથી કંટાળીને પટેલો ગુજરાતમાં પરિવર્તન લાવ્યા.

રાજકોટ શહેરના વોર્ડ નંબર ૫માં કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ જાહેરસભા સંબોધી હતી. જેમાં તેઓએ એક નિવેદન કરતા આજે એ નિવેદન ચર્ચાનો વિષય બની જવા પામ્યું છે. પરેશ ધાનાણીએ પોતાના ભાષણ દરમિયાન પાટીદાર આંદોલનને યાદ કરી ભાષણ કર્યું હતું. સાથે જ તેઓએ હાલના ક્ષત્રિય સમાજના આંદોલનને પણ આવરી લઈ નિવેદન કર્યું હતું. તેમણે કટાક્ષ સાથે જણાવ્યું હતું કે, ભાજપને મોટું વટવૃક્ષ બનાવવામાં અમારા પટેલિયા અને બાપુઓનો મોટો હાથ હતો.

પરેશ ધાનાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ૧૯૯૫માં આપણે ૧૮ વરણ એક થઇ ભય, ભૂખ, ભ્રષ્ટાચાર નાબૂદ કરવા ભાજપનું બી વાવ્યું હતું. બધાએ લોહી પરસેવાના ટીપે સીંચીને એને વટવૃક્ષ બનાવ્યું. એમાં પણ અમે પટેલિયા અને બાપુ બે બળે ચડ્યા, હરખપદુડા ભાજપના બીને દરરોજ ઊઠી દશ ડોલ પાણી પાયું. જેથી આ વૃક્ષ જલદી મોટું થાય અને ભરઉનાળે છાયો મળશે. ૨૦૧૫માં અમારે અખતરો કરવાનો આવ્યો ત્યારે અમને ખબર પડી કે વાંહા ફાટી ગયા. આજ ભાજપ સરકાર હતી એની સૂચનાથી પોલીસે અમારી મા-બેન, દીકરીઓને ઢોર માર મારી લોટ બાંધી દીધો. એનાં આંસુ અમે ઓગરી ન શક્યા. હું ત્યારે પણ કહેતો હતો કે વારાફરથી વારો મે પછી ગારો. કોઈ બાકી રહ્યું છે ખરા? બધા જ સમાજનો એક પછી એક વારો આવી ગયો છે. બાપુ બચ્યા હતા અને હવે આ વખતે એનો વારો પણ આવી ગયો. આ કોઈના નથી. પરેશ ધાનાણીના નિવેદનને વખોડી પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરાએ જણાવ્યું હતું કે, પરેશભાઈ નહીં આખો ઘાણ દાઝેલો છે. રાહુલ ગાંધીથી પરેશ ધાનાણી બધા જ લોકો વૈમનસ્ય ફેલાવવાનું કામ કરી રહ્યા છે. અમે ચૂંટણી સમયે કોઈ જ્ઞાતિ કે વ્યક્તિની વાત કરતા જ નથી. અમે ભાજપ પરિવાર વસુધૈવ કુટુમ્બમ ભાવના ધરાવીએ છીએ. પટેલિયાઓ હરખપદુડા નહિ બુદ્ધિશાળી છે. વર્ષો સુધી કોંગ્રેસને સત્તા પર પટેલોએ જ બેસાડી હતી. કોંગ્રેસની ગુંડાગીરીથી કંટાળી પટેલિયાઓ ગુજરાતમાં પરિવર્તન લાવ્યા છે. છેલ્લાં ૨૮ વર્ષથી ભાજપ ગુજરાતમાં સત્તા પર છે.

### ગુજરાતના દરિયામાંથી સતત બીજા દિવસે ડ્રગ્સ ઝડપાયું

# પોરબંદર નજીક બોટમાંથી ૧૭૩ કિલો ડ્રગ્સ સાથે બે શખ્સો ઝડપાયા

### પકડાયેલ હશીશ ડ્રગ્સની અંદાજિત કિંમત ૬૦ કરોડ

અમદાવાદ, તા.૨૯

ગુજરાત એટીએસ અને ભારતીય કોસ્ટગાર્ડે ફરી એકવાર મોટી સફળતા મેળવી છે. ભારતીય જળસીમામાંથી સતત બીજા દિવસે ૧૭૩ કિલો ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. ૨ ભારતીયોને ડ્રગ્સના જથ્થા સાથે બે ભારતીયોને ઝડપી પાડ્યા છે. બંને આરોપી પાકીસ્તાન જઈને ડ્રગ્સ લાવતા હોવાનો ખુલાસો થયો છે. પોરબંદર નજીક જળસીમા નજીક આ મોટું ઓપરેશન હાથ ધરાયું છે. પકડાયેલ હશીશ નામના ડ્રગ્સની બજારની અંદાજીત કિંમત ૬૦ કરોડ રુપિયા થાય છે.

ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા સળંગ કામગીરીની શ્રેણીમાં, દરિયામાં અન્ય એક મોટી એન્ટી-નાર્કો ટ્રાફિકિંગ ઓપરેશન સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું. સતત ૨ દિવસ સુધી ચાલેલા આ સંયુક્ત ઓપરેશનમાં અરબી સમુદ્રમાં ભારતીય માછીમારી બોટ ૨ ગુનેગારો અને ૧૭૩ કિલો નાર્કોટીક્સ સાથે ઝડપાઈ હતી. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ભારતીય કોસ્ટ ગાર્ડ અને છ્જી ગુજરાત દ્વારા ડ્રગ્સના જથ્થા સાથે પાકિસ્તાની ફિશિંગ બોટ ઝડપાઈ હતી. ATS ગુજરાતની વિશ્વસનીય બાતમીના આધારે, ભારતીય કોસ્ટ ગાર્ડે વ્યૂહાત્મક રીતે તેના જહાજો અને વિમાનોને દરિયાના વિશાળ વિસ્તારમાં તૈનાત કર્યા. તે સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું કે શંકાસ્પદ બોટ ભારતીય કોસ્ટ ગાર્ડના સમુદ્ર-હવા સંકલિત સર્વેલન્સમાંથી છટકી ન શકે. શંકાસ્પદ બોટની સ્પષ્ટ ઓળખ થયા બાદ તેને તરત જ અટકાવી દેવામાં આવી હતી. તપાસમાં ટૂંક સમયમાં ગુપ્તચર માહિતીની પુષ્ટિ થઈ હતી અને૦૨ ગુનેગારો સાથે ફિશિંગ બોટમાંથી આશરે ૧૭૩ કિલો ડ્રગ્સ મળી આવ્યું હતું. દાણચોરીમાં સંડોવણીની પુષ્ટિ થઈ હતી.

# રાજ્યની શાળાઓના ઉનાળું વેકેશનમાં ફેરફાર, હવે ૧૩ જૂનથી સ્કૂલો શરૂ થશે

- લોકસભાની ચૂંટણીમાં શિક્ષકોને કામગીરી સોંપવામાં આવી હોવાથી ફેરફાર કરાયો
- અગાઉ ૬ મેથી ૯ જૂન સુધી વેકેશન હતું, પરંતુ હવે ૯ મેથી ૧૨ જૂન સુધી વેકેશન રહેશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૯

રાજ્યની સ્કૂલોમાં લોકસભાની ચૂંટણીના પગલે ઉનાળુ વેકેશનની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. શિક્ષણ બોર્ડ અને પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા જાહેર કરાયેલા ઉનાળા વેકેશનની તારીખોમાં નવા શૈક્ષણિક સત્રનો ૧૩ જૂનથી પ્રારંભ કરવામાં આવશે. અગાઉના કાર્યક્રમ અનુસાર રાજ્યમાં ૧૦ જૂનથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થવાનો હતો. શિક્ષકોને ચૂંટણીની કામગીરીમાં ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યા હોવાથી ૬ મેના બદલે ૯ મેથી ઉનાળુ વેકેશનનો પ્રારંભ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા એકેડેમિક કેલેન્ડર અનુસાર, ઉનાળું વેકેશન ૬ મેથી શરૂ કરવામાં આવનાર હતું અને ૯ જૂન સુધી ૩૫ દિવસનું ઉનાળું વેકેશન આપવામાં આવ્યું હતું. ૧૦ જૂનથી રાજયમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ કરવામાં આવનાર હતો. દરમિયાન, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા પણ આ જ તારીખોમાં ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું હતું. દરમિયાન, હાલમાં દેશનાં લોકસભાની ચૂંટણી ચાલી રહી છે. જેમાં ગુજરાતમાં ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ મતદાન થવાનું છે. ચૂંટણીની કામગીરીમાં શિક્ષકોને પણ લેવામાં આવતા હોય છે. જેથી રાજયના અનેક શિક્ષકોને ચૂંટણીના ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યા હતા. જેથી વેકેશન દરમિયાન શિક્ષકોને ચૂંટણીની કામગીરી કરવી પડે તેમ હોવાથી વેકેશનની તારીખોમાં ફેરફાર કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. દરમિયાન, સોમવારે શિક્ષણ બોર્ડ અને પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા ઉનાળું વેકેશનને લઈને પરિપત્ર કરવામાં આવ્યો છે. જેમાં રાજ્યની ધોરણ-૧થી ૧૨ સ્કૂલોમાં ૩૫ દિવસના ઉનાળું વેકેશનનો ૬ મેના બદલે ૯ મેથી પ્રારંભ કરવામાં આવશે. આ વેકેશન ૧૨ જૂન સુધી ચાલશે અને ૧૩ જૂનથી રાજ્યની સ્કૂલોમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. અગાઉના પરિપત્ર અનુસાર ૧૦ જૂનથી સ્કૂલોમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો હતો. પરંતુ હવે વિદ્યાર્થીઓને વેકેશનમાં ૩ દિવસ વધુ મળશે. શાળાઓ ઉપરાંત સરકારી અને ગ્રાન્ટેડ અધ્યાપન મંદિરો, બાલ અધ્યાપન મંદિરો અને સ્વનિર્ભર પીટીસી કોલેજોમાં પણ આ જ દિવસોમાં ઉનાળું વેકેશન રહેશે.

# રાજ્યમાં ફરી કાળઝાળ ગરમીની શરૂઆત સૌરાષ્ટ્રમાં ત્રણ દિવસ 'યલો એલર્ટ'

અમદાવાદ, તા.૨૯

રાજ્યમાં ફરી એકવાર કાળઝાળ ગરમી શરૂ થઈ જવા પામી છે. રાજ્યમાં ગરમીનો પારો ઉંચકાઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, સૌરાષ્ટ્ર સહિત દરિયાકાંઠા વિસ્તારમાં હીટવેવની આગાહી છે. પોરબંદર, ભાવનગર અને દીવમાં હીટવેવની આગાહી છે. સૌરાષ્ટ્રમાં ૩ દિવસ ગરમીનું યેલો અલર્ટ આપવામાં આવ્યું છે. દરિયાકાંઠા વિસ્તારોમાં ભેજ રેહતા ડિસ્કમ્ફર્ટ અલર્ટ અપાયું છે. અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાન ૪૧ ડિગ્રી આસપાસ રહેશે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસને લઈને આગાહી કરી છે. જેમાં આગામી ત્રણ દિવસ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હિટવેવની શક્યતા છે. આ ઉપરાંત દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજયુક્ત ગરમ પવનો ફૂંકાવાને કારણે ડિસ્કમ્ફર્ટની સ્થિતિ સર્જાશે. આ ઉપરાંત અમદાવાદ અને આસપાસના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન આગામી ત્રણ દિવસ દરમિયાન ૪૧ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે. જ્યારે આગામી ત્રણ દિવસ દરમિયાન સૌરાષ્ટ્રમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં કેટલાક જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચશે.અમદાવાદ અને આસપાસમાં જિલ્લાઓ ઉપરાંત સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં આગામી પાંચ દિવસ દરમિયાન એકથી બે ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવાની શક્યતા છે. હવામાન નિષ્ણાંતોના જણાવ્યા મુજબ હાલમાં ગુજરાત ઉપર ઉત્તર પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાઈ રહ્યા છે. ઉપરાંત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની કોઈ અસર ન હોવાથી ગરમીનો પારો ધીમે ધીમે ઊંચો જઈ રહ્યો છે. આગામી ત્રણ દિવસ દરમિયાન સૌરાષ્ટ્રમાંથી ભાવનગર અને પોરબંદરમાં હિટવેવની શક્યતા છે.

### હજ કરવા જનારા લોકો જોગ

# હજ વિઝા સિવાય અન્ય વિઝા સાથે હજ કરવા જવું અત્યંત જોખમી

### સઉદીમાં હજ વિઝા સિવાય પકડાયેલ વ્યક્તિને ૬ મહિનાની જેલ અને ૫૦ હજાર રિયાલના દંડની જોગવાઈ

અમદાવાદ, તા.૨૯

સઉદી સરકાર ફક્ત હજ વિઝા સાથે જ હજ કરવાની પરવાનગી આપે છે. આ મામલે ધાર્મિક શ્રદ્ધાળુઓ અને અન્ય લોકોને ચેતવણી આપતા સઉદી અરબે જણાવ્યું છે કે જરૂરી પરમીટ વગર જો તમે હજ કરવા જાવ છો તો તમને ૫૦ હજાર રિયાલનો દંડ ભરવો પડશે. તદ્ઉપરાંત જો તમે કસુરવાર પુરવાર થાવ તો ૬ મહિનાની જેલની સજા થશે. વળી તમારા પર ૫૦ વર્ષ સુધી સઉદીમાં જવાની પાબંદી લગાવવામાં આવી શકે છે. આમ સઉદી અરબના અધિકારીઓએ હજના નિયમોનું ઉલ્લંઘન કરનારાઓના માટે ગંભીર પરિણામો નિર્ધારિત કર્યા છે. આમ હજ વિઝા વગર અન્ય વિઝા જેવા કે વિઝીટર વિઝા, મલ્ટીપલ વિઝા, બિઝનેસ વિઝા, ટુરિસ્ટ વિઝા પર હજ કરવા જવું એ અત્યંત જોખમકારક છે. વળી તે ગેરકાયદેસર હોવાની સાથે શરીઅતની પણ વિરૂદ્ધ છે. ઉપરાંત સઉદી પોલીસ, સીઆઈડી કે સુરક્ષા કર્મીઓથી ગેરકાયદેસર હજ કરવા ગયેલા લોકોએ ડરીને કે છુપાઈને રહેવું પડશે. વળી તમારા ગ્રુપની કોઈ એક વ્યક્તિ પકડાઈ જાય કે હોસ્પિટલમાં દાખલ થાય તો આખા ગ્રુપને માથે સંકટ આવશે. તે માટે પણ જેલ અને ૫૦ હજાર રિયાલ દંડ તરીકે વસૂલવામાં આવશે ત્યારે લોભામણી જાહેરાતોમાં ન આવીને જરૂરી તપાસ સાથે જ માત્ર હજ વિઝા પર જ હજ કરવા જવું યોગ્ય છે. ઘણી વખતે હજ કરવા જનારા વ્યક્તિઓ અન્ય વ્યક્તિઓની વાતોથી પ્રભાવિત થઈ આ રીતે હજ કરવા તૈયાર થઈ જાય છે ત્યારે કૌમના આગેવાનો તેમજ ઉલેમાઓએ આ મુદ્દે હજ કરવા જનારાઓનું ખાસ ધ્યાન દોરવું જોઈએ જેથી પાછળથી પસ્તાવો ન પડે.


અભિનંદન



મૌલાના હબીબ અહમદ પઠાણ

જામેઅહ હુસૈનિયહ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ જામેઅહ હુસૈનિયહ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ રાંદેર ની શાખ (Branch) જામેઅહ દારૂલ કુરઆન તથા ક્રિએટીવ ઇંગ્લિશ સ્કુલ સરખેજ અહમદાબાદ ના વહીવટી સભ્ય તરીકે ની નિમણુંક થવા બદલ ખુબ ખુબ અભિનંદન

: શુભેચ્છક :

ગુલાબખાન પઠાણ (મેમ્બર ઓફ બાર કાઉન્સીલ ઓફ ગુજરાત)
મોઇનખાન ગુલાબખાન પઠાણ (એડવોકેટ)




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS